૧૦૦.	શ્રી મીનાબેન સંદિપભાઇ પંચાલ	૧૫	૧૪	
૧૦૧.	શ્રી મધુકાંતાબેન મહેન્દ્રભાઇ લેઉઆ	૧૫	૧૫	
૧૦૨.	શ્રી નીલાબેન દિનેશભાઇ બારોટ	૧૫	૧૫	
૧૦૩.	શ્રી અશ્વિનભાઇ બાબુભાઇ પેથાણી	૧૫	૧૪	
૧૦૪.	શ્રી જયંતીભાઇ દેવશીભાઇ પટેલ (જે.ડી.	૧૫	૧૨	
૧૦૫.	શ્રી શાંતાબેન શાંતિલાલ પંચાલ	૧૫	૧૫	
૧૦૬.	શ્રી ગીતાબેન અશોકજી ઠાકોર	૧૫	૧૩	
૧૦૭.	શ્રી કિરીટકુમાર જીવણલાલ પરમાર	૧૫	૧૫	
૧૦૮.	શ્રી તૌફીકખાન બાસીતખાન પઠાણ	૧૫	૧૩	
૧૦૯.	શ્રી જયશ્રીબેન કૌશીકભાઇ પંડયા	૧૫	૧૫	
૧૧૦.	શ્રી ભાવનાબેન હરીશભાઇ નાયક (એડવોકેટ)	૧૫	૧૫	
૧૧૧.	શ્રી કૃષ્ણવદન સોમનાથભાઇ બ્રહમભટ્ટ	૧૫	૧૫	
૧૧૨.	શ્રી મયુરભાઇ નટવરલાલ દવે (મયુર દવે)	૧૫	૧૫	
૧૧૩.	શ્રી અઝરા કાદરી	૧૫	૧૪	
૧૧૪.	શ્રી રઝીયા સૈયદ	૧૫	૧૪	
૧૧૫.	શ્રી ઇમરાન ખેડાવાલા	૧૫	૧૩	
૧૧૬.	શ્રી શાહનવાઝ શેખ	૧૫	૧૩	

અ.નં	સભ્યોના નામ	કુલ મિટીંગોની સંખ્યા	કુલ હાજરીની સંખ્યા	રીમાર્કસ
૧૧૭.	શ્રી કપિલાબેન તુલશીભાઇ ડાભી	૧૫	૧૫	
૧૧૮.	શ્રી બીજલબેન રૂપેશભાઇ પટેલ	૧૫	૧૫	
૧૧૯.	શ્રી આશિષ ધીરૂભાઇ શાહ	૧૫	૧૪	
૧૨૦.	ડો. સુજય જ્યોતિન્દ્રભાઇ મહેતા	૧૫	૧૪	
૧૨૧.	શ્રી જયશ્રીબેન અમરીશભાઇ જાગરીયા	૧૫	૧૫	
૧૨૨.	શ્રી સ્નેહાકુમારી વિજયરાજસિંહ પરમાર	૧૫	૧૪	
૧૨૩.	શ્રી અમીતભાઇ પોપટલાલ શાહ	૧૫	૧૩	
૧૨૪.	શ્રી આશિષભાઇ હર્ષદભાઇ પટેલ	૧૫	૧૫	
૧૨૫.	શ્રી ઇલાબેન જીણાભાઇ પટેલ	૧૫	૧૫	
૧૨૬.	શ્રી પન્નાબેન સંતુભાઇ રાવ	૧૫	૧૫	
૧૨૭.	શ્રી રાજેશભાઇ પ્રહલાદભાઇ ઠાકોર (રાજુ	૧૫	૧૩	
૧૨૮.	શ્રી દિલીપભાઇ ડાહયાભાઇ બગરીયા	૧૫	૧૫	
૧૨૯.	શ્રી જેઠીબેન છગનભાઇ ડાંગર	૧૫	૧૩	
૧૩૦.	શ્રી નફીસાબાનું ઇસ્લામુદીન અન્સારી	૧૫	૧૫	
૧૩૧.	શ્રી અરવિંદભાઇ નારણભાઇ પરમાર	૧૫	૧૪	
૧૩૨.	શ્રી જયેશ મહેન્દ્રભાઇ ત્રિવેદી	૧૫	૧૫	
૧૩૩.	શ્રી સુહાના અહેમદભાઇ મનસુરી	૧૫	૧૨	
૧૩૪.	શ્રી રોશનબેન સફીમહંમદ વોરા	૧૫	૧૩	
૧૩૫.	શ્રી સમીરખાન વજીરખાન પઠાણ	૧૫	૧૪	
૧૩૬.	શ્રી હાજી અસરારબેગ શકુરભાઇ મીરજા	૧૫	૧૫	
૧૩૭.	શ્રી કમળાબેન કાંતિભાઇ ચાવડા	૧૫	૧૧	
૧૩૮	શ્રી જરીનાબીબી મોહંમદ અસલમ શેખ	૧૫	૧૫	
૧૩૯.	શ્રી બદરૂદીન ગુલામમોહીયુદીન શેખ	૧૫	૧૨	
૧૪૦.	શ્રી મો.યુસુફ પીરમહોમ્મદ અજમેરી (યુસુફ	૧૫	૧૩	
૧૪૧.	શ્રી રમીલાબેન સુરેશભાઇ પરમાર	૧૫	૧૪	
૧૪૨.	શ્રી જમનાબેન સુરેશભાઇ વેગડા	૧૫	૧૩	
૧૪૩.	શ્રી શહેઝાદખાન નાસીરખાન પઠાણ (સન્ની	૧૫	૫	
૧૪૪.	શ્રી રહીમભાઇ દાદુભાઇ સુમરા (મુન્નાભાઇ	૧૫	૧૨	
૧૪૫.	શ્રી નિશાબેન કલ્પેશકુમાર જહા	૧૫	૧૫	
૧૪૬.	શ્રી શિતલબેન આનંદકુમાર ડાગા	૧૫	૧૧	

અ.નં	સભ્યોના નામ	કુલ મિટીંગોની સંખ્યા	કુલ હાજરીની સંખ્યા	રીમાર્કસ
૧૪૭.	શ્રી અમુલભાઇ બળવંતરાય ભટ્ટ	૧૫	૧૫	
૧૪૮.	શ્રી રમેશકુમાર નરેન્દ્રકુમાર પટેલ	૧૫	૧૨	
૧૪૯.	શ્રી આફરીન મોહસીનખાન પઠાણ	૧૫	૧૪	
૧૫૦.	શ્રી રૂખસાનાબાનું હારૂનભાઇ ઘાંચી	૧૫	૧૫	
૧૫૧.	શ્રી દેવેન્દ્રકુમાર નટવરલાલ વિસનગરી (ટીના	૧૫	૧૨	
૧૫૨.	શ્રી મો.ઇકબાલ કાસમભાઇ શેખ	૧૫	૧૪	
૧૫૩.	શ્રી નૂતનબેન કલ્પેશભાઇ ચૌહાણ	૧૫	૧૪	
૧૫૪.	શ્રી સપના દિપકસિંહ તોમર	૧૫	૧૪	
૧૫૫.	શ્રી જગદીશભાઇ ખીમજીભાઇ રાઠોડ	૧૫	૧૨	
૧૫૬.	શ્રી બળદેવભાઇ નાગજીભાઇ દેસાઇ	૧૫	૧૪	
૧૫૭.	શ્રી દેવ્યાની લાલજીભાઇ દેસાઇ	૧૫	૧૫	
૧૫૮.	શ્રી અમી મનેષ જોષી	૧૫	૧૪	
૧૫૯.	શ્રી હિરેન રમેશભાઇ જાદવ	૧૫	૧૫	
૧૬૦.	શ્રી ભરતભાઇ કાંતીભાઇ પટેલ	૧૫	૧૫	
૧૬૧.	શ્રી ગીતાબેન વિષ્ણુભાઇ પ્રજાપતિ	૧૫	૧૪	
૧૬૨.	શ્રી મધુબેન ચંદુભાઇ પટેલ	૧૫	૧૩	
૧૬૩.	શ્રી અનિરૂધ્ધસિંહ જશવંતસિંહ ઝાલા	૧૫	૧૨	
૧૬૪.	શ્રી પરેશભાઇ હરગોવિંદભાઇ પટેલ	૧૫	૧૩	
૧૬૫.	શ્રી કાશીબેન ભગવાનભાઇ પરમાર	૧૫	૧૫	
૧૬૬.	શ્રી શિલ્પાબેન હસમુખભાઇ પટેલ	૧૫	૧૫	
૧૬૭.	શ્રી રમેશભાઇ રત્નાભાઇ દેસાઇ	૧૫	૧૩	
૧૬૮.	શ્રી શૈલેષકુમાર વાડીલાલ પટેલ	૧૫	૧૨	
૧૬૯.	શ્રી સુધાબેન અશોકભાઇ સાગર	૧૫	૧૫	
૧૭૦.	શ્રી ઇલાક્ષીબેન નટવરલાલ	૧૫	૧૪	
૧૭૧.	શ્રી ગયાપ્રસાદભાઇ મુલચંદ કનોજીયા	૧૫	૧૫	
૧૭૨.	શ્રી મહેશભાઇ અમરતભાઇ પટેલ	૧૫	૧૪	
૧૭૩.	શ્રી કલાવતીબેન દશરથભાઇ કલબુર્ગી	૧૫	૧૪	
૧૭૪.	શ્રી જયમિનબેન ધર્મેશકુમાર દવે	૧૫	૧૩	
૧૭૫.	શ્રી નયનકુમાર જયદેવભાઇ બ્રહ્મભટ્ટ	૧૫	૧૪	
૧૭૬.	શ્રી મહેન્દ્રભાઇ પરસોત્તમભાઇ પટેલ	૧૫	૧૪	

અ.નં	સભ્યોના નામ	કુલ મિટીંગોની સંખ્યા	કુલ હાજરીની સંખ્યા	રીમાર્કસ
૧૭૭.	શ્રી જીગીષાબેન બિનીતભાઇ ઘડિયાળી	૧૫	૧૩	
૧૭૮.	શ્રી રંજનબેન અમરતભાઇ મસિયાવા	૧૫	૧૫	
૧૭૯.	શ્રી ગૌતમભાઇ બાબરભાઇ પટેલ	૧૫	૧૨	
૧૮૦.	શ્રી પુલકીત તરૂણભાઇ વ્યાસ	૧૫	૧૫	
૧૮૧.	શ્રી જશોદાબેન રાજેન્દ્રકુમાર ઠાકોર	૧૫	૭	
૧૮૨.	શ્રી પલક મનીષભાઇ પટેલ	૧૫	૧૦	
૧૮૩.	શ્રી દશરથભાઇ રતિલાલ વાઘેલા	૧૫	૧૩	
૧૮૪.	શ્રી રાજેશભાઇ (રાજેન્દ્રકુમાર) ભવાનભાઇ	૧૫	૯	
૧૮૫.	શ્રી જલપાબેન રૂપેશભાઇ પંડયા	૧૫	૧૩	
૧૮૬.	શ્રી પુષ્પાબેન દિનેશભાઇ મિસ્ત્રી	૧૫	૧૫	
૧૮૭	શ્રી પ્રવિણભાઇ નરોત્તમદાસ મોદી	૧૫	૧૪	
૧૮૮.	શ્રી પંકજસિંહ હિંમતસિંહ સોલંકી	૧૫	૧૩	
૧૮૯.	શ્રી રસીલાબેન ભાર્ગવભાઇ પંડયા	૧૫	૧૫	
૧૯૦.	શ્રી કિરણ પવનકુમાર યાદવ	૧૫	૧૪	
૧૯૧.	શ્રી રાજુભાઇ અરજણભાઇ ભરવાડ	૧૫	૧૫	
૧૯૨.	શ્રી અતુલકુમાર રાવજીભાઇ પટેલ	૧૫	૧૦	

તા.૦૧-૦૪-૨૦૧૭ થી તા.૩૧-૦૩-૨૦૧૮ સુધીમાં અમદાવાદ મ્યુ.કોર્પોરેશનની એકપણ મીટીંગ કોરમના અભાવે નિષ્ફળ નીવડી ન હતી.

પરિશિષ્ટ - ‘ બ ’

તા.૧-૪-૨૦૧૭ થી તા.૩૧-૦૩-૨૦૧૮ દરમ્યાન મળેલ અમદાવાદ મ્યુનિસિપલ બોર્ડની મીટીંગોમાં કાઉન્સીલરશ્રીઓની સરેરાશ હાજરી

અ.નં.	મીટીગની તારીખ	મીટીગની સંખ્યા	કુલ સંખ્યા	હાજર સભ્ય સંખ્યા	હાજરીની ટકાવારી
૧.	૨૭-૦૪-૨૦૧૭	૧	૧૯૨	૧૭૮	૯૨.૭૧
૨.	૧૭-૦૫-૨૦૧૭	૧	૧૯૨	૧૮૩	૯૫.૩૧
૩.	૨૮-૦૬-૨૦૧૭	૧	૧૯૨	૧૮૩	૯૫.૩૧
૪.	૨૮-૦૭-૨૦૧૭	૧	૧૯૨	૧૮૪	૯૫.૮૩
૫.	૨૯-૦૮-૨૦૧૭	૧	૧૯૨	૧૬૭	૮૬.૯૮
૬.	૨૯-૦૯-૨૦૧૭	૧	૧૯૨	૧૭૪	૯૦.૬૨
૭.	૨૭-૧૦-૨૦૧૭	૧	૧૯૨	૧૬૮	૮૭.૫૦
૮.	૧૮-૧૧-૨૦૧૭	૧	૧૯૨	૧૬૮	૮૭.૫૦
૯.	૨૧-૧૨-૨૦૧૭	૨	૧૯૨	૧૭૧	૮૯.૦૬
૧૦.	૩૦-૦૧-૨૦૧૮	૧	૧૯૨	૧૭૨	૮૯.૫૮
૧૧.	૧૫-૦૨-૨૦૧૮	૧	૧૯૨	૧૮૮	૯૭.૬૧
૧૨.	૧૬-૦૨-૨૦૧૮	૧	૧૯૨	૧૮૩	૯૫.૩૧
૧૩.	૨૬-૦૨-૨૦૧૮	૧	૧૯૨	૧૬૭	૯૬.૯૮
૧૪.	૨૭-૦૩-૨૦૧૮	૧	૧૯૨	૧૭૬	૯૧.૬૭
		૧૫	૨૬૮૮	૨૪૬૨	૯૧.૫૯

અહેવાલના વર્ષ દરમ્યાન એટલે કે તા.૦૧-૦૪-૨૦૧૭ થી તા.૩૧-૩-૨૦૧૮ સુધીમાં સ્ટેચ્યુટરી તથા સ્પેશીયલ કમિટીઓએ કરેલ કામગીરીનો અહેવાલ :-

સ્ટેચ્યુટરી કમિટીઓ

અ.નં.	કમિટીનું નામ	બેઠકની સંખ્યા	નિકાલ કરેલ કામોની સંખ્યા
૧.	સ્ટેન્ડીંગ કમિટી	૫૫	૧૫૭૭
૨.	ટ્રાન્સપોર્ટ કમિટી	૨૬	૧૮૯

સ્પેશીયલ કમિટીઓ

અ.નં.	કમિટીનું નામ	બેઠકની સંખ્યા	નિકાલ કરેલ કામોની
૧.	વોટર સપ્લાય એન્ડ સુઅરેજ કમિટી	૨૩	૩૩૯
૨.	રોડઝ એન્ડ બિલ્ડીગ્સ કમિટી	૨૩	૫૯૦
૩.	હેલ્થ એન્ડ સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ કમિટી	૧૭	૧૨૮
૪.	ટાઉન પ્લાનીગ એન્ડ એસ્ટેટ મેનેજમેન્ટ કમિટી	૧૭	૭૩
૫.	હાઉસીગ ઈમ્પ્રુવમેન્ટ એન્ડ ઈ.ડબલ્યુ.એસ. આવાસ યોજના કમિટી	૧૨	૧૬
૬.	રીક્રીએશનલ, કલ્ચરલ એન્ડ હેરીટેજ કમિટી	૨૧	૮૫
૭.	હોસ્પિટલ કમિટી	૧૯	૮૩
૮.	લીગલ કમિટી	૧૭	૨૮
૯.	રેવન્યુ કમિટી	૧૩	૨૫
૧૦.	મટીરીયલ મેનેજમેન્ટ એન્ડ પરચેઈઝ કમિટી	૨૧	૫૬
૧૧.	મહિલા અને બાળ વિકાસ કલ્યાણ કમિટી	૧૯	૩૪
૧૨.	સ્ટાફ સીલેક્શન એન્ડ એપોઈન્ટમેન્ટ કમિટી	૪	૧૩

અહેવાલના વર્ષ દરમ્યાન મ્યુનિસિપલ સેક્રેટરી તરીકે શ્રી અરૂણભાઈ આર. પંડયા B.Com., S.I., L.S.G.D., L.L.B., L.L.M., D.L.P., P.G.D.H.R.M., M.B.A. એ તા.૧-૪-૨૦૧૭ થી તા.૩૧-૩-૨૦૧૮ મ્યુ.સેક્રેટરી તરીકે કામ કર્યુ હતું.

ન મૂ નો - ૧

સને ૨૦૧૭-૨૦૧૮ના વર્ષ દરમ્યાન અમદાવાદ જીલ્લામાં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનનું બંધારણીય કામકાજ દર્શાવતું પત્રક

૧	અનુક્રમ નંબર		:	૧
૨	મહાનગરપાલિકાનું નામ		:	અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન
૩	જેના અન્વયે બંધારણ થયું હોય તે અધિનિયમ		:	ધી ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુ.કોર્પો. એકટ-૧૯૪૯ અધિનિયમ
૪	ચોરસ કિલોમીટર વિસ્તાર		:	મ્યુ.સેક્રેટરી ઓફીસને લગતું નથી.
૫	વિસ્તારની અંદર વસ્તી ૨૦૧૧ ની વસ્તી ગણતરી અનુસાર		:	મ્યુ.સેક્રેટરી ઓફીસને લગતું નથી.
૬	નિયુકત બેઠકો સહિતની બેઠકોની કુલ સંખ્યા		:	૧૯૨
૭	(ક) નિયુકત કરેલ (ખ) મતદાર મંડળો (વિભાગ) દ્વારા ચૂંટાયેલા સભ્યો		: :	 ૧૯૨
૮	(ક)	મહિલા અનામત (૧) સામાન્ય : ૭૬ (૨) અનુ. જાતિ : ૧૦ (૩) અનુ. આદિ જાતિ : ૦૧ (૪) પછાત વર્ગ : ૦૯	:	૯૬
		કુલ : ૯૬		
	(ખ)	(૧) અનુ.જાતિ માટે અનામત બેઠકો (કુલ ૨૦ પૈકી ૧૦ મહિલા અનામત)	:	૧૦
		(૨) પછાત વર્ગ માટે અનામત બેઠકો (કુલ-૧૯ પૈકી ૯ મહિલા અનામત)	:	૧૦
	(ગ)	આદિજાતિ માટે અનામત (કુલ-૨ પૈકી ૧ મહિલા અનામત)	:	૧
		કુલ અનામત	:	૧૧૭
૯	સામાન્ય બેઠકો		:	૭૫
૧૦	કુલ બેઠકો		:	૧૯૨
૧૧	આસન-૧૨ અને ૧૩ માં જણાવેલ બેઠકો સહિતની યોજાયેલી કુલ બેઠકોની સંખ્યા (તા.૧-૪-૨૦૧૭ થી તા.૩૧-૩-૨૦૧૮)		:	૧૫
૧૨	આસન-૧૧ માં કુલ બેઠકોમાંથી કાર્યસાધક સંખ્યા (કોરમ)ના અભાવે નિષ્ફળ સાબિત થઈ હોય તેવી બેઠકોની સંખ્યા.		:	નથી
૧૩	આસન-૧૧ માંથી કુલ બેઠકોમાંથી મુલતવી રાખવામાં આવી હોય તેવી બેઠકોની સંખ્યા.		:	૨
૧૪	દરેક બેઠકમાં હાજર હોય તેવા સભ્યની સરેરાશ ટકાવારી		:	૯૧.૫૯
૧૫	વિશેષ નોંધ		:	અ.નં.૪ અને ૫ ની માહિતી મ્યુ.સેક્રેટરી ઓફીસને લગતી નથી.

૨.૨ - સેન્ટ્રલ ઓફીસ
વાર્ષિક વહીવટી અહેવાલ
સને : ૨૦૧૭ - ૨૦૧૮

બી.પી.એમ.સી. એકટ ૧૯૪૯ ની કલમ ૯૪ મુજબ તમામ વહીવટી જવાબદારી મ્યુનિ.કમિશનરશ્રીની છે. તેમના અધિકારીશ્રીઓ અને કર્મચારીઓની નિમણૂંક , બઢતી / બદલી સીનીયોરીટી જેવા કામોનો નિર્ણય કમિશનરશ્રી કરે છે. અને તેના અમલીકરણની કામગીરી સેન્ટ્રલ ઓફીસ મારફતે કરવામાં આવે છે. આ ઓફીસ મ્યુનિ.કમિશનરશ્રી અને ડે.મ્યુનિ.કમિશનરશ્રી (વહીવટ) ની સીધી દેખરેખ નીચે કામ કરે છે. આ ઓફીસમાં મુખ્યત્વે ત્રણ વિભાગ છે.

૧. શિરસ્તેદાર વિભાગ
૨. હેડ કલાર્ક વિભાગ
૩. સંકલન વિભાગ

શિરસ્તેદાર વિભાગ : -

મ્યુનિ.કોર્પોરેશનના તમામ ખાતાઓમાં કામ કરતા અધિકારીઓ તથા કર્મચારીઓની નિમણૂંક ફેરબદલી, બઢતી, કર્મચારીઓના સીનીયોરીટી લીસ્ટ બનાવવા, કર્મચારીઓને કાયમ કરવા, ખાતાકીય પરીક્ષા લેવી, ઈનસર્વિસ ટ્રેનિંગ વિગેરે કામગીરી કરે છે. હાઈકોર્ટ દિવાની કોર્ટ, લેબર કોર્ટમાં એસ્ટા.અંગેના તમામ કેસો અંગેની માહીતી પુરી પાડવાની કામગીરી પણ આ વિભાગ દ્વારા થાય છે. વહીવટી સ્ટાફ, ગ્રેડેશન લીસ્ટ તૈયાર કરવા, વિવિધ ખાતાઓમાં જગા ભરવી, બઢતી ઈન્ટરવ્યુ અર્ગેની તજવીજ કરવી, રાજય સરકારના ક્ષેત્રમાં આવતી જગાઓની મંજુરી લેવી, મહેકમ અંગે રાજય સરકારશ્રી સમક્ષ પત્ર વ્યવહાર, પોલીસી (નીતી) ના હુકમ, ભરતી, અને બઢતીના નિયમો અંગેની કાર્યવાહી તેમજ ફાઈલોની જાળવણી વગેરે કામ કરે છે. આ ઉપરાંત જુદી જુદી સંસ્થાઓમાં યોજાતા સેમીનારમાં કોર્પોરેશનના પ્રતિનિધિ મોકલવા નકકી કરાવવા સ્ટે.કમીટીની મંજૂરી મેળવી આપવાનું કામ કરે છે.

રોસ્ટર વિભાગ દ્વારા રાજય સરકારની નીતી અનુસાર રોસ્ટરનું અમલીકરણ કરાવવાની કામગીરી, રાજય સરકાર દ્વારા માંગવામાં આવેલ રોસ્ટર અંગેની માહીતી પૂરી પાડવી, કર્મચારીઓના રોસ્ટર બઢતીના પ્રશ્નોમાં અભિપ્રાય આપવા વગેરે કામગીરી કરે છે. જુદા જુદા ખાતાઓમાં રોસ્ટર રજીસ્ટરો રાખવા અને રખાવવાની કામગીરી પણ કરે છે.

અનુ.નં	વિગત	૨૦૧૭/ ૨૦૧૮
૧.	રોસ્ટર અભિપ્રાય (વર્ગ ૧ થી ૪)ની વિવિધ જગાઓ માટે	૩૭
૨.	જી.ડી.ઈએસટી.ઠરાવની સંખ્યા	૫૪૬
૩.	જુદા જુદા વર્ગ અને જગ્યાઓ માટે સેન્ટ્રલ ઓફીસે સ્વીકારેલ અરજીઓની સંખ્યા (ઈન્ટરવ્યુ બ્રાંચની)	૬૯૩૮
૪.	જુદા જુદા ખાતાઓ માટે જુદા જુદા વર્ગના ઉમેદવારોના ઈન્ટરવ્યુ થયા તેની સંખ્યાં	૩૩૪
૫.	ઈન્ટરવ્યુમાં બોલાવવામાં આવેલ અને	૧૫૬

અનુ.નં	વિગત	૨૦૧૭/ ૨૦૧૮
	પસંદગી પામેલ ઉમેદવારોની સંખ્યા	

ડીસ્પેચ વિભાગમાં મ્યુ.કોર્પો ના જુદા જુદા ખાતાઓમાથી આવેલ પત્રો(ફાઇલો)ની સંખ્યા ૫૦૦૭ તેમજ રાજ્ય સરકારશ્રીમાંથી તથ અન્ય આવેલ સરકારી પત્રોની સંખ્યા ૬૭૧ છે.તેમજ માહીતી અધિકાર અધિનિયમ ૨૦૦૫ હેઠળ આવેલ અરજીઓની સંખ્યા ૩૦૯ છે.

રાજય સરકારશ્રીની નીતી અનુસાર હાલમાં ફાઇલીંગ સીસ્ટમ પણ અપનાવવામાં આવેલ છે. વર્ગ ૧, ૨ અને ૩ માં આવતાં કલેરીકલ વહીવટી / ટેકનીકલ કેડરનાં અધિકારીશ્રીઓ / કર્મચારીઓના વાર્ષિક ખાનગી અહેવાલ સરકયુલર દ્વારા જે તે વર્ષના અંતે ખાતામાંથી ભરાવીને મંગાવવામાં આવે છે. ચાલુ વર્ષમાં આશરે ૧૪૪૨ જેટલાં વાર્ષિક ખાનગી અહેવાલ અત્રે સ્વીકારવામાં આવેલ છે.

હેડ કલાર્ક વિભાગ :

મ્યુનિ.કમિશનરશ્રીના નામે આવતી ખાતાની અરજીઓ, સરકારી ખાતાઓની તથા અર્ધસરકારી કે અન્ય સંસ્થાઓ તરફથી રૂબરૂમાં આવતી અથવા ટપાલ મારફતે આવે તેને ઇન્વર્ડ રજીસ્ટરમાં નોંધ કરી આ ટપાલો સંબંધીત ખાતાઓને મોકલવાની તથા સરકાર સાથેના પત્રવ્યવહારની કામગીરી સંભાળે છે.

વર્ષ	પ્રજા તરફથી આવેલ અરજીઓ ની સંખ્યા	રાજયસરકારે કે કેન્દ્ર અથવા સરકારી સંસ્થાઓ તરફથી આવેલ અરજીઓની સંખ્યા	ખાતાકીય પત્રોની સંખ્યા	મેયરશ્રી, ડે.મેયરશ્રી અને સ્ટે.કમીટીના ચેરમેનશ્રી તરફથી આવેલ પત્રોની સંખ્યા	કાઉન્સીલરશ્રી વત્તા ધારાસભ્યશ્રી ડાયરેકટ મ્યુનિસિપલ કમિશનરશ્રી	કુલ આવેલ અરજીઓ ની સંખ્યા
૨૦૧૭-૧૮	૧૪૮૨૩	૧૧૧૫૨	૩૦૨	૧૨૧૧	૩૫૯૩	૩૧૦૮૧

વધુમાં કેટલીક સંસ્થાઓ તરફથી કે રાજ્ય સરકાર તરફથી મંગાવવામાં આવતી માહીતી જુદા જુદા ખાતાઓમાંથી લેખિત કે ટેલીફોન દ્વારા એકત્રીત કરી જે તે સંસ્થાને મોકલી આપે છે.

મ્યુનિ.કમિશનર તરફથી ખાતાના અધિકારીશ્રીઓ અગર કર્મચારીઓને માહીતી સુચના કે આદેશ આપતા પરીપત્રો આ વિભાગ દ્વારા મોકલવામાં આવે છે, અને જરૂરીયાત અનુસાર માહીતી એકત્ર કરે છે.વિવિધ કમિટિઓના અધ્યક્ષશ્રીઓ તરફથી રાખવામાં આવતા રાઉન્ડના પરીપત્રો પ્રસિધ્ધ કરી સંબંધિત અધિકારીશ્રીઓને જાણ કરવાની કામગીરી પણ આ વિભાગ દ્વારા કરવામાં આવે છે.મ્યુનિ.કમિશનરશ્રી, ડે.મ્યુનિસિપલ કમિશનરશ્રીઓ ની ઓફીસ અને ઘરના ટેલીફોન બીલોનું ચુકવણું કરવાની વ્યવસ્થા કરે છે, તથા કેટલીક સંસ્થાઓમાં મ્યુ.કોર્પો સભ્ય હોઇ તેમના વાર્ષિક લવાજમ ભરવાની તજવીજ અત્રેથી થાય છે.

મ્યુનિ.કોર્પોની મિલ્કતો , જમીનો , પ્લોટો , મ્યુ.હોલ,મ્યુ.સ્નાનાગાર , હોસ્પિટલોની સાચવણી તથા ઉચ્ચ અધિકારીશ્રીઓ , વહીવટી વડાઓની સલામતી અને જાહેર પ્રસંગોએ વ્યવસ્થા સાચવવા માટે મ્યુનિ.કોર્પો દ્વારા જુદી જુદી ખાનગી સીકયુરીટી સંસ્થાઓની સેવા લેવામાં આવે છે. સને ૨૦૧૭ / ૨૦૧૮ ના વર્ષ દરમ્યાન આવી ૬ સીકયુરીટી સંસ્થાઓ પાસેથી ૧૭૧૪ ગાર્ડ સેવાઓ લેવામાં આવેલ છે. કુલ ૩૭૫ જેટલા પોઇન્ટોનો સમાવેશ

થાય છે.અને તેની પાછળ વાર્ષિક આશરે રૂા. ૧૫,૯૩,૮૨,૬૦૫./-ખર્ચ થયેલ છે. આમ સમગ્ર સીકયુરીટી સંસ્થાઓની સેવાઓ લેવા તથા દેખરેખની કામગીરી સેન્ટ્રલ ઓફીસ સીકયુરીટી બ્રાંચ દ્વારા કરવામાં આવે છે.

તેમજ મ્યુનિસિપલ કોર્પોરેશનના કર્મચારીઓની બદલી, બઢતી, ફાળવણીને લગતા તેમજ અન્ય બાબતોના જી.ડી.ઈએસટી.ઠરાવો, સરકયુલરો, ઓફીસ ઓર્ડર, જુદી જુદી કેડરના પ્રોવિઝનલ સીનીયોરીટી લીસ્ટ તેમજ ફાઈનલ પ્રોવિઝનલ સીનીયોરીટી લીસ્ટ, સરકયુલર્સ, વેબસાઈટ ઉપર મુકવામાં આવે છે.

ડીપાર્ટમેન્ટલ પરીક્ષા

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના વિનિયમોના મેન્યુઅલ ૨ પ્રકરણ (૮) ના રૂલ્સ (૫) ની જોગવાઈ મુજબ કર્મચારીઓએ ડીપોર્ટમેન્ટલ પરીક્ષા પાસ કરવાની થાય છે.

મ્યુનિસિપલ કોર્પોરેશનના મેન્યુઅલ પુસ્તક ૨ ના પ્રકરણ ૮ ના વિનીયમ ૭ મુજબ ડીપાર્ટમેન્ટલ પરીક્ષામાં પાસ થવા માટે કુલ ૩૦૦ ગુણમાંથી ઓછામાં ઓછા ૪૦% એટેલે કે ૧૨૦ ગુણ અને દરેક પેપરમાં ૧/૩ ગુણ મેળવવા જરૂરી છે. અને એલ.એસ.જી.ડી પરીક્ષા પાસ કરેલ હોય તેવા કર્મચારીઓએ ફકત પેપર નં ૨ તથા ૩ ની પરીક્ષા આપવાની રહે છે. અને તેમાં દરેકમાં ૧/૩ ગુણ તથા તેઓએ બંનેમાં ઓછામાં ઓછા ૪૦% એટેલે કે ૮૦ ગુણ મેળવવાના રહે છે.

ડીપાર્ટમેન્ટલ પરીક્ષા વિનીયમો અનુસાર તેમજ આર.જી.એન. નં ૪૫૮ ૨૦૦૪ - ૨૦૦૫ થી પરીક્ષાના પેપરો નીચે મુજબ રાખવામાં આવેલ છે.

અ.નં.	પેપરનું નામ	ગુણ
૧.	સને ૧૯૪૯ નો બોમ્બે મ્યુનિ.કોર્પો એકટ	૧૦૦
૨.	ઓફીસ મેનેજમેન્ટ	૧૦૦
૩.	બેઝીક કમ્પ્યુટર એપ્લીકેશન (થીયરી અને પ્રેકટીકલ)	૫૦ ૫૦

મ્યુનિસિપલ કોર્પોરેશનમાં જુનીયર કલાર્ક, એસ્ટેટ ટી.ડી.ઓ ખાતાના સબ ઈન્સ્પેકટર, ડી.ટી.પી ઓપરેટર તથા જુનીયર કમ્પ્યુટર ઓપરેટર તરીકે ફરજ બજાવતાં કર્મચારીઓને ઉપરોકત પરીક્ષા આપવાની થાય છે. જે મે તેમજ નવેમ્બર માસના છેલ્લા અઠવાડીયાં લેવામાં આવે છે. વર્ષ ૨૦૧૭-૧૮ દરમ્યાન ડીપાર્ટમેન્ટલ પરીક્ષા લેવામાં આવેલ જેમાં નીચે જણાવ્યા મુજબના ઉમેદવારો હાજર રહેલ તેમજ પાસ થયેલ કર્મચારીઓની સંખ્યા નીચે મુજબ છે.

વિગત	પરીક્ષા માટે ફોર્મ ભરેલ કર્મચારીની સંખ્યા	પરીક્ષા માટે હાજર રહેલ કર્મચારીની સંખ્યા	પરીક્ષા માટે ગેર હાજર રહેલ કર્મચારીની સંખ્યા	પાસ	નાપાસ
મે ૨૦૧૭	૩૭	૩૩	૪	૧૨	૨૧
નવે.૨૦૧૭	૧૪	૧૪	૦	૧૩	૧
કુલ	૫૧	૪૭	૪	૨૫	૨૨

સંકલન વિભાગ (બોર્ડ અને કમિટિ)

અમદાવાદ મ્યુ.કોર્પો.ના વિવિધ ખાતાઓ તરફથી રજૂ કરવામાં આવતા કામો તથા મ્યુ.કાઉન્સીલરશ્રીઓ દ્વારા કરવામાં આવતી દરખાસ્તોના કામો જે તે ખાસ કમિટિમાંથી મંજૂર થયા બાદ સ્ટેન્ડીંગ કમિટિ તથા મ્યુ.બોર્ડની માસિક સામાન્ય સભામાં જે તે કામો મંજૂર કરાવવા અંગેની કામગીરી આ વિભાગ દ્વારા થાય છે.

વર્ષ દરમ્યાન એસ્ટેટ, હાઉસીંગ, રીક્રીએશનલ, ટાઉન પ્લાનીંગ, રોડ અને બિલ્ડીંગ, હોસ્પિટલ, હેલ્થ, સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ, વોટર સપ્લાય, ટેક્ષ, લીગલ વિગેરે ખાસ કમિટિના એકંદરે કુલ ૧૬૩૭ ઠરાવો કરવામાં આવેલ છે.

આ ઉપરાંત ઓડિટ અહેવાલ કમિટિની મિટિંગ દરમ્યાન થયેલ ઠરાવોની જાણ જે તે ખાતા અધિકારીશ્રીને તથા સમયાંતરે અવારનવાર પરિપત્ર દ્વારા પણ કરવામાં આવેલ છે.અને તેના કારણે ખાતાના પડતર ઓડિટ વાંધાનો જેતે ખાતા અને ચીફ ઓડિટ વચ્ચે સંકલન સાધી મોટા પ્રમાણમાં વાંધાનો નિકાલ થાય તે પ્રમાણે તજવીજ કરવામાં આવે છે.સ્ટેન્ડીંગ કમિટિએ અપીલ સબ કમિટિની નવી રચના કરેલ છે.જેમાં વર્ષ દરમ્યાન આ કમિટિમાં કુલ ૧૩ ઠરાવ કરવામાં આવેલ છે. જે ઠરાવોના અમલીકરણ માટે જરૂરી વહીવટી મંજૂરીની કામગીરી ઈન્ડ.રીલેશન ખાતા દ્વારા જરૂરી તજવીજ કરવામાં આવે છે.

વર્ષ દરમ્યાન થયેલ વિવિધ કમિટીઓના ઠરાવોની સંખ્યા

૧.	સ્ટેન્ડિંગ કમિટિના થયેલ ઠરાવ	૧૫૭૭
૨.	અપીલ સબકમિટિ માં થયેલ ઠરાવ	૧૪
૩.	ઓડીટ સબ કમિટી	૧
૪.	જુદી જુદી ખાસ કમિટિમાં થયેલ ઠરાવ	૧૪૫૭
૫.	સ્ટાફ સિલેક્શન કમિટિમાં થયેલ ઠરાવ	૧૩
૬.	મ્યુ.બોર્ડ ની સામાન્ય માસિક સભામાં થયેલ ઠરાવ	૧૩૯૨

વર્ષ ૨૦૧૭/૧૮ ના વર્ષમાં બજેટ બેઠક ૨૦૧૮/૧૯ ના સંદર્ભે પ્રશ્નોની માહીતિ પણ મ્યુ.કાઉન્સીલરશ્રીઓ દ્વારા પુછવામાં આવેલ છે.જેમાં કુલ ૧૬૫૨ જેટલા સવાલો વિવિધ ખાતાને લગતા પુછવામાં આવેલા, જેના જવાબો જે તે ખાતાના ડે.મ્યુ.કમિશરશ્રી દ્વારા તૈયાર કરાવી સદર સવાલના જવાબની કોપી મ્યુ.સેક્રેટરીશ્રી મારફતે જે તે મ્યુ.કાઉન્સીલરશ્રીને આપવા અંગેની કામગીરી આ વિભાગ દ્વારા કરવામાં આવેલ છે.

આમ ૦૧.૦૪.૨૦૧૭ થી ૩૧.૦૩.૨૦૧૮ સુધીના સમગ્ર વર્ષનો વિગતવાર વાર્ષિક વહીવટી અહેવાલ રજૂ કરેલ છે. જે જાણમાં લેવા વિનંતી છે.

૨.૩ એસેસમેન્ટ એન્ડ ટેક્ષ કલેકશન ડિપાર્ટમેન્ટ
વાર્ષિક વહીવટી અહેવાલ
સને ૨૦૧૭-૧૮

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન એક સ્વાયત સંસ્થા છે. તેની રચના ધી બોમ્બે પ્રોવિન્શીયલ મ્યુનિસિપલ કોર્પોરેશન એકટ, ૧૯૪૯ મુજબ થયેલ. સદરહું એકટમાં કોર્પોરેશનની ફરજીયાતતથા મરજીયાત ફરજોનું વર્ણન કરવામાં આવેલ છે અને સદર ફરજો અદા કરવા નાણાંકીય સાધનો ફાળવેલા છે. આ વિવિધ પ્રકારના કાર્યો કરવા માટે જે આવકના સાધનો છે તે પૈકી પ્રોપર્ટી ટેક્ષ આવકનું એક મુખ્ય સાધન છે. સને ૧૯૮૫-૮૬ થી ૨૦૧૭-૧૮ દરમ્યાન થયેલ પ્રોપર્ટી ટેક્ષની વસુલાત અને સામાન્ય રેવન્યુ આવકમાં તેનું પ્રમાણ દર્શાવતુ પત્રક -૧ આ સાથે સામેલછે. (સદરહુ પત્રકમાં એજ્યુકેશન સેસની આવકનો સમાવેશ થયેલ નથી.) ઝોનવાઈઝ પ્રોપર્ટી ટેક્ષની છેલ્લા ૩ વર્ષની વસુલાત દર્શાવતુ પત્રક-૨ આ સાથે સામેલ છે.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના વહીવટનું વિકેન્દ્રીકરણ કરવામાં આવતા અમદાવાદ શહેરના અગાઉ કુલ ૫ (પાંચ) ઝોન બનાવવામાં આવેલ હતા. ત્યારબાદ શહેરની હદમાં વધારો થતા એક નવો ઝોન (નવા પશ્ચિમઝોન) બનાવવામાં આવેલ હતો. નાણાંકીય વર્ષ ૨૦૧૭-૧૮ના અંતે ઉત્તરઝોન, દક્ષિણઝોન, પૂર્વઝોન, પશ્ચિમઝોન, મધ્યઝોન અને નવા પશ્ચિમઝોન મળી કુલ ૬ ઝોન છે. આ તમામ ઝોનલ કચેરીઓના ટેક્ષ વિભાગો દ્વારા તેમના ઝોન વિસ્તારમાં આવેલ અને જુદા-જુદા ટેક્ષ વોર્ડમાં સમાવિષ્ટ થયેલ રહેણાંક અને બિનરહેણાંક મિલકતોના પ્રોપર્ટી ટેક્ષની વસુલાત અંગેની કાર્યવાહી કરવામાં આવે છે.

માનનીય ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનરશ્રી (ટેક્ષ) ની સીધી દેખરેખ હેઠળ ટેક્ષ મધ્યસ્થ કચેરીના એસેસર એન્ડ ટેક્ષ કલેકટરશ્રી ફરજ બજાવે છે. જેઓ સમગ્ર ટેક્ષ ખાતાની વહીવટી અને પોલીસી મેટર સંદર્ભેની કામગીરી સંભાળે છે.

ટેક્ષ મધ્યસ્થ કચેરીના એસેસર એન્ડ ટેક્ષ કલેકટરશ્રીનીસીધી દેખરેખ હેઠળ ૬ (છ) ટેક્ષ ઝોનલ કચેરીઓમાંકુલ ૭ ડેપ્યુટી એસેસર એન્ડ ટેક્ષ કલેકટરશ્રીઓ ફરજ બજાવે છે. ટેક્ષ-ઝોનલ કચેરીના પ્રોપર્ટી ટેક્ષ વિભાગમાં આસી. મેનેજરશ્રીઓ, સુપરવાઈઝરી સ્ટાફ તેમજ ફિલ્ડ સ્ટાફ ફરજ બજાવે છે.

જે તે ઝોનના ટેક્ષ-વોર્ડમાં કરદાતાઓના ટેક્ષ બીલોમાં જરૂરી સુધારાવધારા કરવા તેમજ તે અંગેના કોમ્પ્યુટર ફોર્મ ભરવાની કાર્યવાહી, વાંધા અરજીઓના નિકાલને કારણે આકારણીમાં ફેરફાર કરવાની કાર્યવાહી તેમજ મિલકતના પ્રકારમાં પડેલ ભાગલાને લીધે અથવા અન્ય કોઇ પણ કારણોસર જે કોઇ ફેરફાર થયેલ હોય તે અંગેની જરૂરી કાર્યવાહી જે તે વોર્ડના વોર્ડ ઇન્સ્પેકટરો તથા ડિવીઝનલ સુપ્રિન્ટેન્ડન્ટશ્રીઓ દ્વારા કરવામાં આવે છે. આ સિવાય કરદાતાઓની નામ ટ્રાન્સફર, કબજા ફેરફાર, ખાલી-બંધ, સ્પેલીંગમાં સુધારો કરવો જેવી અરજીઓનો પણ નિયત સમય મયાદામાં નિકાલ કરવામાં આવે છે. અહેવાલી વર્ષ દરમ્યાન નાગરિકો દ્વારા ટેક્ષ ઝોનલ કચેરીઓમાં રજુ કરવામાં આવેલ કેટેગરી વાઇઝ અરજીઓ તથા નિકાલ થયેલ અરજીઓની માહિતી દર્શાવતુ પત્રક-૩ આ સાથે સામેલ છે.

ટેક્ષ-ઝોનલ કચેરીઓના પ્રોપર્ટી ટેક્ષ વિભાગદ્વારાઝોન વિસ્તારમાં બનેલ નવી મિલકતોની આકારણી કરવામાં આવે છે અને કરદાતાઓને ખાસ નોટિસ બજાવવામાં આવે છે. જે તે ઝોનના ડેપ્યુટી એસેસર અને ટેક્ષ કલેકટરશ્રીની સીધી દેખરેખ હેઠળ ડિવીઝનલ સુપ્રિન્ટેન્ડેન્ટ તેમજ વોર્ડ ઇન્સ્પેકટરો દ્વારા જે તે મિલકતની સ્થળ તપાસ કરી, ટેક્ષની આકારણી કરવામાં આવે છે. જો મિલકતના ઉપયોગમાં ફેરફાર થયેલ હોય કે ભાડુઆત

બદલાયા હોય અથવા બાંધકામમાં વધારો હોય તો તેવી મિલકતોની ફેર-આકારણી કરવામાં આવે છે અને ખાસ નોટિસો બજાવવામાં આવે છે.

મિલકતોની આકારણી બાબતે ટેક્ષ ખાતા દ્વારા દર વર્ષે જાહેરનામુ બહાર પાડવામાં આવે છે. અહેવાલી વર્ષમાં ટેક્ષ ખાતા દ્વારા કરદાતાઓને ઇસ્યુ કરવામાં આવેલ ટેક્ષ બીલો સામે કરદાતાઓ દ્વારા કરવામાં આવેલ વાંધા અરજીઓનો જે તે ઝોનના ડેપ્યુટી એસેસર એન્ડ ટેક્ષ કલેકટરશ્રીની સીધી દેખરેખ હેઠળ જે તે ઝોનના એપેલેટ ઓફિસરો મારફતે નિકાલ કરાવવામાં આવે છે.એપેલેટ ઓફિસરો કરદાતાઓ પાસેથી જરૂરી પુરાવા મેળવી અને જરૂરિયાત મુજબ સ્થળ તપાસ કરી કરદાતાઓની વાંધા અરજીઓનો નિકાલ કરે છે.વાંધા અરજીઓનો નિકાલ થયા પછી અને માંગણા બીલો ઇસ્યુ થયા બાદ જે કરદાતાઓને અસંતોષ હોય તેવા કરદાતાઓ સ્મોલકોઝ કોર્ટમાં દિન-૧૫ માં અપીલ કરી શકે છે.

મિલકતની આકારણી થયા પછી ટેક્ષ ખાતા દ્વારા પ્રત્યેક મિલકતના ટેક્ષના માંગણા (ડિમાન્ડ) બીલો તેમજ ખાસ નોટિસો કોમ્પ્યુટર ખાતા પાસે તૈયાર કરવામાં આવે છે.સદરહું ટેક્ષ બીલો અને ખાસ નોટિસો સંદર્ભે કરદાતાઓ તરફથી કરવામાં આવતી વાધાં અરજીઓનો પણ જે તે ઝોનના એપેલેટ ઓફિસરો દ્વારા તાત્કાલિક નિકાલ કરવામાં આવે છે.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ટેક્ષ ખાતાની વહીવટી સરળતા ખાતર અને કરદાતાઓને વધુ સારો ન્યાય મળી રહે તે હેતુથી ૫૦૦૦ એન્ટ્રી દીઠ એક ટેક્ષ વોર્ડની રચના કરવામાં આવેલ છે. હાલમાં ટેક્ષ વોર્ડની કુલ સંખ્યા ૨૯૨ છે.

અહેવાલી વર્ષ ૨૦૧૭-૧૮ માં૧૫,૨૭,૨૫૫ રહેણાંકની મિલકતો અને ૪,૯૭,૦૧૪ બિનરહેણાંકની મિલકતો મળી કુલ ૨૦,૨૪,૨૬૯ મિલકતોના ટેક્ષ બીલો કમ નોટિસો કરદાતાઓને આપવામાં આવેલ, તેમાં બીલ ભરવાની છેલ્લી તારીખ ઝોનવાઇઝ અલગ-અલગદર્શાવવામાંઆવેલ હતી.

ધી ગુજરાત પ્રોવિન્શીયલ મ્યુનિસિપલ કોર્પોરેશન એકટ, ૧૯૪૯ ના સુધારા મુજબ કલમ ૧૪૧-ક અનુસાર નિયત તારીખ પછી માંગણા બીલની રકમ ઉપર દર વર્ષે અઢાર ટકા (૧૮%) ના દરે સાદું વ્યાજ ઓનલાઇન ચાર્જ કરી વસુલ કરવામાં આવે છે. અહેવાલી વર્ષ દરમ્યાન બાકી ટેક્ષની વસુલાત કરવા કુલ ૨૯૦૦૮ પ્રોપર્ટીઓને સીલ કરવામાં આવેલ હતી, જેની વિગતો નીચે મુજબ છે.

ઝોન	સીલ કરેલ મિલકતોની સંખ્યા
મધ્યઝોન	૫૭૯૪
ઉત્તરઝોન	૪૩૯૭
દક્ષિણઝોન	૩૭૭૭
પૂર્વઝોન	૨૮૨૮
પશ્ચિમઝોન	૬૦૪૬
નવા પશ્ચિમઝોન	૬૧૬૬
કુલ	૨૯૦૦૮

સને ૨૦૧૭-૧૮ ના અહેવાલી વર્ષમાં પ્રોપર્ટી ટેક્ષ પેટે ચાલુ બાકી રૂા.૯૪૯.૫૧કરોડતેમજ પાછલી બાકી રૂા. ૨૦૪૩.૯૬કરોડ મળી કુલ રૂા.૨૯૯૩.૪૭કરોડ માંગણુ (ડિમાન્ડ) હતુ, જેમાંથી અહેવાલી વર્ષમાં કુલ રૂા.૮૦૫.૫૩ કરોડ પ્રોપર્ટી ટેક્ષની વસુલાત થયેલ છે.

કરદાતાઓને પોતાના રહેઠાણથી દૂર સુધી જવુ ના પડે તે માટે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા**કુલ ૫૮ સીટી સિવીક સેન્ટરો કાર્યરત કરવામાં આવેલ છે.** સદર સિવીક સેન્ટરો પર તમામ પ્રકારના મ્યુનિસિપલ ટેક્ષ ઉપરાંત પ્રોપર્ટી ટેક્ષના નાણાં સ્વીકારવામાં આવે છે તથા કરદાતાઓને પહોંચો (રસીદો) આપવામાં આવે છે.

એસેસમેન્ટ એન્ડ ટેક્ષ કલેકશન ડિપાર્ટમેન્ટની ટેક્ષ મધ્યસ્થ કચેરીના **થિયેટર શો ટેક્ષ વિભાગ દ્વારા** શહેરમાં ચાલતા સિનેમા થિયેટરો પાસેથી **શો ટેક્ષ** વસુલ લેવામાં આવે છે. **ગુજરાત સરકારે જે ચલચિત્રોને કર મુકિત આપી હોય તેવા ચલચિત્રોને 'શો ટેક્ષ' માંથી મુકિત આપવામાં આવે છે. અહેવાલી વર્ષ દરમ્યાન થિયેટર શો ટેક્ષની આવક રૂા. ૯૨,૧૦,૯૯૫/- થયેલ છે.**

ધંધાર્થે વપરાતા પાણી અંગે **અગાઉ** મીટરથી કનેકશનો આપી **'વોટર મીટર ટેક્ષ'** વસુલ કરવામાં આવતો હતો. મીટરથી અપાતા વોટર કનેકશનો માટે મીટર રીડર તથા સીનીયર મીટર રીડરની દેખરેખ હેઠળ મીટર રીડીગ લઇ **જે તે સમયે** કોમ્પ્યુટરાઇઝ બીલો તૈયાર કરવામાં આવતા હતા તથા તેની વસુલાત માટે જરૂરી પગલાં ભરવામાં આવતા હતા. **સ્ટેન્ડિંગ કમિટી ઠરાવ નં. ૯૨૩ તા. ૦૧.૧૨.૨૦૦૧** અનુસાર જુની વોટર મીટર પધ્ધતિની જગ્યાએ **હવે પ્રો-રેટા ચાર્જીસ આધારિત પધ્ધતિ**અપનાવવામાં આવેલ છે.

રાજય સરકારશ્રી દ્વારા ધી ગુજરાત એન્ટરટેઈનમેન્ટ ટેક્ષ (એમેન્ડમેન્ટ) એકટ,૨૦૧૪ (ગુજ.૧૮૨૦૧૪) નોટીફીકેશન નં. GHT/2014/23/mnr/102014/968/Aતા. ૨૦-૦૯-૨૦૧૪ અન્વયે તા.૧-૧૦-૨૦૧૪ થી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન હદ વિસ્તારમાં કેબલ ઓપરેટરો દ્વારા કેબલ ટી.વી. કનેકશન આપેલ હોય તેવા એક કનેશન દીઠ માસિક રૂા.૬/- લેખે ત્રિમાસિક ધોરણે મનોરંજન કર ઉઘરાવવાની અને પોતાની પાસે રાખવાની સત્તાઅ.મ્યુ.કોર્પોરેશનને સોંપવામાં આવેલ છે.**અહેવાલી વર્ષ દરમ્યાન મનોરંજન કરની આવક રૂા. ૧,૩૫,૨૦,૭૯૮/- થયેલ છે.તા.૦૧/૦૭/૨૦૧૭થી GST ના અમલીકરણના કારણે મનોરંજન કર રદ થયેલ છે.**

પત્રક-૧

પ્રોપર્ટી ટેક્ષની વસુલાત અને સામાન્ય રેવન્યુ આવકમાં તેનુ પ્રમાણ દર્શાવતુ પત્રક

(રૂપિયા લાખમાં)

અ.નં.	વર્ષ	સામાન્ય રેવન્યુ	ટેકસની વસુલાત	ટેકસનુ પ્રમાણ
૧	૧૯૮૫/૮૬	૭૦૮૮.૭૬	૧૬૪૪.૯૦	૨૩.૨૦ %
૨	૧૯૮૬/૮૭	૯૭૮૦.૭૬	૧૮૦૩.૯૯	૧૮.૪૪ %
૩	૧૯૮૭/૮૮	૯૭૪૦.૩૫	૨૨૪૭.૬૧	૨૩.૦૮ %
૪	૧૯૮૮/૮૯	૧૧૯૫૬.૪૭	૨૬૭૮.૦૬	૨૨.૪૦ %
૫	૧૯૮૯/૯૦	૧૩૫૪૫.૨૧	૩૦૨૦.૧૨	૨૨.૩૦ %
૬	૧૯૯૦/૯૧	૧૪૮૬૬.૩૮	૩૧૧૨.૨૬	૨૦.૯૩ %
૭	૧૯૯૧/૯૨	૧૭૪૬૫.૫૨	૩૬૨૨.૦૯	૨૦.૭૪ %
૮	૧૯૯૨/૯૩	૧૯૮૮૮.૦૧	૩૭૫૮.૩૧	૧૮.૯૦ %
૯	૧૯૯૩/૯૪	૨૧૯૭૬.૦૬	૪૭૦૮.૩૪	૨૧.૪૨ %
૧૦	૧૯૯૪/૯૫	૨૮૫૪૬.૪૨	૭૩૫૮.૫૦	૨૫.૭૮ %
૧૧	૧૯૯૫/૯૬	૩૫૬૦૯.૪૨	૮૧૯૧.૭૪	૨૩.૧૩ %
૧૨	૧૯૯૬/૯૭	૩૮૯૮૨.૪૨	૯૪૪૮.૫૨	૨૪.૨૪ %
૧૩	૧૯૯૭/૯૮	૪૨૦૭૩.૩૨	૯૯૦૯.૧૯	૨૩.૫૫ %
૧૪	૧૯૯૮/૯૯	૫૬૩૪૬.૮૨	૧૨૨૪૮.૧૪	૨૧.૭૪ %
૧૫	૧૯૯૯/૦૦	૫૫૮૪૫.૬૧	૧૧૯૪૫.૨૪	૨૧.૩૯%
૧૬	૨૦૦૦/૦૧	૫૬૨૫૮.૪૪	૯૭૮૨.૦૫	૧૩.૩૮%
૧૭	૨૦૦૧/૦૨	૫૦૮૧૪.૮૮	૧૨૧૫૧.૦૦	૨૩.૯૧%

૧૮	૨૦૦૨/૦૩	૫૨૮૯૨.૦૦	૧૨૩૮૦.૧૮	૨૩.૪૧%
૧૯	૨૦૦૩/૦૪	૬૬૬૯૦.૦૦	૧૩૯૨૦.૨૭	૨૦.૮૭%
૨૦	૨૦૦૪/૦૫	૮૦૬૨૨.૫૮	૧૭૫૮૫.૪૧	૨૦.૯૬%
૨૧	૨૦૦૫/૦૬	૮૯૭૮૬.૩૯	૨૦૪૫૬.૯૮	૨૧.૯૭%
૨૨	૨૦૦૬/૦૭	૧૧૯૬૦૪.૨૯	૨૨૩૬૮.૦૮	૨૦.૦૧%
૨૩	૨૦૦૭/૦૮	૧૪૦૦૯૦.૦૦	૨૪૨૬૭.૩૭	૧૭.૩૨%
૨૪	૨૦૦૮/૦૯	૧૫૨૨૬૩.૦૭	૨૯૦૭૩.૬૩	૧૯.૦૯%
૨૫	૨૦૦૯/૧૦	૧૬૧૦૯૦.૦૦	૩૬૧૩૯.૦૮	૨૨.૪૩%
૨૬	૨૦૧૦/૧૧	૧૮૩૯૩૧.૯૯	૪૦૨૮૯.૪૮	૨૧.૯૦%
૨૭	૨૦૧૧/૧૨	૨૦૮૧૬૫.૦૦	૪૧૪૫૯.૫૦	૧૯.૯૨%
૨૮	૨૦૧૨/૧૩	૨૧૧૭૩૩.૦૦	૪૦૯૨૭.૬૬	૧૯.૩૨%
૨૯	૨૦૧૩-૧૪	૨૫૩૮૧૫.૯૫	૫૪૧૫૭.૩૬	૨૧.૩૪%
૩૦	૨૦૧૪-૧૫	૩૧૧૮૨૨.૦૭	૬૩૮૪૩.૪૫	૨૦.૪૭%
૩૧	૨૦૧૫-૧૬	૩૪૦૩૨૦.૦૦	૬૪૬૧૪.૬૨	૧૮.૯૮%
૩૨	૨૦૧૬-૧૭	૩૪૦૬૦૩.૦૦	૭૨૮૩૮.૨૮	૨૧.૩૮%
૩૩	૨૦૧૭-૧૮	૩૫૬૭૪૧.૦૦	૮૦૫૫૩.૯૦	૨૨.૧૮%

એસેસર અને ટેકસ કલેકટર
ટેક્ષ મધ્યસ્થ કચેરી

પત્રક ૨

ઝોન વાઈઝ પ્રોપર્ટી ટેક્સની છેલ્લા ૩ વર્ષની વસુલાતની માહિતી દર્શાવતું પત્રક

(રૂા. લાખમાં)

અ.નં.	ઝોન	૨૦૧૫-૧૬	૨૦૧૬-૧૭	૨૦૧૭-૧૮
૧	૨	૩	૪	૫
૧	મધ્ય ઝોન	૯૪૫૨.૮૬ (૧૪.૬૩)	૧૦૪૭૭.૩૯ (૧૪.૩૮)	૧૧૩૬૭.૭૫ (૧૪.૧૧)
૨	ઉત્તર ઝોન	૫૪૧૮.૬૩ (૮.૩૯)	૬૯૦૮.૦૯ (૯.૪૮)	૭૩૩૦.૧૨ (૯.૧૦)
૩	દક્ષિણ ઝોન	૬૫૫૯.૬૨ (૧૦.૧૫)	૭૬૧૪.૩૯ (૧૦.૪૫)	૮૮૩૯.૯૩ (૧૦.૯૭)
૪	પૂર્વ ઝોન	૭૨૮૯.૮૮ (૧૧.૨૮)	૮૪૮૮.૫૩ (૧૧.૬૫)	૮૬૭૨.૫૯ (૧૦.૭૭)
૫	પશ્ચિમ ઝોન	૧૭૨૮૫.૯૯ (૨૬.૭૫)	૧૮૨૦૭.૨૧ (૨૫.૦૦)	૨૧૭૫૦.૧૯ (૨૭.૦૦)
૬	નવા પશ્ચિમ ઝોન	૧૮૬૦૭.૬૨ (૨૮.૮૦)	૨૧૧૪૨.૬૭ (૨૯.૦૩)	૨૨૫૯૩.૩૧ (૨૮.૦૫)
કુલ		૬૪૬૧૪.૬૨ (૧૦૦.૦૦)	૭૨૮૩૮.૨૮ (૧૦૦.૦૦)	૮૦૫૫૩.૯૦ (૧૦૦.૦૦)

પત્રક- ૩

વર્ષ ૨૦૧૭-૧૮ દરમ્યાન કરદાતાઓ તરફથી ટેક્ષ વિભાગને કરવામાં આવેલ કેટેગરીવાઈઝ અરજીઓતથા નિકાલથયેલ અરજીઓની આંકડાકીય માહિતી દર્શાવતુ પત્રક

અ.નં.	કેટેગરી	કુલ મળેલ અરજી	કુલ નિકાલ થયેલ અરજી	કુલ બાકીઅરજી
૧	એપેલેટ અરજી	૧૧૨	૧૦૮	૪
૨	મિલકતવેરા અંગેની ફરિયાદ	૧,૦૫૮	૧,૦૫૧	૭
૩	ટેસ આકારણી ઘટાડવા અંગે	૨૪,૪૮૬	૨૩,૯૨૦	૫૬૬
૪	ટેકસ વિભાજન	૧૫,૩૫૦	૧૪,૯૫૭	૩૯૩
૫	ડુપ્લીકેટ બીલ અંગે	૨,૪૮૮	૨,૩૮૨	૧૦૬
૬	ટેકસ જનરલ	૧૪,૮૮૭	૧૪,૬૨૫	૨૬૨
૭	નવી આકારણી	૧૯,૧૩૨	૧૮,૫૧૫	૬૧૭
૮	નવા કબજેદાર અંગે	૫૪,૭૬૧	૫૪,૦૬૩	૬૯૮
૯	વપરાશ બદલવા અંગે	૧,૦૧૯	૧,૦૦૨	૧૭
૧૦	ખાલી મિલકત અંગે	૧૫,૫૦૩	૧૫,૧૭૬	૩૨૭
૧૧	નામ ટ્રાન્સફર અંગે	૩૭,૦૬૧	૩૬,૩૧૭	૭૪૪
	કુલ	૧૮૫,૮૫૭	૧૮૨,૧૧૬	૩,૭૪૧

રાજય સરકારશ્રીના જાહેરનામાં ક્રમાંક : (જીએચએન -9)પીએફટી – 2008 – એસ. – 2 (એએ) (1) – ઠ તા.01/04/2008 થી મુકરર સત્તામંડળ તરીકે મ્યુનિ. કોર્પો. અમદાવાદને વ્યવસાયવેરા કાયદાની અનુસૂચિ – 1 ની નોંધ ક્રમાંક 1 (B) અને 2 થી 10 માં સમાવેશ થતા વ્યક્તિઓના વર્ગ પાસેથી અધિનિયમની કલમ- 3 હેઠળ વેરો લેવાની અને વસુલ કરવાની મળેલ સત્તાઓ મુજબ વ્યવસાયવેરા કાયદાની અનુસૂચિ – 1 ની નોંધ ક્રમાંક 1 (B) અને 2 થી 10 માં સમાવેશ થતી અને મ્યુનિ. હદ વિસ્તારમાં વ્યવસાય, વ્યાપાર, ધંધા અને રોજગારમાં રોકાયેલ વ્યકિત/સંસ્થાઓની નોંધણી/રજીસ્ટ્રેશન કરી જે તે વ્યકિત/સંસ્થાઓની વ્યવસાયવેરાની વસુલાત મ્યુનિ. કોર્પો. ના વ્યવસાયવેરા વિભાગ દ્વારા કરવામાં આવે છે.

1. વ્યવસાયવેરાના બે પ્રકાર છે.

   1.1 PRC વેરા એટલે કર્મચારીઓના પગાર/વેતન પર લાગુ પડતો વેરો છે. જે દર માસે કર્મચારીઓના પગારમાંથી કાપીને એમ્પલોયરે ભરવાના હોય છે.

   1.2 PEC વેરા એટલે સંસ્થા/પેઢીને લાગુ પડતો વેરો છે.

2. વ્યવસાયવેરા રજીસ્ટ્રેશન/નોંધણીને લગતી તમામ કામગીરી ઝોનલ કક્ષાએથી કરવામાં આવે છે.

3. PRC રજીસ્ટ્રેશન માટે નિયત નમૂના ફોર્મ નંબર-૧ અને PEC નોંધણી માટે નિયત નમૂના ફોર્મ નં-3 માં કોઇ પણ સીટી સિવીક સેન્ટર ખાતે અરજી કરી વ્યવસાયવેરા રજીસ્ટ્રેશન/નોંધણી કરાવી શકાય છે.

4. અનુસૂચિ-૧ ની એન્ટ્રી નંબર-૧ (બી) માં સમાવેશ થતા વ્યક્તિઓના વર્ગના (સરકારી કર્મચારીઓ સિવાયના પ્રાઇવેટ સેક્ટરના કર્મચારીઓ) પગારમાંથી નિયત માસિક દરે વેરો કાપી વેરો ભરવાની જવાબદારી જે તે એમ્પલોયર(કામેરાખનાર)ની છે. કામે રાખનારે (એમ્પલોયરે) ૨૦ કે તેથી વધુ પગારદાર /વેતનદાર કર્મચારીના કિસ્સામાં માસ પુરો થયા પછીના ૧૫ દિવસમાં માસિક અને ૨૦ થી ઓછા પગારદાર/વેતનદાર કર્મચારીના કિસ્સામાં ત્રિમાસિક સમયગાળો પુરો થયાના દિન-૧૫ માં ત્રિમાસિક વેરાની રકમ જમા કરાવવાની થાય છે. ત્યાર બાદ વાર્ષિક ૧૮% ના દરે સાદુ વ્યાજ લાગુ પડે છે. વ્યાજની ગણતરી ઓનલાઇન કોમ્પ્યુટર સિસ્ટમ દ્વારા થતી હોઇ ભરપાઇની તારીખે થતી કુલ રકમ ચુકવવા પાત્ર થાય છે.

5. પગારદાર/વેતનદારને લાગુ પડતા માસિક વેરાના દર નીચે મુજબ છે. (તા.૦૧/૦૪/૨૦૧૩ થી અમલમાં)

ક્રમ	માસિક પગાર/વેતન	માસિક દર રૂ.
૧	રૂા.૬,૦૦૦/- થી ઓછો.	શૂન્ય
૨	રૂા.૬,૦૦૦/- અથવા તેથી વધુ પણ રૂા.૯૦૦૦/- થી ઓછો	૮૦/-
૩	રૂા.૯,૦૦૦/- અથવા તેથી વધુ પણ રૂા. ૧૨,૦૦૦/- થી ઓછો	૧૫૦/-
૪	રૂા.૧૨,૦૦૦/- અથવા તેથી વધુ	૨૦૦/-

6. અનુસૂચિ-૧ ની એન્ટ્રી નંબર-૨ થી ૬ અને ૮ થી ૧૦ માં સમાવેશ થતી વ્યક્તિ/સંસ્થાઓએ વાર્ષિક રૂા.૨૦૦૦/- ના દરે વેરો ભરવાનો થાય છે. અનુસૂચિ-૧ ની એન્ટ્રી નંબર-૭ માં સમાવેશ થતી વ્યક્તિ/સંસ્થાઓએ (ગુજરાત વેટ એક્ટ-૨૦૦૩ હેઠળ નોંધણીને પાત્ર થતા વેપારીઓ) નીચે મુજબ લાગુ પડતા વાર્ષિક દરે વેરો ભરવાનો થાય છે. આ કેટેગરીમાં સમાવેશ થતી વ્યક્તિ/સંસ્થાઓને લાગુ પડતો વેરાનો વાર્ષિક દર જે તે વર્ષના વાર્ષિક ટર્ન ઓવર આધારીત હોઇ વેરાના દરમાં વધ-ઘટ થઇ શકે છે.

ક્રમ	વાર્ષિક ટર્નઓવર	વાર્ષિક દર રૂ.
૧	રૂા.૨,૫૦,૦૦૦/- થી વધુ ન હોય તો	શૂન્ય
૨	રૂા.૨,૫૦,૦૦૦/- થી વધુ હોય પણ રૂા. ૫,૦૦,૦૦૦/- થી વધુ ન હોયતો	૫૦૦/-
૩	રૂા.૫,૦૦,૦૦૦/- થી વધુ હોય પણ રૂા. ૧૦,૦૦,૦૦૦/- થી વધુ ન હોય તો	૧૨૫૦/-
૪	રૂા.૧૦,૦૦,૦૦૦/- થી વધુ હોય તો	૨૪૦૦/-

7. ૩૧ મી ઓગષ્ટ સુધીમાં નોંધાયેલ વ્યક્તિ/સંસ્થાઓએ ભરવાનો થતો વાર્ષિક વેરો ૩૦ મી સપ્ટેમ્બર સુધી અથવા તે પહેલા ભરી શકાશે. ત્યાર બાદ વાર્ષિક ૧૮% ના દરે સાદુ વ્યાજ લાગુ પડશે. વ્યાજની ગણતરી ઓનલાઇન કોમ્પ્યુટર સિસ્ટમ દ્વારા થશે. જેથી ભરપાઇની તારીખે થતી કુલ રકમ ચુકવવા પાત્ર થાય છે.

8. રાજ્ય સરકારશ્રીએ તા.૧/૧૦/૨૦૦૬ થી તા.૩૧/૦૩/૨૦૦૮ સુધી PEC વેરો વસુલ કરવા માટે કલેકટીંગ એજન્ટ તરીકે મ્યુનિ. કોર્પો.ની નિમણૂક કરેલ હતી, તા.૧/૧૦/૨૦૦૬ થી તા.૩૧/૦૩/૨૦૦૮ સુધી મ્યુનિ. કોર્પો. માં રાજ્ય સરકારના વ્યવસાયવેરા ક્લેકટીંગ એજન્ટ તરીકેની કામગીરી સંભાળતુ હતું, જે સમય ગાળાની વ્યવસાયવેરાની કુલ આવક <u>રૂ.૪.૮૫</u> કરોડની હતી. અ.મ્યુ.કો.ને તબદીલ થયા પહેલાનાં એટલે કે અમદાવાદ શહેર વિસ્તારના તા.૩૧/૦૩/૨૦૦૮ સુધીમાં રાજ્ય સરકારમાં વ્યવસાયવેરાના <u>કુલ- ૩૨૧૧૨</u> કરદાતાઓની નોંધણી થયેલ હતી. (સામેલ પત્રક-૨ મુજબ)

9. તા.૧/૪/૨૦૦૮ થી મુકરર સત્તામંડળ તરીકે મ્યુનિ. કોર્પો. ને વ્યવસાયવેરો વસુલ કરવાની સત્તા મળ્યા બાદ આ સાથે સામેલ પત્રક મુજબ કરદાતાઓની નોંધણીમાં અને વ્યવસાયવેરાની આવકમાં ઉત્તરોત્તર વધારો થયેલ છે. (સામેલ પત્રક-૩ મુજબ)

10. ગત વર્ષ-<u>૨૦૧૬-૧૭ માં વ્યવસાયવેરાની આવક રૂ.૧૪૭.૫૦ કરોડ</u> થયેલ હતી, તેની સામે <u>વર્ષ-૨૦૧૭-૧૮ માં વ્યવસાયવેરાની આવક ૧૬૩.૬૦ કરોડની</u> થયેલ છે. તે જોતા ગત વર્ષ -૨૦૧૬-૧૭ ની સરખામણીએ <u>વર્ષ-૨૦૧૭/૧૮ માં</u> વ્યવસાયવેરાની આવકમાં <u>રૂ. ૧૬.૦૯ કરોડનો એટલે કે ટકાવારીની દ્રષ્ટિએ ૧૦.૯૧% નો વધારો થયેલ</u> છે. (સામેલ પત્રક-૧ મુજબ)

11. તા.૩૧/૦૩/૨૦૧૭ ની સ્થિતીએ કુલ - ૨૯૮૦૮ PRC કરદાતા અને કુલ - ૩૦૪૩૭૯ PEC કરદાતા ની રજીસ્ટ્રેશન/નોંધણી થયેલ છે. (સામેલ પત્રક-૨ મુજબ)

12. વર્ષ-૨૦૧૭-૧૮ માં કુલ-૨૩૩૪ PRC કરદાતા અને કુલ-૨૫૫૧૯ PEC કરદાતાઓની રજીસ્ટ્રેશન/નોંધણીમાં વધારો થયેલ છે. (સામેલ પત્રક-૩ મુજબ)

13. ચાલુ વર્ષ-૨૦૧૭-૧૮ ના આખરે તા.૩૧-૦૩-૨૦૧૮ ની સ્થિતીએ વ્યવસાયવેરા ખાતે નોંધાયેલ ૩૨૧૪૨ PRC કરદાતા અને ૩૨૯૮૯૮ PEC કરદાતા મળીને કુલ- ૩૬૨૦૪૦ PRC/ PEC કરદાતાઓનું રજીસ્ટ્રેશન/નોંધણી થયેલ છે. (સામેલ પત્રક-૩ મુજબ)

14. વ્યવસાયવેરા વિભાગ દ્વારા વ્યવસાયવેરા વસુલાતની કાર્યવાહી સંદર્ભે વ્યવસાયવેરા ખાતે નોંધયેલ PEC કરદાતાઓને વર્ષ-૨૦૧૭/૧૮ માં માંગણાબીલ કમ ઇન્ટીમેશન અને પાછલી બાકીના કિસ્સામાં તે બીલની સાથે જ સુનાવણી કમ માંગણા નોટીસો અને બિન નોંધાયેલ વ્યકિત સંસ્થાઓને મ્યુનિ.પ્રોપર્ટી ટેક્ષ ખાતે નોંધાયેલ કોમર્શીયલ મિલ્કતોના ટેનામેન્ટ નંબરના ડેટાને આધારે નોટીસ નમૂનો-૭ મુજબની કારણ દર્શક નોટીસો આપવામાં આવેલ છે.

15. વ્યવસાયવેરા ખાતા દ્વારા આપવાના થતાં PEC/ PRC સર્ટીફીકેટ અગાઉ મેન્યુઅલી આપવામાં આવતા હતા, તેના સ્થાને સંપૂર્ણ પણે કોમ્પ્યુટરાઇઝ ઇસ્યુ કરવાનું ચાલુ કરવામાં આવેલ છે.

16. મ્યુનિ.કોર્પોરેશનના કોઇ પણ સીટી સિવીક સેન્ટર પર વ્યવસાયવેરાની રકમના નાણાં રોકડા અથવા "મ્યુનિસિપલ કમિશનર, અમદાવાદ" ના નામના અમદાવાદ ખાતે પેયેબલ ચેક/પે ઓર્ડર/ડિમાન્ડ ડ્રાફ્ટ તેમજ મ્યુનિ.કોર્પો.ની વેબસાઇટ www.ahmedabadcity.gov.in પર PEC વેરાનું ઇ-પેમેન્ટ કરી શકાય છે.

17. કાયદાના નિયમ-૩ હેઠળનું રજીસ્ટ્રેશન પ્રમાણપત્ર ધારક વ્યક્તિ માલિક હોતો બંધ થાય અને કાયદાના નિયમ-૪ હેઠળનું નોંધણી પ્રમાણપત્ર ધારકનું મૃત્યુ થાય અથવા વેરો ભરવાની તેની જવાબદારી બંધ થાય (ધંધો વ્યવસાય બંધ કરે) તો સમયસર તેની જાણકારી સબંધિત ઝોનલ વ્યવસાયવેરા કચેરીને (જરૂરી પુરાવા સાથે અરજી કરી) કરવી જરૂરી છે.

ઉપરોક્ત સઘળી હકીકતો ધ્યાને લેવા વિનંતી છે.

Zone wise Collection Report

Sr.no.	Zone Name	Target 2017-18	01/04/2016 to 31/03/2017	01/04/2017 to 31/03/2018	DIFFR	DIFFR %
1	Central	25.21	198931604	197250725	-1680879	-0.84%
2	North	13.54	106727844	127362353	20634509	19.33%
3	South	13.97	109987195	126059270	16072075	14.61%
4	East	19.41	152819666	170560763	17741097	11.61%
5	West	65.8	513869328	562841050	48971722	9.53%
6	New West	50.28	391323064	450455724	59132660	15.11%
7	Other	--	1423229	1478179	54950	3.86%
Total		188.21	1475081930	1636008064	160926134	10.91%

PROFESSION TAX INCOME AND REGISTRETION

From 01/10/2006 To 31/03/2017 Showing Registered tax payers and Income statement

S.R. No.	YEAR	From 01/10/2006 to 31/03/2017 Registered tax payers			From 01/10/2006 to 31/03/2017 Income (In. crore)			
		Total Enrollment (Institutes)	Total Registration (Employee)	Total	Total Enrollment (Institutes)	Total Registration (Employee)	Total	Differ
1	01/10/2006 TO 31/03/2008	32112	0	32112	4.85	--	4.85	
2	01/04/2008 TO 31/03/2009	64569	11591	76160	11.43	31.96	43.39	
3	01/04/2009 TO 31/03/2010	25073	3069	28142	14.46	46.43	60.89	
4	01/04/2010 TO 31/03/2011	32355	2614	34969	18.73	51.04	69.77	
5	01/04/2011 TO 31/03/2012	27937	2492	30429	21.99	59.46	81.45	
6	01/04/2012 TO 31/03/2013	24444	2279	26723	23.13	67.88	91.01	
7	01/04/2013 TO 31/03/2014	25234	1793	27027	26.51	74.78	101.29	
8	01/04/2014 TO 31/03/2015	25325	1838	27163	27.08	86.05	113.13	
9	01/04/2015 TO 31/03/2016	20948	1875	22823	28.36	99.06	127.42	
10	01/04/2016 TO 31/03/2017	26382	2257	28639	35.69	111.81	147.50	
Total….		304379	29808	334187	212.23	628.47	840.70	

PROFESSION TAX INCOME AND REGISTRETION

From 01/10/2006 To 31/03/2018 Showing Registered tax payers and Income statement

S.R. No.	YEAR	From 01/10/2006 to 31/03/2018 Registered tax payers			From 01/10/2006 to 31/03/2018 Income (In. crore)			
		Total Enrollment (Institutes)	Total Registration (Employee)	Total	Total Enrollment (Institutes)	Total Registration (Employee)	Total	Differ
1	01/10/2006 TO 31/03/2008	32112	0	32112	4.85	--	4.85	
2	01/04/2008 TO 31/03/2009	64569	11591	76160	11.43	31.96	43.39	
3	01/04/2009 TO 31/03/2010	25073	3069	28142	14.46	46.43	60.89	
4	01/04/2010 TO 31/03/2011	32355	2614	34969	18.73	51.04	69.77	
5	01/04/2011 TO 31/03/2012	27937	2492	30429	21.99	59.46	81.45	
6	01/04/2012 TO 31/03/2013	24444	2279	26723	23.13	67.88	91.01	
7	01/04/2013 TO 31/03/2014	25234	1793	27027	26.51	74.78	101.29	
8	01/04/2014 TO 31/03/2015	25325	1838	27163	27.08	86.05	113.13	
9	01/04/2015 TO 31/03/2016	20948	1875	22823	28.36	99.06	127.42	
10	01/04/2016 TO 31/03/2017	26382	2257	28639	35.69	111.81	147.50	
11	01/04/2017 TO 31/03//2018	25519	2334	27853	38.80	124.8	163.60	
	Total….	329898	32142	362040	251.03	753.27	1004.30	

૨.૪ - ગુમાસ્તાધારા ખાતુ
વાર્ષિક વહીવટી અહેવાલ
સને : ૨૦૧૭ - ૨૦૧૮

રાજ્ય સરકારશ્રીના શિક્ષણ અને મજુર ખાતુ (શ્રમ અને રોજગાર વિભાગ) જાહેરનામુ સચિવાલય, અમદાવાદ તા.૯મી એપ્રિલ, ૧૯૬૩ થી મુંબઇ દુકાન અને સંસ્થા અધિનિયમ-૧૯૪૮ થી મ્યુનિસિપલ કમિશનરશ્રીને આપેલ સત્તા અન્વયે નિયમો અને જોગવાઇઓ/કલમોનું પાલન કરવા જણાવવામાં આવેલ છે. શ્રમ અને રોજગાર વિભાગ તથા મજુર કમિશનરશ્રી, ગુજરાત રાજ્ય તરફથી વખતો-વખતના આદેશો અને પરિપત્રોને અનુસરી અમદાવાદ મહાનગરપાલિકા હદ વિસ્તારમાં કામગીરીઓ કરવામાં કે અમલ કરવામાં આવે છે.

ગુમાસ્તાધારા ખાતાની કામગીરીનું કાર્યક્ષેત્ર ગુજરાત દુકાન અને સંસ્થા અધિનિયમ, ૧૯૪૮ (ગુમાસ્તાધારો) ને લગતી મ્યુનિસિપલ કોર્પોરેશનનાં ક્ષેત્રીય વિસ્તારનું છે. મુંબઇ દુકાન સંસ્થા અધિનિયમ,૧૯૪૮ કોઇ પણ ધંધો, વેપાર અથવા વ્યવસાય કરતી હોય અથવા કોઇ ધંધો, વેપાર અથવા વ્યવસાય ને લગતો અથવા આનુસાંગિક અથવા સહાયક કામ કરતી હોઇ તેવી સંસ્થાને આ અધિનિયમ લાગુ કરવામાં આવ્યો છે.ગુમાસ્તાધારા ખાતા દ્વારા ગુજરાત દુકાન અને સંસ્થા અધિનિયમ, ૧૯૪૮ અન્વયે કરવાનાં થતા સંસ્થાઓના રજીસ્ટ્રેશન તથા રીન્યુઅલ સહિતની આ અધિનિયમ સબંધિત કામગીરી કરવામાં આવે છે.

વર્ષ દરમ્યાનની વહીવટી કામગીરીની રૂપરેખા નીચે મુજબ છે .

ગુમાસ્તાધારા વિભાગની મધ્યસ્થ કચેરી લેવલેથી થતી કામગીરી

૧. વાર્ષિક વહીવટી અહેવાલ, સરકારી પત્રોના જવાબો કરવા અંગેની કામગીરી

૨. કોર્પોરેશનના વિવિધ ખાતાઓ જેવા કે આયોજન અને આંકડા ખાતુ, કોમ્પ્યુટર ખાતુ, વિજીલન્સ ખાતુ, વિગેરે તેમજ શ્રમ અને રોજગાર કચેરી, પોલીસ ખાતા વિગેરે તરફથી વખતો વખત મંગાવાતી માહિતી ઝોનલ લેવલેથી પુરી પાડવા સંકલનની કામગીરી

૩. અમદાવાદ શહેર જીલ્લામાં બાળશ્રમયોગી પ્રથાની નાબુદી કરવા અંગેની જીલ્લા કલેકટરશ્રી નાં અધ્યક્ષ પદે યોજાતી મિટીંગોની સુચના તથા માર્ગદર્શન અનુસારની અ.મ્યુ.કોનાં ક્ષેત્રીય વિસ્તારને લગતી કરવાની થતી સંકલનની કામગીરી.

૪. ગુમાસ્તાધારા વિષયક કન્ટીજન્સીની કામગીરી

૫. દવાની દુકાનો ૨૪ કલાક ખુલ્લી રાખવા માટેની પરવાનગી માંગતી ફાઇલોની મંજુરી લઇ પરવાનગી આપવાની કામગીરી વેપારી પેઢીઓએ રજા રાખવા અંગે વખતો વખત દૈનિક અખબારમાં જાહેરાત આપવાની કાર્યવાહી, ઇલેક્શન (ચૂંટણી) ના સંજોગોમાં ગુમાસ્તાઓને રજા આાપવા અંગેની પ્રેસ નોટ તૈયાર કરી છપાવવા અંગેની કાર્યવાહી.

૬. પોલીસી મેટર અંગેની કામગીરીઓ ગુમાસ્તાધારા વિભાગની મધ્યસ્થ કચેરી દ્વારા હાથ ધરવાની થાય છે.

૭. ગુમાસ્તાધારા વિભાગમાં આર.ટી.આઇ. તેમજ અન્ય બાબતોની અરજીઓનો નિકાલ કરવો.

૮. મુંબઇ દુકાન અને સંસ્થા અધિનિયમ-૧૯૪૮ તથા ગુજરાત દુકાન અને સંસ્થા (કર્મચારી જીવન વીમા) અધિનિયમ-૧૯૮૦માં જણાવેલ નિયમો અને કલમો મુજબ દુકાનો, વેપારીઓ, સંસ્થાઓ પાસે ઝોનલ વ્યવસ્થા તંત્ર મારફતે પાલન કરાવવાની કામગીરી

૯. **રાજય સરકાર લેવલે હાથ ધરાયેલ** ઈઝ ઓફ ડુઈંગ અંતર્ગતની ifpportal ની પેન્ડીગ અરજીઓનાં નિયત સમાર્યદામાં નિકાલ કરવાની કામગીરી

મ્યુનિ.કોર્પોરેશનની હદમાં આવેલી સંસ્થાઓ દા.ત. વેપારી પેઢીઓ, હોટલો, થિયેટરો વગેરે તથા અન્ય સંસ્થાઓ ઉપર લગાવેલા ઝુલતા પાટીયા 'સાઇનબોર્ડ' ની નોંધણી તથા પરવાનગી ફી તથા આ એક્ટ હેઠળ આવતી સંસ્થાઓની લાયસન્સ ફી, રીન્યુઅલ ફી વસુલ કરવા અંગેની કાર્યવાહી આ ખાતા મારફતે સિવિક સેન્ટરોમાં કરવામાં આવે છે.

ઝોન લેવલે કરવામાં આવતી કામગીરી

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન હસ્તકનાં ક્ષેત્રિય વિસ્તારમાં ગુમાસ્તાધારા વિષયક અમલીકરણને તમામ આનુષાંગિક કામગીરી ઝોનલ ટેક્ષ ખાતા હસ્તક પ્રોફેશન ટેક્ષ તથા ગુમાસ્તાધારા વિભાગ દ્વારા કરવામાં આવે છે. જેમાં જે તે ઝોનલ ક્ષેત્રિય વિસ્તાર હેઠળનાં ગુમાસ્તા ધારા અંતર્ગતનાં રજિસ્ટ્રેશન/લાયસન્સ વિષયક રજિસ્ટ્રેશન, રિન્યુઅલ, સુધારા/વધારા, ડુપ્લીકેશન,ઇન્સ્પેકશન સહિતનાં ગુમાસ્તા ધારાને લગતા તમામ આનુષાંગિક કાર્યો અને ફરજોનો સમાવેશ થાય છે.

અનં.	ગુમાસ્તાધારા રજીસ્ટ્રેશનની વિગત	સને૨૦૧૬૧૭- તાની૨૦૧૭/૦૩/૩૧. સ્થિતિએ		સને ૨૦૧૭ ૧૮- .તા૩૧ની ૨૦૧૮/૦૩/ સ્થિતિએ		તફાવત સને ૧૭માં થયેલ ૧૮- વધઘટ	
		સંખ્યા	આવક	સંખ્યા	આવક	સંખ્યા	આવક
		A	B	C	D	E (C-A)	F (D-B)
૧	રીન્યુઅલ	૧૮,૨૮૦	૨૨,૩૪,૩૮૦	૧૫,૯૯૯	૧૯,૮૩૭૬૦	૨૨૮૧-	૨૫૦૬૨૦-
૨	નવા રજીસ્ટ્રેશન	૨૪,૬૩૩	૫,૯૬,૯૬૦	૨૩,૮૪૯	૫,૭૬,૯૭૦	૭૮૪-	૧૯-,૯૯૦
૩	મોડીફીકેશન	૩૮૫૭	૨૬,૮૩૭	૪,૪૯૬	૩૨,૧૪૪	૬૩૯	૫,૩૦૭
૪	ડુપ્લીકેટ	૯૩	૩૯૦	૧૨૨	૪૬૦	૨૯	૭૦
૫	ઈન્સ્યુરન્સ	૦૩	૨૨૮	૧	૧૩૨	૨-	૯૬-
૬	સાંઈન બોર્ડ	૦૧	૨,૨૨,૪૦૦	૪	૧,૦૭,૬૦૦	૩-	૧-,૧૪,૮૦૦
	કુલ	૪૬,૮૬૭	૩૦,૮૧,૧૯૫	૪૪,૪૭૧	૨૭,૦૧,૦૬૬	૨૪૦૨-	૮૦.૩-,૧૨૯

ગુમાસ્તા ધારા વિભાગનાં મંજુર થયેલ મહેકમ/શીડયુલની જગ્યાની માહિતી દર્શાવતું પત્રકઃ

ગુમાસ્તાધારા ખાતુ			શીડયુલ નંઃ ૩૭		
અ.નં	હોદ્દો	ગ્રેડ	શીડયુલ મુજબની મંજુર થયેલ કુલ જગ્યાની સંખ્યા	શીડયુલ મુજબની ખાલી જગ્યાની સંખ્યા	શીડયુલ મુજબની ભરેલી જગ્યાની સંખ્યા
૧	CHIEF SHOPS INSPECTOR	9300/34800 GP 4600 PB2	1	1	
૨	HEAD CLERK	9300/34800 GP 4200 PB1	1	1	
૩	ACCOUNTANT	9300/34800 GP 4200 PB1	1	1	
૪	SHOPS INSPECTOR	9300/34800 GP 4200 PB1	17	17	
૫	RENEWAL INSPECTOR	9300/34800 GP 4200 PB1	6	6	
૬	JR.SHOP INSPECTOR	5200/20200 GP 2400 PB1	2	2	
૭	SR.CLERK	5200/20200 GP 2400 PB1	2	1	1
૮	JR.CLERK	5200/20200 GP 1900 PB1	9	9	
૯	PEON	4440/7440 GP 1300 IS	4	4	
★	Total		43	42	1

★ આ માહિતી પૂરી પાડવાનો હેતુ અગાઉ ગુમાસ્તા ધારા ખાતાની કામગીરી વખતેનાં મંજુર મહેકમની વિગતો જણાવવાનો છે. ગુમાસ્તા ધારા વિષયક અમલીકરણને લગતી તમામ આનુષાંગિક કાર્યો તથા ફરજો ઝોનલ કચેરી હસ્તકનાં પ્રોફેશન ટેક્ષ અને ગુમાસ્તા ધારા વિભાગ દ્વારા કરાય છે.

સને ૧૯૪૮ ના બોમ્બે શોપ્સ એન્ડ એસ્ટાબ્લીશ્મેન્ટની કલમ ૭૧ મુજબ ગુમાસ્તાધારા ખાતા તરફથી પ્રતિ વર્ષ રીપોર્ટ મ્યુનિસદર રીપોર્ટ કેલેન્ડર વર્ષ એટલે કે .કમિશ્નરશ્રીને મોકલવામાં આવે છે. -થી માર્ચ ૧૭-એપ્રિલ૧૮ સુધીનો હોય છે .

૨.૫ - કોમ્પ્યુટર ખાતુ
વાર્ષિક વહીવટી અહેવાલ
સને : ૨૦૧૭ - ૨૦૧૮

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના કોમ્પ્યુટર વિભાગ દ્વારા તેની ચાલુ સિસ્ટમ્સ જેવી કે પ્રોપર્ટી ટેક્ષ, વ્હીકલ ટેક્ષ, પે-રોલ, એફ.એ.એસ. વિગેરેને નાણાંકીય વર્ષ ૨૦૧૭-૧૮ દરમ્યાન સફળતાપૂર્વક સંચાલન કરી જરૂરી આઉટપુટ સમયાંતરે લેવાની કામગીરી સંપૂર્ણપણે સમયમર્યાદામાં ચોકસાઇપૂર્વક કરી જે તે ખાતાની જરૂરીયાત મુજબ કામગીરી કરેલ છે.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા શહેરીજનોની પાયાની જરૂરીયાતોની કામગીરીમાં પારદર્શકતા લાવવા તથા સવલતો પૂરી પાડવા ઇ-ગવર્નન્સ પ્રોજેક્ટ દ્વારા તમામ ઝોનનું લીઝ લાઇન દ્વારા લીંક અપ કરી કોમ્પ્યુટરાઇઝેશન હેઠળ નીચેની સુવિધા આવરી લેવામાં આવેલ છે.

ઈન્ફર્મેશન ટેકનોલોજીનો વ્યવહારૂ ઉપયોગ ખૂબ જ મહત્ત્વનો બની રહે છે. જેના સંદર્ભે ૨૦૧૭-૧૮ ના વર્ષ દરમિયાન અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના જુદા જુદા વોર્ડમાં કુલ ૫૬ સિવિક સેન્ટર તેમજ દાણાપીઠ, મેમનગર, આર.ટી.ઓ અને વિરાટનગર ખાતે એક-એક એમ કુલ ચાર ટેક્ષ કલેક્શન સેન્ટર સહિત કુલ ૬૦ સેન્ટર્સ કાર્યરત કરવામાં આવેલ છે. સદર તમામ સિવિક સેન્ટરને લીઝ લાઈન વડે કનેક્ટ કરવામાં આવેલ છે. જેથી કોઈ પણ ઝોનનો કરદાતા કોઈ પણ સેન્ટર ખાતે નાણાં ભરી શકે તેમજ ફરિયાદ નોંધાવી શકે છે. તદુપરાંત નાગરિકો અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની વેબસાઇટ www.ahmedabadcity.gov.in તથા AhmedabadAMC(mobile App) પરથી ઓન લાઇન ટેક્ષ, પ્રોપર્ટી ટેક્ષ, વ્યવસાય વેરા પેમેન્ટ કરી શકે તે અંગેની પણ વ્યવસ્થા કરવામાં આવેલ છે. નાગરિકોને સિવિક સેન્ટર પરથી નીચે જણાવેલ સવલતો મળી રહે તેવી વ્યવસ્થા કરવામાં આવેલ છે.

- પ્રોપર્ટી ટેક્સ કલેક્શન
- વ્યવસાય વેરા કલેક્શન
- વ્હીકલ ટેક્સ કલેકશન
- બલ્ડિંગ પ્લાન એપ્રુવલ
- જન્મ-મરણ નોંધણીની નકલની પ્રાપ્તિ
- ગુમાસ્તાધારા સર્ટીફીકેટ
- હેલ્થ લાયસન્સ
- હોકર્સ લાયસન્સ

- રાઈટ ટુ ઈન્ફોર્મેશન અરજી સ્વીકાર
- હોલ બુકીગ
- ટેક્ષ ખાતાની અરજીનો સ્વીકાર
- ટી.ડી.ઓ. ફી
- એ.એમ.ટી.એસ. બસ પાસ

ઇ-ગવર્નન્સ ખાતા દ્વારા શરૂ કરવામાં આવેલ ફરિયાદ નિવારણ વ્યવસ્થા (CCRS) Comprehensive Complaint Redressal System અંતર્ગત વિવિધ માધ્યમો દ્વારા અ.મ્યુ.કોની સેવાઓને લગતી ફરિયાદ નોંધી શકાય છે. ટેલિફોન નંબર ૧૫૫૩૦૩ ઉપર નાગરિકો તેમની ફરિયાદો નોંધાવી શકે છે. વધારે માહિતી www.amccrs.com પર ઉપલબ્ધ છે.

- કમ્પ્લેઇન રીડ્રેસલ સિસ્ટમ હેઠળ પાયાની સવલતો જેવી કે પાણી,ગટર,રસ્તા,સ્ટ્રીટ લાઇટ,ગાર્ડન,ઢોરના ત્રાસ વગેરે કમ્પલેઇનની નોંધણી.
- અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં ફરજ બજાવતા કર્મચારીઓના પ્રોવિડન્ડ ફંડની સંપૂર્ણ ૨૦૧૭-૧૮ અંતિમ માહિતી વેબસાઇટ પર ઉપલબ્ધ કરવામાં આવી છે.
- અમદાવાદ શહેરમાં સને ૨૦૦૪-૦૫ થી "હોકર્સ લાયસન્સ" સિવિક સેન્ટર્સ પરથી મળી રહે તેવી વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. સને ૨૦૧૭-૧૮ ના વર્ષમાં ૪૦૦ હોકર્સ લાયસન્સ ઇસ્યુ કરી કુલ રૂા.૩,૭૫,૫૫૦/- વસુલ કરેલ છે.
- અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની વેબ સાઇટ www.ahmedabadcity.gov.in દ્વારા નાગરિક ઘરે બેઠા પણ મ્યુ.કોર્પો.ને લગતી વિવિધ માહિતી મેળવી શકે તેમજ ફરીયાદ નોંધાવી શકે તેવી વ્યવસ્થા ગોઠવાયેલ છે.
- પે-રોલ સિસ્ટમમાં કર્મચારીઓનાં પગાર બીલ,પગાર સ્લીપ,કપાત પત્રકો વિગેરે દર માસે નિયમિત સમયમર્યાદામાં છાપી જે તે વિભાગના કર્મચારીઓને અલગ અલગ ઇસ્યુ કરેલ છે.મકાન એડવાન્સ,વાહન એડવાન્સની કર્મચારી વાઇઝ વાર્ષિક હિસાબી સ્લીપ નાણાંકીય વર્ષ ૨૦૧૭-૨૦૧૮ માટે છાપી આપવામાં આવેલ છે. આ ઉપરાંત કર્મચારીઓની ૨૦૧૭-૧૮ ના વર્ષ માટે સી.પી.એફ.,જી.પી.એફ.ની સ્લીપો સમયસર પ્રિન્ટીગ કરી આપેલ છે. પે-રોલ સિસ્ટમના અનુસંધાનમાં દર માસે વિવિધ ક્રેડિટ સોસાયટીઓની કપાત, મ્યુનિ.કર્મચારીઓની લોન કપાત પત્રકોનું ડેટા અપડેટ કરવામાં આવે છે. વર્ગ ૧-૨-૩ ના કર્મચારીઓનો પગાર ફરજિયાત બેંક મારફતે ચુકવવાની કામગીરી ચાલુ રાખી કર્મચારીઓના બેંક ફોર્મની ડેટા એન્ટ્રી તથા ચેકિંગ કરી પે-રોલ પ્રોસેસ કરેલ છે.

- અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના તમામ ઝોનના કોમર્શીયલ તેમજ રેસીડેન્સીયલ પ્રોપર્ટી ટેક્ષનાં બીલો, છેલ્લી ચેતવણીની નોટીસો તથા ચતુવર્ષિય આકારણીના આકારણી પત્રકોનું પ્રિન્ટીગ કોમ્પ્યુટર ખાતા મારફતે કરવામાં આવે છે.
- અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની વેબ સાઇટ www.ahmedabadcity.gov.in ના વેબસાઇટ અપડેશન જે-તે ખાતાની સૂચના મુજબની કામગીરી પણ નિયમિત રીતે કરેલ છે.
- રીટાયરમેન્ટ બેનીફીટ સિસ્ટમને એકાઉન્ટ્સ વિભાગમાં સર્વર તથા નેટવર્કીગની મદદથી પેન્શન, પી.એફ., ગ્રેજ્યુઇટી, હક્કરજાના હિસાબો તથા જી.આઇ.એસ.ના મોડયુલને આવરી લઇ આ તમામના ગુજરાતી ભાષામાં રીપોર્ટ તૈયાર કરી શકાય તેવી સુવિધા ઉપલબ્ધ કરી નાણા વિભાગ મારફતે અમલીકૃત કરાવેલ છે.
- ઓડિટ વિભાગને સંપૂર્ણપણે કોમ્પ્યુટરાઇઝેશન હેઠળ આવરી લઇ ઓડિટ વાંધાઓ, તેના નિકાલ તથા વાર્ષિક અહેવાલ કોમ્પ્યુટર ઉપર નેટવર્કીગ દ્વારા તૈયાર કરી શકાય તેવી વ્યવસ્થા કરી આપેલ છે.
- નાણા વિભાગના માસિક અહેવાલો, બજેટ તથા અહેવાલોના પત્રકોને નાણા વિભાગની જરૂરીયાત મુજબ કોમ્પ્યુટરાઇઝ કરી પ્રિન્ટ કરી શકાય તેવી વ્યવસ્થા પ્રોગ્રામીગ દ્વારા ઉપલબ્ધ કરી આપેલ છે.
- ફાઇનાન્સીયલ એકાઉન્ટીગ સિસ્ટમમાં નાણાંકીય વર્ષ દરમ્યાન માસિક રીકન્સીલેશન, રિપોર્ટ મોડીફીકેશન, એબસ્ટ્રેક લોડીગ અને અપડેશન તથા ફાઇનલ પ્રોસેસીગ નિયમિત રીતે કરી આપવામાં આવ્યું. માસિક હિસાબો ગુજરાતીમાં અને ત્રિમાસિક બજેટ સુધારા અને તેના અપડેશનની કામગીરી પણ સમયસર કરી આપવામાં આવી.
- એકાઉન્ટ માસ્ટર તેમજ બજેટ કન્ટ્રોલની એન્ટ્રી અને મોડીફીકેશનની કામગીરી તેમજ નાણાં વિભાગની માગણી મુજબના રિપોર્ટ તૈયાર કરી આપવામાં આવ્યા.
- અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની વહીવટી કામગીરીને વધુ પારદર્શક બનાવવા સારૂ કર્મચારીઓને સંબંધીત વહીવટી આદેશો, વેબસાઇટ ઉપર એમ્પલોઇ ઓર્ડરના ફોલ્ડરમાં મૂકવાની કાર્યવાહી કરેલ છે. આ હુકમો કોઇપણ વ્યક્તિ ઇન્ટરનેટ તથા ઇન્ટ્રાનેટના માધ્યમ દ્વારા જોઇ શકે તેવી વ્યવસ્થા કરેલ છે.
- અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના જુદાજુદા વિભાગો દ્વારા ટેન્ડર જાહેરાતો સમાચારપત્રોમાં અપાતી હતી. આ ટેન્ડર જાહેરાતોને વૈશ્વિક સ્તરે પ્રસારણ મળે અને કોર્પોરેશનને વધુ સારી ઓફરો મળી રહે તે સારૂ તમામ વિભાગનાં ટેન્ડર્સ અત્રેની વેબસાઇટ ઉપર ઉપર લોડ કરી મૂકવામાં આવેલ છે. જેથી

ઇન્ટરનેટ દ્વારા કોઇપણ વ્યક્તિ ટેન્ડર જાહેરાત, ટેન્ડર ફોર્મ વાંચી શકે નકલ ડાઉનલોડ કરી શકે, અને અમ.મ્યુ.કોર્પો.ને વધુ સારી ઓફર મળી શકે.

- અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના ઇ-ગવર્નન્સ પ્રોજેક્ટ અન્વયે ઉભા કરાયેલ સિવિક સેન્ટરો મારફતે વર્ષ ૨૦૧૭-૧૮ દરમિયાન ગુમાસ્તાધારાનાં ૧૫,૯૯૯ પ્રમાણપત્રો રીન્યુઅલ કરવામાં આવ્યા, ૨૩,૮૪૯ પ્રમાણપત્રો નવા ઇસ્યુ કરવામાં આવ્યા, ૪,૪૯૬ પ્રમાણપત્રોના સુધારા કરી આપવામાં આવ્યા તથા ૧૨૨ ડુપ્લીકેટ પ્રમાણપત્રો ઇસ્યુ કરવામાં આવ્યાં.
- અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના ઇ-ગવર્નન્સ પ્રોજેક્ટ અન્વયે ઉભા કરાયેલ સિવિક સેન્ટરો મારફતે વર્ષ દરમિયાન કુલ ૧,૪૧,૩૩૩ જન્મ-મરણ પ્રમાણપત્ર માટેની અરજીઓનો નિકાલ કરાયેલ છે.તથા તેની ફી મારફતે રૂા.૧,૧૫,૮૩,૪૭૫/- નાણાં ખાતે જમા આપેલ છે.જેની વિગત સામેલ પત્રક દ્વારા આપેલ છે.
- વર્ષ દરમિયાન ટી.ડી.ઓ. ફીની કુલ ૨૦,૧૭૦ રીસીપ્ટો દ્વારા કુલ રૂા.૮૧૭,૫૯,૪૭,૭૮૩/- આવક મળેલ છે.
- સિવિક સેન્ટરમાં હોલ બુકીંગ મોડયુલ કાર્યરત કરેલ છે જેમાં કુલ ૧૩૭૧૬ ટ્રાન્ઝેક્શન્સ દ્વારા કુલ રૂા.૧૪,૧૭,૦૧,૦૨૪/- આવક મળેલ છે.
- ઇમ્પેક્ટ ફીની કુલ ૭૪૦ રીસીપ્ટો દ્વારા કુલ રૂા.૪,૭૦,૨૨,૫૪૦/- ની આવક મળેલ છે.
- અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના સ્વીમીંગ પુલની કુલ ૪૭,૪૪૭ રીસીપ્ટો દ્વારા કુલ રૂા.૨,૭૧,૪૮,૪૬૫/- ની આવક મળેલ છે.
- અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના જીમ્નેશીયમની કુલ ૩૦,૫૬૯ રીસીપ્ટો દ્વારા કુલ રૂા.૫૪,૮૮,૬૭૫/- ની આવક મળેલ છે.
- અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના હોલ બુકીંગની કુલ ૧૩,૭૧૬ રીસીપ્ટો દ્વારા કુલ રૂા.૧૪,૧૭,૦૧,૦૨૪/- ની આવક મળેલ છે.
- આવાસ યોજના હેઠળ કુલ ૪૭૧ રીસીપ્ટો દ્વારા કુલ રૂા.૨૩,૧૦,૪૮૪/- ની આવક મળેલ છે.
- પ્રોપર્ટી ટેક્ષ નામ ટ્રાન્સફર ફીની કુલ ૪૩,૭૯૪ રીસીપ્ટો દ્વારા કુલ રૂા.૧,૮૯,૨૬,૯૯૭/- ની આવક મળેલ છે.
- અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના ઇ-ગવર્નન્સ પ્રોજેક્ટ અન્વયે ઉભા કરાયેલ સિવિક સેન્ટરો તથા ઓનલાઇન કલેક્શન મારફતે વર્ષ દરમિયાન કુલ ૧૦,૫૬,૮૯૭ રીસીપ્ટો દ્વારા

રૂા.૭,૪૦,૭૪,૫૨,૪૫૪/- પ્રોપર્ટી ટેક્ષ વસુલ કરી નાણાં ખાતે જમા આપેલ છે. જેની વિગત સામેલ પત્રક દ્વારા આપેલ છે.

- અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના ઇ-ગવર્નન્સ પ્રોજેક્ટ અન્વયે ઉભા કરાયેલ સિવિક સેન્ટરો મારફતે વર્ષ દરમિયાન કુલ ૨,૪૧,૫૦૨ રીસીપ્ટો દ્વારા રૂા.૧,૬૧,૨૧,૪૨,૧૨૧/- વ્યવસાય વેરો વસુલ કરી નાણાં ખાતે જમા આપેલ છે. જેની વિગત સામેલ પત્રક દ્વારા આપેલ છે.
- વ્હીકલ ટેક્ષ સિસ્ટમમાં સીટી સિવિક સેન્ટરો ઉપર વ્હીકલ ટેક્ષ પેટે કુલ ૨,૬૧,૩૬૩ રીસીપ્ટો દ્વારા રૂા.૯૪,૮૬,૫૪,૬૨૬/- નો ટેક્ષ રીકવર કરેલ છે.
- રાઇટ ટુ ઇન્ફોર્મેશન અન્વયે સિવિક સેન્ટર્સ ખાતે અરજીઓ સ્વીકારવાની વ્યવસ્થા કરી આ અરજીઓ જે તે વિભાગને નિયમિત મોકલી અપાયેલ છે.જેમાં કુલ ૬,૬૧૧ અરજીઓ સ્વીકારી રૂા.૧,૪૭,૩૭૨/- વસુલ કરેલ છે.
- વધુમાં એકાઉન્ટ ખાતાની જરૂરીયાત મુજબ ઝોન વાઇઝ બજેટ નોંધણી મોડયુલ અમલીકૃત કરેલ છે. જેથી તમામ કામોની નોંધણીનું સેન્ટ્રલાઇઝ મોનીટરીંગ થઇ શકે.
- વધુમાં ભારત સરકારના આધાર કાર્ડ પ્રોજેક્ટ અંતર્ગત સિવિક સેન્ટર્સ પર આધાર નોંધણીની કામગીરી કરવામાં આવે છે.
- અમદાવાદ મ્યુનિસીપલ કોર્પોરેશનની દરેક કામગીરી ટી.સી.એસ.મોડયુલ અંતર્ગત સંકલનથી કામગીરી કરવામાં આવે છે.
- જન્મ મરણ સર્ટીફીકેટ કોઇ પણ નાગરિક ઓનલાઇન એપ્લાઇ કરીને ઘેર બેઠા મેળવી શકે છે.
- પે-રોલ અંગેની ડેટા એન્ટ્રી સીધી બીલ ક્લાર્ક મારફતે થઇ શકે તેવી વ્યવસ્થા કરવામાં આવેલ છે.
- અમદાવાદ મ્યુનિસીપલ કોર્પોરેશનના દરેક ખાતામાં કોમ્પ્યુટર કન્ઝયુમર કોન્ટ્રાક્ટ અંતર્ગત કોમ્પ્યુટર, પ્રિન્ટર,તેમજ હાર્ડવેર સોફટવેર મેન્ટેનેન્સ કરવામાં આવે છે.
- અમદાવાદ મ્યુનિસીપલ કોર્પોરેશનના મોબાઇલ પોલીસી અંતર્ગત અધિકારીઓ તેમજ કર્મચારીઓના કોમ્યુનિકેશન માટે મોબાઇલ તેમજ કાર્ડની સુવિધા આપવામાં આવે છે.
- કર્મચારીઓના પી.એફ.લોનના ફોર્મ મેન્યુઅલી ભરવામાં આવતાં હતાં જે હવે બીલક્લાર્ક દ્વારા ઓનલાઇન ભરી શકાય તેવી વ્યવસ્થા કરવામાં આવી.
- વેલ્ફેર લોન ફોર્મ મેન્યુઅલી ભરવામાં આવતાં હતાં જે હવે બીલક્લાર્ક દ્વારા ઓનલાઇન ભરી શકાય તેવી વ્યવસ્થા કરવામાં આવી.

- કોમ્પ્રીહેન્સીવ કમ્પ્લેઇન્ટ રીડ્રેસલ સીસ્ટમ (ભભઇજી) : અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા નાગરીકોને પડતી મુશ્કેલી તથા તેઓની ફરીયાદ બાબતે જાણકારી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન સુધી પહોંચાડવા માટે એક સર્વગ્રાહી ફરીયાદ નિવારણ પધ્ધતિનું અમલીકરણ કરેલ છે. આ માટે સ/જ.ફર્જ્જીકા ૈંહગૈચ) નગ. દ્વારા સોફ્ટવેર, હાર્ડવેર તથા મેનપાવર પુરો પાડવામાં આવેલ છે. સી.સી.આર.એસ. સિસ્ટમના ભાગરૂપે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં એક કોલ સેન્ટર ઉભું કરવામાં આવેલ છે. જે સવારે ૬.૦૦ થી રાત્રે ૧૦.૦૦ વાગ્યા સુધી કાર્યરત રહે છે. કોલ સેન્ટર સિવાય અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના ૬૪ વોર્ડ ઓફિસ તથા ૬ ઝોનલ ઓફિસ ખાતે આવેલ ફરીયાદ નિવારણ કક્ષ મારફતે પણ ફરીયાદ નોંધાવી શકે છે. તથા ઇન્ટરનેટના માધ્યમથી પણ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની વેબસાઇટ્ુ.ચરસીગચમચગબૌઅ.ર્યપૈ.હ પરથી ફરીયાદ નોંધાવી શકે છે. આમ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના કુલ ૨૪ ડીપાર્ટમેન્ટની ૨૦૫ પ્રકારની અલગ અલગ કમ્પ્લેઇનને અલગ અલગ માધ્યમ દ્વારા એક સિસ્ટમ હેઠળ આવરી લેવામાં આવેલ છે. ફરીયાદ નોંધાવ્યાની સાથે તેમના મોબાઇલ પર આ અંગેનો મેસેજ મોકલી આપવામાં આવે છે. ફરીયાદ નોંધાવ્યાની જાણ અધિકારીને પણ એસ.એમ.એસ. મારફતે કરવામાં આવે છે. ત્યાર બાદ અધિકારી/કર્મચારી દ્વારા ફરીયાદને લગતી કામગીરી કર્યાની જાણકારી કોઇ પણ વોર્ડ ઓફિસ કે ઝોનલ ઓફિસના ફરીયાદ નિવારણ કક્ષમાં જાણ કર્યેથી ફરીયાદીની સંમતિ સાથે ફરીયાદ બંધ કરવામાં આવે છે. આમ કરવાથી સમગ્ર ફરીયાદ નિવારણ પધ્ધતિમાં પારદર્શિતા લાવેલ છે અને ફરીયાદ કરનાર નાગરીકને ફરીયાદ કયા તબક્કા પર છે તેની માહિતી પણ મળી રહે છે.

જેથી કરીને કમ્પ્લેઇનનો નિકાલ થયા અંગેનો તથા કમ્પ્લેઇનના પ્રકારની અને વિસ્તાર અંગેની સંપૂર્ણ માહિતી એક જ જગ્યાએથી ઉપલબ્ધ થાય છે. સમયાંતરે એકત્રિત કરેલ કમ્પ્લેઇનના ડેટા તથા શહેરને લગતા વિવિધ પ્રશ્નોનું આધુનિક પધ્ધતિ દ્વારા પૃથક્કરણ કરી મળેલ માહિતીનો ભવિષ્યમાં કરવામાં આવનાર જાહેર કામોમાં ઉપયોગ કરવાથી આવી ફરીયાદો આવતી અટકાવી શકાય છે.

૨.૬ - ઈલેકશન ખાતુ
વાર્ષિક વહીવટી અહેવાલ
સને : ૨૦૧૭ - ૨૦૧૮

૧. સને-૨૦૧૭માં યોજાનાર વિધાનસભા ચુંટણી સંદર્ભે **NERP** તથા **SWEEP** અંતર્ગત જુદા-જુદા પ્રકારની માહીતી તૈયાર કરવાની કામગીરીઓ તથા વિધાનસભા મતદાર વિભાગોની મતદારયાદીઓ તૈયાર કરવાની તથા સામાન્ય ચુંટણી અંગેની કામગીરીઓ સંદર્ભે કલેક્ટર કચેરીની ચુંટણી શાખાના સંકલનમાં રહીને મતદારયાદી સંદર્ભે આનુસાંગીક કામગીરીઓ કરવામાં આવેલ.

એપ્રિલ માસની શરૂઆતમાં **SWEEP** અંતર્ગત લગ્ન કરીને આવનાર મોટા ભાગની મહિલાઓના નામ જે તે વિસ્તારની મતદારયાદીમાં નોંધાતા નથી જેથી આવી મહિલાઓ તેમના મતાધિકારથી વંચિત રહી જતી હોય છે. આવી પરિસ્થિતી નિવારવા અમદાવાદ મહાનગરપાલિકા હસ્તકના તમામ લગ્ન નોંધણી કેન્દ્રો ઉપર લગ્ન નોંધણી કરતી વખતે મહિલાનું નામ મતદાર યાદીમાં નોંધાવવા સારૂ નિયત નમુનાનો ફોર્મ નં.૬ ભરાવી મતદારયાદીમાં નામ દાખલ કરાવવાની કાર્યવાહી તથા મહિલાના પિતાના રહેઠાણના સરનામે તેનું નામ નોંધાયેલ હોય તો તે જગ્યાએથી નામ કમી કરાવવાના નમુના નં.૭ સ્વીકારવામાં આવેલ અને તેને કલેકટર કચેરી ખાતે સુપરત કરવામાં આવેલ

૨. અમદાવાદ મહાનગરપાલિકાની સામાન્ય ચુંટણી-૨૦૧૫ સંદર્ભે ૧૬-નિયુક્ત ચુંટણી અધિકારી શ્રીઓ તથા નિવાસી અધિક કલેક્ટરશ્રી, અમદાવાદ હસ્તકની નગરપાલિકા શાખાને મહાનગરપાલિકા તરફથી આપવામાં આવેલ ચુંટણી ગ્રાંટ પૈકી કુલ-૬ નિયુક્ત ચૂંટણી અધિકારીશ્રીઓ પાસેથી થયેલ ખર્ચના હિસાબો-વાઉચરો મેળવી કુલ-૬ ચૂંટણી અધિકારીશ્રીઓના હિસાબોની ચકાસણી કરવામાં આવેલ છે તે પૈકી ૪- ચૂંટણી અધિકારીશ્રીઓના હિસાબોની જમા-ખર્ચી કરવામાં આવેલ છે.

૩. ગુજરાત વિધાનસભા સામાન્ય ચુંટણી-૨૦૧૭ અંર્તગત મહાનગરપાલિકા હસ્તકના બિલ્ડીંગ/શાળાઓમાં મતદાન મથક રાખવામાં આવેલ હોય તે તમામ મતદાન મથકોના સ્થળો/જગ્યાઓની રૂબરૂ મુલાકાત લઈ તેમાં શારિરીક અશકત મતદારો મતદાન મથકમાં સરળતાથી જઈ મતાધિકારનો ઉપયોગ કરી શકે તે સારૂ રેમ્પની સુવિધા ઉપલબ્ધ છે કે કેમ? તેની ચકાસણી કરાવી, જે તે બિલ્ડીંગ/શાળાઓમાં કાયમી રેમ્પની સુવિધા ઉપલબ્ધ કરવા અંગે ધોરણસરની કાર્યવાહી હાથ ધરાવવામાં આવેલ અને તમામ મતદાન મથકો મતદાનને અનુરૂપ બનાવવાની તમામ પ્રકારની કામગીરીઓ કરવામાં આવેલ.

૪. ગુજરાત વિધાનસભા સામાન્ય ચુંટણી-૨૦૧૭ ની જાહેરાત થતા જ મહાનગરપાલિકા હદ વિસ્તારમાં જાહેર તેમજ ખાનગી જગ્યાઓ ઉપર ધજા-પતાકા, તોરણ, બેનર્સ, પોસ્ટર, હોર્ડીંગ્સ, દિવાલ પરના લખાણો વિગેરે જેવી આચારસંહિતા ભંગને લગતી બાબતો જણાય તો તેને તાત્કાલીક ઉતારી લેવા મિટીંગનું આયોજન કરી ઝોનવાઈઝ ડે.એસ્ટેટ ઓફિસર શ્રીઓની રાહબરી હેઠળ રાઉન્ડ ધ કલોક

દબાણની ગાડી, સ્ટાફ વિગેરે રાખી આચારસંહિતા અમલીરકણની કામગીરી સચોટ અને અસરકારક રીતે થાય તે માટે એક ઝુંબેશ ચલાવવામાં આવેલ તેમજ અમલીકરણની આ કામગીરીના ભાગરૂપે ઈલેકશન કંટ્રોલ રૂમ સંસ્કાર કેન્દ્ર, પાલડી ખાતે કાર્યરત કરી એસ્ટેટ અને ઈલેકશન વિભાગના કર્મચારીઓને તેમાં ૨૪-કલાક માટે શીફ્ટ ડયુટી ફાળવી આચારસંહિતા ભંગને લગતી ફરીયાદો નોંધી સંબંધિત ઝોનમાં તે ફરીયાદનો નીકાલ કરવાની કામગીરીનો મેસેજ/સુચના આપવાની કાર્યવાહી કરવા જણાવેલ તેમજ આ ઈલેકશન કંટ્રોલ રૂમ ખાતે વિધાનસભા સામાન્ય ચુંટણી-૨૦૧૭ સંદર્ભેની કોઈ પણ કામગીરી કોઈ પણ વિભાગને લગતી ફરીયાદો પણ નોંધી સંબંધિત વિભાગોને બાબત પરત્વે ઘટતી કાર્યવાહી કરવા નોંધ કરાવવાની કામગીરી આપવામાં આવેલ.

આદર્શ આચારસંહિતા અમલીકરણ દરમ્યાન મહાનગરપાલિકા દ્વારા ૩૨૬૩૬-દિવાલ પરના લખાણો, ૮૪૨૦-પોસ્ટર્સ, ૧૪૬૬૨-બેનર્સ તથા ૭૧૪૮૧-ધજા/પતાકા/તોરણો વિગેરે મળે કુલ ૧,૨૭,૧૯૯- આચારસંહિતા ભંગ કરતા વિવિધ પ્રકારના પ્રદર્શિત સાહિત્યને દુર કરવામાં આવેલ તેમજ આચારસંહિતા ભંગની લેખિત-૧૪ / ટેલિફોનીક-મૌખિક કુલ-૨૧૫ ફરીયાદોનો નિકાલ કરવામાં આવેલ.

૫. સંસ્કાર કેન્દ્ર તથા મ્યુઝીયમની ઈમારતને નવેસરથી અપગ્રેડ કરવા તથા હેરીટેજ સીટીને અનુકુળ ફેરફાર કરવા અંગેની કાર્યવાહી હાથ ધરવામાં આવનાર હોઈ ડીસેમ્બર માસથી આ ઈમારતમાં આવેલ ઈલેક્શન ખાતાના સ્ટ્રોંગ રૂમમાં હયાત અંદાજે ૭૧૦૩ નંગ-ઈવીએમ, ૫૦૮૫ નંગ-બેલેટ બોક્ષ, ૫૦૦૦-પુશર તથા ૫૦૦૦-પતરાની પટ્ટીઓ ઉત્તર ઝોનની વિભાગીય કચેરીના બીજા માળે આવેલ સ્ટ્રોંગ રૂમમા શીફ્ટ કરવાની કામગીરી હાથ ધરવામાં આવેલ. સદર કામગીરીમાં પોલીસ પ્રોટેકશન અને ફાયર બ્રિગ્રેડના જવાનોને હાજર રાખી કુલ ૪૫-ટ્રકમાં સામાન શીફ્ટ કરવામાં આવેલ તથા ઈલકેશન વિભાગના રેકર્ડ, ફર્નીચર, કન્ટીજન્સી, ઈલેકશનને લગતુ તમામ સાહિત્ય અંદાજે ૪૦-ટ્રકમાં ટાગોર હોલના ભોંયરામાં શીફ્ટ કરવામાં આવેલ તેમજ પસ્તી નિકાલ/નાશ ૭-ટ્રકમાં કરવામાં આવેલ. આમ કુલ ૯૨-ટ્રકમાં વિવિધ પ્રકારની વિશાળ સામગ્રીનું શીફ્ટીંગ કરવામાં આવેલ.

વધુમાં, ઉક્ત તમામ કામગીરીઓ કરવા સારૂ સક્ષમ સત્તાની વિવિધ પ્રકારની મંજુરીઓ મેળવી સંલગ્ન વિભાગો સાથે જરૂરી પત્ર વ્યવહાર કરી કામગીરી હલ કરવામાં આવેલ. સદર કામગીરીમાં અંદાજે ૫૦૦-મજુરો બોલાવી કામગીરી કરાવવામાં આવેલ.

૨.૭ - સેન્ટ્રલ ઓફિસ - વેલ્ફેર ખાતુ
વાર્ષિક વહીવટી અહેવાલ
સને : ૨૦૧૭ - ૨૦૧૮

અમદાવાદ મ્યુનિ.કોર્પોરેશનના કર્મચારીઓના વ્યાપક હિતોને લગતી કલ્યાણકારી પ્રવૃત્તિ દ્વારા સંસ્થા અને કર્મચારી આલમ વચ્ચે કડીરૂપ ભુમિકા ભજવતા વેલ્ફેર ખાતાની કામગીરીની રૂપરેખા નીચે મુજબ છે.

૧. નોકરી દરમ્યાન અવસાન પામેલ કર્મચારીના કુંટુબ માટે : -(રાજય સરકારનાધારા ધોરણ મુજબ)

નોકરી દરમ્યાન અવસાન પામેલ કર્મચારીઓના નિરાધાર થતા કુટુંબને સહાયરૂપ થવા તેઓના આશ્રિતને અગ્રિમતાના ધોરણે નોકરી આપવાના એડમી.ઠ.નં.૧૩૭૫ તા.૦૨.૧૨.૭૫ મુજબ આશ્રિતોને વર્ગ ૩ તથા વર્ગ ૪ માં નોકરી આપવામાં આવતી હતી. ત્યાર બાદ રાજય સરકારના ઠરાવ નં ૨હમ-૧૦૨૦૦૯-૧૬૫૧-ક, તા. ૦૫/૦૭/૨૦૧૧ થી રહેમરાહે નોકરીના બદલે ઉચ્ચક નાણાંકીય સહાય ચુકવવા માટે ઠરાવ કરવામાં આવેલ તેનો અમલ કરવા માટે માટે સ્ટે.કમિટી ઠરાવ નં ૧૦૨૨ તા.૦૨.૦૯.૧૧ તથા મ્યુનિસિપલ કોર્પોરેશન ઠરાવ નં ૧૬૫૫ તા.૩૦.૦૯.૨૦૧૧ થી મંજૂરી મળેલ હોવાથી સેન્ટ્રલ ઓફીસ સરકયુલર નંબર ૪૨ તા.૦૮.૧૨.૧૧ કરવામાં આવેલ.

ક્રમ	મૃત્યુ પામનાર કર્મચારીની સેવાનો બાકી રહેતો સમયગાળો	ઉચ્ચક નાણાંકીય સહાય
૧.	૨૦ વર્ષ કે તેથી વધુ સેવા બાકી હોય	રુ.૬ લાખ
૨.	૨૦ વર્ષથી ઓછી પણ ૧૦ વર્ષ કે તેથી વધુ સેવા બાકી હોય	રુ.૫ લાખ
૩.	૧૦ વર્ષથી ઓછી સેવા બાકી હોય	રુ.૪ લાખ

આ અંગે સેન્ટ્રલ ઓફીસ સરકયુલર નં ૫૦ તા.૧૨.૧૨.૧૧ થી ચાલુ ફરજ દરમ્યાન અવસાનર પામનાર વર્ગ ૩ તથા વર્ગ ૪ ના કર્મચારીના પેન્શનપાત્ર કુટુંબના સભ્યને નાણાંકીય સહાય મેળવવા સંબંધિત ખાતાના બીલ કલાર્ક મારફતે જરૂરી પ્રક્રિયા કરી નાણાંકીય સહાય મેળવવા કાર્યવાહી કરવા જાણ કરવામાં આવેલ છે. જે મુજબ અગાઉની પેન્ડિગ અરજીઓવાળા અરજદારોને પણ નાણાંકીય સહાય ચુકવવામાં આવેલ છે.

ત્યાર બાદ રાજય સરકારના ઠરાવ નં ૨હમ-૧૦૨૦૦૯-૧૬૫૧-ક, તા.૦૭-૦૪-૨૦૧૬ અન્વયે સેન્ટ્રલ ઓફીસ સરક્યુલર નં ૬૫ તા.૨૨-૧૨-૨૦૧૬ મુજ્બ તા.૦૧.૦૪.૧૬ કે ત્યાર બાદ ચાલુ નોકરી દરમ્યાન અવસાન પામનાર વર્ગ ૩ અને વર્ગ ૪ ના કર્મચારીઓના આશ્રિત કુટુંબને રૂ. ૮ (આઠ) લાખ ઉચ્ચક નાણાંકીય સહાય ચૂકવવામાં આવે છે.

ગત વર્ષની બાકી અરજીઓ	**૫૧**
ચાલુ વર્ષમાં નવી આવેલ અરજીઓ	**૪૬**
વર્ષ **૨૦૧૭/૨૦૧૮** ની કુલ અરજીઓ	૯૭
વર્ષ **૨૦૧૭/૨૦૧૮** માં નિકાલ કરેલ અરજીઓ	૬૮
વર્ષના અંતે બાકી અરજીઓ	૨૯

આમ ચાલુ ફરજ દરમ્યાન અવસાન પામેલ વર્ગ ૩ ના ૧૬ તથા તથા વર્ગ ૪ ના ૪૭ મળી કુલ ૬૩ કર્મચારીઓના કુટુંબના પેન્શનપાત્ર વ્યકિતને ઉપરોંકત નીતી મુજબ કુલ રૂા.૪,૫૪,૦૦,૦૦૦/- (અંકે રૂા.ચાર કરોડ ચોપ્પન લાભ પુરા) નાણાંકીય સહાય ચુકવવામાં આવેલ છે. જયારે ૫ અરજીઓ દફતરે કરેલ છે.

૨. ઈજનેર મેનહોલ ખાતામાં અવસાન પામેલ તેમજ અનફીટ થયેલ કર્મચારીના કુટુંબ માટેઃ- (આઈ. આર. ખાતાના નિયમો મુજબ)

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં ઈજનેર મેનહોલ ખાતામાં નોકરી દરમ્યાન અવસાન પામેલ તેમજ અનફીટ થયેલ કર્મચારીઓના આશ્રીત વારસદારોને સ્ટે.કમિટી ઠ.નં.૧૨૯૬ તા.૧૯.૦૧.૦૬ તથા મ્યુનિ.કોર્પેરેશન ઠ.નં.૧૦૯૩ તા.૨૭.૦૨.૦૬થી મળેલ મંજુરી અનુસાર નોકરી આપવામાં આવે છે. સદર વર્ષ દરમ્યાન આવેલી દરખાસ્તો અંગેની વિગતો નીચે મુજબ છે

ગત વર્ષની બાકી અરજીઓ	**૧૧**
ચાલુ વર્ષમાં નવી આવેલ અરજીઓ	**૫૯**
વર્ષ **૨૦૧૭/૨૦૧૮** ની કુલ અરજીઓ	૭૦
વર્ષ **૨૦૧૭/૨૦૧૮** માં નિકાલ કરેલ અરજીઓ	**૫૫**
વર્ષના અંતે બાકી અરજીઓ	**૧૫**

આમ વર્ષ **૨૦૧૭/૨૦૧૮** માં કુલ ૫૫આશ્રિતોને રહેમરાહે નોકરી આપવામાં આવેલ છે. કુલ ૫૫ અરજીઓનો નિકાલ કરવામાં આવેલ છે. બાકી કેસો રહેવાનું કારણ એ છે કે જુદા જુદા ખાતાઓ તરફથી અધૂરી દરખાસ્તો આવે છે. તથા અરજદારો તરફથી પૂરતાં પૂરાવા રજુ કરવામાં આવતા નથી.

આમ ઉપર મુજબ રાજય સરકારના નિતી નિયમો મુજબ તથા મેનહોલ ખાતાના નિયમો મુજબ જરૂરી કાર્યવાહી સેન્ટ્રલ ઓફિસ વેલ્ફેર ખાતા મારફત કરવામાં આવે છે.

મૃત્યુ રાહત યોજના :

મૃત્યુ જેવી અણધારી આપત્તિમાં સહાયરૂપ થવા " મૃત્યુ રાહત યોજના " હેઠળ અવસાન પામેલ મ્યુનિ કર્મચારીઓના વારસદારોને તા.૩૦.૦૬.૯૭ ના ઠરાવ નંબર.૧૧૭૧ થી રૂા.૨૫૦૦/- ની સહાય

વેલ્ફેર ફંડમાંથી આપવામાં આવે છે. સદર વર્ષ દરમ્યાન રાહત યોજનાનો લાભ મૃત્યુ પામેલ ૬૬ કર્મચારીઓના વારસદારોને જે તે સબંધિત ખાતા દ્વારા આપવામાં આવેલ છે.

૩. ઘોડીયા ઘરની વ્યવસ્થા :

મ્યુનિસિપલ કંમ્પાઉન્ડમાં ફરજ બજાવતી મહિલા કર્મચારીઓનાં નાના બાળકોની સાર સંભાળ માટે ઘોડિયાઘરની પ્રવૃત્તિ ચલાવવામાં આવે છે. જેમાં મહિલા કર્મચારીઓના બાળકોની સાર સંભાળ રાખવા માટે (૧) એક આયા રાખવામાં આવેલ છે. સદર વર્ષમાં એવરેજ **૫** બાળકોએ લાભ લીધેલ હતો.

૪. લેડીઝ રૂમ :

મ્યુનિસિપલ કંમ્પાઉન્ડમાં મહિલા કર્મચારીઓ માટે લેડીઝરૂમ ચલાવવામાં આવે છે. અને તે લેડીઝરૂમની જરૂરિયાત મુજબ ચીજ વસ્તુઓ વેલ્ફેર ખાતેથી આપવામાં આવે છે.

૫. ગ્રુપ વિમા યોજના :

સ્ટેન્ડિંગ કમિટી ઠરાવ નં.૧૫૨૨ તા.૨૬.૦૩.૯૮ મુજબ તા.૦૧.૦૪.૯૮ થી રાજય સરકારના ધોરણે ગ્રુપ વિમા યોજનાની સ્કીમ અમલમાં આવેલ છે. જેમાં ગ્રેડ વાઇઝ કપાત , રિસ્ક પ્રિમીયમ તથા વેલ્ફેર ખાતા દ્વારા આપવામાં આવતા રિબેટની રકમ નીચે મુજબ છે.

કેટેગરી	કર્મચારીની સંખ્યા	માસિક પ્રિમીયમ	કુલ જી.આઇ.એસ.	રિસ્ક પ્રિમીયમ	રીબેટ
એ	૫૨૭	૪૦૦	૨૫૨૯૬૦૦	૭૫૮૮૮૦	૧૮૯૭૨૦
બી	૬૧૧	૨૦૦	૧૪૬૬૪૦૦	૪૩૯૯૨૦	૧૦૯૯૮૦
સી	૩૭૪૭	૧૦૦	૪૪૯૬૪૦૦	૧૩૪૮૯૨૦	૩૫૯૭૧૨
ડી	૧૧૪૫૩	૫૦	૬૮૭૧૮૦૦	૨૦૬૧૫૪૦	૫૪૯૭૪૪
કુલ	૧૬૩૩૮		૧૫૩૬૪૨૦૦	૪૬૦૯૨૬૦	૧૨૦૯૧૫૬

આમ વેલ્ફેર ખાતા દ્વારા વાર્ષિક આશરે રૂા ૧૨૦૯૧૫૬/- (અંકે રૂા.બાર લાખ નવ હજાર એકસો છપ્પન) જેટલી રકમ ભોગવવાની થાય છે. ૬૬ મ્યુનિસિપલ કર્મચારીઓને મૃત્યુ રાહત પેટે નાણાં ખાતા દ્વારા કુલ રૂા.૧,૬૫,૦૦૦/- (એક લાખ પાંસઠ હજાર પુરા) ની રકમ ચૂકવવામાં આવેલ છે. વેલ્ફેર ખાતા ધ્વારા ઉપર મુજબ કર્મચારી કલ્યાણ પ્રવૃત્તિઓ કરવામાં આવે છે.

૨.૮ - લીગલ ખાતુ
વાર્ષિક વહીવટી અહેવાલ
સને : ૨૦૧૭ - ૨૦૧૮

લીગલ ખાતા દ્વારા મ્યુનિ.કોર્પો . ની તમામ પ્રકારની કાનુની કામગીરી સાથે કરવાનું આવે છે . શ્રીઓને અને.કમિ.મ્યુનિ.આ ખાતા દ્વારા ડેખાતાના અધિકારીશ્રીઓને પાવર્સ ડેલીગેશન કરવાની તેમજ અરા બાયલોઝના સંબંધિત ખાતા દ્વા.ફો.મ્યુ., રેગ્યુલેશન તથા અન્ય નીતી નિયમો બાબતે લીગલ ખાતે ફાઇલ આવતા તેને યોગ્ય કાર્યવાહી કરી કાયદાકીય સ્વરૂપ આપવાની કામગીરી કરવામાં આવે છેઆ . .કોર્પો.વિરુદ્ધ દાખલ થતા દાવાઓમાં તથા મ્યુનિ .કોર્પો .ઉપરાંત જુદી જુદી કોર્ટોમાં મ્યુનિતરફથી કરવામાં આવતા દાવાઓમાં વકીલો રોકવાની, વકીલોને ફી ચૂકવવાની કોર્ટના ચુકાદાઓનો અમલ કે ચુકાદા વિરૂદ્ધ અપીલ કરવાની બી .સી.એમ.પી.એકટ તથા પીએક્ટ હેઠળની ફરિયાદો દાવાની .એ .એફ. કામગીરી તમામ ખાતાઓને કાનુની માર્ગદર્શન તથા સલાહસૂચનો આપવાની કામગીરી કરવામાં આવે છે.

અહેવાલ વાળા વર્ષ દરમ્યાન નીચે મુજબની કામગીરી કરવામાં આવેલ છે.

૧ (મ્યુનિ ૧૯૪૯એકટ .સી.એમ.પી.શ્રીને પોતાની સત્તા બી.કમિ.ની કલમ મુજબ ૪૯ હેઢળ (૧) ડે .અધિકારીઓને સોંપવાની સત્તા મળેલ છે .નીચે મ્યુનિ (૧)૬૯-શ્રીઓને અને કલમ.કમિ.મ્યુનિ. અહેવાલવાળાવર્ષમાં ઉપરોકત જોગવાઈ હેઠળ કુલ ૦૧ પાવર ડેલીગેશન ઓર્ડર કરવામાં આવેલા છે .

૨ (મ્યુનિ .કોર્પોના બાયલોઝ રેગ્યુલેશન ., સ્ટેન્ડીંગ ઓર્ડરોમાં સુધારા કરાવવા તથા નવા નિયમો બનાવવા અને જુદા જુદા ખાતાઓમાંથી આવતી દરખાસ્તો સંબંધમાં તજવીજ કરવાની નવા નિયમો કે ચાલુ નિયમોમાં સુધારા વધારા સામે જાહેર વાંધાઓ મંગાવવા, વર્તમાનપત્રો તથા ગેઝેટમાં નોટીસે પ્રસિધ્ધ કરવાની તથા મંજુર થયેલ દરખાસ્તોને રાજય સરકારની મંજૂરી માટે મોકલવાની કામગીરી કરવામાં આવે છેઅહેવાલ વાળા વર્ષ દરમ્યાન વિનીયમો તથા . કર્મચારીઓની ભરતી અને બઢતી, લાયકાતો અંગેના નિયમો અંગે આર.જીએન ઠરાવોથી . .આવે છે સુધારા કરવામાં

૩ (સુપ્રિમકોર્ટ, હાઇકોર્ટ, સીટી સીવીલ કોર્ટ, સ્મોલ કોઝ કોર્ટ, સેસન્સ કોર્ટ, મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ કોર્ટમાં મ્યુનિ કોર્પોકો દ્વારા દાખલ કરવામાં આવતા કેસોમાં .મ્યુ.વિરુદ્ધ થતા અને અ . .કોર્પો.મ્યુનિ તરફથી રજુઆત ટ ની પેનલ રોકવામાં કરવા માટે કોર્ટ વાઇઝ એડવોકે (બચાવ) ઉપરોકત કોર્ટ ધ્વાર .આવે છેા આપવામાં આવતા ચુકાદા હુકમો કે એવોર્ડને જે તે ખાતામાં

મોકલી આપી અમલ કરવાની તથા જરૂર જણાય તો જુદા જુદા ચુકાદા વિરૂદ્ધ અપીલ કરાવવાની તજવીજ કરવામાં આવે છેઅહેવાલી વર્ષમાં ઉપરોકત કોર્ટોમાં નીચે મુજબની . .છે કામગીરી થયેલ

(અ) સીટી સીવીલ કોર્ટમાં વર્ષની શરૂઆતમાં ૧૦૯૯૫ દાવા પેન્ડીંગ હતા વર્ષ દરમ્યાન ૬૬૬ નવા કેસો દાખલ થયેલા છે.કોર્પો.જે પૈકી મ્યુનિ .કેસોનો નિકાલ થયેલ છે ૩૮૮વર્ષ દરમ્યાન .ની વિરૂધ્ધમાં ૦૪ દાવાઓ, અને ૩૮૪ દાવાઓનો તરફેણમાં નિકાલ થયેલ છેઆમ ., વર્ષના અંતે ૧૧૨૭૩ દાવાઓ બાકી રહેલ છે.

(બ (મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ કોર્ટ નં.તથા કોર્ટ નં ૬ . ૮ માં પી.એફ.એહેઠળની ફરીયાદ અને . .બીપી.એમ એકટ .સી.હેઠળની ફરીયાદો કે દાવાઓ દાખલ થાય છેમેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટની . નવા કેસો દાખલ ૦૦દરમ્યાન વર્ષ .પેન્ડીંગ હતા ૧૪૨૬કોર્ટમાં વર્ષની શરૂઆતમાં કોર્ટોમાં કેસો વર્ષ દરમ્યા .થયેલ છેન ૧૩૭૩ કેસોનો નિકાલ થયેલ છે જે પૈકી મ્યુનિ ૧૮૧ની વિરૂધ્ધ .કોર્પો . આમ .કેસોનો નિકાલ થયેલ છે ૯૭૦ની તરફેણમાં .કોર્પો.કેસો અને મ્યુનિ, વર્ષના અંતે કુલ ૫૩ કેસો બાકી રહેલા છે.

)ક) હાઇકોર્ટમાં ચાલતા કેસોમાં જુદા જુદા એડવોકેટોની પેનલો રોકવામાં આવે છે જે તે .કેસોની અગત્યતા અને કેસની વિગત ને લક્ષમાં લઈને પેનલ ઉપરના એડવોકેટોને બ્રીફ (વિષયો) આપવામાં આવે છે ૩૯૮કેસો પેન્ડીંગ હતા વર્ષ દરમ્યાન ૪૨૬૫હાઇકોર્ટમાં વર્ષની શરૂઆતમાં . .જે પૈકી મ્યુનિ .લ થયેલ છેકેસોનો નિકા ૨૪૫વર્ષ દરમ્યાન .નવા કેસો દાખલ થયેલ છે .કોર્પોના વિરૂધ્યમાં ૨૧ અને તરફેણમાં ૨૨૪ કેસોનો નિકાલ થયેલ છેઆમ ., વર્ષના અંત કુલે ૪૪૧૮ કેસો બાકી રહેલ છે.

(ડ) સ્મોલ કોઝ કોર્ટમાં વર્ષની શરૂઆતમાં પ્રોપર્ટી ટેક્ષ સિવાયના કુલ ૨૮૮ કેસો પેન્ડીંગ હતાવર્ષ . ૨૯દરમ્યાન નવા કેસો દાખલ થયેલા છેકેસોનો નિકાલ થય ૧૪વર્ષ દરમ્યાન .ેલ છેતે પૈકી . .કોર્પો .મ્યુનિ, વિરૂધમાં ૦૮ કેસો, તરફેણમાં ૦૬ કેસનો નિકાલ થયેલ છેઆમ ., વર્ષના અંતે કુલ ૩૦૩ કેસો બાકી રહેલ છે .

(ઇ) પ્રોપર્ટી ટેક્ષ અંગેની મ્યુનિ .બાકી હતી ૪૨૫વેલ્યુએશન અપીલો વર્ષની શરૂઆતમાં .વર્ષ દરમ્યાન ૪૪ નવી એમ વર્ષ .એ દાખલ થયેલ છે.વી.દરમ્યાન ૪૫ કેસોનો નિકાલ થયેલ છેજે . ૧૪ની વિરૂધ્ધમાં .કોર્પો.પૈકી મ્યુનિકેસો, તરફેણમાં ૩૧ કેસો આવેલ છેઆમ ., વર્ષના અંતે કુલ ૪૨૪ કેસો બાકી રહેલ છે.

(એફ) સુપ્રિમ કોર્ટમાં વર્ષની શરૂઆતમાં ૪૯ કેસો પેન્ડીંગ હતાનવા કેસો દાખલ ૦૭મ્યાન વર્ષ દર . વર્ષ દરમ .થયેલા છે્યાન ૦૨ કેસોનો નિકાલ થયેલ છેવિરૂધ્ધમાં .કોર્પો .જે પૈકી મ્યુનિ . ૦૦ કેસો, તરફેણમાં ૦૨ કેસોનો નિકાલ થયેલ છે .આમ, વર્ષના અંતે કુલ ૫૪ કેસ બાકી રહેલ છે.

ઉપરોક્ત કોર્ટોમાં મ્યુનિફી ચુકવવામાં આવે ના પેનલ પરના એડવોકેટોને નિયત કરેલ.કોપો . કેસની અગત્યના ધ્યાનમ .છેાં લઇ સ્પેથી પણ .ફી. સીની. કાઉન્સીલરો રોકવામાં આવે છેવર્ષ . .દરમ્યાન એડવોકેટોને રૂા ૨,૧૦,૪૨,૦૩૨ .પ્રોફેશનલ ફી ચુકવવામાં આવેલ છે -/

કોર્ટોની કામગીરી ઉપરાંત લીગલ ખાતા દ્વારા તમામ ખાતાઓને કાયદાકીય સલાહ સુચનો માર્ગદર્શન, કાનુની અભિપ્રાયો આપવાની કામગીરી સીનીલ .ીગલ આસીસ્ટન્ટ દ્વારા કરવામાં આવે છે . .ઉપરાંત જરૂર પડે પેનલ ઉપરના એડવોકેટસ પાસે પણ અભિપ્રાય લેવામાં આવે છે

લીગલ ખાતાની કામગીરી સીનીયર લીગલ આસી.શ્રી ની સીધી દેખરેખ હેઠળ ઓ.સુપ્રિશ્રી., જુની .લીગલ આસીશ્રી., હેડ કલાર્ક શ્રી, સીની. કલાર્ક, જુની કલાર્ક તથા .પટાવાળાઓ સહિત શીડયુલ મુજબ કુલ .કર્મચારીઓ દ્વારા કરવામાં આવે છે ૩૩અહેવાલવાળા વર્ષ દરમ્યાન રૂા૭૯.,૯૦,૪૦૨ -/ જેટલું એસ્ટાબ્લીશમેન્ટ ખર્ચ થયેલ છે .

Supreme Court Advocate's Fee Statement from 01/04/17 to 31/03/2018

No.	Advocate Name	Total (Rs)
1.	Shree Hemantika Wahi	6,60,000/-
2.	Shree Parag P.Tripathi	12,05,000/-
3.	Shree L. Nageshwer Rao	Nil
4.	Shree Tushar Mehta	11,00,000/-
5.	Shree Harin P Raval	1,65,000/-
	Total	31,30,000/-

Highcourt Advocate's
Fees Statement from 01/04/2017 to 31/03/2018

No.	Advocate Name	Total (Rs)
1.	D D Vyas	7,79,300/-
2.	Satyam Chhaya	4,31,868/-
3.	Hemant Munsha	4,77,000/-
4.	Trivedi & Gupta	55,000/-
5.	Kalpnaben Raval	1,06,000/-
6.	Maulin R Raval	3,03,337/-
7.	Anuj K Trivedi	43,000/-
8.	Naidu Asso	39,000/-
9.	V.D.Narvati	95,100/-
10.	Mitul K.Shelat	35,000/-
11.	Shali Kapadia	84,000/-
12.	Tanna Asso	72,000/-
13.	Sangeet K V	55,000/-
14.	Nikunt Raval	5,000/-
	Total Amount	25,80,605/-

Highcourt Senior Advocate and Advocate General

Fees Statement from 01/04/2017 to 31/03/2018

No.	Advocate Name	Total (Rs)
1.	Shree Prashant G. Desai	7,18,677/-
2.	Shree Suresh N. Shelat	72,97,500/-
3.	Adv.General Shree Kamal Trivedi	26,07,000/-
	Total	1,06,23,177/-

Highcourt Senior Advocate's Clerkage

Fees Statement from 01/04/2017 to 31/03/2018

No.	Advocate Name	Total (Rs)
1.	Jayant Bhavsar	62,000/-
	Total	62,000/-

સીટી સીવીલ તથા અન્ય નીચલી કોર્ટ

એડવોકેટોને તાસુધી ચુકવેલ ફી ની વિગત ૨૦૧૮/૦૩/૩૧થી ૨૦૧૭/૦૪/૦૧.

ક્રમ નં.	એડવોકેટનું નામ	રકમ
૧.	શ્રી જ્યોતિષ એમ. વાસુ	૧,૧૯,૨૫૦/-
૨.	શ્રી મનોજ આર. ખંધાર	૧૧,૨૯,૫૦૦/-
૩.	શ્રી ચંદ્રેશ આર. દેસાઇ	૨,૦૯,૪૫૦/-
૪.	શ્રી ડી.સી. ગાંધી એસોસીયેશન	૪,૧૮,૦૦૦/-
૫.	શ્રી નિરજ જે વાસુ	૬,૦૦૦/-
૬.	શ્રી યજ્ઞેશ કે. છાયા	૧,૨૪,૭૫૦/-
૭.	શ્રી રમણલાલ પી. પટેલ	૫,૨૫,૦૦૦/-
૮.	શ્રી નિરંજના વિ. કપાસી	૨,૨૦,૫૦૦/-
૯.	શ્રી બાલાશંકર એસ. રાવલ	૧,૦૦,૨૫૦/-
૧૦.	શ્રી સુરેશ એસ. બેલસરે	૧૦,૮૦૦/-
૧૧.	શ્રી હરેશ એસ. શાહ	૨,૮૨,૭૫૦/-
૧૨.	સુભાષ આઇ. પટેલ	૫,૦૦,૦૦૦/-
૧૩.	એચ. બી. અંતાણી	૫,૦૦,૦૦૦/-
૧૪.	જગદીશ સી. શાહ	૫,૦૦,૦૦૦/-
	Total	૪૬,૪૬,૨૫૦/-

જાન્યુ-થી ડીસેમ્બર ૨૦૧૮-૨૦૧૮ નો અહેવાલ

અ.નં.	કોર્ટટ્રીબ્યુનલ/	વર્ષની શરૂમાં બાકી કેસોની સંખ્યા	વર્ષ દરમ્યાન નવા દાખલ કરેલ કેસોની સંખ્યા	કુલ કેસો	વર્ષ દરમ્યાન નિકાલ થયેલ કેસો પૈકી			વર્ષ દરમ્યાન નિકાલ થયેલ કેસો	વર્ષના અંતે બાકી કેસો
					વિરુધ્ધ	તરફેણ	ડીસમીસ		
૧	સુપ્રીમ કોર્ટ	૫૩	૫	૫૮	૦	૪	૦	૪	૫૪
૨	ગુજરાત હાઇકોર્ટ	૪૩૭૫	૩૩૧	૪૭૦૬	૧૮	૨૫૪	૦	૨૭૨	૪૪૩૪
૩	મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ કોર્ટ	૩૫૬	૦	૩૫૬	૨૫	૨૭૬	૨	૩૦૩	૫૩
૪	સીટી સીવિલ કોર્ટ	૧૧૨૧૮	૮૩૪	૧૨૦૫૨	૭	૮૦૭	૦	૮૧૪	૧૧૨૩૮
૫	સ્મોલ કોર્ટ	૨૯૦	૩૫	૩૨૫	૦	૩	૦	૩	૩૨૨
૬	મ્યુનિઅપીલો.વેલ્યુ.	૪૩૫	૩૭	૪૭૨	૧૬	૩૯	૦	૫૫	૪૧૭
૭	એમસી.એ.ટી.	૧૫૮	૧૧	૧૬૯	૧૦	૮	૦	૧૮	૧૫૧
૮	ઇન્ડસ્ટ્રીયલ ટ્રીબ્યુનલ	૨૧૫	૧૮	૨૩૩	૧	૧૦	૦	૧૧	૨૨૨
૯	લેબર કોર્ટ	૩૭૪	૩૩	૪૦૭	૬	૩૬	૦	૪૨	૩૬૫
૧૦	કન્સીલીએશન્સ	૨૫	૦	૨૫	૦	૦	૦	૦	૨૫
૧૧	ગુમાસ્તાધારા ભંગ હેઠળ	૮૨	૦	૮૨	૦	૦	૦	૦	૮૨
	કુલ	૧૭૫૮૧	૧૩૦૪	૧૮૮૮૫	૮૩	૧૪૩૭	૨	૧૫૨૨	૧૭૩૬૩

૨.૯ - કમલા નહેરુ ઝૂલોજીકલ ગાર્ડન, નોક્ટરનલ ઝૂ, બટરફ્લાયપાર્ક અને બાલવાટિકા, કાંકરિયા, અમદાવાદ.

ઝૂ ખાતુ

વાર્ષિક વહીવટી અહેવાલ

સને : ૨૦૧૭ - ૨૦૧૮

અમદાવાદ શહેરમાં આવેલ કાંકરીયા તળાવની ફરતે, ઉંચી નીચી ટેકરીઓનો વિકાસ કરી સને ૧૯૫૧માં કમલા નહેરુ ઝૂલોજીકલ ગાર્ડનની સ્થાપના કરવામાં આવી હતી ત્યારથી ઝૂ માં જુદા જુદા પ્રાણીઓ, પક્ષીઓ અને સરીસૃપો રાખવામાં આવે છે. ઝૂનો મુખ્ય ઉદ્દેશ નાશપ્રાય વન્ય જીવોનું સંરક્ષણ, શિક્ષણ અને સંશોધન હોઈ તે મુજબ ઝૂ ની કામગીરી થાય છે. ઝૂ ની સમીક્ષા સેન્ટ્રલ ઝૂ ઓથોરીટી, નવી દિલ્હી તરફથી તેઓ દ્વારા નક્કી થયેલ મુદત મુજબ થાય છે તથા તેમના તરફથી જે સુચનો કરવામાં આવે તેનો અમલ કરવામાં આવે છે. નવા પ્રોજેકટ માટે સેન્ટ્રલ ઝૂ ઓથોરીટી કેટલીક વખત નાણાંકીય સહાય પણ કરે છે.

પ્રાણી સંગ્રહાલયઃ-

વિશ્વનાં વિવિધ દેશોના વિવિધ પશુ, પક્ષીઓ, સરીસૃપો આ પ્રાણી સંગ્રહાલયમાં રાખવામાં આવે છે. જેની હાલમાં કુલ અંદાજીત સંખ્યા ૨૩૮૬ અને જાતિઓ ૧૦૪ છે. આ જાનવરોની વૈજ્ઞાનિક ઢબે સારસંભાળ રાખવામાં આવે છે. તથા તેઓને કુદરતી વાતાવરણ પુરુ પાડવામાં આવે છે. ઉપરાંત પાંજરામાં માળા તથા અન્ય સુવિધા પુરી પાડવાથી પશુ-પક્ષી-સરીસૃપોનું પ્રજનન સરળતાથી થાય છે. તેથી જાનવરોની સંખ્યામાં ઉત્તરોઉત્તર વધારો થતો જાય છે. ઝૂ માં કિંમતી પશુ-પક્ષીઓ જેવા કે નીકોબાર પીજીયન, સામાન્ય મોર, સ્પૂનબીલ, રોજી પેલીકન, વ્હાઈટ ઈબીસ, પહાડી હોલા,પહાડી પોપટ, તૂઈ, સૂડો પોપટ, નક્તા બતક, નાઈટ હેરોન, જાવા સ્પેરો, બજરીગર, લવબર્ડ, કોકેટીલ, શિયાળ, વાનર, રેસસ મંકી, હોગ ડીયર, વાગોળ, સ્પોટેડ ડીયર, શાહુડી, ભારતીય અજગર, પાણીના સાપ,જમીનના તથા પાણીના કાચબાના બચ્ચાં થવાથી તેમની સંખ્યા ઉત્તરોત્તર વધી છે.

કાંકરીયામાં આ વર્ષનુ નવુ આકર્ષણ નોક્ટરનલ ઝૂ :

નોક્ટરનલ પ્રાણી દિવસ દરમિયાન સુઈ જતા હોય છે અને રાત્રિમાં જાગે છે. આ કારણસર દિવસ દરમિયાન જ્યારે કાંકરિયા પ્રાણીસંગ્રહાલય મુલાકાતીઓ માટે ખુલ્લુ હોય ત્યારે મુલાકાતીઓ આ પ્રાણીઓને જોઈ શકતા નહોતા. તેથી કાંકરિયા પ્રાણીસંગ્રહાલય દ્વારા નોક્ટરનલ ઝૂ નવુ બનાવવામાં આવેલ હોઈ તા. ૨૫ મી ડિસેમ્બર ૨૦૧૭ના રોજ માનનીય મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના વરદ હસ્તે મુલાકાતીઓ માટે ખુલ્લુ મુકવામાં આવેલ છે.

નોક્ટરનલ ઝૂનો મુખ્ય હેતુ મુલાકાતીઓ તથા ખાસ કરીને સ્કુલ, કોલેજના સ્ટુડન્ટ આ પ્રાણીઓની ખાસિયતો દિવસ દરમિયાન જોઈ શકતા નહોતા કે તેનો અભ્યાસ કરી શકતા નહોતા તે કરી શકશે. નોક્ટરનલ ઝૂ ની ડિઝાઈન સેન્ટ્રલ ઝૂ ઓથોરીટી, નવી દિલ્હી દ્વારા એપ્રુવ કરવામાં આવેલ છે.

આ નોક્ટરનલ ઝૂ ભારતના કોઈ જ ઝૂ માં નથી તેવુ અલગ પ્રકારનુ ૯૦૦૦ ચો.મીટર વિસ્તારમાં થ્રી લેયરમાં બનાવવામાં આવ્યુ છે. જેમાં જમીનની અંદર દર બનાવીને રહેતા પ્રાણીઓ શાહુડી, કાંટા શેળીયો, જમીન ઉપર રહેતા પ્રાણીઓ જેવા કે શિયાળ, ઝરખ, દિપડા તથા વૃક્ષો ઉપર રહેતા પ્રાણીઓ વાગોળ, ચામાચિડિયા, ચીબરી, નાઈટ હેરોન વિગેરે કાચના કેબીન વાળા પાંજરા તેમજ ખુલ્લી જગ્યામાં જોઈ શકાય છે તથા મુલાકાતીઓ પણ આ પ્રાણીઓની ગૂફામાં પ્રવેશ કરે છે તેવો આબેહુબ વાતાવરણનો અનુભવ કરી શકે છે.

આ નોક્ટરનલ ઝૂ ની વિશેષતા એ છે કે તેમાં મુલાકાતીઓને અને પ્રાણીઓને ગુફામાં સારી કુદરતી હવા મળે અને યોગ્ય તાપમાન પણ જળવાઈ રહે તે માટે આપણા આ નોક્ટરનલ ઝૂ માં દેશમાં સર્વપ્રથમ જીઓથર્મલ સિસ્ટમની વ્યવસ્થા કરવામાં આવી છે ઉપરાંત માટીની દિવાલો (રેમ્ડ અર્થ) બનાવવામાં આવેલ છે તથા પ્રાણીઓના પાંજરાની અંદરનું પાણી રીસાઈકલીંગ થાય તેની પણ વ્યવસ્થા કરવામાં આવી છે. જેથી તે પાણી રીસાયક્લીંગ કરી તેનો ગાર્ડનીંગના કામમાં ઉપયોગ થઈ શકશે.

એનીમલ એક્ષચેન્જ :-

અહેવાલી વર્ષ દરમ્યાન રાજકોટ ઝૂ માંથી એનીમલ એક્ષચેન્જ પ્રોગ્રામ હેઠળ એક એશિયાટીક સિંહણ તથા એક સફેદ વાઘણ લાવવામાં આવેલ છે જેના બદલામાં રાજકોટ ઝૂ ને પક્ષીઓ તથા સરીસૃપો આપવામાં આવેલ છે જેની વિગત નીચે મુજબ છે.

ક્રમ	અમદાવાદ ઝૂએ રાજકોટ ઝૂને આપેલ પક્ષીઓ તથા સરીસૃપો.	સંખ્યા	રાજકોટ ઝૂએ અમદાવાદ ઝૂને આપેલ થતા પ્રાણીઓ.	સંખ્યા
૧	એલેકઝાન્ડ્રીન પેરાકીટ	૩ : ૩	એશિયાટીક લાયન (શ્રેયા)	૦ : ૧
૨	નાઈટ હેરોન	૫ : ૫	બેંગાલ ટાઈગર વ્હાઈટ	૦ : ૧
૩	વ્હાઈટ ઈબીશ	૩ : ૩		
૪	રોઝ રીંગ પેરાકીટ	૩ : ૩		
૫	રોઝી પેલીકન	૨ : ૨		
૬	કોકેટીલ	૧૫ : ૧૫		
૭	કોરમોરન્ટ લીટલ	૩ : ૩		
૮	કોબ્રા ઈન્ડીયન	૧ : ૧		
૯	સ્નેક કીલબેક ચેકર્ડ	૨ : ૨		
૧૦	પાયથન ઈન્ડીયન રોક	૨ : ૨		

વેટરીનરી સર્વિસીસઃ-

ઝૂમાં રાઉન્ડ ધ કલૉક વેટરીનરી સેવા ઉપલબ્ધ છે. તે માટે ઝૂ માં વેટરનરી ડૉકટર જાનવરોનું નિરીક્ષણ કરે છે. અને જાનવર બિમાર જણાય તો તાત્કાલિક સારવાર આપે છે. જો જાનવર વધુ બિમાર હોય તો ઝૂ હોસ્પીટલમાં ઈન્ડોર પેશન્ટ તરીકે દાખલ કરી સારવાર અપાય છે. ઉપરાંત જાનવરોને ઋતુ પ્રમાણે વિવિધ રસીઓ, દવાઓ, એન્ટીસ્ટ્રેસ સારવાર ઉપરાંત ડીવર્મીંગ અને ડીસઈન્ફેકશન પણ કરે છે. જાનવરોમાં વિવિધ રોગના નિદાન માટે જરુરી સેમ્પલો લઈ ચકાસણી પણ કરવામાં આવે છે. ઠંડી-ગરમી, વરસાદથી જાનવરોના રક્ષણ માટે પણ વ્યવસ્થા ગોઠવેલી છે. કિંમતી પ્રાણીઓની હીસ્ટ્રી કાર્ડમાં નોંધ રાખવામાં આવે છે.

ઝૂ એજયુકેશનઃ-

ઝૂની મુલાકાતે આવતાં સ્કુલના બાળકોને તથા અન્ય શૈક્ષણિક સંસ્થાઓ જેવી કે વેટરીનરી કૉલેજ આણંદ, દાંતીવાડા તથા નવસારીના સ્ટુડન્ટ ઈન્ટરનશીપ માટે આવે છે ઉપરાંત ઝૂઓલોજી-બોટની સ્ટુડન્ટ, સેપ્ટ, આઈ.આઈ.એમ., એન.આઈ.ડી.,ફાઈન આર્ટસ, ફોરેન્સીક સાયન્સના સ્ટુડન્ટસ ઝૂમાં એજ્યુકેશન માટે આવે છે તથા રીસર્ચ પણ કરે છે અને ઝૂના અધિકારીશ્રીઓ તરફથી તેઓને ઝૂ મેનેજમેન્ટ, વાઈલ્ડલાઈફ અંગેનુ શિક્ષણ આપવામાં આવે છે તથા તેને લગતા રિસર્ચ વર્કમાં પણ માર્ગદર્શન આપવામાં આવે છે.

કાંકરિયા પ્રાણીસંગ્રહાલયમાં તા.૦૧.૧૦.૧૭ થી તા.૦૭.૧૦.૧૭ દરમ્યાન **વન્ય પ્રાણી સપ્તાહની** ઉજવણી તથા તા.૧૪.૦૧.૨૦૧૮ થી તા.૩૦.૦૧.૨૦૧૮ દરમ્યાન **એનીમલ વેલ્ફેર પખવાડીયાની** તા.૦૩.૦૩.૨૦૧૮ ના રોજ વિશ્વ વન્ય પ્રાણી દિવસની ઉજવણી કરવામાં આવી જેમાં સવારે ૦૯.૦૦ વાગ્યાથી ૧૨.૦૦ વાગ્યા સુધી ૧૨ વર્ષના બાળકોને વિના મૂલ્યે કાંકરિયા પ્રાણીસંગ્રહાલયમાં પ્રવેશ આપવામાં આવ્યો તથા ટચ ટેબલ દ્વારા વન્ય પ્રાણીઓની માહિતી આપવામાં આવી ઉપરાંત કિપર ટોક દ્વારા બાળકો તથા મુલાકાતીઓને ઝૂ તથા વાઈલ્ડલાઈફ અંગેની માહિતી આપવામાં આવી.

ફ્રેન્ડઝ ઓફ ઝૂ ની સ્કીમ

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન હસ્તક આવેલ કમલા નહેરૂ પ્રાણી સંગ્રહાલય કાંકરીયામાં રાખવામાં આવેલા વન્ય પશુ પંખીઓને **"ફ્રેન્ડઝ ઓફ ઝૂ"** બનાવવા માટેની યોજના સ્ટેન્ડીંગ કમિટી ઠરાવ નં.૧૭૧૬ તા.૨૭.૦૩.૨૦૦૮ ના રોજ મંજુર કરવામાં આવેલ છે. તથા સ્ટેન્ડીંગ કમિટી ઠરાવ નં.૨૬૪ તા.૧૫.૫.૨૦૦૮ મુજબ મે.મ્યુ.કમિ.સાહેબ ને મળેલ સત્તા મુજબ હાલમાં યોજના નો અમલ ચાલુ છે. સદર યોજના ને સારો પ્રતિસાદ મળી રહેલ છે.જેની વિગત નીચે મુજબ છે.

<u>વન્ય પશુ-પંખીઓને એડોપ્ટ (ફ્રેન્ડસ ઓફ ઝૂ) કરવા માટે પાળવાની શરતો :-</u>

૧. પ્રાણીસંગ્રહાલયનો દર વર્ષે પ્રસિધ્ધ થતો વાર્ષિક વહીવટી અહેવાલમાં ફ્રેન્ડસ ઓફ ઝૂનું નામ પ્રસિધ્ધ કરવામાં આવશે.અને જે તે પશુ-પંખીને એડોપ્ટ કરેલ હશે તે વ્યકતિ કે સંસ્થાને સર્ટિફિકેટ આપવામાં આવશે.

૨. ફ્રેન્ડસ ઑફ ઝૂને વર્ષ દરમ્યાન બે વખત ચાર-ચાર પ્રવેશ ટિકીટ વિનામૂલ્યે આપવામાં આવશે. જેથી તે પ્રાણીસંગ્રહાલયની મુલાકાત લઈ શકશે

૩. પ્રાણીસંગ્રહાલયમાં શૈક્ષણિક કાર્યક્રમો રાખવામાં આવે ત્યારે ફ્રેન્ડસ ઑફ ઝૂને કાર્યક્રમમાં આમંત્રણ આપવામા આવશે. .

૪. જાનવરોને વિવિધ ઋતુમાં જેવી કે ઠંડીમાં હીટર, ચોમાસામાં પોલીથીનનું સારૂ કાપડ અને ગરમીમાં એર કુલર,એ.સી., પાણીના છાંટવા માટે પ્લાસ્ટીકના પાઈપો માટેનો ખર્ચ 'ફ્રેન્ડસ ઑફ ઝુ' બનનાર વ્યકતિ/સંસ્થા આપી શકશે.

૫. જાનવરોના આધુનિક પાંજરાના બાંધકામ માટે થનાર ખર્ચ,તેમજ જાનવરોના પાંજરામાં જે ઈલેકટ્રીક/ઈલેકટ્રીક ખર્ચ થાય તે ફ્રેન્ડસ ઑ ઝૂ બનનાર વ્યકતિ/સંસ્થા આપી શકશે.

૬. ઝુની અંદર આવતા મુલાકાતીઓને ઠંડુપાણી પીવા માટે મળી શકે તે માટે વોટરકુલર,અપંગ વ્યકતિ માટે વ્હીલચેર, સાઉન્ડ સીસ્ટમ ખર્ચ ફ્રેન્ડસ ઑફ ઝુ બનનાર વ્યકતિ/સંસ્થા આપી શકશે.

૭. જાનવરો માટેની હોસ્પીટલમાં જરૂરી મેડીકલ ઈકવીપમેન્ટ,મેડીસીન્સ ખર્ચ ફ્રેન્ડસ ઑફ ઝૂ બનનાર વ્યકતિ આપી શકશે.

૮. પ્રાણીસંગ્રહાલયની મુલાકાતે આવતા મુલાકાતીઓને બેસવા માટે વિસામાનો ખર્ચ ફ્રેન્ડસ ઑફ ઝૂ બનનાર વ્યકતિ આપી શકશે.

૯. પ્રાણીસંગ્રહાલયમાં વૃક્ષારોપણ,ગ્રીન પેચની કામગીરી માટે થનાર ખર્ચ ફ્રેન્ડસ ઑફ ઝૂ આપી શકશે.

૧૦ પ્રાણીસંગ્રહાલયમાંથી એડોપ્ટ કરેલા વન્ય પશુ-પક્ષીઓ-સરીસૃપ ઝૂની અંદર પાંજરામાં જે તે અવસ્થામાં જ રેહશે.એડોપ્ટ પશુ-પંખી-સરીસૃપને વ્યકતિ કે સંસ્થાએ હાથ લગાવી, રમાડવાનું કે ખોરાક આપી શકશે નહીં. તેમજ પોતાની સાથે પણ લઈ જઈ શકશે નહીં.

૧૧. સિંહ,વાઘ,હાથી વિગેરે પશુ-પક્ષી અને સરીસૃપને એડોપ્ટ કરનાર ફ્રેન્ડઝ ઑફ ઝૂ નું નામ જે તે પાંજરા પાસે ૧૨ ઈંચ ૯ ઈંચ સાઈઝની પ્લેટ ઉપર સંસ્થા/ વ્યકિતનું નામ પ્રદર્શીત કરવામાં આવશે.

૧૨. વન્ય પશુ-પક્ષીઓ માટે વીમા પોલીસીના પ્રીમીયમની રકમ પણ ફ્રેન્ડસ ઑફ ઝૂ આપી શકશે.

૧૩. ફ્રેન્ડસ ઑફ ઝૂ જે તે પ્રાણીના ફકત મિત્ર તરીકે ગણાશે.અને ફ્રેન્ડસ ઑફ ઝૂ એડોપ્ટ કરેલા વન્ય પશુ પક્ષી-સરીસૃપના માલીક ગણાશે નહીં.

૧૪. આ અંગે કોઈ વાદ વિવાદ સર્જાય તો અમદાવાદની કોર્ટની હકુમતમાં(અમદાવાદ જયુરીડીકશન) જ રેહશે.

૧૫. ઉપરોકત દર્શાવેલી શરતો સિવાય કોઈ શરત મ્યુ.કમિશનરશ્રીને યોગ્ય જણાય તે શરત ઉમેરી શકશે અને કોઈપણ વન્ય પશુ-પંખી-સરીસૃપ ફ્રેન્ડસ ઑફ ઝૂ તરીકે આપવુ કે નહીં તેનો આખરી નિર્ણય મ્યુ.કમિશનરશ્રીનો અબાધિત રેહશે. .

ઝૂ ઓફીસ ફોન નં.૦૭૯-૨૫૪૬૩૪૧૫

નોંધ- ચેક મ્યુનિસિપલ કમિશનરશ્રી,અમદાવાદના નામે લખવો.

કમલા નહેરૂ પ્રાણીસંગ્રહાલય કાંકરિયા ,અમદાવાદ.
પશુ,પક્ષી અને સરીસૃપ પ્રાણીઓની નંગ દીઠ વાર્ષિક ખર્ચની અંદાજીત માહીતી પ્રાણીઓ

અ.નં.	નામ	વાર્ષિક ખોરાકી ખર્ચ	વાર્ષિક વ્ય-વસ્થા ખર્ચ	વાર્ષિક કુલ ખર્ચ
૧	હાથી	૨,૫૭,૦૦૦	૧૨૬૦	૨,૫૮,૨૬૦
૨	હિપ્પોપોટેમસ	૧,૫૦,૦૦૦	૧૨૬૦	૧,૫૧,૨૬૦
૩	વાઘ - નર વાઘ- માદા	૧,૨૫,૦૦૦ ૧,૦૦,૦૦૦	૧૨૬૦ ૧૨૬૦	૧,૨૬,૨૬૦ ૧,૦૧,૨૬૦
૪	સિંહ-નર સિંહ-માદા	૧,૨૫,૦૦૦ ૧,૦૦,૦૦૦	૧૨૬૦ ૧૨૬૦	૧,૨૬,૨૬૦ ૧,૦૧,૨૬૦
૫	દિપડા-નર દિપડા-માદા	૩૭,૦૦૦ ૩૧,૦૦૦	૧૨૬૦ ૧૨૬૦	૩૮,૨૬૦ ૩૨,૨૬૦
૬	રીંછ	૨૨,૦૦૦	૧૨૬૦	૨૩,૨૬૦
૭	જરખ	૧૪,૦૦૦	૧૨૬૦	૧૫,૨૬૦
૮	વરૂ	૧૪,૦૦૦	૧૨૬૦	૧૫,૨૬૦
૯	શિયાળ	૧૪,૦૦૦	૧૨૬૦	૧૫,૨૬૦
૧૦	નીલગાય	૧૪,૦૦૦	૧૨૬૦	૧૫,૨૬૦
૧૧	સાંબર	૧૪,૦૦૦	૧૨૬૦	૧૫,૨૬૦
૧૨	ચિત્તા બિલાડી	૯,૦૦૦	૧૨૬૦	૧૦,૨૬૦
૧૩	હરણ	૮,૦૦૦	૧૨૬૦	૯,૨૬૦
૧૪	વનીયર	૭,૦૦૦	૧૨૬૦	૮,૨૬૦
૧૫	જળ બિલાડી	૭,૦૦૦	૧૨૬૦	૮,૨૬૦
૧૬	વાનર	૬,૦૦૦	૧૨૬૦	૭,૨૬૦
૧૭	સિયામીસ બલાડી	૫,૦૦૦	૧૨૬૦	૬,૨૬૦
૧૮	વાગોળ	૧,૫૦૦	૧૨૬૦	૨,૭૬૦
૧૯	કાંટા શેરો	૧,૦૦૦	૧૨૬૦	૨,૨૬૦
૨૦	પોરકયુપાઈન	૧,૫૦૦	૧૨૬૦	૨,૭૬૦
૨૧	વાઈલ્ડ બોર	૭,૦૦૦	૧૨૬૦	૮,૨૬૦
	પક્ષીઓ-			
૧	ઈમુ	૧૮,૦૦૦	૧૨૬૦	૧૯,૨૬૦
૨	કસાવરી	૧૮,૦૦૦	૧૨૬૦	૧૯,૨૬૦
૩	રોઝી પેલીકન	૧૪,૦૦૦	૧૨૬૦	૧૫,૨૬૦
૪	તમામ સ્ટોર્ક (ધોકળુ) (હાડગીલ્લો, ચિત્રદેહી, કાળી ડોક, સફેદ ડોક.)	૧૪,૦૦૦	૧૨૬૦	૧૫,૨૬૦
૫	ગીધ	૯,૦૦૦	૧૨૬૦	૧૦,૨૬૦
૬	હંસ.	૯,૦૦૦	૧૨૬૦	૧૦,૨૬૦
૭	મિલેટરી મેકાઉ	૫,૦૦૦	૧૨૬૦	૬,૨૬૦

૮	ક્રાઉન પીજીયન	૪,૦૦૦	૧૨૬૦	૫,૨૬૦
૯	છીછરા પાણીના પક્ષીઓ (ઈગ્રેટસ, કાંકરોલી, ચમચા, નિશાચર, કોરમોરેન્ટ, ટીંટોડી)	૪,૦૦૦	૧૨૬૦	૫,૨૬૦
૧૦	નકતા બતક	૪,૦૦૦	૧૨૬૦	૫,૨૬૦
૧૧	વ્હીસલીંગ ટીલ	૪,૦૦૦	૧૨૬૦	૫,૨૬૦
૧૨	કાકાકૌઆ	૪,૦૦૦	૧૨૬૦	૫,૨૬૦
૧૩	પેરાકીટ (પહાડી,સૂડો,કોનુર,મદન-ગોર, તુઈ, નાના મેકાઉ.)	૪,૦૦૦	૧૨૬૦	૫,૨૬૦
૧૪	મોર	૩,૦૦૦	૧૨૬૦	૪,૨૬૦
૧૫	ઘુવડ	૩,૦૦૦	૧૨૬૦	૪,૨૬૦
૧૬	લોરીકીટ	૩,૦૦૦	૧૨૬૦	૪,૨૬૦
૧૭	ફેઝન્ટ (સિલ્વર,ગોલ્ડન,ગ્રીન,લેડી એમ.)	૨,૫૦૦	૧૨૬૦	૩,૭૬૦
૧૮	આફ્રિકનક્રાઉનક્રેન	૨,૦૦૦	૧૨૬૦	૩,૨૬૦
૧૯	નીકોબારપીજીયન	૧,૭૦૦	૧૨૬૦	૨,૯૬૦
૨૦	લવબર્ડ	૧,૦૦૦	૧૨૬૦	૨,૨૬૦
૨૧	બજરીગર	૧,૦૦૦	૧૨૬૦	૨,૨૬૦
૨૨	કોકેટીલ	૧,૦૦૦	૧૨૬૦	૨,૨૬૦
૨૩	જાવા સ્પેરો	૧,૦૦૦	૧૨૬૦	૨,૨૬૦
૨૪	મુનીયા	૧,૦૦૦	૧૨૬૦	૨,૨૬૦
૨૫	ફીંચ	૧,૦૦૦	૧૨૬૦	૨,૨૬૦
૨૬	ડવ	૧,૦૦૦	૧૨૬૦	૨,૨૬૦
૨૭	વિવિધ કબુતર	૧,૦૦૦	૧૨૬૦	૨,૨૬૦
	સરીસૃપ			
૧	માર્શ/દરીયાઈ-મગર	૪,૦૦૦	૧૨૬૦	૫,૨૬૦
૨	વોટર મોનીટર	૪,૦૦૦	૧૨૬૦	૫,૨૬૦
૩	ઘડિયાળ મગર	૩,૦૦૦	૧૨૬૦	૪,૨૬૦
૪	અજગર	૨,૦૦૦	૧૨૬૦	૩,૨૬૦
૫	કોમન મોનીટર	૨,૦૦૦	૧૨૬૦	૩,૨૬૦
૬	એસીલેટ કોબ્રા	૧,૫૦૦	૧૨૬૦	૨,૭૬૦
૭	ધામણ	૧,૦૦૦	૧૨૬૦	૨,૨૬૦
૮	સેન્ડ બોઆ	૧,૦૦૦	૧૨૬૦	૨,૨૬૦
૯	પાણીના સાપ	૧,૦૦૦	૧૨૬૦	૨,૨૬૦
૧૦	ટોરટોઈઝ	૧,૦૦૦	૧૨૬૦	૨,૨૬૦
૧૧	ટરટલ	૧,૦૦૦	૧૨૬૦	૨,૨૬૦
૧૨	એનાકોન્ડા		૫૦,૦૦૦	૫૦,૦૦૦

અમદાવાદ મહાનગર સેવા સદન

ઝૂ ડિપાર્ટમેન્ટ

ફ્રેન્ડસ ઑફ ઝૂ યોજના હેઠળ પાર્ટી દ્વારા દત્તક લીધેલ પ્રાણીઓ બાબતે પાર્ટીઓનું રજીસ્ટ્રેશન ફોર્મ

ક્રમ	વિગત	માહિતી
૧	પાર્ટીનું નામ .	
૨	પાર્ટીનું સરનામું.	
૩	પાર્ટીનો ફોન નંબર.	ઓફિસ નં. રહેઠાણ નં. મો.નં. ઈ-મેલ
૪	દત્તક લીધેલ પ્રાણી/પક્ષી/સરીસૃપનું નામ.	
૫	દત્તક લીધેલ પ્રાણી/પક્ષી/સરીસૃપની સંખ્યા.	
૬	પ્રાણી/પક્ષી/સરીસૃપ દત્તક લીધા તારીખ.	
૭	દત્તક લીધેલ પ્રાણી/પક્ષી/સરીસૃપનો વેલીડીટી પીરીયડ.	
૮	ભરેલ નાણાં રૂપિયા.	
૯	ભરેલ નાણાંની વિગત.રોકડા/ચેક.	
૧૦	ઈસ્યુ એન્ટ્રી પાસ વિગત.	

ખાસ નોંધ :-

ફ્રેન્ડસ ઑફ ઝૂ યોજના ઝૂના પ્રાણીઓની સારસંભાળ સારીરીતે થાય તે માટે અમલમાં મુકેલ છે. જે માટે આપ તરફથી સજેશન આવકાર્ય છે. તે માટે આપશ્રી અમારો ઑફિસમાં રૂબરૂ અથવા ફોનથી સંપર્ક કરી શકો છો. પરંતુ તેનાથી અમારા દૈનિક કામમાં કે અમારી ઝૂની દૈનિક કામગીરીમાં અગવડતા ન સર્જાય તે મુજબ આપ તરફથી સહકાર મળે તે ખાસ જરૂરી છે.

આ સાથે સામેલ શરતો અમોએ વાંચી/સમજી છે. તથા તે અમોને કબુલ મંજુર છે.

તા. **દત્તક લેનાર પાર્ટીની**

સહી

ઝૂ ડાયરેક્ટર

ફ્રેન્ડઝ ઓફ ઝૂ યોજના

કુલ પાર્ટી : ૨૦

કુલ દત્તક લીધેલ પ્રાણીની સંખ્યા : ૩૬

પ્રાણીઓ માટે એરકુલર નંગ - ૧૦

કુલઆવક રૂા.૩,૯૯,૧૦૦/-

દત્તક લીધેલ પ્રાણીઓની વિગતઃ

પ્રાણીનું નામ	પક્ષીનું નામ	સરીસૃપનું નામ
રીંછ - ૧	મોર - ૪	જમીનનો કાચબો-૨
કંચનમૃગ - ૨	ઘુવડ-૨	ભારતીય નાગ-૨
જળબિલાડી-૨	સફેદ હોલો-૧	પાણીનો સાપ-૧
હાથી - ૧	સિલ્વર ફેઝન્ટ-૧	ટરટલ-૨
પોરક્યુપાઈન-૨	આફ્રિકન ક્રાઉન્ડ ક્રેન-૧	સેન્ડબોઆ-૧
વાગોળ-૧	ક્રાઉન્ડ પીજીયન-૧	ભારતીય અજગર-૧
વાનર-૧	બજરીગર-૩	
	કોકેટીલ-૧	
	કબૂતર-૧	
	લવબર્ડ-૧	
	સફેદમોર-૧	
કુલ પ્રાણી - ૧૦	કુલ પક્ષી - ૧૭	કુલ સરીસૃપ - ૯

ફ્રેન્ડઝ ઓફ ઝૂ ની સ્કીમ

દત્તક લેનાર પાર્ટી નું લીસ્ટ.

૨૦૧૭-૨૦૧૮

અનું. નં	પાર્ટીનું નામ	પાર્ટી નું સરનામું.	ફોન નંબર	દત્તકલીધેલ પ્રાણી/પક્ષી/ સરીસૃપનો પ્રકાર /સંખ્યા.	ભરેલ નાણા રૂા.	દત્તક લીધા તારીખ
૧	શ્રી આદિત્ય આલોક જૈન	૪૦૨,બાલેસ્વર એપાર્ટમેન્ટ, શાંતીનગર દિગ્મ્બર જૈન મંદિર સામે, શાંતીનગર, ઉસ્માનપુરા, અમદાવાદ.	૨૭૫૫ ૧૬૦૬, ૨૬૪૨ ૪૧૫૭ ૯૮૯૮૫૦ ૦૮૩૪	મોર-૧	૪૨૬૦/-	૦૧.૦૪.૧૭
૨	એકલવ્ય સ્કુલ,	સનાથલ ગામ,	૨૬૪૬૧૬૨	રીંછ-૧	----	૨૫.૦૨.૧૭

	અમદાવાદ	સરખેજ પોસ્ટ, અમદાવાદ-૩૮૨૨૧૦	૯,૯૮૯૮૦ ૭૭૨૩૧		(૧૧૬૩૦૦/-)	થી ૫ વર્ષ (૨૪.૦૨.૨૨)
૩	કેપ્સન રીસોર્સીસ કોર્પોરેશન	શેડ નં.-૫,રાજ એસ્ટેટ, વલ્લભ ડાઈનીંગ હોલ પાછળ, જે.પી.એસ્ટેટ, સરખેજ ચાર રસ્તા,સરખેજ, અમદાવાદ-૧૦	૬૫૧૩ ૯૦૫૦, મનીષ ક્રીચ્છીયન, ૯૮૭૯૮ ૮૪૯૧૮	એરફુલર-૧૦ નંગ	----	૦૧.૦૪.૧૭ (સીઝનલ)
૪	વંશીકા આશીષ જૈન	૧૦૧, સદભાવ ૨૫૨, નારણપુરા રેલ્વે ક્રોસીંગ પાસે, નારણપુરા, અમદાવાદ	૨૭૬૮૦૮ ૩૪, ૯૮૨૪૦૩ ૩૮૩૪	કંચનમૃગ-૧	૯૨૬૦/-	૦૫.૦૪.૧૭
૫	ગીલ્ડર ફેમીલી, હર્ષા ગીલ્ડર,	૪/સી મંગલતીર્થ ટાવર એ, ગોપી ડેરી ઉપર,શ્રેયાંશ ચાર રસ્તા પાસે, પાલડી અમદાવાદ - ૩૮૦૦૦૭	૨૬૬૧ ૦૮૧૬, ૯૩૨૭૦ ૪૮૨૩૪	મોર-૨	૮૫૨૦/-	૦૭.૦૪.૧૭
૬	પ્રથમ મનીષભાઈ રાણા	૧૯૯૨, ફાફડાની પોળ, દોલતખાનાની બાજુમાં, સારંગપુર, અમદાવાદ.	૯૮૨૪૬ ૦૦૪૨૩	જમીનનો કાચબો-૧	૨૨૬૦/-	૦૭.૦૫.૧૭
૭	મહેન્દ્રભાઈ અંબાલાલ પટેલ	૨, અરવિંદ સોસાયટી, મહાકાળી માતાના મંદિર પાસે, હાંસોલ, અમદાવાદ.	૯૮૨૫૪ ૮૬૩૮૬	ભારતીય નાગ-૧	૨૭૬૦/-	૧૨.૦૫.૧૭
૮	તારા માનકર અને અનંત માનકર	એ-૫૦૧, શાન્તનુ એપાર્ટમેન્ટ, આઝાદ સોસાયટી, આંબાવાડી, અમદાવાદ	૯૮૯૮૨ ૦૦૧૪૮	જળ બિલાડી-૧ ઘુવડ-૧ પાણીનો સાપ-૧ ટરટલ-૧	૮૨૬૦/- ૪૨૬૦/- ૨૨૬૦/- ૨૨૬૦/- ૧૭૦૪૦/-	૨૭.૦૫.૧૭
૯	નીતાબેન હિમાંશુભાઈ શાહ	૧૦,સંસ્કાર ભારતી સોસાયટી, અંકુર, નારણપુરા, અમદાવાદ.	૦૭૯-૨૭૪૩૨૧ ૫૫ ૯૪૦૯૬૨ ૧૨૬૫	સફેદ હોલો-૦૧	૨૨૬૦/-	૦૬.૦૬.૧૭
૧૦	ભાવના હિતેષ રાવલ, એચ.એમ.રાવલ એન્ડ.કું	એ-૫૦૧,પ્રતિષ્ઠા એપા.,બોડકદેવ ફાયર સ્ટેશન પાસે,જી.બી.રોડ, બોડકદેવ,	૨૬૭૬ ૨૦૪૦, ૯૯૨૫૨ ૩૩૫૦૦,	સિલ્વરફેઝન્ટ-૧	૩૭૬૦/-	૧૬.૦૬.૧૭

	(એડવોકેટ્સ) ૨૬૭૬૨૦૪૦	અમદાવાદ.	૨૬૮૫ ૪૨૭૬.			
૧૧	નંદિની એચ.રાવલ, એચ.એમ.રાવલ એન્ડ.કું (એડવોકેટ્સ) (મીરા)	એ-૫૦૧,પ્રતિષ્ઠા એપા.,બોડકદેવ ફાયર સ્ટેશન પાસે,જી.બી.રોડ, બોડકદેવ, અમદાવાદ.	૨૬૮૫ ૪૨૭૬, ૯૮૨૫૦ ૪૭૪૨૬, ૨૬૭૬ ૨૦૪૦.	આફ્રિકનકાઉન્ડકેન -૧	૩૨૬૦/-	૧૬.૦૬.૧૭
૧૨	ઉત્કર્ષ એચ. રાવલ, એચ.એમ.રાવલ એન્ડ.કું (એડવોકેટ્સ)	એ-૫૦૧,પ્રતિષ્ઠા એપા.,બોડકદેવ ફાયર સ્ટેશન પાસે,જી.બી.રોડ, બોડકદેવ, અમદાવાદ.	૨૬૮૫ ૪૨૭૬, ૯૮૨૫૦ ૪૭૪૨૬ ,૨૬૭૬ ૨૦૪૦.	કાઉન્ડ પીજીયન-૧	૫૨૬૦/-	૧૬.૦૬.૧૭
૧૩	જાની એન્ડ કંપની શ્રી પરેશભાઈ આર.જાની, સોલીસીટર્સ એન્ડ એડવોકેટ્સ	હાઉસ એમ, મોન્ડેલ રીટેઈલ પાર્ક, ઈસકોન ટેમ્પલ અને રાજપથ ક્લબ વચ્ચે, એસ.જી.હાઈવે, બોડકદેવ, અમદાવાદ.૫૯	૨૬૮૬૦ ૦૨૬,૨૭ ૯૯૨૫૧ ૫૦૩૭૧	હાથણી રૂપા-૧	૨૫૮૨૬૦/-	૨૩.૦૮.૧૭
૧૪	જિતેન્દ્રભાઈ શાંતીલાલ કનાડીયા	૧૨૩, પાર્શવ બંગલો, રમણસ્મૃતી સામે, ધરણીધર, અમદાવાદ.	૯૮૯૮૫૦ ૪૮૭૧, ૯૯૯૮૨૦ ૮૫૯૫	બજરીગર-૧	૨૨૬૦/-	૦૩.૧૦.૧૭
૧૫	માહી બડોદરિયા	૩૦૪, વ્રજ એન્કલેવ, સફલ પરીવેશ પાસે, પ્રહલાદનગર ગાર્ડન પાસે, પ્રહલાદનગર, અમદાવાદ	૮૯૮૦૦ ૧૪૧૩૫, ૮૯૮૦૦ ૨૭૬૩૫	બજરીગર-૧	૨૨૬૦/-	૨૬.૧૧.૧૭
૧૬	મનીષાબેન પટેલ	અમદાવાદ	-	પ્રાણીઓ માટે	૧૦૦૦૦/-	૧૭.૦૧.૧૮
૧૭	શ્રીપર્ના ચક્રબર્તી	સી-૩૦૪/જે-૧૮ એપાર્ટમેન્ટ, પ્રમુખસ્વામી રોડ, ટી.પી.૪૪ ચાંદખેડા.	૯૯૧૩૩૯ ૧૪૩૫, ૯૮૨૫૭૦ ૮૯૫૭	પોરક્યુપાઈન-૧	૨૭૬૦/-	૦૧.૦૩.૧૮
૧૮	નીલીમા બોઝ			ઘુવડ-૧	૪૨૬૦/-	
૧૯	તુષાર બોઝ			નાગ-૧	૨૭૬૦/- ૯૭૮૦/-	
	નિહીરા રામોલિયા અને વર્ષાબેન રામોલિયા			વાગોળ -૧ પોરક્યુપાઈન - ૧ મોર - ૧ કોકેટીલ - ૧ કબૂતર - ૧ સેન્ડબોઆ - ૧	૨૭૬૦/- ૨૭૬૦/- ૪૨૬૦/- ૨૨૬૦/- ૨૨૬૦/- ૨૨૬૦/-	

				ટોરટોઈઝ - ૧	૨૨૬૦/- ૧૮૮૨૦/-	
૨૦	પુર્વિન રામોલિયા	એ-૮, અમીજ્યોત એપાર્ટમેન્ટ, પરીમલ ગાર્ડન ચાર રસ્તા પાસે, અમદાવાદ-૧	૨૬૪૬ ૨૨૮૩, ૯૮૭૯૫ ૪૪૭૬૧	જળબિલાડી - ૧ વાનર - ૧	૮૨૬૦/- ૭૨૬૦/- ૧૫૫૨૦/-	૨૨.૦૩.૧૮
	વિનિત રામોલિયા હેતા રામોલિયા			લવબર્ડ - ૧ બજરીગર - ૧	૨૨૬૦/- ૨૨૬૦/- ૪૫૨૦/-	
	વિરલકુમાર રામોલિયા સોનમ રામોલિયા હેતા રામોલિયા સોનમ રામોલિયા			કંચનમૃગ - ૧ સફેદ મોર - ૧ ભારતીયઅજગર - ૧ પાણીનો કાચબો - ૧	૯૨૬૦/- ૪૨૬૦/- ૩૨૬૦/- ૨૨૬૦/- ૧૯૦૪૦/- **કુલ૫૭૯૦૦/-**	

એનીમલ રેસ્કયુ પ્રોગ્રામ :-

મ્યુનિસિપલ હદમાં શહેરમાં ઉત્પાત્ત મચાવતાં વન્ય પ્રાણીઓ અંગેની ફરિયાદ આવે ત્યારે આ કામગીરી વન વિભાગ મારફતે કરવામાં આવે છે અને તેઓને જરૂર પડે તો ઝૂની ટીમ દ્વારા વન્ય પ્રાણીને પકડવા માટે જરૂરી મદદ કરવામાં આવે છે.

બટરફલાય પાર્ક :-

આ બટરફલાય પાર્કમાં ૨૦૦ જાતિના વિવિધ પ્રકારના ૧૬૦૦૦ ફુલછોડ ઉગાડવામાં આવેલા છે અને તેમાં રંગબેરંગી સુગંધીત ફુલો આવેલા છે આ બટરફલાય પાર્કમાં લેન્ડ સ્કેપીંગ કરીને લોન પ્લોટ બનાવેલ છે તેમાં વિવિધ પ્રકારના બે ફુવારાઓ મુકવામાં આવેલા છે. જેથી ૧૪ થી ૧૫ પ્રકારના ૬૦૦-૯૦૦ પતંગીયા આર્કષીત થઈને બટરફલાય પાર્કમાં આવે છે. વન ટ્રી હિલ ગાર્ડનમાં આવેલા બટરફ્લાયપાર્કમાં મુલાકાતીઓ માટે સ્કાયડરમેન રાઈડ્સ પણ આવેલ છે.

રસાલા ગાર્ડનઃ-

એલીસબ્રીજ વિસ્તારમાં ૧૯૯૨માં આ ગાર્ડનની શરુઆત થઈ હતી. જેમાં જાત જાતના પશુ-પક્ષીઓને રાખી મીની ઝૂ વિકસાવવામાં આવેલ. જેમાં હરણ, કાચબા, સસલાં, વાંદરા,બજરીગર, કબૂતરો વિગેરેનો સમાવેશ થાય છે. આ પાર્ક બાળકોમાં ખુબ જ લોકપ્રિય છે. જિરાફનું સ્ટ્રકચર લપસણી સાથે છે. ઉપરાંત ઝૂલા-હીંચકાઓની બાળકો મજા માણે છે.

રસાલા નેચર પાર્કમાં ગુજરાતના વન્યજીવ અભ્યારણની પ્રતિકૃતીનાં મૉડેલો બનાવીને ઈન્ટરપ્રીટેશન સેન્ટર પણ આવેલુ છે.

બગીચાઓ :-

નગીનાવાડી :-

નગીનાવાડીમાં અલ્ટ્રાફાસ્ટ મ્યુઝિકલ ફાઉન્ડેશન વીથ લેસર શો બનાવવામાં આવેલ છે. જેનું તા:૧૨-૧૧-૦૪ના રોજ ઉદ્ઘાટન કરી મુલાકાતીઓ માટે ખુલ્લો મુકવામાં આવેલ છે. જેનો મુલાકાતીઓ લાભ લે છે. કાંકરીયા તળાવમાં બોટીંગ પણ ચાલુ છે.

વનટ્રી હિલ ગાર્ડન :-

વનટ્રી હીલ ગાર્ડન ઝૂ ખાતા દ્વારા વિકસાવી તેમાં કિંમતી ફુલછોડ લોન પ્લોટ વિગેરે ઉછેરી સુંદર બગીચો બનાવવામાં આવ્યો છે.

ચાચા નહેરુ બાલવાટિકા :-

બાળકોના બૌધ્ધિક વિકાસ અને જ્ઞાન સાથે ગમ્મત મળે તે માટે ચાચા નહેરુ બાલવાટિકા બનાવવામાં આવેલ છે . જેને શહેરમાં મનોરંજનનું ટોચનું સ્થાન પ્રાપ્ત થયેલ છે. અહીં ૩૦૦ વર્ષ જુનો કલાત્મક હિંડોળો, સતત પાણી રેલાવતી પનિહારી તથા કાચ ઘર મુલાકાતીઓ માટેનું મુખ્ય આકર્ષણ છે. બાલવાટિકામાં નીચે મુજબ જુદા જુદા સેકશનો આવેલા છે.

પંચતંત્ર વાટિકા :-

બાલવાટિકામાં આવેલ પંચતંત્રવાટિકામાં વાનર તથા મગરની વાર્તાના થ્રી.ડી મોડેલ મુકવામાં આવેલ છે જેનો મુલાકાતીઓ લાભ લે છે.

નાવડી :-

અહીં દેશ વિદેશની પૌરાણિક નોટો અને ચલણી સિકકા ગોઠવવામાં આવ્યા છે.

નભોદર્શન :-

નભોદર્શનમાં આકાશી ગ્રહો, નક્ષત્રો અને તારાઓની ઓળખ તેમજ રાશીઓની માહિતી મેળવી શકાય છે. ઉપરાંત નભોદર્શન ખાતે ઓડીટોરીયમમાં કોસ્મોસ નામે ફિલ્મ શો બતાવવામાં આવે છે જેમાં બ્રભાંડ વિશેની માહિતી મળે છે.

ઢીંગલી ઘર :-

વિશ્વની વિવિધ દેશોની ઢીંગલીઓ તથા મહાપુરુષોના ફોટોગ્રાફસ મુકી આ ઢીંગલી ઘરની આજુબાજુ ગામડાનું તથા ખેતરનું વાતાવરણ ઉભું કરવામાં આવ્યું છે.

પાણીનો ધોધ :-

બાલવાટીકામાં પ્રવેશતાં કુદરતી વાતાવરણનો એહસાસ કરાવતો પાણીનો ધોધ આવેલો છે. જેના દ્વારા બાલવાટિકાની સુંદરતામાં વધારો થાય છે.

ઓપનએર થિયેટર (બાલ વાટીકા) :-

અહીં બાળકો માટે સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરી બાળકોમાં સર્જન શકિતનો વિકાસ થાય તેવા પ્રયત્ન કરવામાં આવે છે.

પ્રાકૃતિક સંગ્રહસ્થાન :-

આ મ્યુઝિયમની સ્થાપના ઈ.સ.૧૯૭૫માં કરવામાં આવેલ છે. જે પ્રાણી સંગ્રહાલય અને બાલવાટિકાનો જ ભાગ છે. આ મ્યુઝિયમમાં ગુજરાતના દુર્લભ પક્ષીઓ તથા પ્રાણીઓને કુશળતાપૂર્વક તૈયાર થયેલા ૧૫ આકર્ષક ડાયોરમામાં રજુ કરવામાં આવેલ છે. મુલાકાતીઓના માનસપટ ઉપર તે પક્ષીઓનું તથા પ્રાણીઓનું આબેહુબ સ્વરુપ ખડું થાય તે માટે તેઓને જુદી જુદી સ્થિતીમાં કુદરતી વાતાવરણમાં અંગભંગ સ્થિતીમાં પ્રદર્શીત કરેલ છે. અહીં માર્ગદર્શન સેવા આપવામાં આવે છે અને ફોટોગ્રાફી પણ કરવા દેવામાં આવે છે.

ઝૂ ડિપાર્ટમેન્ટ પાંચ વર્ષ દરમ્યાન થયેલ આવક

ક્રમ	વર્ષ	ઝૂ	નોક્ટરનલ ઝૂ	બાલવાટિકા	એમ્યુ.પાર્ક પદ%મુજબ	વોટરપાર્ક	નગીનાવાડી	ફ્રેન્ડસ ઓફ ઝૂ	પાર્કીંગ	બટરફ્લાય પાર્ક	ગ્લાયડર રાઈડસ	નભોદર્શન	અન્ય આવક	કુલ આવક
૧	૨૦૧૩-૨૦૧૪	૩૩૬૭૧૭૭૦		૨૮૫૯૫૫૩	૨૮૩૪૬૦૪	૧૮૫૬૭૩૬	૫૨૩૫૩૬૬	૪૬૨૦૬૦	૧૦૭૪૯૮૪	૧૭૧૧૨૮૬	૫૬૪૬૬	૧૩૫૫૭૦	૪૩૬૧૦	૪૯૯૪૨૦૦૫
૨	૨૦૧૪-૨૦૧૫	૩૫૮૮૦૧૦૦		૨૦૧૨૪૩૬	---	૧૮૫૬૭૩૬	૪૯૬૧૯૯૬	૪૪૧૩૬૦	૯૩૪૫૪૫	૧૬૨૪૯૪૦	૧૩૧૬૮૦	૪૫૩૮૭	૫૦૬૪૫	૪૭૯૩૯૮૨૫
૩	૨૦૧૫-૨૦૧૬	૩૬૮૬૨૮૬૦		૧૮૧૩૭૯૫	----	૧૮૫૬૭૩૬	૫૬૬૧૯૯૬	૫૦૮૧૪૦	૨૮૫૪૫૫૦	૧૬૫૩૫૧૦	૧૧૩૨૩૮	૧૧૬૫૫	૧૨૨૧૯	૫૧૩૪૮૬૯૯
૪	૨૦૧૬-૨૦૧૭	૩૨૭૩૯૦૬૩		૧૪૮૦૧૧૩	-----	૧૮૫૬૭૩૬	૭૪૫૯૫૫૦	૭૮૨૭૪૦	૩૬૬૬૯૩૫	૧૬૦૧૫૨૫	૨૬૧૫૨૬	-------	૯૮૦૦૦	૪૯૯૪૬૧૮૮
૫	૨૦૧૭-૨૦૧૮	૩૦૦૦૫૯૦૫	૯૦૯૧૭૯૦	૧૩૦૦૭૮૬	----	૨૨૬૫૭૨૧	૫૪૭૭૫૫૬૯	૩૯૯૧૦૦	૪૭૪૪૭૬૦	૧૩૬૪૪૯૦	૧૩૩૬૫૨	૧૭૭૫	૧૨૬૭૦૪	૫૪૭૭૫૫૬૯

ઝૂ કોમ્પ્લેક્ષમાં છેલ્લા પાંચ વર્ષ દરમ્યાન આવેલ મુલાકાતીઓની સંખ્યા

ક્રમ	વર્ષ	ઝૂ	નોક્ટરનલ ઝૂ	બાલવાટિકા	ને.હિ.મ્યઝીયમ	બટરફ્લાય પાર્ક	કુલ
૧	૨૦૧૩-૨૦૧૪	૧૮૬૬૦૦૯		૧૦૪૩૮૪૦	૧૦૪૩૮૪૦	૧૯૧૩૯૫	૪૧૪૫૦૮૪
૨	૨૦૧૪-૨૦૧૫	૨૦૮૦૧૪૧		૭૫૭૩૩૨	૭૫૭૩૩૨	૧૮૪૪૭૧	૩૭૭૯૨૭૬
૩	૨૦૧૫-૨૦૧૬	૨૧૩૫૧૧૬		૬૭૬૮૮૨	૬૭૬૮૮૨	૧૯૧૦૮૬	૩૬૭૯૯૬૬
૪	૨૦૧૬-૨૦૧૭	૧૯૦૪૧૩૦		૫૬૫૨૧૬	૫૬૫૨૧૬	૧૭૨૩૦૮	૩૨૦૬૮૭૦
૫	૨૦૧૭-૨૦૧૮	૧૭૯૧૨૫૯	૨૪૭૪૪૨	૬૭૭૩૫૫	૬૭૭૩૫૫	૧૫૦૧૩૭	૩૫૪૩૫૪૮

૨.૧૦ - **નાણાં ખાતુ**
વાર્ષિક વહીવટી અહેવાલ
સને ૨૦૧૭ - ૨૦૧૮

નાણાં ખાતુ :-

અમદાવાદ મ્યુ.કોર્પો.ના સમગ્ર નાણાંકીય વ્યવહારો તથા નાણાં સંબંધિત વ્યવહારોની કામગીરી નીચે જણાવેલ અલગ-અલગ વિભાગો દ્વારા કરવામાં આવે છે. નાણાં ખાતુ ચીફ એકાઉન્ટન્ટશ્રીની દેખરેખ નીચે ડે.મ્યુ.કમિ.(ફાઈનાન્સ)શ્રી ના અંકુશ નીચે કાર્ય કરે છે.

• **તિજોરી વિભાગ :-** ➢ **તિજોરી**	• **બજેટ વિભાગ:-** ➢ **બજેટ :** ➢ **લોન , ગ્રાંટ અને કોન્ટ્રીબ્યુશન**
• જનરલ વિભાગ :- ➢ **એ.એ.જી. વિભાગ :-** ➢ **જી.આઈ.એસ. વિભાગ (ગ્રુપ ઈન્સ્યુરન્સ સ્કીમ) :-** ➢ **એવોર્ડ સેલ :-** ➢ **નિવૃત્તિના લાભ વિભાગ :- (ટર્મિનલ બેનીફીટ સેલ) :** ➢ **પેન્શન વિભાગ :-** ➢ ઈન્કમટેક્ષ વિભાગ : ➢ કન્ટીજન્સી : ➢ **નોકર એડવાન્સ વિભાગ :-** ➢ **સ્ટોર વેરીફીકેશન વિભાગ :-**	• **પેમેન્ટ વિભાગ** ➢ પી. એફ ➢ એન.પી.એસ: ➢ ઇ.પી.એફ. : ➢ વેલ્ફેર લોન :- ➢ મેડીકલ રીઅમ્બર્સમેન્ટ ➢ એલ.ટી.સી અને ટી.એ.ડી.એ ➢ એવોર્ડ સેલ ➢ પ્રિઓડિટ. ➢ લોકલ ફંડ ઓડિટ ➢ મ્યુનિસિપલ ચીફ ઓડિટ ➢ બીલ ક્લાર્ક શાખા ➢ બીલ ચેકિંગ ➢ બેંક ગેરંટી અને જમીન બોન્ડ ➢ ઈન્વર્ડ આઉટવર્ડ અને ડીસ્પેચ

અહેવાલી વર્ષમાં નાણાં ખાતાના જુદા જુદા વિભાગની કામગીરી નીચે મુજબ છે.

(૧) તિજોરી વિભાગ :- તિજોરી

સમગ્ર કેશ તથા ચેક પેમેન્ટની કામગીરી ઉપરાંત ફીકસ ડીપોઝીટ અંગેની કામગીરી આ વિભાગ દ્વારા કરવામાં આવે છે. અહેવાલી વર્ષ દરમ્યાન નીચે મુજબનાં નાણાંકીય વ્યવહારો કરવામાં આવ્યા છે.

S. No.	DESCRIPTION	Total Count	Total Amount
1	BANK CONTRA VOUCHER	26950	57440915081
2	BANK PAYMENT JOURNAL VOUCHER	65442	131780675580
3	BANK PAYMENT VOUCHER	26334	192374657193.00
4	BANK RECEIPT VOUCHER	33438	113925570091.00
5	CASH CONTRA VOUCHER	12935	2232303063
6	CASH PAYMENT JOURNAL VOUCHER	3214	109344048
7	CASH PAYMENT VOUCHER	5289	70656937.00
8	CASH RECEIPT VOUCHER	68697	3040871492.00
9	JOURNAL VOUCHER	11422	52505133330.34

(૧) ઈન્વર્ડ વિભાગમાં બજેટ ચઢીને પાસ થયેલા તમામ પ્રકારના બીલો કે જેની ચૂકવણી બેંક દ્વારા કે પે-ઓર્ડરથી કરવાની હોય તેવા બીલોના પેમેન્ટ માટે એડવાઈઝ જે તે પ્રકારના પેમેન્ટ એટલે કે **ECS, NEFT, RTGS, Transfer** ઈ-મેઈલથી પેમેન્ટ એડવાઈઝ બનાવી બેન્કને જાણ કરવી તેમજ તૈયાર થઈને આવેલા પે-ઓર્ડરની ચકાસણી કરી પેમેન્ટ માટે સંબંધિત સ્ટાફને આપવા. – જુનિયર કલાર્ક / સીનિયર કલાર્ક

(૨) મ્યુનિસિપલ કર્મચારીઓના રોકડ તેમજ પે-ઓર્ડરથી લેવા આવતા કર્મચારીઓના જરૂરી પુરાવા તપાસી બીલોમાં જરૂરી નોંધ તપાસી તેઓએ કરેલી સહીઓ તપાસી ટોકન આપવા તેમજ તેની જરૂરી નોંધ કોમ્પ્યુટરમાં કરવી.- સીનિયર કલાર્ક.

(૩) આ પ્રમાણે અપાયેલ ટોકનવાળા બીલોનું રોકડ અથવા તો પે-ઓર્ડરથી પેમેન્ટ કરવા માટે આવતા બીલોની જરૂરી નોંધો કોમપ્યુટરમાં તપાસી આ નોંધો બીલ ઉપરની નોધો સાથે સરખાવી ટોકન મેળવી, રજૂ કરનાર ટોકનવાળી વ્યક્તિને રોકડ અથવા પે-ઓર્ડરથી પેમેન્ટ આપવાની કામગીરી – સીનિયર કલાર્ક.

(૪) મ્યુનિસિપલ કોર્પોરેશનમાં આવતી તમામ પ્રકારની રોકડ અને ચેકની આવકો કોમ્પ્યુટરમાં નોંધી તેના રજૂ થતા ચીલનોમાં જરૂરી સહી કરી તે ચીલનો કર્મચારીઓને પરત આપી તેમની પાસેથી રોકડ આવક સ્વીકારવી. – સીનિયર કલાર્ક.

(૪.૧) તેમજ ચેકો સ્વીકારી તેના જરૂરી સ્ટેટમેન્ટો બનાવી તે અંગેના જરૂરી ચીલનો બનાવી અને બેન્કમાં ચેકો જમા કરાવવા માટે જરૂરી પત્રકો બનાવવાની કામગીરી. – સીનિયર કલાર્ક.

(૪.૨) આવેલ રોકડ આવકની નોટોના તેના પ્રકાર મુજબ બંડલો બનાવી, ગણતરી કરી અને આ આવકના બંડલો સ્ટ્રોંગ રૂમમાં જમા કરવા – સીનિયર કલાર્ક

(૪.૩.) જમા આવેલ નાણાંના જરૂરી હિસાબો રાખવા, તેમજ આ વધારાની રોકડ રકમ તેના જરૂરી પત્રકો તૈયાર કરી બેન્કમાં જમા કરાવવા અને બેન્કોમાં થતા જરૂરી ખર્ચાના બીલો બનાવી તેની નોંધ કોમ્પ્યુટરમાં કરવી. – હેડ કેશીયર.

(૫) પગારતારીખોમાં પગારમાંથી થતી કપાતોના જરૂરી પત્રકો બનાવી કર્મચારીઓના પગારમાં કપાત થતી પ્રો. ટેક્ષ, ક્રેડીટ સોસાયટીના હિસાબો તૈયાર કરી, બીલો બનાવી જે તે સંસ્થામાં જમા કરાવવાની કામગીરી. – સીનિયર કલાર્ક.

(૬) તિજોરીમાં આવતી તમામ ફરિયાદીની ટપાલો ઈન્વર્ડ કરવી તેમજ ડે. ચીફ એકાઉન્ટન્ટ સમક્ષ રજૂ કરી તેઓના હુકમ મુજબ જે તે વિભાગને મોકલવી. આ અંગે જરૂરી પોસ્ટેજ રજીસ્ટર તેમજ ઈન્વર્ડ રજીસ્ટરમાં જરૂરી નોંધ કરવી, રજીસ્ટર એ.ડી. કરવા, પોસ્ટેજ લાવવા માટે જરૂરી બીલો બનાવી, પોસ્ટેજના હિસાબો રાખવા, કર્મચારીઓના કેજ્યુઅલ ફોર્મ રાખવાની કામગીરી કરવી. – જુનિયર કલાર્ક.

(૭) મ્યુનિસિપલ આવકને જરૂરી બેન્કોમાં ફીકસ ડિપોઝીટ કરાવવા જરૂરી મંજૂરી માંગવી તેમજ તેના બીલો બનાવવા, રીન્યુઅલ કરાવવા જરૂરી મંજૂરી માંગવી, રોકડ કરાવવા માટે જરૂરી મંજૂરી માંગવી અને બેન્કમાં જમા કરાવવા અને આ અંગેના જરૂરી હિસાબો તૈયાર કરવા. – સીનિયર કલાર્ક / ઓફિસ સુપ્રિન્ટેન્ડેન્ટ.

(૯) પેમેન્ટ થઈ ગયા બાદ તેની જરૂરી ચકાસણી થયા બાદ, ઓડીટ થયા બાદ, આ વાઉચરોને યોગ્ય અને વ્યવસ્થિત રીતે રેકર્ડ રૂમમાં રાખવાની કામગીરી – સીનિયર કલાર્ક.

(૧૦) પેમેન્ટ થયેલા વાઉચરોનો ખર્ચ યોગ્ય બજેટ હેડ અથવા તો એકાઉન્ટ કોડ નંબરની જરૂરી નોંધ વાઉચરોમાં થયેલ છે કે કેમ ? તે ચકાસવી અને યોગ્ય ન થયેલ હોય તો તેની જાણ આસિ. મેનેજરશ્રીને કરી કોમ્પ્યુટરમાં તે પ્રમાણેના ખર્ચા પાડવાની કામગીરી અને વાઉચરોને તારીખ અને ટોકન નંબર પ્રમાણે રોજબરોજ બંધાવી

વ્યવસ્થિત રાખવા તેમજ તેને ઓડીટમાં મોકલવા અને આ અંગે ઓડીટમાંથી કોઈ વાંધા આવ્યા હોય તો તેનો નિકાલ કરવાની કામગીરી – સીનિયર કલાર્ક.

(૧૧) મ્યુનિસિપલ કોર્પોરેશનમાં આવક તરીકે આવતા ચેકો કે જે રીટર્ન થાય તે ચેકોની સામે નાણાં ખાતા દ્વારા કોમ્પ્યુટર સીસ્ટમમાં ડીમાન્ડ વધ કરી કાનુની કાર્યવાહી કરવા માટે નોટિસ તૈયાર કરવાની કામગીરી. – સીનિયર કલાર્ક / જુનિ. લીગલ આસિસ્ટન્ટ.

(૧૨) તિજોરી વિભાગ દ્વારા તૈયાર કરવામાં આવેલ હિસાબોની ચકાસણી દરમ્યાન ચીફ ઓડીટરશ્રી દ્વારા ઓડિટની કામગીરીના ભાગરૂપે ઉપસ્થિત કરવામાં આવેલ ઓડિટ વાંધાનો નિકાલ કરવાની કામગીરી – સીનિયર કલાર્ક.

(૧૩) મ્યુનિ. નોકરીમાં દાખલ થતા કર્મચારીઓ પૈકી જામીનબોન્ડ જમા લેવાને પાત્ર થતા કર્મચારીઓના જામીન બોન્ડ અંગે નાણાં ખાતામાંથી મેળવેલ મંજુરી મુજબ જામીન બોન્ડ જમા લઇ જામીન બોન્ડ રજીસ્ટરમાં તથા સર્વિસ બુકમાં નોંધ મુકી સર્વિસ બુક જે તે ખાતામાં પરત કરવાની કામગીરી - સીનિયર કલાર્ક

(૧૪)) મ્યુનિ. નોકરીમાંથી વયમર્યાદાથી નિવૃત, સ્વે. નિવૃત કે મરણ બાદ છુટા થતા કર્મચારીઓના જામીન બોન્ડ નાણાં ખાતામાં કર્મચારીઓની સર્વિસ બુક રજુ થયેથી અગાઉથી જમા કરાવેલ જામીન બોન્ડ

રેકર્ડમાથી કાઢી જે તે સર્વિસ બુકમાં સામેલ કરી સર્વિસ બુક જે તે ખાતામાં પરત કરવાની કામગીરી - સીનિયર કલાર્ક

ઉપરોક્ત સર્વે કામગીરી જુનિયર કલાર્ક, સીનિયર કલાર્ક, હેડ કલાર્ક, આસિ. મેનેજર, ડે. ચીફ એકાઉન્ટન્ટ ક્રમાનુસાર થતી હતી તેના બદલે ઉપર મુજબ ટૂંકાવીને લેવામાં આવેલ છે.

(૨) જનરલ વિભાગ :-

➢ એ.એ.જી. વિભાગ :-

નાણાં ખાતાની એ.એ.જી. વિભાગ દ્વારા કર્મચારીઓના સર્વિસ મેટરોને લગતા પ્રશ્નો બાબતે વિવિધ કર્મચારીઓ - ખાતાઓ દ્વારા પૂછવામાં આવતા અભિપ્રાયો આપવામાં આવે છે. સને ૨૦૧૭-૧૮ના વર્ષમાં કુલ ૨૫૦૭ અભિપ્રાયો, સ્ટેગર્ડ ઈન્ક્રીમેન્ટ, પગાર ફિક્સેશન, સ્પે. રજાઓને લગતાં, સ્વૈચ્છિક નિવૃત્તિ/રાજીનામાને લગતાં, ઘરભાડાને લગતાં, વાહન ભથ્થા, સસ્પેન્ડ, રીમુવ થયેલા કર્મચારીઓના પગાર અંગેના અભિપ્રાયો આવેલ છે જેમાંથી ૨૪૦૦ અરજીઓનો નિકાલ કરવામાં આવેલ છે અને બાકીની ૧૦૭ અરજીઓની વાંધાને કારણે નિકાલ થયેલ નથી.

➢ જી.આઈ.એસ. વિભાગ (ગ્રુપ ઈન્સ્યુરન્સ સ્કીમ) :-

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના જે કર્મચારીઓ જી.આઈ.એસ. માં જોડાયેલા હોય તેવા કર્મચારીઓમાંથી સને ૨૦૧૭-૨૦૧૮ નાં વર્ષ દરમ્યાન કોર્પોરેશનની નિવૃત્ત/ મરણ/ અનફીટ/ સ્વે.નિવૃતિ/ રીમુવ થયેલા ૯૬૪ જેટલા કર્મચારીઓના કેસમાં રૂા. ૨,૮૦,૯૧,૯૪૮/- જેટલી રકમ ચૂકવવામાં આવેલ છે.

➢ એવોર્ડ સેલ :-

સરકારશ્રીના પગાર પંચ દ્વારા વખતા વખત જાહેર કરવામાં આવતા ઠરાવોનો એવોર્ડ સેલ દ્વારા અભ્યાસ કરી પગાર ધોરણનું ફિક્સેશન કરવાની કામગીરી કરવામાં આવે છે. અહેવાલી વર્ષ ૨૦૧૭-૨૦૧૮ માં સરકારશ્રી દ્વારા જાહેર કરવામાં આવેલ છઠ્ઠા પગાર પંચના ફિક્સેશનનું બાકી રહેલ કર્મચારીઓનું પગાર ફિક્સેશનની કામગીરી કરવામાં આવેલ છે તેમજ મળેલ મંજૂરી અનુસાર ઉચ્ચતર પગાર ધોરણની (૧૨/૨૪ની યોજના) આપવા ઠરાવેલ તે અન્વયે નિયમાનુસાર મળવાપાત્ર બાકી કર્મચારીઓનું પણ ફિક્સેશન કરેલ છે તેમજ, નિયમાનુસાર નિવૃત્ત/ અનફીટ/ મરણ કે રાજીનામું આપેલ મળવા પાત્ર મ્યુનિસિપલ કર્મચારીઓને ઉચ્ચતર પગાર ધોરણનું ફિક્સેશન કરેલ છે

સાતમા પગારપંચ અંતર્ગત રાજ્ય સરકારશ્રી ના ધોરણે મ્યુનિસિપલ કર્મચારીઓને છઠ્ઠા પગારપંચના ફિક્સેશન અંગેની વધારાના સ્ટાફની ફાળવણી કરેલ સ્ટાફ દ્વારા સાતમા પગાર પંચના ફિક્સેશનની તેમજ ઉચ્ચતર પગાર ધોરણના ફિક્સેશનની કામગીરી કરવામાં આવેલ છે.

➢ **નિવૃત્તિના લાભ વિભાગ :- (ટર્મિનલ બેનીફીટ સેલ)** :

નાણાં ખાતાના નિવૃત્તિના લાભ વિભાગ (ટર્મિનલ બેનીફીટસેલ)ની કામગીરીમાં મુખ્યત્વે વર્ષ દરમ્યાન વિવિધ કારણોસર નોકરીમાંથી મુક્ત થતાં કર્મચારીઓનાં કેસોમાં કર્મચારીઓને નિવૃત્તિ, સ્વૈચ્છીક રાજીનામું, અનફીટ, બરતરફી, અવસાન સમયે પ્રવર્તમાન નિતિ નિયમો મુજબ ગ્રેજ્યુઈટી, મૃત્યુરાહત યોજના, લેણી નીકળતી રજાના રોકડ નાણાંમાં રૂપાંતર, કોમ્યુટેડ પેન્શન તેમજ પેન્શન બાંધણી કરવાની કામગીરી કરવામાં આવે છે.

સને ૨૦૧૭-૨૦૧૮ ના વર્ષ દરમિયાન ગ્રેજ્યુઈટીનાં કુલ ૯૬૪ અભિપ્રાયો આપવામાં આવેલા છે તેના બિલો બનાવી પેમેન્ટ કરવાની કામગીરી કરવામાં આવેલ છે તે પેટે અંદાજ રૂા.૬૩,૫૮,૮૬૦૦૦/- ચૂકવવામાં આવેલ છે.

મૃત્યુ રાહત યોજના હેઠળ કર્મચારીનું ચાલુ નોકરી એ અવસાન થયું હોય તેવા ૬૬ કેસ૨૦૧૭-૨૦૧૮ ના વર્ષ દરમ્યાન બનેલા છે તેમનાં વારસદારોને રૂા. ૨૫૦૦/- લેખે રૂા. ૧,૬૫,૦૦૦/- ચૂકવવામાં આવેલા છે.

સને ૨૦૧૭-૨૦૧૮ના વર્ષ દરમિયાન લ્હેણી રજાના કુલ ૯૪૪ અભિપ્રાયો આપવામાં આવેલા છે તેના બિલો બનાવી પેમેન્ટ કરવાની કામગીરી કરવામાં આવેલ છે તે પેટે અંદાજે રૂા.૩૦,૬૯,૮૧૦૦૦/- ચૂકવવામાં આવેલા છે.

પેન્શન યોજના અન્વયે સને ૨૦૧૭-૨૦૧૮ ના વર્ષ દરમિયાન ૮૧૬ કર્મચારીઓ મરણ / નિવૃત્ત / અનફીટ/ રાજીનામું અને સ્વૈચ્છિક વિગેરે રીતે નોકરીમાંથી મુક્ત થતા તેઓની પેન્શનપાત્ર નોકરીની ગણતરી કરી તેના આધારે કોમ્યુટેડ પેન્શનની ગણતરી કરીને નાણાં ચૂકવવામાં આવેલા છે.

➢ **પેન્શન વિભાગ :-**

મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા સને ૧-૧-૮૩ થી પેન્શન યોજના રાજ્ય સરકારના ધોરણે પેન્શનના નિતિ નિયમો મુજબ પેન્શનની ચૂકવણી કરવાની કામગીરી કરવામાં આવે છે. સને **૨૦૧૭-૨૦૧૮** ના વર્ષમાં કુલ પેન્શનર્સની સંખ્યા ૧૫૬૨૨ થઈ છે. આ તમામ પેન્શનરોને બેંક / મનીઓર્ડર / અને રોકડ મારફતે પેન્શન ચૂકવવામાં આવેલ છે. આ ઉપરાંત મેડીકલ રીઈમ્બર્સમેન્ટ સ્કીમમાં જોડાયેલાં પેન્શનરોનાં તબીબી સારવારના બીલોનાં નાણાં ચૂકવવાની કામગીરી કરવામાં આવે છે. સારવાર પુસ્તિકા આપવાની કામગીરી થાય છે.

આ ઉપરાંત પેન્શનર્સનાં ખોવાઈ ગયેલ, ફાટી ગયેલ તેમજ ફેમિલી પેન્શનનાં કિસ્સામાં નવા પેન્શન કાર્ડ બનાવવાની કામગીરી તેમજ વાર્ષિક આવકના પ્રમાણપત્રોની કામગીરી કરવામાં આવેછે.

આ ઉપરાંત ૧૫ વર્ષ પૂરા કરતાં પેન્શનરોનાં પુનઃસ્થાપનની કામગીરી કરવામાં આવે છે.

આ ઉપરાંત વર્ષમાં એક વખત તમામ પેન્શનરોનાં હયાતી બાબતે હયાતી ફોર્મ ભરાવવામાં આવે છે. ત્યારબાદ ફોર્મની ખતવણી કરવામાં આવે છે. હયાતી ફોર્મ ન ભર્યા હોય તેવા પેન્શનરોના સ્ટોપ પેમેન્ટ કરવાની કામગીરી કરવામાં આવે છે.

આ ઉપરાંત ફેમીલી પેન્શન ચાલુ કરવાની કામગીરી, પેન્શન બંધ કરવાની કામગીરી, સેવા પેન્શન ચૂકવવાની કામગીરી કરવામાં આવે છે.

મૃત્યુ પામતા પેન્શનર્સનું પેન્શન બંધકરવુ. વારસદાર નક્કી કરી મૃત્યુ રાહત રકમ તેમને ચૂકવવી. હક્કદાર, વારસદારોનાં કિસ્સામાં ફેમીલી પેન્શન ચાલુ કરવું. સુધારા અપડેટ કરવા, ફેમીલી પેન્શન નક્કી કરવું, બંધ કરવાની તારીખ નક્કી કરવી. તે મુજબ મંજૂરી માંગવી. તથા બેંકની NOC આપવી

વર્ષ દરમ્યાન મોંઘવારીમાં વધારો નક્કી થાય ત્યારે વધારા બાદની તારીખથી પેન્શન મૂળ પગારમાં સુધારો પામેલ પેન્શનર્સને અલગ તારવી તેના એરિયર્સની ગણતરી કરવી. વર્ષ દરમ્યાન બે વખત મોંઘવારીમાં વધારો થયેલ છે.

તમામ પેન્શનર્સ માટે શિડ્યુલ લખવામાં આવે છે. સુધારા મુજબ ડેટા અપડેટ કરવામાં આવે છે.

વધુમાં તા. **૦૧.૦૧.૨૦૧૬** થી અમલમાં આવેલ **સાતમા** પગાર પંચનો અમલ આપવામાં આવેલ છે. આ ઉપરાંત ૧૨/૨૪ના ઉચ્ચતર પગારધોરણ મુજબ અમલ કરવામાંઆવેલ છે.

આ ઉપરાંત વર્ષ દરમ્યાન રાજ્ય સરકાર દ્વારા જે કોઈ લાભ પેન્શનરને આપવામાં આવે તેનો તાકીદે અમલ કરી લાભ આપવામાં આવે છે. દરરોજ આવનાર પેન્શનરોને સવિસ્તાર માહીતી આપી તેમના પેન્શનને લગતા પ્રોબ્લેમ સોલ્વ કરવામાં આવે છે.

➢ ઈન્કમટેક્ષ વિભાગ :

મ્યુનિસિપલ કોર્પોરેશનના થતા કામોના વહેપારીઓના બીલોમાંથી જરૂરી સેલ્સટેક્ષ / સર્વિસટેક્ષ તેમજ ટી.ડી.એસ. કપાય છે તેના હિસાબો તૈયાર કરવા તેમજ તેના બીલો બનાવી સરકારમાં જમા કરાવવા તેમજ આ અંગેના જરૂરી સર્ટિફિકેટો તૈયાર કરી સંબંધિત વ્યક્તિને આપવા, વર્ષના અંત કોર્પોરેશનના કર્મચારીઓને ચૂકવવામાંઆવેલા પગારમાંથી વસુલ કરવાના થતા ઈન્કમટેક્ષની ગણતરી કરી તેના જરૂરી પત્રકો બનાવી, પાસ કરી અને આ રીતે નિર્ણિત થતી રકમના જરૂરી બીલો બનાવી ઈન્કમટેક્ષ વિભાગમાં જમા કરાવવા, કર્મચારીઓને આ અંગેના જરૂરી પત્રકો તૈયાર કરી આપવાની કામગીરી કરવામાં આવે છે.

➢ કન્ટીજન્સી :

નાણાં ખાતાના કર્મચારીઓ તેમજ અધિકારીશ્રીઓને જરૂરી કન્ટીજન્સી ઈન્ડેન્ટમાં ભરી જરૂરી મંજૂરી મેળવી સેન્ટ્રલ સ્ટોર્સમાંથી મેળવવી તેમજ જરૂરી બજાર ખરીદી કરી, મંજૂરી મેળવી, બીલો બનાવી ઈમ્પ્રેશ કેશમાં જમા કરાવવા તેમજ કન્ટીજન્સી પત્રકો તૈયાર કરાવી પાસ કરાવવા, ડેડ સ્ટોક રજીસ્ટરો રાખવાની કામગીરી કરવામાં આવે છે.

➢ **નોકર એડવાન્સ વિભાગ :-**

નાણાં ખાતાના નોકર એડવાન્સ વિભાગ તરફથી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના કાયમી અને એકટીગ કર્મચારીઓને વિવિધ પ્રકારની લોનો આપે છે. તેમાં મુખ્યત્વે - મકાન લોન, મોટરકાર લોન, સ્કુટર લોન અને સાયકલ લોન આપે છે. અહેવાલી વર્ષ **૨૦૧૭-૧૮** દરમ્યાન કર્મચારીઓને સદર પ્રકારની કોઈ લોન આપવામાં આવેલ નથી.

➢ **સ્ટોર વેરીફીકેશન વિભાગ :-**

જુદા જુદા ખાતાઓને જરૂરી કન્ટીજન્સી એપ્રુવ કરવાનું કાર્ય કરવામાં આવે છે.

ઉપરોક્ત સર્વે કામગીરી જુનિયર કલાર્ક, સીનિયર કલાર્ક, હેડ કલાર્ક, આસિ. મેનેજર, ડે. ચીફ એકાઉન્ટન્ટ ક્રમાનુસાર થતી હતી તેના બદલે ઉપર મુજબ ટૂંકાવીને લેવામાં આવેલ છે.

(૩) પેમેન્ટ વિભાગ :-

➢ **પી. એફ. :**

➢ નાણાંખાતામાં વર્ષ ૨૦૧૭-૧૮ માં સી.પી.એફ ના ૧૫ કર્મચારીઓ તથા જી.પી.એફ ના ૩૨૪૦ કર્મચારીઓ મળી કુલ ૩૨૫૫ કર્મચારીઓને લોન તેમજ એડવાન્સ પેટે જરૂરિયાત મુજબ રીફંડેબલ કે નોન રીફંડેબલ પી.એફના બેલેન્સમાંથી કુલ રૂ. ૩૯ કરોડનુ ચુકવણું કરવામાં આવેલ છે.

➢ સી.પી.એફ.-૫૩, જી.પી.એફ.–૯૪૨૯, ઇ.પી.એફ.– ૫૬૩૦, એન.પી.એસ.–૭૫૫૧, અન્ય–૧૮૦૨ મળીને કુલ-૨૪૪૬૫ કર્મચારીશ્રીઓના પ્રોવિડન્ટ ફંડને લગતા હિસાબો, લોન આપવાની કામગીરી કરવામાં આવેલ છે.

➢ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના કર્મચારીઓના પગારમાંથી કપાત થયેલ સી.પી.એફ./ જી.પી.એફ.ના નાણાં સરકારી તિજોરી ખાતે હિસાબો કરી જમા કરાવવા તેમજ પી.એફ. સ્લીપ આપવઅમાં આવેલ છે.

➢ ચીફ ઓડિટ ખાતા દ્વારા પી.એફના નોંધાયેલ ઓડિટ વાંધાના નિકાલની કામગીરી કરવામાં આવેલ છે.

➢ <u>એન.પી.એસ.</u> :

તા:૦૧/૦૪/૨૦૦૫ બાદ નિમાયેલ અને કાયમ થયેલ હોય તેવા કર્મચારીઓના એન.એસ.ડી.એલ. ખાતેથી પ્રાન નંબર લેવા માટે બિલકલાર્ક/કર્મચારીશ્રી દ્વારા મોકલવામં

આવતા ફોર્મની ચકાસણી કરીનેતમામ ફોર્મ્સ ઈન્ટીગ્રેટેડ સર્વિસીસ મારફતે એન.એસ.ડી.એલ. ખાતે મોકલાવામાં આવેલ છે. પ્રાન નંબર કીટ બિલ કલાર્કશ્રીને અથવા જે તે કર્મચારીશ્રીને આપી આ પ્રાન નંબર પે રોલના ડેટામાં ઇન્વર્ડ કરવામાં આવે છે, અને તે આધારે સબંધિત કર્મચારીશ્રીના NPS ના નાણાંની દર માસે કરવામાં આવતી કપાતના નિયત નાણાં NSDL માં જમા કરાવવાની કાર્યવાહી કરવામાં આવેલ છે. તેમજ એન.એસ.ડી.એલ. ખાતેથી કીટ અંગેનુ જે બિલ આવે છે. તેની મંજુરી માંગ્યેથી બીલનું પેમેન્ટ કરવામાં આવે છે.

- જે કર્મચારી નિવૃતિ/અનફીટ/રાજીનામું/રીમુવ/અવસાન/સ્વૈચ્છિક નિવૃતિ થાય તેવા કેસમાં કર્મચારીના તમામ ડોક્યુમેન્ટસ ચેક કરી તેના નાણાં ઉપાડવાની અરજી ઓનલાઇન કરવા માટે તમામ ડોક્યુમેન્ટસ સ્કેન કરાવીને તથા તે જ ડોક્યુમેન્ટસની હાર્ડકોપી એન.એસ.ડી.એલ. ઓફિસ ખાતે રજીસ્ટર પોસ્ટ દ્વારા મોકલાવામાં આવે છે.
- એન.પી.એસ. નાં કર્મચારીઓની અંશત : ઉપાડ અંગેની અરજીને અધિકૃત કરીને માહિતી રાખવામાં આવે છે.

➢ ઇ.પી.એફ. :

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં રોજીંદ, પાર્ટ ટાઈમ, કાયમી કર્મચારીશ્રીઓ પૈકી લઘુત્તમ વેતન દર પ્રમાણે પગાર મેળવતા અંદાજે ૫૭૦૦ સફાઇ કામદારોની વિગત વોર્ડમાંથી મંગાવીને તે આધારે ઇ.પી.એફ. ઓફિસમાં સબમીટ કરવામાં આવે છે. જયારે કર્મચારીશ્રીની ઇ.પી.એફ.ની કપાતનો ફાળો તથા સંસ્થાનો ફાળો દર માસે ઇ-ગર્વનન્સ ખાતા દ્વારા ડેટા આવ્યા બાદ તેની ગણતરી કરીને ઈ.પી.એફ.ઓ. ઓફિસમાં જમા કરવવામાં આવે છે.

➢ વેલ્ફેર લોન :-

મ્યુનિ. કોર્પોરેશનના તમામ ખાતામાં કાયમી કર્મચારી તરીકે ફરજ બજાવતા અધિકારીશ્રીઓ / કર્મચારીશ્રીઓને મકાન ખરીદવા, મકાન રીપેરીંગ કરવા, સામાજીક જવાબદારીઓ અદા કરવા, ધાર્મિક કારણસર કે અંગત દેવુ ચૂકવવા જેવા વિવિધ પ્રકારના કારણસર બેંક કે સહકારી સંસ્થાઓ દ્વારા અપાતી પર્સનલ લોન પરના વ્યાજ કરતા ઓછા દરે ૩૬ કે ૬૦ હપ્તેથી પરત ચૂકવી શકાય તેવી રૂ. ૭.૦૦ લાખની મર્યાદામાં સબંધિત કર્મચારીશ્રીના પગારધોરણને ધ્યાને લઇને મ્યુનિ. કોર્પોરેશનના નક્કી થયેલ પ્રવર્તમાન નીતિ- નિયમો મુજબ વેલ્ફેર લોન આપવાની કાર્યવાહી કરવામાં આવી. ૩૭૦૬ અધિકારીશ્રીઓ/ કર્મચારીશ્રીઓને કુલ ૨૦૦ કરોડની રકમ સંસ્થાના નિયમાનુસાર વેલ્ફેર

લોન પેટે તથા આ અંગેના આનુષાંગિક હપ્તાની કપાત ચુકવવામાં આવી. સબંધિત સોસાયટીની એન.ઓ.સી. અને વેલ્ફેરલોનના હિસાબોને લગતી કામગીરી કરવામાં આવેલ છે.

➢ મેડીકલ રીઅમ્બર્સમેન્ટ :-

મ્યુનિ. સ્કુલ વોર્ડ, એમ.જે. લાયબ્રેરી, એ.એમ.સી. મેટ અને એન.એચ.એલ. મેડીકલ કોલેજ સહિત મ્યુનિ. કોર્પો.ના ખાતાના અધિકારીશ્રીઓ / કર્મચારીશ્રીઓ / મ્યુનિ. કાઉન્સીલરશ્રીઓ તેમજ આ તમામના આશ્રિત કુટુંબના સભ્યોના સારવારના બીલો ની ચકાસણી કરી પાસ કરવા તેમજ બજેટ ચઢાવવી જુનિ. ફાર્માસિસ્ટ દ્વારા યોગ્ય ચકાસણી કરાવીને બીલોના પેમેન્ટ અંગેની કાર્યવાહી કરવામાં આવે છે.

➢ <u>એલ.ટી.સી અને ટી.એ.ડી.એ</u> :

મ્યુનિ. કોર્પો.ના તમામ ખાતામાં કાયમી કર્મચારી તરીકે ફરજ બજાવતા અધિકારીશ્રીઓ / કર્મચારીશ્રીઓને રાજ્ય સરકારશ્રીના ધોરણે સબંધિત એલ.ટી.સી. બ્લોકના આપવામાં આવતા પ્રવાસના લાભ મેળવવા આવતી અરજીઓની ચકાસણી, પ્રવાસ એડવાન્સ, પ્રવાસ બાદ ખરેખર ચૂકવવાપાત્ર રકમના અભિપ્રાય આપવા, મ્યુનિ. કોર્પો.ના કામ અર્થે કે તાલીમ કે અભ્યાસ માટે મોકલવામાં આવે ત્યારે સબંધિત કર્મચારીશ્રીને મળવાપાત્ર રકમ માટેના ટી.એ. – ડી.એ. ને લગતા અભિપ્રાય આપવામાં આવે છે.

➢ <u>એવોર્ડ સેલ</u> :

વર્ષ ૧૯૮૬ અને ૧૯૯૬ ના એવોર્ડને ધ્યાને લાઇને ઉચ્ચત્તર પગારધોરણના ફિક્સેશનની કામગીરી કરવામાં આવેલ છે. મ્યુનિસિપલ કોર્પોરેશનમાં ફરજ બજાવતા તમામ અધિકારીશ્રીઓ તથા કર્મચારીશ્રીઓની સર્વિસબુકની વિગતવાર ચકાસણી કરીને નિયત નોંધોની ચકાસણી કરી ૯/૧૮/૨૭ કે ૧૨/૨૪ ના ઉચ્ચતર પગારધોરણનો યોગ્ય અમલ થાય તે મુજબની કામગીરી કરવામાં આવેલછે.

➢ <u>પ્રિઓડિટ.</u> :

મ્યુનિસિપલ કોર્પોરેશનના તમામ ખાતાઓ (મુખ્યત્વે ઇજનેર) દ્વારા કરાવવામાં આવતા વિકાસના અને મરામત તથા નિભાવના કામ પૂર્ણ થયા બાદ કરવામા આવતા પેમેન્ટ પૈકી રૂ. ૧ લાખથી વધુના પેમેન્ટના બીલોના પ્રિ-ઓડિટ કરાવવા માટે ટેન્ડર મારફતે આવેલ ત્રણ સી.એ. કંપનીને નિયમિત પ્રિ-ઓડિટ કરવાની કામગીરી સોપવામા આવી છે તેમની

કામગીરીના સર્ટીને આધારે જરૂરી મંજુરી મેળવીને પેમેન્ટ કરવાની કામગીરી કરવામાં આવેલ છે.

➢ **<u>લોકલ ફંડ ઓડિટ</u>** :

વાર્ષિક વહીવટી અહેવાલ
સને : ૨૦૧૭ - ૨૦૧૮

(૧) પ્રસ્તાવના :-

- અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનનું વિજીલન્સ ખાતુ નાણાંકીય ભ્રષ્ટાચાર અને કામોની અનિયમિતતાઓની નાબુદી માટે કટીબદ્ધ છે તેમજ પ્રામાણિકતા, પારદર્શિતા અને જાગૃકતા જેવા ગુણોથી સંસ્થાની કાર્યપધ્ધતિને સક્ષમ બનાવવા આગોતરા પગલાં લેવા માટે પ્રતિબધ્ધ છે.

(૨) વિજીલન્સ ખાતા દ્વારા હાલમાં નીચે દર્શાવ્યા મુજબની કાર્યવાહી કરવામાં આવે છે.

- સંસ્થાનો પગાર મેળવતા અધિકારીઓ / કર્મચારીઓ ઓફીસીયલ કામ માટે કોઇ વ્યકિત પાસેથી ગેરકાયદેસર નાણાંની માંગણી કરે કે સ્વીકારે અથવા હોદ્દાની રૂઇએ પોતાની વગ વાપરી અન્ય અધિકારી / કર્મચારી પાસે ગેરકાયદેસર રીતે કામ કરાવે તો તેવા અધિકારીઓ / કર્મચારીઓ સામે વિજીલન્સ તપાસ કરી શિક્ષાત્મક પગલાં ભરાવવાની કાર્યવાહી કરવામાં આવે છે.
- જો કોઇ અધિકારીઓ / કર્મચારીઓ પોતાની સત્તાનો દૂરપયોગ કરી કોઇ વ્યકિત / એજન્સીને નાણાંકીય લાભ કરાવી આપે અને તેના બદલામાં પોતાના માટે અથવા બીજા કોઇ અધિકારી / કર્મચારી માટે કિંમતી વસ્તુ કે ભેટ સોગાદ સ્વીકારે તો આવુ કૃત્ય કરવા બદલ તેઓ સામે વિજીલન્સ તપાસ કરવામાં આવે છે.
- જો કોઇ અધિકારીઓ / કર્મચારીઓ પોતાની કાયદેસરની આવક કરતા વધારે સંપતિ ધરાવતા હોવાની ફરીયાદ મળે તો તેવા અધિકારીઓ / કર્મચારીઓ સામે વિજીલન્સ તપાસ કરવામાં આવે છે.
- જો કોઇ અધિકારી / કર્મચારી ઇરાદાપૂર્વક ઓફીસીયલ કામગીરીમાં વિલંબ કરે અથવા ફરજ પ્રત્યે બેદરકારી દાખવે તો તેમની સામે વિજીલન્સ તપાસ કરી શિક્ષાત્મક પગલાં ભરવાની કાર્યવાહી કરવામાં આવે છે.
- જો કોઇ અધિકારી / કર્મચારી પોતાના ઉપરી અધિકારી સાથે છેતરપીંડી કરે,દગાખોરી કરે કે વિશ્વાસઘાત કરે તો તેવા અધિકારી / કર્મચારી સામે વિજીલન્સ તપાસ કરી શિક્ષાત્મક પગલાં ભરવાની કાર્યવાહી કરવામાં આવે છે.
- અમદાવાદ મ્યુનિ.કોર્પોરેશનના વિજીલન્સ ખાતાની કામગીરી મ્યુનિ.કમિશનરશ્રી અને ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનરશ્રી (વિજીલન્સ)ની સીધી દેખરેખ અને તેઓની રાહબરી હેઠળ કરવામાં આવે છે.
- વિજીલન્સ ખાતામાં બે મુખ્ય વિભાગો છે.(૧) જનરલ વિભાગ અને (૨) ટેકનીકલ વિભાગ
- વિજીલન્સ ખાતાનો ટેકનીકલ વિભાગ નીચે દર્શાવેલ ત્રણ પેટા વિભાગોમાં વહેંચાયેલો છે.જેમ કે (૧) એન્જીનીયરીગ વિભાગ (૨) એસ્ટેટ-ટી.ડી.ઓ. વિભાગ (૩) ઇલેકટ્રીકલ એન્ડ મીકેનીકલ વિભાગ.

(અ) જનરલ વિભાગ :-

- અમદાવાદ મ્યુનિ.કોર્પો.ના રેવન્યુ તથા નોન રેવન્યુ મળી ૪૫ જેટલા જુદા જુદા ખાતાઓ તથા શેઠ વા.સા.જનરલ હોસ્પીટલ, શેઠ લ.ગો. મ્યુનિસિપલ જનરલ હોસ્પીટલ, શ્રીમતિ શા.ચી.લા. મ્યુનિસિપલ જનરલ હોસ્પીટલ, શ્રી ચી.હ.નગરી મ્યુનિસિપલ આંખની હોસ્પીટલ, ટી.બી.હોસ્પીટલ, દવાખાનાઓ, પ્રસુત્તિગૃહો, રેફરલ હોસ્પીટલો તેમજ એન.એચ.એલ.મ્યુનિસિપલ મેડીકલ કોલેજ, સ્વર્ણિમ ડેન્ટલ કોલેજ દ્વારા અપાતી સેવાઓ બાબતે શહેરી નાગરીકો,સરકારી -બિન સરકારી સંસ્થાઓ, રાજકીય પદાધિકારીઓ તેમજ મ્યુનિ.કોર્પો.ના ઉચ્ચ અધિકારીઓ તરફથી આવતી ફરીયાદોનો નિકાલ વિજીલન્સ ખાતાના જનરલ વિભાગ દ્વારા કરવામાં આવે છે.
- વિજીલન્સ ખાતાના જનરલ વિભાગને લગતી પ્રાથમિક તપાસની કામગીરી માટે ૦૧- ડાયરેટકર , ૦૨ - આસી.મેનેજર, ૦૩- વિજીલન્સ ઓફીસર (જનરલ) અને ૧૪ આસી.વિજીલન્સ ઓફીસર મળી કુલ-૨૦ અધિકારીઓની જગ્યાઓ મંજુર થયેલ છે, જે પૈકી વિજીલન્સ ઓફીસરની ૦૩ જગ્યા અને આસી.વિજીલન્સ ઓફીસરની ૧૦ જગ્યા મળી કુલ-૧૩ જગ્યાઓ હાલમાં ખાલી છે.

ડાયરેટકર વિજીલન્સ દ્વારા થતી કામગીરીઓ :-

- વિજીલન્સ ખાતાની તમામ વહીવટી કામગીરી
- વર્ગ-૦૧ અને વર્ગ-૨ ના અધિકારીઓને N.O.C.આપવાની કામગીરી.
- વિજીલન્સ ખાતાના જનરલ વિભાગ, એસ્ટેટ/ટી.ડી.ઓ. વિભાગ અને ઈલેકટ્રીકલ એન્ડ મીકેનીકલ વિભાગ ઈજનેરના અધિકારીઓ દ્વારા થતી પ્રાથમિક તપાસની કામગીરીઓનું સુપરવિઝન તથા દેખરેખ રાખવાની કામગીરી.
- વિજીલન્સ ખાતાના જનરલ વિભાગના આસી.મેનેજરો, વિજીલન્સ ઓફીસરો અને આસી.વિજીલન્સ ઓફીસરોને પ્રાથમિક તપાસને લગતુ જરૂરી માર્ગદર્શન આપવાની કામગીરી.
- આ વિભાગોના પ્રાથમિક તપાસ રીપોર્ટ સક્ષમ સત્તા સમક્ષ નિર્ણયાર્થે મુકવાની કામગીરી.

(૧) આસી.મેનેજર (જન.૦૧) દ્વારા થતી કામગીરીઓ :-

- મ્યુનિ.કોર્પો.ના સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ એન્ડ કોન્ઝરવન્સી સર્વિસીસ વિભાગ, પાર્કસ એન્ડ ગાર્ડન, સેન્ટ્રલ રેકર્ડ તથા ટેન્ડર ઓફીસ, સેન્ટ્રલ વર્કશોપ, સેન્ટ્રલ સ્ટોર્સ, સેન્ટ્રલ મેડીકલ સ્ટોર્સ, મ્યુનિ.હોસ્પીટલો (તમામ) પ્રસુતિગૃહો / દવાખાના, કુટુંબ કલ્યાણ / આર.સી.એચ.સેવાઓ, ફાયર બ્રીગેડ, સ્નાનાગાર, મ્યુઝિયમ, કાંકરીયા લેક, ઝુ, બાલવાટીકા, એમ.જે.લાયબ્રેરી, સી.એન.સી.ડી., સ્લોટર હાઉસ, જન્મ મરણ, મેલેરીયા, મ્યુનિ.મેડીકલ કોલેજો, હેલ્થ, એ.એમ.ટી.એસ; સેન્ટ્રલ ઓફીસ, સેન્ટ્રલ લેબોરેટરી, ઈ-ગર્વનન્સ (સિવીક સેન્ટરો) અને એકાઉન્ટ ખાતા વિરૂધ્ધ આવતી ફરીયાદોની પ્રાથમિક તપાસ કરવાની તથા રીપોર્ટ તૈયાર કરવાની કામગીરી
- ઈલેકટ્રીકલ એન્ડ મીકેનીકલ, પાવર પ્લાન્ટ, વોટર ઓપરેશન જેવા ખાતાઓમાં ફરજ બજાવતા નોન ટેકનીકલ કર્મચારીઓ વિરૂધ્ધ આવતી ફરીયાદોની પ્રાથમિક તપાસ કરવાની તથા રીપોર્ટ તૈયાર કરવાની કામગીરી.

(૨) **આસી.મેનેજર (જન.૦૨) દ્વારા થતી કામગીરીઓ :-**

- મ્યુનિ.કોર્પો.ના જુદા જુદા ખાતાઓમાં ફરજ બજાવતા વર્ગ-૨ ના અધિકારીઓ તથા વર્ગ-૩ અને વર્ગ-૪ના કર્મચારીઓની બઢતી અને નિવૃત્તિ વખતે તથા પાસપોર્ટ કઢાવવા માટે વિજીલન્સ ખાતાની N.O.C. આપવા અંગેની કામગીરી.
- મ્યુનિ.કોર્પો.ના વ્હીકલ ટેક્ષ, યુ.સી.ડી, મધ્યાહન ભોજન યોજના , ઈલેકશન, બાલભવન, પુસ્તકાલય, વ્યાયામ વિધાલય, પ.વ.એકાઉન્ટ, પ્રોપર્ટી ટેક્ષ, ઈ.શી; આઈ.આર; લીગલ, પબ્લીસીટી, સ્કૂલબોર્ડ, માધ્યમિક શાળાઓ, પ્રોફેશનલ ટેક્ષ, ગુમાસ્તાધારા, ઓડીટ, સેક્રેટરી અને પ્લાનીગ ખાતા વિરૂધ્ધની ફરીયાદોની પ્રાથમિક તપાસ કરવાની તથા રીપોર્ટ તૈયાર કરવાની કામગીરી.
- એસ.ટી.પી. અને એસ્ટેટ-ટી.ડી.ઓ. ખાતામાં ફરજ બજાવતા નોન ટેકનીકલ કર્મચારીઓ વિરૂધ્ધ આવતી ફરીયાદોની પ્રાથમિક તપાસ કરવાની તથા રીપોર્ટ તૈયાર કરવાની કામગીરી.

(બ) **ટેકનીકલ વિભાગ :-**

વિજીલન્સ ખાતાના ટેકનીકલ વિભાગની કામગીરી ત્રણ પેટા વિભાગમાં વહેંચાયેલ છે.(૧) એન્જીનીયરીગ વિભાગ (૨) એસ્ટેટ-ટી.ડી.ઓ. વિભાગ (૩) ઈલેકટ્રીકલ એન્ડ મીકેનીકલ વિભાગ.

૧. એન્જીનીયરીંગ વિભાગ :-

- મ્યુનિ.કોર્પોરેશનના ૦૬ ઝોન દ્વારા થતી ટેકનીકલ કામગીરી તથા જુદા જુદા પ્રોજેકટોની ટેકનીકલ કામગીરીની દેખરેખ રાખવા તેમજ આ કામગીરી સંદર્ભે આવતી ફરીયાદોની પ્રાથમિક તપાસ કરવા વિજીલન્સ ખાતામાં ૦૧ ડેપ્યુટી સીટી એન્જીનીયર તથા ૦૨ વિજીલન્સ ઓફીસર (ટેકનીકલ) ની નિમણૂંક કરવામાં આવેલ છે. આ વિભાગના પ્રાથમિક તપાસના રીપોર્ટ ડાયરેકટરશ્રી મારફતે સક્ષમ સત્તા સમક્ષ નિણયાર્થે મૂકવામાં આવે છે.

૨. એસ્ટેટ/ ટી.ડી.ઓ.વિભાગ :-

- મ્યુનિ.કોર્પોરેશનના ૦૬ ઝોનના એસ્ટેટ / ટી.ડી.ઓ. ખાતાઓ દ્વારા થતી કામગીરીઓની દેખરેખ રાખવા, મ્યુનિ.કોર્પોરેશનની હદમાં થતા ગેરકાયદે બાંધકામો / દબાણો દૂર કરાવવા તથા દરેક ઝોનના એસ્ટેટ/ટી.ડી.ઓ. ખાતાના ટેકનીકલ કર્મચારીઓ વિરૂધ્ધ આવતી ફરીયાદોની પ્રાથમિક તપાસ કરવા વિજીલન્સ ખાતામાં વિજીલન્સ ઓફીસર (એસ્ટેટ-ટી.ડી.ઓ.) ની નિમણૂંક કરવામાં આવેલ છે. આ વિભાગના પ્રાથમિક તપાસના રીપોર્ટ ડાયરેકટર (વિજીલન્સ) મારફતે સક્ષમ સત્તા સમક્ષ નિણયાર્થે મૂકવામાં આવે છે.

૩. ઈલેકટ્રીકલ એન્ડ મીકેનીકલ વિભાગ :-

- આ વિભાગના વિજીલન્સ ઓફીસર (ઈ એન્ડ એમ)ની જગ્યા હાલમાં ખાલી છે.

- આ વિભાગમાં ફરજ બજાવતા નોન ટેકનીકલ કર્મચારીઓ વિરૂધ્ધ આવતી ફરીયાદોની પ્રાથમિક તપાસની કામગીરી આસી.મેનેજર (જન.૦૨) દ્વારા કરવામાં આવે છે તથા પ્રાથમિક તપાસના રીપોર્ટ ડાયરેકટર વિજીલન્સ મારફતે સક્ષમ સત્તા સમક્ષ નિણયાર્થે મુકવામાં આવે છે.

વિજીલન્સ ખાતા માટે મંજુર થયેલ મહેકમની વિગતો નીચે મુજબ છે.

અ.નં.	હોદ્દો	શીડયુલ મુજબ મંજુર થયેલ જગ્યાઓ	ભરાયેલ જગ્યાઓ	ખાલી જગ્યાઓ
૧.	ડે.ડાયરેકટર	૧	૦	૧
૨.	ડેપ્યુટી સીટી એન્જીનીયર.	૧	૧	૦
૩.	આસી.સીટી.એન્જીનીયર.	૫	૨	૩
૪.	આસી.સીટી.એન્જી. (ઇ એન્ડ એમ.)	૧	૦	૧
૫.	આસી.ટી.ડી.ઓ.	૧	૧	૦
૬.	આસી.મેનેજર	૨	૧	૧
૭.	વિજીલન્સ ઓફીસર (જનરલ)	૩	૦	૩
૮.	આસી.વિજીલન્સ ઓફીસર (જનરલ)	૧૪	૪	૧૦
૯.	એસ્ટેટ-ટી.ડી.ઓ.ઇન્સ્પેકટર	૧	૦	૧
૧૦.	એસ્ટેટ-ટી.ડી.ઓ.સબ ઇન્સ્પેકટર	૧	૧	૦
૧૧.	એસ્ટેટ-ટી.ડી.ઓ. ટેકનીકલ ઇન્સ્પેકટર	૨	૨	૦
૧૨.	ટેકનીકલ સુપરવાઇઝર (સિવીલ)	૫	૩	૨
૧૩.	ટેકનીકલ સુપરવાઇઝર (ઇલે.)	૧	૦	૧
૧૪.	સ્ટેનોગ્રાફર	૧	૦	૧
૧૫.	ટાઇપીસ્ટ	૧	૦	૧
૧૬.	સીની.કલાર્ક	૩	૩	૦
૧૭.	જુની.કલાર્ક	૪	૪	૦
	કુલ :-	૪૭	૨૩	૨૪

વિજીલન્સ ખાતા દ્વારા સને.૨૦૧૭-૧૮ દરમ્યાન નિકાલ કરાયેલ ફરીયાદો / કેસોની વિગતો નીચે મુજબ છે.

અ.નં.	વિભાગનું નામ	અગાઉના વર્ષના અંતે પેન્ડીંગ રહેલ ફરીયાદો/ કેસોની સંખ્યા (૨૦૧૬-૧૭)	નવી ફરીયાદો / નવા કેસોની સંખ્યા (૨૦૧૭-૧૮)	કુલ ફરીયાદો/કેસો ની સંખ્યા	વર્ષ દરમ્યાન નિકાલ થયેલ ફરીયાદો/ કેસોની સંખ્યા (૨૦૧૭-૧૮)	વર્ષના અંતે પેન્ડીંગ રહેલ ફરીયાદો/કેસોની સંખ્યા (૨૦૧૭-૧૮)
૧	૨	૩	૪	૫ (૩+૪)	૬	૭ (૫-૬)
૧.	જનરલ	૪૨	૧૧૯	૧૬૧	૧૦૧	૬૦
૨.	ટેકનીકલ	૦૯	૦૯૩	૧૦૨	૯૧	૧૧
૩.	એસ્ટેટ-ટી.ડી.ઓ.	૪૧૨	૩૧૪	૭૨૬	૩૪૮	૩૭૮
કુલઃ-		૪૬૩	૫૨૬	૯૮૯	૫૪૦	૪૪૯

નોંધ :-

- વિજીલન્સ ખાતામાં આવેલ સને ૨૦૧૬-૧૭ની ૪૬૩ અને ૨૦૧૭-૧૮ની ૫૨૬ એમ કુલ ૯૮૯ ફરીયાદો પૈકી સને.૨૦૧૭-૧૮ના વર્ષ દરમ્યાન ૫૪૦ ફરીયાદોનો નિકાલ થયેલ છે.
- વિજીલન્સ ખાતા દ્વારા નિકાલ કરાયેલ ૯૮૯ ફરીયાદો પૈકી ૧૪૨ ફરીયાદોમાં આક્ષેપો સાબિત ન થતાં સક્ષમ સત્તા તરફથી મળેલ મંજુરી અનુસાર આ ફરીયાદો દફતરે કરવામાં આવેલ છે.
- વિજીલન્સ ખાતા દ્વારા નિકાલ કરાયેલ ૯૮૯ ફરીયાદો પૈકી વિજીલન્સ તપાસને યોગ્ય ન હોય તેવી ૨૮૯ ફરીયાદો સબંધિત ખાતાઓને યોગ્યતાર્થે તબદીલ કરવામાં આવેલ છે.
- વિજીલન્સ ખાતા દ્વારા નિકાલ કરાયેલ ૯૮૯ ફરીયાદો પૈકી ૧૯ ફરીયાદોમાં આક્ષેપો સાબિત થતાં કુલ-૧૯ અધિકારીઓ / કર્મચારીઓ વિરૂધ્ધ શિક્ષાત્મક પગલાં ભરવા આઇ.આર.ખાતાને ભલામણ કરવામાં આવેલ છે.

૨.૧૭ - પબ્લિસિટી વિભાગ
વાર્ષિક વહીવટી અહેવાલ
સને ૨૦૧૭-૧૮

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન તરફથી યોજાનાર જાહેર સમારંભો, સન્માન સમારંભો, ઉદ્ઘાટન સમારંભો, જાહેર રસ્તા અને ચોકના નામાભિધાન સમારંભો, ભૂમિપૂજનવિધિઓ તેમજ સાંસ્કૃતિક કાર્યક્રમો, કાંકરિયા કાર્નિવલ, નેશનલ બુક ફેર, ફલાવર શો નું આયોજન કરવામાં આવેલ.

મ્યુનિસિપલ કોર્પોરેશનના વિવિધ ખાતાઓના કામોને લગતી જાહેર ખબરો દૈનિક વર્તમાનપત્રોમાં છપાવવાની તેમજ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા થતા વિવિધ કાર્યક્રમો તથા જુદા જુદા ખાતાઓ દ્વારા થતી કામો અંગેની પ્રેસનોટ પ્રસિધ્ધિ કરવાની કામગીરી પબ્લિસિટી ખાતા દ્વારા થાય છે. ઉપરાંત અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના કામો સંબંધી દૈનિકો વર્તમાનપત્રોમાં પ્રસિદ્ધ થતાં સમાચારોના પ્રેસ કટીંગ મેયરશ્રી, સ્ટેન્ડીગ કમિટિ ચેરમેનશ્રી, મ્યુનિસિપલ કમિશનરશ્રી સમક્ષ રજુ કરી જે તે ખાતા ને જરૂરી કાર્યવાહી માટે પબ્લિસિટી ખાતા દ્વારા જણાવવામાં આવે છે.

ખાતા દ્વારા મ્યુનિસિપલ કોર્પોરેશનના વિવિધ ખાતાઓ માંથી માહિતી મંગાવી મ્યુનિ. ડેસ્ક ડાયરી છપાવવાની કામગીરી કરવામાં આવે છે તેમજ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા આયોજીત વિવિધ કાર્યક્રમોમાં કામ કરનાર વિવિધ પાર્ટીઓના બીલોના પેમેન્ટ ની ચુકવણી ની કામગીરી કરવામાં આવે છે. અહેવાલી વર્ષમાં સને ૨૦૧૭-૧૮ દરમ્યાન કુલ ૪૫૩ વિવિધ કાર્યક્રમો નું આયોજન કરવામાં આવેલ હતુ. મ્યુનિસિપલ કોર્પોરેશનના જુદા જુદા ખાતાઓ દ્વારા વિકાસ કામોને લગતી જાહેર ખબરો, ટેન્ડર નોટીસ વર્તમાનપત્રોમાં પ્રસિદ્ધ કરવામાં આવી હતી. વર્ષ દરમ્યાન પ્રેસ કોન્ફરન્સના આયોજન, બજેટ ની પ્રેસ કોન્ફરન્સ તેમજ નાગરીકો ને જાણ થાય તેવા ઉપયોગી સુચનોની માહિતી રાખવા સંબંધી ખાસ પ્રેસનોટ પ્રસિદ્ધ કરવવાની વ્યવસ્થા ખાતા દ્વારા કરવામાં આવી હતી.

રાજ્ય સરકાર દ્વારા યોજાતા વિવિધ કાર્યક્રમો અને ઝુંબેશ ની પ્રચાર-પ્રસાર ની કામગીરી પણ આ વિભાગ દ્વારા કરવામાં આવે છે અહેવાલી વર્ષમાં શહેરનાં જુદા જુદા વાર્ડમાં વિવિધ કામોના ઉદ્ઘાટન સમારંભ, પ્રતિમા અનાવરણ વિધિઓ, નામાભિધાન વિધિઓ, ખાતમુર્હત વિધિઓ, સાંસ્કૃતિક કાર્યક્રમો અને સત્કાર સમારંભો વગેરે વિવિધ કાર્યક્રમોના આયોજનો ખાતા દ્વારા થતા હતા. સને ૨૦૧૭-૧૮ દરમ્યાન કુલ ૪૫૩ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ હતુ. આ ફંકશનોના ફોટોગ્રાફીના કામો મહોત્સવ-ઉજવણીના તથા સ્વચ્છતા અને સ્વાસ્થ્ય સંબંધી વિવિધ સ્થળે પોસ્ટરો, બેનરો-હોર્ડિંગ્સ વગેરે મુકવાની વ્યવસ્થા ખાતા દ્વારા કરવામાં આવી હતી.

૨.૧૮ - સેન્ટ્રલ સ્ટોર્સ
વાર્ષિક વહીવટી અહેવાલ
સને : ૨૦૧૭ - ૨૦૧૮

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન અમદાવાદ શહેરની જનતાની સુખ સગવડો ને પ્રાથમિક જરૂરીયાતો પુરી પાડવા અને અમદાવાદ શહેરના વિકાસ માટે કરવામાં આવતા કામો માટે સેન્ટ્રલ સ્ટોર્સ દ્વારા જરૂરીયાત પ્રમાણેના માલ ખરીદી કરવામાં આવે છે. અને મ્યુનિસિપલ કોર્પોરેશનના તમામ ખાતાઓને તેમના ઈન્ડેન્ટો મુજબ માલ ઈસ્યુ કરવામાં આવે છે.

મ્યુનિસિપલ સેન્ટ્રલ સ્ટોર્સની છેલ્લા સાત વર્ષની ખરીદી અને ઈસ્યુની વિગતો નીચે જણાવ્યા મુજબ છે.

ટેબલ-એ

વર્ષ	ઉઘડતી સિલક (રૂા.માં)	ખરીદી (રૂા.માં)	ઈસ્યુ (રૂપિયામાં)	વર્ષ આખરે બાકી બેલેન્સ (રૂા.માં)
૨૦૧૧-૧૨	૧૫૬૪૮૭૫૦૬/-	૪૯૬૨૦૦૬૭૨/-	૪૩૦૯૯૮૦૦૭/-	૨૨૧૬૯૦૧૭૧/-
૨૦૧૨-૧૩	૨૨૧૬૯૦૧૭૧/-	૬૧૧૮૦૭૧૪૯/-	૫૫૬૨૭૮૭૧૬/-	૨૭૭૨૧૮૬૦૪/-
૨૦૧૩-૧૪	૨૭૭૨૧૮૬૦૪/-	૬૨૭૯૨૯૭૭૧/-	૬૭૫૫૧૭૨૮૮/-	૨૨૯૬૩૧૦૮૭/-
૨૦૧૪-૧૫	૨૨૯૬૩૧૦૮૭/-	૬૩૫૭૧૧૩૬૪/-	૫૯૧૭૦૩૨૯૭/-	૨૭૩૬૩૯૧૫૪/-
૨૦૧૫-૧૬	૨૭૩૬૩૯૧૫૪/-	૭૧૬૩૫૩૭૫૪/-	૬૯૩૮૭૧૧૬૫/-	૨૯૬૧૨૧૭૪૩/-
૨૦૧૬-૧૭	૨૯૬૧૨૧૭૪૩/-	૫૧૮૮૮૨૬૦૫/-	૫૧૯૪૩૧૨૭૮/-	૨૯૫૫૭૩૦૭૦/-
૨૦૧૭-૧૮	૨૯૫૫૭૩૦૭૦/-	૪૩૩૨૨૩૨૨૯/-	૪૩૨૦૦૫૨૬૪/-	૨૯૬૭૯૧૦૩૫/-

સને ૨૦૧૭-૧૮ ના વર્ષમાં સેન્ટ્રલ સ્ટોર્સ ખાતાએ કરેલ ખરીદી તથા ઈસ્યુ કરેલ માલની સ્ટોર્સ એડવાન્સ ૧૫૧/૭૧૧૦૧ મ્યુનિસિપલ સેન્ટ્રલ સ્ટોર્સના હીસાબોની વિગત નીચે જણાવ્યા મુજબ છે. જેમાં સને ૨૦૧૭-૧૮ ના માલની માસ વાર ખરીદી તથા ઈસ્યુની રકમ દર્શાવવામાં આવી છે. સેન્ટ્રલ સ્ટોર્સમાં ખરેખર ખરીદી થયેલ છે.તેમજ ચીફ એકાઉન્ટ ખાતે મોકલવામાં આવેલ એબ્સ્ટ્રેક્ટના હિસાબી આંકડા ઉપરથી છે.જેનો ખર્ચ સ્ટોર્સ એડવાન્સ ૧૫૧/૭૧૧૦૧ મ્યુનિ.સેન્ટ્રલ સ્ટોર્સ બજેટહેડ ઉપર પાડેલ છે.તથા જમાં કરાવેલ રકમોની છે.

ટેબલ-બી

માસ	ખરીદીની રકમ (રૂપિયા લાખમા)	ઈસ્યુની રકમ (રૂપિયા લાખમા)
એપ્રિલ	૨૮૨.૪૬	૩૦૨.૬૫
મે	૩૦૧.૭૪	૩૫૭.૪૦
જુન	૫૩૭.૮૮	૩૭૪.૦૭
જુલાઈ	૪૦૭.૧૪	૧૬૪.૨૨
ઓગસ્ટ	૨૨૪.૨૫	૨૯૯.૭૬
સપ્ટેમ્બર	૫૧૫.૫૩	૬૮૫.૫૩
ઓકટોબર	૩૨૯.૩૯	૩૪૪.૮૬
નવેમ્બર	૧૮૪.૦૭	૩૭૯.૫૧
ડીસેમ્બર	૫૩૯.૭૪	૩૯૮.૭૪
જાન્યુઆરી	૨૪૧.૬૦	૫૨૪.૨૬
ફેબ્રુઆરી	૪૯૬.૧૩	૧૭૬.૪૩
માર્ચ	૨૭૨.૩૦	૩૧૨.૬૨
કુલ	૪૩૩૨.૨૩	૪૩૨૦.૦૫

સને ૨૦૧૭-૧૮ ના વર્ષ દરમ્યાન કરાયેલ ખરીદી અને ઈસ્યુની માહિતી ઉપર જણાવેલ છે.મ્યુનિસિપલ કોર્પોરેશનના ઈજનેર ખાતા માટે લીક્વીડ ક્લોરીન ગેસ, એફ.આર.સી. વિગેરેની ખરીદી ની મંજુરી મેળવી રેઈટ કોન્ટ્રાક્ટ કરેલ છે. અને માલ મંજુરી મુજબનો ઈજનેર ખાતામાં બારોબાર લેવામાં આવે છે. અને માલનું પેમેન્ટ ઈજનેર ખાતા મારફતે બારોબાર કરવામાં આવે છે. બ્લીચીંગ પાવડર, ટેક્ષ ખાતાની કોમ્પ્યુટર સ્ટેશનરી, કોપર સલ્ફેટ, ફટકડી વિગેરેની ખરીદીની મંજુરીથી જે તે ખાતાના બજેટહેડમાં ખર્ચ પાડીને માલ સામાન મેળવવામાં આવે છે.

સેન્ટ્રલ સ્ટોર્સના સને ૨૦૧૭-૨૦૧૮ ના વર્ષમા થયેલ કુલ ખરીદી :-

(૧) ૧૫૧ સેન્ટ્રલ સ્ટોર્સ ખાતે ખર્ચ પાડીને ખરીદ કરવામાં આવેલ તેની રકમ રૂા ૪૩૩૨.૨૩ (રૂપિયા લાખમા)

(૨) અન્ય જુદા જુદા ખાતે ખર્ચ પાડીને સને ૨૦૧૭-૨૦૧૮ ના વર્ષ દરમ્યાન સબંધીત ખાતાઓ દ્વારા સેન્ટ્રલ સ્ટોર્સ મારફતે રેઈટ કોન્ટ્રાક્ટ પ્રકીયા મંજુર કરાવવા અંગેની વિગતવાર માહિતી નીચે મુજબ છે.

ટેબલ-સી

અ.નં.	ખાતાનું નામ	આઈટમ	રકમ (રૂપિયા લાખમાં)
૧	રાસ્કા વિયર પ્રોજેક્ટ	ક્લોરીન ગેસ	૧,૮૮,૩૨,૮૦૦=૦૦
૨	ઈજનેર ખાતુ	એફ.આર.સી.કવર	૪,૩૮,૪૦,૮૪૦=૦૦
		કુલ ખર્ચ	૬,૨૬,૭૩,૬૪૦=૦૦

(૩) ઉપરોકત ખાતાએ જેતે વસ્તુઓની ખરીદી કરી પોતાના ખાતામાં બારોબાર ખર્ચ પાડેલ છે.

અનુક્રમ નંબર ૧ થી ૨ ખરીદી અંગેનો કુલ ખર્ચ

ઉઘડતી સિલક	૨૯૫૫૭૩૦૭૦/-
ખરીદી	૪૩૩૨૨૩૨૨૯/-
ઈસ્યુ ૧૭-૧૮	૪૩૨૦૦૫૨૬૪/-
તારીખ ૩૧/૩/૨૦૧૮ ના રોજ બંધ સીલક	૨૯૬૭૯૧૦૩૫/-

સને ૨૦૧૭-૨૦૧૮ ના વર્ષ દરમ્યાન સેન્ટ્રલ સ્ટોર્સ ખાતાએ ખરીદી રૂા ૪૩૩૨.૨૩ લાખમાં કરી છે.છેલ્લા સાત વર્ષમાં ખરીદી કરવા અંગે નીકળેલ (૧) ટેન્ડરો (૨) ઈન્કવાયરી અને ભાવ માંગ (૩) બજાર પરચેઈજ અને ઓફરથી કરવાની જે વિધિ કરેલ માલ-સામાનની માંગણી નીચે જણાવ્યા મુજબ છે

ટેબલ-ડી

અ.નં.	વર્ષ	ટેન્ડરની સંખ્યા
૧	૨૦૧૧-૧૨	૨૨૯
૨	૨૦૧૨-૧૩	૨૪૮
૩	૨૦૧૩-૧૪	૨૩૦
૪	૨૦૧૪-૧૫	૧૮૩
૫	૨૦૧૫-૧૬	૪૦૨
૬	૨૦૧૬-૧૭	૩૬૩
૭	૨૦૧૭-૧૮	૩૪૮

ટેબલ-ઈ

અ.નં.	વર્ષ	રકમ	બજારપરચેઈજની સંખ્યા	ઓફરની સંખ્યા
૧	૨૦૧૧-૧૨	૧૬૪૫૬૫૯/-	૨૩	-
૨	૨૦૧૨-૧૩	૬૭૦૩૭૪૫/-	૨૭	૩
૩	૨૦૧૩-૧૪	૪૧૩૯૬૨૫/-	૨૭	૨
૪	૨૦૧૪-૧૫	૫૧૫૧૬૦૨/-	૩૦	૫
૫	૨૦૧૫-૧૬	૪૭૦૨૨૨૦/-	૪૪	૫
૬	૨૦૧૬-૧૭	૪૮૨૯૮૦૫/-	૪૮	૨
૭	૨૦૧૭-૧૮	૪૬૧૯૧૮૨/-	૪૨	૬

સામાન્ય રીતે સમાચાર પત્રોમાં જાહેર ખબર દ્વારા ટેન્ડર નોટીસ પ્રસીધ્ધ કરી રૂપિયા પાંચ લાખથી ઉપરની ખરીદી માટે ઈ-ટેન્ડરથી ટેન્ડરો મંગાવવામાં આવે છે.તેમજ રૂપિયા પાંચ લાખથી ઓછી કિંમતના ટેન્ડરો અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન ની વેબસાઈટ પર ટેન્ડર નોટીસ પ્રસીધ્ધ કરીને ટેન્ડરો દ્વારા ખરીદી કરવામાં

આવે છે.કેટલીક આઇટમોની ખરીદી વાર્ષિક રેઇટ કોન્ટાક્ટ્રથી અને કેટલીક આઇટમોની ખરીદી વસ્તુઓ ઉત્પાદકો પાસેથી સીધા ખરીદવાનું આવશ્યક બને છે.જેથી ગુણવત્તાનું યોગ્ય નિયત્રંણ અને માલ પ્રાપ્તીની સરળતા સાથે મ્યુ.કોર્પો.નુ નાણાકીય અને વહીવટી હીત જળવાઇ રહે છે.

મ્યુનિસિપલ કોર્પોરેશનના જુદા જુદા ખાતાઓ દ્વારા પ્રિન્ટીંગ કરાવવા અંગે આવતા ઇન્ડેન્ટોના આધારે પ્રિન્ટીંગ વિભાગ દ્વારા બહાર પાડવામાં આવેલ પ્રિન્ટીંગ કામ કરાવવા અંગેની વિગત નીચે મુજબ છે.

ટેબલ-એફ

અ.નં.	વર્ષ	ઇન્કવાયરીની સંખ્યા
૧	૨૦૧૧-૧૨	૩૦૦
૨	૨૦૧૨-૧૩	૧૩૮
૩	૨૦૧૩-૧૪	૦૫૪
૪	૨૦૧૪-૧૫	૦૩૮
૫	૨૦૧૫-૧૬	૦૧૯
૬	૨૦૧૬-૧૭	૦૨૧
૭	૨૦૧૭-૧૮	૦૧૬

સેન્ટ્રલ સ્ટોર્સના જુદા જુદા વિભાગ દ્વારા મ્યુનિસિપલ કોર્પોરેશનના જુદા જુદા ખાતામાં માલ ઇસ્યુ કરવામાં આવે છે.તેની વર્ષવાર ઇન્ડેન્ટોની સંખ્યા નીચે મુજબ છે.

વિભાગ	૨૦૧૧-૧૨	૨૦૧૨-૧૩	૨૦૧૩-૧૪	૨૦૧૪-૧૫	૨૦૧૫-૧૬	૨૦૧૬-૧૭	૨૦૧૭-૧૮
કન્ટી જન્સી	૨૨૫૩	૨૩૪૪	૨૩૯૮	૮૮૮	૮૭૬	૮૨૯	૯૨૬
પ્રિન્ટીંગ	૪૨૧	૩૭૨	૪૪૯	૩૮૧	૩૧૨	૩૧૮	૨૫૮
હાર્ડવેર	૫૯૧	૪૮૨	૪૯૬	૧૨૧	૧૦૨	૧૪૦	૧૨૩
સીમેન્ટ	૧૮૯	૨૦૩	૧૭૫	૧૫૫	૧૧૨	૧૩૪	૯૮
ડ્રેસ.	૨૨૭	૭૭૬	૦૬૫	૪૬	૫૧	૮૦	૭૩
સ્ટીલ	૧૨૫	૧૧૨	૧૧૧	૯૯	૧૦૨	૧૦૯	૬૮
સી.પી.સી	૩૭૬૨	૩૨૩૯	૩૨૪૦	૧૫૭૨	૧૮૯૯	૧૩૭૦	૯૮૪
એબ્સ્ટેક્ટ	૬૨૨૦	૬૬૭૨	૫૪૯૩	૩૨૬૨	૩૪૫૪	૨૯૮૦	૨૫૩૦

આ મુજબ સેન્ટ્રલ સટોર્સ ખાતાના સને ૨૦૧૭-૧૮ ની સાલના વાર્ષિક અહેવાલમાં ખરીદી અને ઇસ્યુ અંગેની સઘળી બાબતો દર્શાવવામાં આવી છે. મ્યુનિસિપલ સેન્ટ્રલ સ્ટોર્સ દ્વારા સેન્ટ્રલ સ્ટોર્સની અને બીજા ખાતાઓ માટે થઇને કુલ વાર્ષિક ખરીદી રૂા. ૪૩૩૨.૨૩ લાખમાં કરવામાં આવી છે.મ્યુનિસિપલ કોર્પોરેશનના વિવિધ ખાતાઓ તરફથી માલની જરૂરીયાત મુજબના ઇન્ડેન્ટ મુજબ સેન્ટ્રલ સ્ટોર્સ ખાતા દ્વારા માલ ઇસ્યુ કરવામાં આવે છે. અને આ ઇસ્યુ થયેલ માલ- સામાનનો ઉપયોગ કરીને અમદાવાદ શહેરની જનતાની સુખાકારી અને પ્રાથમિક જરૂરીયાતો પુરી પાડીને શહેરના વિકાસ માટેની અને પ્રાથમિક જરૂરીયાતવાળા કામો સરળતાથી અને ઝડપથી કરવામાં આવેલ છે. અમદાવાદ શહેરની પ્રાથમિક સગવડ પુરી પાડવામાં

મ્યુનિસિપલ કોર્પોરેશનના સઘળા ખાતાઓને માલ ઈસ્યુ કરી સેન્ટ્રલ સ્ટોર્સ ખાતાના કર્મચારીઓએ ખંત અને ઉત્સાહથી સને ૨૦૧૭-૧૮ ના વર્ષ દરમ્યાનની કામગીરી સંપૂર્ણ પુરી પાડેલ છે.

વિભાગ પ્રમાણેની ખરીદી અને ઈસ્યુની માહિતી નીચે મુજબ છે.

અ.ન.	વિભાગનુ નામ	ખરીદીની રકમ (રૂા.લાખમા)	ઈસ્યુની રકમ (રૂા. લાખમા)
૧	કન્ટી જન્સી	૪૪૧.૪૭	૪૧૯.૬૭
૨	પ્રિન્ટીંગ	૬૫.૪૩	૭૦.૮૦
૩	હાર્ડવેર	૫૬૫.૨૫	૫૨૧.૨૦
૪	સીમેન્ટ	૧૧.૦૧	૩૭.૧૪
૫	ડ્રેસ.	૬૮.૧૫	૫૦.૮૨
૬	સ્ટીલ	૧૯.૫૬	૨૨.૨૨
૭	સી.પી.સી	૩૧૬૧.૦૫	૩૧૯૪.૦૬
		૪૩૩૧.૮૨	૪૩૧૫.૯૧

આ ઉપરાંત સેન્ટ્રલ સ્ટોર્સ દ્વારા ઈન્વેન્ટરી સિસ્ટમની જરુરિયાત તથા આધુનિક સમયને અનુરૂપ અપગ્રેડ કરી તમામ ખાતાઓને માલ સામાનની ઉપલબ્ધીની જાણકારી મળી રહે તે હેતુસર ઈન્વેન્ટરી સિસ્ટમ ઈન્ટ્રનેટ પર મુકી પારદર્શકતા અને વહીવટી સુગમતા માટેનાં પ્રયાસમાં સફળતા મેળવેલ છે.તેમજ ખાતા દ્વારા અ.મ્યુ.કો.ના વિવિધ ખાતાની જરુરીયાત મુજબ ઈન્ડેન્ટ પણ ઓનલાઈન મેળવવામાં આવે છે.તેમજ દરેક વિભાગ આવેલ ખાતામાં ઉપલબ્ધ તમામ આઈટમોનો હયાત સ્ટોક વિગેરેની માહિતી મેળવી શકે છે.તેમજ અત્રેના ખાતાની ઈન્વેન્ટરી સીસ્ટમ ને નાણાં ખાતાની એફ.એ.એસ.સીસ્ટમ સાથે ઈન્ટરલીંક કરેલ છે.જેથી જે ખાતામાં બજેટ હોય તેજ ખાતાને તેઓની જરુરીયાત મુજબનો માલ ઈસ્યુ કરી શકાય છે.ઉપર મુજબની સઘળી કામગીરી સેન્ટ્રલ સ્ટોર્સ દ્વારા કરવામાં આવે છે.

૨.૧૯ - ઈન્ડસ્ટ્રીયલ રીલેશન ખાતુ
વાર્ષિક વહીવટી અહેવાલ
સને : ૨૦૧૭ - ૨૦૧૮

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન તથા તેના કર્મચારીઓ વચ્ચે ઉભા થતાં ઔધોગિક વિવાદો અંગેની કામગીરીનું વ્યવસ્થિત સંકલન તથા લેબર કોર્ટ તથા ઈન્ડસ્ટ્રીયલ ટ્રિબ્યુનલમાં આવતા કેસોની કામગીરી તેમજ મ્યુ. કર્મચારીઓ વિરુધ્ધની ખાતાકીય તપાસ અંગેની કામગીરી આ ખાતા ધ્વારા કરવામાં આવે છે.

ઈન્ડસ્ટ્રીયલ રીલેશન ખાતાની કામગીરી મુખ્યત્વે લેબર સેલ તથા ઈન્કવાયરી સેલ એમ બે વિભાગમાં વહેંચાયેલી છે.

(૧) લેબર સેલ

આ વિભાગમાં લેબર ઓફિસર, આસી.મેનેજર (આઈ.આર.) વેલ્ફેર કમ લેબર ઓફિસરો તેમજ ખાતાની વહીવટી પાંખના કલેરીકલ સ્ટાફનો સમાવેશ થાય છે. આ વિભાગ ધ્વારા નીચે મુજબની કામગીરી હાથ ધરવામાં આવે છે.

(અ) અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં મ્યુનિસિપલ કર્મચારીઓના ઘણા યુનીયનો છે. આ યુનીયનો ધ્વારા કર્મચારીઓને લગતા અનેકવિધ પ્રશ્નો રજૂ કરવામાં આવે છે. આ વિભાગ યુનીયનોના આવા પત્રો સ્વીકારી સંબંધીત ખાતાની રીમાર્કસ મંગાવી યોગ્ય રીતે નિર્ણય લેવડાવવા બાબતે કાર્યવાહી હાથ ધરે છે, વધુમાં યુનિયનો ધ્વારા આપવામાં આવતી હડતાળની નોટિસ સંબંધની કાર્યવાહી હાથ ધરવામાં આવે છે.

(બ) જુદા જુદા યુનિયનો ધ્વારા મ્યુનિસિપલ કર્મચારીઓની માંગણીઓના સંબંધમાં ઈન્ડસ્ટ્રીયલ ડીસ્પ્યુટ એકટ- ૧૯૪૭ની જોગવાઈ હેઠળ લેબર કમિશનરશ્રીની કચેરીમાં સમાધાન કાર્યવાહી જે ઔધોગિક વિવાદ ઉપસ્થિત કરવામાં આવે છે તે વિવાદો સંબંધમાં ખાતાની રીમાર્કસ મેળવી, સક્ષમ સત્તા પાસે નિર્ણય લેવડાવી સમાધાન અધિકારીને જવાબ પાઠવવામાં આવે છે.

(ક) ઈન્ડસ્ટ્રીયલ ટ્રિબ્યુનલ, લેબર કોર્ટ, કંન્ટ્રોલીંગ ઓથોરીટી વિગેરેને રેફરન્સ થયેલ કેસો અંગેની કામગીરી આ વિભાગ ધ્વારા હાથ ધરવામાં આવે છે. ઈન્ડસ્ટ્રીયલ ટ્રિબ્યુનલ, લેબર કોર્ટ તથા અન્ય ઓથોરીટી સમક્ષના કેસોમાં જે તે ખાતાઓમાંથી વિગતો મંગાવી, મ્યુ.લેબર એડવોકેટશ્રીના સંપર્કમાં રહી તેઓની પાસે લેખીત નિવેદનો તૈયાર કરાવવામાં આવે છે અને ઈન્ડસ્ટ્રીયલ કોર્ટ તથા લેબર કોર્ટમાં ફાઈલ કરાવવામાં આવે છે. આ કોર્ટોમાં મુદ્દતના દિવસોએ આ ખાતાના વેલ્ફેર-કમ-લેબર ઓફિસરો કોર્ટમાં હાજર રહી મ્યુ.લેબર એડવોકેટોને મદદ કરે છે, વધુમાં કોઈ કેસમાં કોર્પો.ના કોઈ કર્મચારી અગર અધિકારીને મ્યુનિ.કોર્પો.ના સાક્ષી આપવા હાજર રાખવાના હોય તો તે અંગેની વ્યવસ્થા પણ કરવામાં આવે છે તેમજ હાઈકોર્ટમાં ચાલતી સર્વિસ મેટરોની કામગીરી તથા લેબર કોર્ટ તથા ટ્રિબ્યુનલના એવોર્ડ વિરુધ્ધ્ અપીલ કરવાનું યોગ્ય જણાય તો તે અંગેની કામગીરી આ ખાતા ધ્વારા કરવામાં આવે છે. અહેવાલી વર્ષમાં શરુઆતમાં લેબર કોર્ટમાં ૩૫૪ કેસો પેન્ડીંગ હતા. વર્ષ દરમ્યાન ૦૫૧ નવા દાખલ થયેલ. આમ કુલ ૪૦૫ કેસો પૈકી વર્ષ દરમ્યાન ૦૩૯ કેસોનો નિકાલ થયેલ છે. વર્ષ આખરે ૩૬૬ કેસો પેન્ડીંગ છે. અહેવાલી વર્ષની શરુઆતમાં ઈન્ડસ્ટ્રીયલ ટ્રિબ્યુનલમાં કુલ ૧૬૮ કેસો પેન્ડીંગ હતા. વર્ષ દરમ્યાન નવા ૬૦ કેસો દાખલ થયેલ. આમ કુલ ૨૨૮ કેસો પૈકી વર્ષ દરમ્યાન ૧૩ કેસોનો નિકાલ થયેલ છે અને વર્ષ અંતે ૨૧૫ કેસો બાકી રહેલ છે.

(ડ) ઈન્ડસ્ટ્રીયલ ડીસ્પ્યુટ એકટ-૧૯૪૭ની કલમ-૨ (પી) અન્વયે સમાધાન કરાવવાની તથા કલમ-૩૩(૩) અન્વયે યુનિયનોના હોદેદારોને રક્ષીત કામદાર તરીકે જાહેર કરવા બાબતની કાર્યવાહી આ ખાતા ધ્વારા હાથ ધરવામાં આવે છે.

(ઈ) કોન્ઝરવન્સી ખાતામાં સફાઈ કામદાર નોકરી દરમ્યાન મૃત્યુ પામે અગર અનફીટ થાય તો તેવા કેસોમાં મ્યુનિ.કોર્પો.ની નીતિ મુજબ તેમના આશ્રીતોને નોકરી આપવાની કામગીરી આ વિભાગના વેલ્ફેર-કમ-લેબર ઓફિસરો મારફતે હાથ ધરવામાં આવે છે. પાછલી બાકી ૧૨૩ ઉપરાંત ચાલુ અહેવાલી વર્ષમાં અન્ય ૪૦૪ અરજી આવેલ. આમ કુલ ૫૨૭ અરજીઓ પૈકી ૪૨૧ અરજીઓ મંજુર કરેલ છે. તથા ૧૨ અરજીઓ ના મંજુર કરેલ છે. અને બાકી ૯૪ અરજીઓ તપાસ ઉપર બાકી હતી.

(૨) ઈન્કવાયરી સેલઃ-

ઈન્કવાયરી સેલમાં ૩ (ત્રણ) ઈન્કવાયરી ઓફિસરો, સંકલન અધિકારી (આઈ.આર.) તથા અન્ય કલેરીકલ સ્ટાફ કામગીરી બજાવે છે. મ્યુનિસિપલ કર્મચારીઓની ફરજ પ્રત્યેની બેદરકારી, નાણાંની ઉચાપત ગેરહાજરી તથા અન્ય ગેરવર્તણૂંક બાબતમાં ખાતાકીય તપાસની કામગીરી આ વિભાગ ધ્વારા હાથ ધરવામાં આવે છે. અહેવાલી વર્ષમાં સક્ષમ સત્તાના આદેશ અનુસાર ૮૩ કેસોમાં ચાર્જશીટ, ૨૩૫ કેસોમાં શો-કોઝ નોટિસ આપવામાં આવેલ છે. ૧૪ કેસોમાં કર્મચારીઓને સસ્પેન્ડ કરવામાં આવેલા છે. ૫૬ કેસોમાં ઈન્કવાયરી ઓફિસરોએ ઈન્કવાયરી પુરી કરી તેમનો રિપોર્ટ સક્ષમ સત્તાને સુપ્રત કરેલ છે. જેમાં ઈન્કવાયરી ઓફિસરના રિપોર્ટના અનુસંધાનમાં સક્ષમ સત્તા ધ્વારા ગુનાની ગંભીરતા ધ્યાનમાં લઈ સજા કરવામાં આવી છે. ૩ કેસમાં ૧ ઈન્ક્રીમેન્ટ ૩ માસ માટે, ૯ કેસોમાં ૧ ઈન્ક્રીમેન્ટ ૬ માસ માટે, ૨૫ કેસોમાં ૧ ઈન્ક્રીમેન્ટ ભવિષ્યની અસર સિવાય, ૨૭ કેસોમાં ૧ ઈન્ક્રીમેન્ટ કાયમી ધોરણે ભવિષ્યની અસર સાથે, ૧ કેસમાં ૧ ઈન્ક્રીમેન્ટ ૨ વર્ષ માટે ભવિષ્યની અસર સિવાય, ૪ કેસોમાં ૨ ઈન્ક્રીમેન્ટ ભવિષ્યની અસર સિવાય, ૧ કેસમાં ૨ ઈન્ક્રીમેન્ટ ૨ વર્ષ માટે, ૧૯ કેસોમાં ૨ ઈન્ક્રીમેન્ટ કાયમી ધોરણે ભવિષ્યની અસર સિવાય, ૧ કેસમાં ૩ ઈન્ક્રીમેન્ટ ભવિષ્યની અસર સાથે, ૧ કેસમાં લઘુત્તમ સ્તરે ઉતારવા, ૧૧ કેસોમાં નિમણુંકનો અંત, ૨૦ કેસોમાં રીમુવલ અને ૩ કેસોમાં બરતરફના હુકમો કરવામાં આવેલ છે. ૧ કેસમાં પેન્શન કાપ તથા ૨ કેસોમાં કામ આપવાનું બંધ કરવામાં આવેલ છે. ૩૫ કેસોમાં ઠપકો/તાકીદ/ ચેતવણી આપવામાં આવેલ છે. ૧૩ કેસોમાં દંડ કરવામાં આવેલ છે તેમજ ૧૭ કેસોમાં પ્રકરણ દફતરે કરવામાં આવેલ છે. આ ઉપરાંત પોલીસ કેસ તથા લાંચ રૂશ્વત વિરોધી ખાતા ધ્વારા માંગવામાં આવતી જરુરી માહિતી પુરી પાડવાની કામગીરી પણ કરવામાં આવે છે. સસ્પેન્ડ થયેલા કર્મચારીઓના સંબંધમાં તેમના સબસીસ્ટન્સ એલાઉન્સ અંગે મ્યુનિ.કોર્પો.ના નિયમ અનુસાર સક્ષમ સત્તા પાસે નિર્ણય લેવડાવવાની કામગીરી પણ કરવામાં આવે છે.

ઈન્ડસ્ટ્રીયલ રીલેશન ખાતાની સને ૨૦૧૭-૨૦૧૮ વર્ષની વહીવટી કામગીરી ઉપર મુજબ છે. આ સાથે વ્યકિતગત મ્યુનિસિપલ કર્મચારી કે કર્મચારી સમુહના પ્રશ્નોના યોગ્ય નિકાલ થાય અને તે રીતે મ્યુનિસિપલ કોર્પોરેશન અને કર્મચારીઓ વચ્ચેના ઔધોગિક સંબંધો જળવાઈ રહે તેવા પ્રયત્નો કરવામાં તથા વહીવટી તંત્રને મજૂર પ્રશ્નોના યોગ્ય માર્ગદર્શન અને સલાહ સૂચના આપવાનું ખાતાનું મુખ્ય ધ્યેય છે.

પત્રક: અ

ઈન્ડસ્ટ્રીયલ ડીસ્પ્યુટ એકટ ૧૯૪૭ અન્વયે જુદા જુદા યુનિયનો દ્વારા ઈન્ડસ્ટ્રીયલ ટ્રીબ્યુનલ સમક્ષ મુકવામાં આવેલ કેસોની છેલ્લા ત્રણ વર્ષની વિગત દર્શાવતું પત્રક

વર્ષ	વર્ષની શરુઆતમાં બાકી કેસો	વર્ષ દરમ્યાન નવા દાખલ થયેલ કેસો	કુલ કેસો	વર્ષ દરમ્યાન નિકાલ થયેલ કેસો	વર્ષાંતે બાકી રહેલ કેસો
૧	૨	૩	૪	૫	૬
૨૦૧૫-૨૦૧૬	૧૪૫	૦૩૨	૧૭૭	૦૧૬	૧૬૧
૨૦૧૬-૨૦૧૭	૧૬૧	૦૨૬	૧૮૭	૦૧૯	૧૬૮
૨૦૧૭-૨૦૧૮	૧૬૮	૦૬૦	૨૨૮	૦૧૩	૨૧૫

પત્રક : બ

ઈન્ડસ્ટ્રીયલ ડીસ્પ્યુટ એકટ ૧૯૪૭ અન્વયે જુદા જુદા યુનિયનો દ્વારા લેબર કોર્ટ સમક્ષ મુકવામાં આવેલ કેસોની છેલ્લા ત્રણ વર્ષની વિગત દર્શાવતું પત્રક

વર્ષ	વર્ષની શરુઆતમાં બાકી કેસો	વર્ષ દરમ્યાન નવા દાખલ થયેલ કેસો	કુલ કેસો	વર્ષ દરમ્યાન નિકાલ થયેલ કેસો	વર્ષાંતે બાકી રહેલ કેસો
૧	૨	૩	૪	૫	૬
૨૦૧૫-૨૦૧૬	૩૬૩	૦૫૧	૪૧૪	૦૬૮	૩૪૬
૨૦૧૬-૨૦૧૭	૩૪૬	૦૭૪	૪૨૦	૦૬૬	૩૫૪
૨૦૧૭-૨૦૧૮	૩૫૪	૦૫૧	૪૦૫	૦૩૯	૩૬૬

પત્રક: ક

ઈન્કવાયરી સેલની કામગીરી દર્શાવતું પત્રક

અ. નં.	વિગત	૨૦૧૫-૧૬	૨૦૧૬-૧૭	૨૦૧૭-૧૮
૧	કર્મચારીઓને આપેલ શોકોઝ નોટીસની સંખ્યા	૨૮૮	૨૨૪	૨૩૫
૨	કર્મચારીઓને આપેલ ચાર્જશીટની સંખ્યા	૦૯૨	૮૦	૦૮૩
૩	સસ્પેન્ડ કરવામાં આવેલ કર્મચારીઓની સંખ્યા	૦૧૭	૨૫	૦૧૪
૪	હાજરી ચેકીંગમાં ગેરહાજર માલુમ પડેલ કર્મચારીઓને આપેલ નોટીસોની સંખ્યા	૫૧૧	૩૪૩	૦૮૩
૫	રૂ.૧૦૦/- પગારનાં દંડની શિક્ષા કરેલ કર્મચારીઓની સંખ્યા	૦૫૮	૯૯	---
૬	૦૧૧ દિવસના પગારના દંડની શિક્ષા કરેલ કર્મચારીઓની સંખ્યા	--	--	૦૨૪
૭	દફતરે કરેલ કર્મચારીની સંખ્યા	૧૬૨	૨૪૪	૦૫૯

પત્રક: ડ

નોકરી દરમ્યાન મૃત્યુ પામનાર કે અનફીટ થતાં સફાઈ કામદારનાં આશ્રિતને મ્યુ.નિતી નીયમ મુજબ અપાયેલ નોકરીની છેલ્લા ૩ વર્ષની માહિતી દશાર્વતું પત્રક

વર્ષ	ગત વર્ષની બાકી અરજીઓ	વર્ષ દરમ્યાન નવી આવેલ અરજીઓ	કુલ અરજીઓ	મંજુર કરેલ અરજીઓ	ના મંજુર કરેલ અરજીઓ	વર્ષાન્તે બાકી અરજીઓ
૧	૨	૩	૪	૫	૬	૭
૨૦૧૫-૨૦૧૬	૨૧૩	૩૨૫	૫૩૮	૨૮૬	૦૧૫	૨૩૭
૨૦૧૬-૨૦૧૭	૨૩૭	૩૪૬	૫૮૩	૪૫૦	૦૧૦	૧૨૩
૨૦૧૭-૨૦૧૮	૧૨૩	૪૦૪	૫૨૭	૪૨૧	૦૧૨	૦૯૪

પત્રક : ઈ

સજાની માહિતી દર્શાવતું પત્રક

અ.નં.	કરવામાં આવેલ સજા	કુલ કેસોની સંખ્યા
૧	પ્રકરણ દફતરે કરવામાં આવેલ છે.	૧૭
૨	ઠપકો/ તાકીદ / ચેતવણી આપવામાં આવેલ છે.	૩૫
૩	દંડ	૧૩
૪	૧ ઈન્ક્રીમેન્ટ ૩ માસ માટે	૦૩
૫	૧ ઈન્ક્રીમેન્ટ ૬ માસ માટે	૦૯
૬	૧ ઈન્ક્રીમેન્ટ ૧ વર્ષ માટે ભવિષ્યની અસર સિવાય	૨૫
૭	૧ ઈન્ક્રીમેન્ટ કાયમી ધોરણે ભવિષ્યની અસર સાથે	૨૭
૮	૧ ઈન્ક્રીમેન્ટ ૨ વર્ષ માટે ભવિષ્યની અસર સિવાય	૦૧
૯	૨ ઈન્ક્રીમેન્ટ ભવિષ્યની અસર સિવાય	૦૪
૧૦	૨ ઈન્ક્રીમેન્ટ ૨ વર્ષ માટે	૦૧
૧૧	૨ ઈન્ક્રીમેન્ટ કાયમી ધોરણે ભવિષ્યની અસર સાથે	૧૯
૧૨	૩ ઈન્ક્રીમેન્ટ ભવિષ્યની અસર સાથે	૦૧
૧૩	ચાલુ ગ્રેડમાં લઘુત્તમ સ્તરે ઉતારવા	૦૧
૧૪	નિમણુંકનો અંત	૧૧
૧૫	રીમુવલ	૨૦
૧૬	બરતરફ	૦૩
૧૭	પેન્શન કાપ	૦૧
૧૮	કામ આપવાનું બંધ	૦૨

૨.૨૦ - સેન્ટ્લ પૂલ ઓફ ટાઈપીસ્ટ ખાતા
વાર્ષિક વહીવટી અહેવાલ
સને : ૨૦૧૭-૧૮

સેન્ટ્રલ પૂલ ઓફ ટાઈપીસ્ટ ખાતાનાં એસ્ટાબ્લીશમેન્ટ શીડયુલમાં ગુજરાતી / અગ્રેજી સ્ટેનોગ્રાફરો, ડી.ટી.પી. ઓપરેટર, જુનીયર કોમ્પ્યુટર ઓપરેટર, ટાઈપીસ્ટ કમ કલાર્ક , ઈન્ચાર્જ-ઝેરોક્ષ, ફેકસ, ટેલેક્ષ એન્ડ એસ્ટાબ્લીશમેન્ટનો સમાવેશ થાય છે. મ્યુનિ. કમિશ્રનરશ્રી, ડે. મ્યુ. કમિશ્રનરશ્રીઓ તેમજ જુદા જુદા ખાતાના વડા અધિકારીઓની કચેરીમાં સ્ટેનોગ્રાફરો દ્વારા માહિતીનું સંકલન કરવું, મહત્વની મીટીંગોની મીનીટસ બનાવવી તેમજ કચેરીના તાબા હેઠળના અધિકારીઓને ઉપરી અધિકારીશ્રીની સૂચના મુજબ માહિતીની જાણ કરવી, રાજ્ય સરકારશ્રીની કચેરીઓ તેમજ નાગરિકોની ફરીયાદોના ફોન એટેન્ડ કરવા જેવી કામગીરી તેમજ અધિકારીશ્રી દ્વારા સુચવાયેલ ગોપનીય ખાસ અગત્યની કામગીરી કરવામાં આવે છે. આ ઉપરાંત કોમ્પ્યુટર ઓપરેટર દ્વારા ખાતાકીય નોંધ પત્રોના ડ્રાફટ બનાવવામાં આવે છે. ટાઈપીસ્ટ કમ કલાર્ક દ્વારા ખાતાની આંતરિક કચેરી નોંધ બનાવવાની કામગીરી કરવામાં આવે છે, તેમજ ફેક્સ ઈન્ચાર્જ દ્વારા રાજય સરકાર, કેન્દ્ર સરકાર તથા અન્ય અર્ધ સરકારી કચેરીઓમાં મોકલવાના થતા ફેકસની કામગીરી કરવામાં આવે છે, તથા બહારથી આવેલ ફેકસ સબંધિત વિભાગને તાકીદે મોકલવાની કામગીરી કરવામાં આવે છે.

સેન્ટ્રલ પૂલ ઓફ ટાઈપીસ્ટ ખાતામાં મ્યુનિસિપલ કોર્પોરેશનના જુદા જુદા ખાતાઓ જેવા કે એસ્ટેટ, ટી.ડી.ઓ., લીગલ, બગીચા ખાતુ, સી.એન.સી.ડી., સ્લોટર હાઉસ, ઝૂ, બાલવાટિકા, બાલભવન, મ્યુનિ. સેકન્ડરી સ્કૂલ, ગુમાસ્તાધારા, મધ્ય ઝોન વિગેરે ખાતા ધ્વારા કેન્દ્ર સરકાર, રાજય સરકાર તેમજ અન્ય ખાતાકીય તેમજ વિભાગીય કચેરીઓ તથા સંસ્થાઓ સાથે જે પત્ર વ્યવહાર કરવામાં આવે છે તેના જુદી જુદી માહિતીઓ, પત્રકો, સરકયુલરો, કોમ્પ્યુટર ઉપર ટાઈપ કરવાની, ઝેરોક્ષ તથા પ્રિન્ટીગને લગતી કામગીરી કરવામાં આવે છે. જે ખાતાઓમાં ટાઈપીસ્ટની જગ્યા નથી, તેવા તમામ ખાતાઓની કચેરી નોંધ બનાવવાનું કામ અત્રે કરવામાં આવે છે. અન્ય ખાતાના ટાઈપીસ્ટ રજા ઉપર જાય ત્યારે તે ખાતાની કચેરીની કામગીરી અત્રે કરવામાં આવે છે.

૨.૨૧ - ચીફ ઓડિટ ખાતુ
વાર્ષિક વહીવટી અહેવાલ
સને ૨૦૧૭ - ૨૦૧૮

મ્યુનિસિપલ કોર્પોરેશન ફંડના તથા ટ્રાન્સપોર્ટ ફંડના, શેઠ વા.સા,જન.હોસ્પિટલ અને શેઠ મા.જે.પુસ્તકાલયની તમામ પ્રકારની આવક અને ખર્ચના હિસાબી રેકર્ડ તપાસવાનું તથા આ ખાતાઓની કામગીરી કાનુન મુજબ થાય છે કે કેમ ? તે તપાસવાનું કામ આ ખાતુ કરે છે. તેમજ શેઠ મા.જે.પુસ્તકાલય તથા એ.એમ.ટી.એસ.વિભાગનાં એસ્ટાબ્લીશમેન્ટ સિવાયનાં તમામ બીલોનું પ્રિ-ઓડીટ કરવામાં આવે છે. મ્યુનિ. કોર્પો.ની કામગીરી છ ઝોનમાં ઝોનવાઇઝ કરવામાં આવે છે. અમદાવાદ મ્યુ.કોર્પોરેશન હસ્તકનાં જુદા જુદા સ્ટોર્સ, તમામ મ્યુનિ. હોસ્પિટલો અને દવાખાના, બાલભવન, લાઈબ્રેરી, શેઠ મા.જે. પુસ્તકાલય, શેઠ વા.સા. હોસ્પિટલ અને એ.એમ.ટી.એસ. વિભાગના તમામ સ્ટોર્સનું ફીઝીકલ વેરીફીકેશન ખાતાનાં સ્ટાફ દ્વારા કરવામાં આવે છે.

પત્રક

મ્યુ.ચીફ ઓડિટરશ્રી

ડે. **મ્યુ.ચીફ ઓડિટરશ્રી-૧** (ઇન્ચાર્જ)	**ડે.મ્યુ.ચીફ ઓડિટરશ્રી-૨** (ઇન્ચાર્જ)		
૧. એસ્ટાબ્લીશમેન્ટ	૧ . ઓડીટ અહેવાલ		
૨ એ.એમ.ટી.એસ.	૨. પૂર્વ ઝોન		
૩.શેઠ વા.સા.હોસ્પિટલ	૩. ઉત્તરઝોન		
૪.એમ.જે.લાયબ્રેરી			
૫.નવા.૫.ઝોન			
	આસી.મેનેજરશ્રી.૧	**આસી.મેનેજરશ્રી.૨**	**આસી.મેનેજરશ્રી.૩** (ફા.)
	૧.એસ્ટાબ્લીશમેન્ટ	૧. ઇજનેર પ્રોજેકટ	૧. મધ્ય ઝોન
	૨. કન્કરન્ટ/એકાઉન્ટ	૨. દ.ઝોન	૨. એસ્ટેટ/ ટી.ડી.ઓ
	૩. એ.એમ.ટી.એસ.	૩. કોમ્પ્યુટર ગ્રુપ	૩. આઉટડોર પોષ્ટ ઓડિટ
		૪. જે.એન.એન.યુ.આર.એમ.પ્રોજેકટ	૪. નોન ટેક્ષ રેવન્યુ
		૫. ૫.ઝોન,	
		૬. ટેક્ષ ગ્રુપ	

સને ૨૦૧૭-૧૮ ના વર્ષ દરમ્યાન નીકળેલ વાંધાઓ તે પૈકી દફતરે તથા બાકી વાંધાની વિગત દર્શાવતું પત્રક

અ.નં	વિગત	કુલ નિકળેલા વાંધા	દફતરે થયેલ વાંધા	બાકી વાંધા
૧	આઉટડોર પોસ્ટ ઓડિટ	૨૯૭	૩૮	૨૫૯
૨	ઇજનેર	૧૦૨	૧૩	૮૯
૩	ઉત્તરઝોન	૩૦૮	૭૫	૨૩૩
૪	કંકરન્ટ ઓડીટ	૨૦૭	૩૬	૧૭૧
૫	દક્ષિણ ઝોન	૪૪૪	૯૦	૩૫૪
૬	નવા.પશ્ચિમ ઝોન	૫૯૭	૨૪૩	૩૫૪
૭	પૂર્વ ઝોન	૨૮૫	૩૮	૨૪૭
૮	પશ્ચિમ ઝોન	૭૮૧	૧૪૧	૬૪૦
૯	મધ્ય ઝોન	૧૦૩૩	૭૧	૯૬૨
૧૦	એકાઉન્ટ ગૃપ	૨૧૬	૭	૨૦૯
૧૧	જેએનએનયુઆરએમ પ્રોજેકટ	૧૬	૧	૧૫
	કુલ વાંધાઓ	**૪૨૮૬**	**૭૫૩**	**૩૫૩૩**
ક્રમ નં.	ખાતાનું નામ	**કુલ નિકળેલા વાંધા**	**દફતરે થયેલ વાંધા**	**બાકી વાંધા**
૧૨	એ.એમ.ટી.એસ-પ્રિ ઓડીટ	૫૧૧	૪૩૧	૮૦
૧૩	એ.એમ.ટી.એસ-પોષ્ટ ઓડીટ	૫૦	૭	૪૩
૧૪	વા.સા.હોસ્પિટલ	૨૫૪	૫૩	૨૦૧
૧૫	મા.જે.પુસ્તકાલય- પ્રિ ઓડીટ	૫૯	૪૩	૧૬
૧૬	મા.જે.પુસ્તકાલય-પોષ્ટ ઓડીટ	૩૨	૬	૨૬
	કુલ વાંધાઓ	**૯૦૬**	**૫૪૦**	**૩૬૬**

સને ૨૦૧૭-૧૮ ના વર્ષ દરમ્યાન દફતરે થયેલ વાંધાઓની વિગત દર્શાવતુ પત્રક

અ.નં.	ગ્રુપ/ઝોનનું નામ	વાંધાની સંખ્યા	રીકવરીની રકમ
૧	પશ્ચિમઝોન	૫૩૨	૭૫૪૦૦૪૮
૨	પૂર્વઝોન	૧૯૨	૨૭૮૧૬૦૨
૩	ઉત્તરઝોન	૧૫૦	૨૮૧૩૭૫૨
૪	મધ્યઝોન	૩૬૯	૬૩૨૯૨૯૮
૫	દક્ષિણ ઝોન	૩૬૫	૫૩૪૩૫૪૬
૬	કંકરન્ટ ઓડીટ	૯૭	૧૮૦૯૦૮
૭	ઈજનેર	૧૯	૪૪૮૮૧૪૭
૮	આઉટ ડોર પોષ્ટ ઓડીટ-૧	૮૮	૩૫૭૫૫૭
૯	નવા પશ્ચિમ ઝોન	૩૭૧	૧૩૦૫૧૬૫
૧૦	જેએનએનયુઆર એમ પ્રોજેકટ	૩	૫૦૫૪
૧૧	એકાઉન્ટ	૩૮	૧૮૬૪૪૪
	કુલ વાંધાઓ	**૨૨૨૪**	**૩૧૩૩૧૫૨૧**
૧૨	એ.એમ.ટી.એસ-પ્રિ ઓડીટ	૪૭૨	૪૦૪૫૨૩૧
૧૩	એ.એમ.ટી.એસ-પોષ્ટ ઓડીટ	૧૭	૧૪૮
૧૪	વા.સા.હોસ્પિટલ	૯૧	૨૮૫૫૪૬
૧૫	મા.જે.પુસ્તકાલય- પ્રિ ઓડીટ	૪૬	૩૬૧૯
૧૬	મા.જે.પુસ્તકાલય-પોષ્ટ ઓડીટ	૬	૩૬
	કુલ વાંધાઓ	**૬૩૨**	**૪૩૩૪૫૮૦**

૨.૨૨ - હેરીટેજ વિભાગ
વાર્ષિક વહીવટી અહેવાલ
સને ૨૦૧૭ - ૨૦૧૮

અમદાવાદ શહેર આશરે ૬૦૦ વર્ષથી વધુ પુરાણું ઐતિહાસિક શહેર છે.અમદાવાદ શહેરના ગૌરવવંતા વારસાની શહેરના નાગરીકોને, તેમજ દેશ વિદેશી પ્રવાસીઓને તેની જાણકારી થાય તેમજ આ અમૂલ્ય વારસાને જાળવી રાખવા તેમજ તેને ટકાવી રાખવા તેમજ આ અંગે નાગરિકોમાં જાણકારી વધે અને પરસ્પર સહકારથી તેનો ઉત્તરોત્તર વિકાસ થાય તે હેતુથી અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશનનો હેરીટેજ વિભાગ કામગીરી કરે છે.

સને ૨૦૧૭-૨૦૧૮ ના વર્ષમાં હેરીટેજ વિભાગ દ્વારા તબક્કાવાર હેરીટેજને લગતા વિવિધ કાર્યક્રમો/કાર્યો કરવામાં આવેલ છે. જેની વિગતો નીચે મુજબ છે.

(૧) હેરીટેજ વોક ટુરઃ-

અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશન દ્વારા શહેરના કોટ વિસ્તારમાં આવેલ કોતરણી વાળા મકાનો, ઐતિહાસિક સ્થાપત્યો, મંદિરો વિગેરેને પગપાળા ચાલીને ગાઈડેડ હેરીટેજ વોક કાર્યરત છે. આ વોક શ્રી સ્વામીનારાયણ મંદિર, કાલુપુરથી દરરોજ સવારે ૮.૦૦ વાગે પ્રથમ સ્લાઈડ શો બતાવ્યા બાદ શરૂ કરવામાં આવે છે. અને નક્કી કરેલા રૂટ ઉપર થી પસાર થઈ જુમ્મા મસ્જીદ ખાતે સમાપ્ત થાય છે.જેને મંદિર થી મસ્જીદ સુધીની વોક તરીકે ઓળખાય છે.સદરહુ વોક ચલાવવા માટે અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશન દ્વારા અક્ષર ટ્રાવેલ્સ પ્રા.લી.સાથે **M.O.U.** કરવામાં આવેલ છે.જે અંતર્ગત તેઓશ્રી દ્વારા વોક ચલાવવામાં આવે છે.

(૨) કવિશ્રી દલપતરામ તથા અખા ભગત જંયતિ ઉજવણી :-

ગુજરાતી ભાષાના મહાનકવિ અને સમાજસુધારક કવિશ્રી દલપતરામ કે જેઓની પ્રતિમા લાંબેશ્વરની પોળ (હેરીટેજ વોક ટુર) કે જયાં તેઓ રહેતા હતા. તે મકાનમાં કવિ દલપતરામ સ્મારક બનાવી મુકવામાં આવેલ છે.તથા કવિશ્રી અખા ભગત કે જેઓની પ્રતિમા દેસાઈની પોળમાં કે જયાં તેઓ રહેતા હતા.તે મકાનની સામે કવિ અખા ભગત સ્મારક બનાવી મુકવામાં આવેલ છે.જેઓની જંયતિનો કાર્યક્રમ દર વર્ષની જેમ આ વર્ષે પણ માનનીય મેયરશ્રી, મ્યુનિ.પદાધિકારીઓ અને જાહેર જનતા દ્વારા પુષ્પાજંલી અર્પણ કરી ઉજવવામાં આવેલ છે.

(૩) ચબુતરાઓના રીસ્ટોરેશનની કામગીરી :-

ચબુતરોએ પોળની એક લાક્ષણિકતા છે.લગભગ અમદાવાદ કોટ વિસ્તાની ઘણી પોળોમાં લાકડાની કોતરણીયુકત તેમજ પથ્થરના નકશીયુકત ચબુતરા આવેલ છે. આવા ચબુતરા કે જે અમદાવાદની આગવી ઓળખ છે.તેનું રીપેરીંગ/રીસ્ટોરેશનની કામગીરી આ વિભાગ દ્વારા કરવામાં આવે છે.તાજેતરમાં દશામાં મંદિર ચોક તેમજ વસંત રજબ ચોકમાં આવેલ ચબુતરાઓનું રીસ્ટોરેશન કરવામાં આવેલ છે.

(૪) કેલિકો ડોમના રીસ્ટોરેશનની કામગીરી :-

મધ્ય ઝોનમાં રીલીફ રોડ ઉપર કેલીકો ડોમ આવેલ છે.વર્ષો જુની આ ઈમારત હેરીટેજ કેટેગરીમાં આવે છે.આ કેલીકો ડોમના રીસ્ટોરેશનની કામગીરીનું આયોજન કરવામાં આવેલ છે.જેમાં પ્રથમ તબકકામાં ભોંયરાને રીસ્ટોરેશન કરવાનું કામ પુર્ણ કરવામાં આવેલ છે.તેમજ બીજા તબક્કામાં કેલીકો ડોમના રીસ્ટોરેશનની પ્લાનીંગ/ડીઝાઈનીંગની કામગીરી હાલમાં પ્રગતિમાં છે.

(૫) રીસ્ટોરેશન ઓફ ફોર્ટવોલ :-

અમદાવાદ શહેરની ફરતે આશરે ૬૦૦ વર્ષ જુની ફોર્ટવોલ આવેલ છે.જેની લંબાઈ આશરે ૯.૬ કી.મી.થી વધુ હતી.જેમાં ૧૨ દરવાજા તથા ૧૮૯ **Bastion** હતા.જે પૈકી ખાનપુર કામા હોટલથી શાહપુર દરવાજા સુધીની આશરે ૧.૧ કી.મી. લંબાઈમાં તથા નહેરૂ બ્રીજથી ખાનજાન દરવાજા સુધીની આશરે ૧.૮ કી.મી. લંબાઈમાં ફોર્ટવોલ હાલમાં હયાત છે,જે રીવરફ્રન્ટનો ભાગ છે.આ ફોર્ટવોલની રીપેરીંગ/રીસ્ટોરેશનની કામગીરી આ વિભાગ દ્વારા તબક્કાવાર રીતે કરવામાં આવે છે.જેમાં શાહપુર શંકરભુવન સામે આવેલ ફોર્ટવોલ તેમજ સાબરમતી રીવરફ્રન્ટ,ગુજરી બઝાર સામેની ફોર્ટવોલની કામગીરી પુર્ણ કરવામાં આવેલ છે.તેમજ નીચેની ફોર્ટવોલની કામગીરી પ્રગતિમાં છે.

(૧) સાબરમતી રીવરફ્રન્ટ સામે આવેલ એલીસબ્રીજ થી લાલદરવાજા હોમગાર્ડ ગ્રાઉન્ડની પાછળના ભાગની વચ્ચે આવેલ ફોર્ટવોલ

(૨) સાબરમતી રીવરફ્રન્ટ સામે આવેલ નેહરૂબ્રીજ થી લાલદરવાજા હોમગાર્ડ ગ્રાઉન્ડની પાછળના ભાગની વચ્ચે આવેલ ફોર્ટવોલ

(૩) સાબરમતી રીવરફ્રન્ટની સામે આવેલ રાયખડ દરવાજા થી ખાનજાન દરવાજા સુધીની ફોર્ટવોલ.

(૬) રીસ્ટોરેશન ઓફ કાંકરીયા લેક :-

કાંકરીયા તળાવનો પરીઘ લગભગ ૧.૪ માઈલ્સ (૨.૩ કીમી) જેટલો છે.સદર તળાવનું ૩૪ કોણમાં પગથિયાથી બાંધકામ કરવામાં આવેલ છે.જેના તબક્કાવાર રીસ્ટોરેશનની કામગીરી આ વિભાગ દ્વારા કરવામાં આવે છે.જે પૈકી કાંકરીયા પ્રાણી સંગ્રહાલય ગેઈટ નં.-૨ ની સામે તળાવમાં આવેલ પેવેલીયન,પ્લેટફોર્મ તથા સ્ટેપ્સને રીપેર તેમજ રીસ્ટોરેશન કરવાની કામગીરી,કાંકરીયા પ્રાણી સંગ્રહાલય ગેઈટ નં.-૨ અને ગેઈટ નં-૩ સુધીના સ્ટેપ્સને રીપેર તેમજ રીસ્ટોરેશન કરવાની કામગીરી,કાંકરીયા તળાવમાં પ્રાણી સંગ્રહાલય ટીકીટ બારી નં-૧ અને સર્પ ગૃહની સામેના ભાગમાં આવેલ ગેઈટ સુધીના સ્ટેપ્સને રીપેર તેમજ રીસ્ટોરેશન કરવાની કામગીરી પુર્ણ કરવામાં આવેલ છે.તથા કાંકરીયા તળાવમાં આવેલ અટલ રેલ્વે વર્કશોપ થી બટર ફલાય પાર્કના ગેટ સુધી સ્ટેપ્સ રીપેર અને રીસ્ટોરેશન કરવાની કામગીરી હાલમાં ચાલુ છે.

(૭) કુવા રીચાર્જની કામગીરીઃ-

અમદાવાદ શહેરની વિવિધ પોળોમાં વર્ષો જુના કુવાઓ આવેલ છે.આ કુવાઓની વર્ષો જુની રીચાર્જ સીસ્ટમને સીસ્ટેમેટીક રીતે નવેસરથી કરવા અંતર્ગત જરૂરી કામગીરી આ વિભાગ દ્વારા કરવામાં આવે છે.જેમાં મધ્યઝોનનાં ખાડીયા વોર્ડમાં વેરાઈપાડાની પોળમાં આવેલ હયાત કુવાને રીચાર્જ કરવાનું કામ પુર્ણ કરવામાં આવેલ છે.

(૮) ફુવારાના રીપેર તેમજ રીસ્ટોરેશનની કામગીરીઃ-

અમદાવાદ શહેરમાં વિવિધ જગ્યાએ વર્ષો જુના ઐતિહાસીક ફુવારાઓ આવેલ છે.જેમાં મધ્યઝોનના વિક્ટોરીયા ગાર્ડનમાં આવેલ ઐતિહાસીક ફુવારાને રીપેર તથા રીસ્ટોરેશન કરવાની કામગીરી પુર્ણ કરવામાં આવેલ છે.

(૯) દરવાજાઓની કામગીરીઃ-

અમદાવાદ શહેરમાં આવેલ વર્ષો જુના ઐતિહાસીક મુખ્ય દરવાજાઓનું રીપેરીંગ/રીસ્ટોરેશન કામ એ.એસ.આઈ. મારફતે કરવામાં આવે છે,પરંતુ ખાનપુર દરવાજો એ.એસ.આઈ. હસ્તક ન હોવાથી તેનું રીપેરીંગ કામ અમ.મ્યુનિ.કોર્પો.દ્વારા હાથ ધરવામાં આવેલ છે.જેના રીપેરીંગ/રીસ્ટોરેશનની કામગીરી પુર્ણ કરવામાં આવેલ છે.તદઉપરાંત શહેરના કોટ વિસ્તારમાં ૬૦૦ થી પણ વધુ પોળો આવેલ છે.આ દરેક પોળના દરવાજાઓ કે જે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન હસ્તક હોય તેના રીપેર તેમજ રીસ્ટોરેશનની કામગીરી આ વિભાગ દ્વારા કરવામાં આવે છે.જેમાં ભંડેરી પોળના દરવાજાની કામગીરી પુર્ણ કરવામાં આવેલ છે.

(૧૦) અમદાવાદ વર્લ્ડ હેરીટેજ સીટી અંગેની કામગીરી :-

સને ૨૦૧૦ માં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા "એશિયન વર્લ્ડ હેરીટેજ સીટી" કોન્ફરન્સનું આયોજન કર્યા બાદ હાલના માનનીય વડાપ્રધાન અને તે સમયના ગુજરાત રાજયના માન.મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી ઐતિહાસિક અમદાવાદ શહેરને **UNESCO** ની "વર્લ્ડ હેરીટેજ સીટી"ની યાદીમાં સ્થાન મળે તે માટે પ્રયત્યનો હાથ ધરવામાં આવેલ. આ પ્રક્રિયાના અનુસંધાને તા.૦૨ થી ૧૨ જુલાઈ ૨૦૧૭ દરમ્યાન **Poland** ના **Krakow** ખાતે આયોજીત ૪૧માં વર્લ્ડ હેરીટેજ સેશન દરમ્યાન તા.૦૮.૦૭.૨૦૧૭ ના રોજ ઐતિહાસિક અમદાવાદ શહેરને વર્લ્ડ હેરીટેજ સીટીના લીસ્ટમાં સમાવેશ કરવા ઐતિહાસીક નિર્ણય લેવામાં આવેલ છે. આમ ઐતિહાસિક અમદાવાદને વર્લ્ડ હેરીટેજ સીટીનો દરજ્જો પ્રાપ્ત થતા તે સમગ્ર ભારત દેશમાં વર્લ્ડ હેરીટેજ સીટીનો દરજ્જો પ્રાપ્ત કરનાર પ્રથમ શહેરનું ગૌરવ પ્રાપ્ત કરેલ છે.

વર્ષ ૨૦૦૧ માં કોટ વિસ્તારમાં થયેલ ટેન્ટેટીવ હેરીટેજ લિસ્ટીંગનું પુનરાવલોકન કરી નવું લિસ્ટ ફાઈનલ કરવાનું કામ સેપ્ટ યુનિવર્સીટી દ્વારા પુર્ણ કરી જુન ૨૦૧૬ થી ગેઝેટમાં પ્રસિધ્ધ કરવામાં આવેલ

છે.જેમાં ૨૨૩૬ રહેણાંક મકાનો તેમજ ૪૪૯ ઈન્સ્ટીટયુશનલ મકાનોનો સમાવેશ થયેલ છે.આ ઉપરાંત કોટ વિસ્તાર બહાર આવેલ હેરીટેજ મુલ્ય ધરાવતા ૩૭૬ મકાનોનું લીસ્ટ તૈયાર કરવામાં આવેલ છે.

(૧૧) વર્લ્ડ હેરીટેજ વીક અને વર્લ્ડ હેરીટેજ ડેની ઉજવણી :-

દર વર્ષની જેમ આ વર્ષે પણ વર્લ્ડ હેરીટેજ વીકની ઉજવણી તા.૧૯ નવેમ્બર થી ૨૫ નવેમ્બર અને વર્લ્ડ હેરીટેજ ડે ની ઉજવણી તા.૧૮ એપ્રિલ દરમ્યાન જુદા જુદા કાર્યક્રમોથી કરવામાં આવેલ છે.

(૧૨) ગોરધનદાસ દલસુખરામ ચોક્સી મ્યુ. ગુજરાતી શાળાની કામગીરીઃ-

ખાડીયા સાંકડી શેરી લાખા પટેલની પોળમાં આવેલ ગોરધનદાસ દલસુખરામ ચોક્સી મ્યુ. ગુજરાતી શાળાને રીસ્ટોરેશન કરવાનું કામ પુર્ણ કરવામાં આવેલ છે.

(૧૩) હેરીટેજ પ્રદર્શનઃ-

અમદાવાદ શહેરમાં નવા પશ્ચિમ ઝોન વિસ્તારમાં બોડકદેવ ખાતે આવેલ પંડિત દિનદયાલ ઓડીટોરીયમમાં એક કાયમી ધોરણે ઐતિહાસીક શહેર અંગેની હેરીટેજ પ્રદર્શની જાહેર જનતા માટે ખુલ્લી મુકવામાં આવેલ છે.

(૧૪)હેરીટેજ થીમ આધારિત કાર્યક્રમઃ-

અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશન દ્વારા હેરીટેજ થીમ આધારિત કાંકરીયા કાર્નિવલ કાર્યક્રમ ઉજવવામાં આવેલ.જેમાં વિવિધ વિષયો ઉપર લેક્ચર સિરીઝનું આયોજન કરવામાં આવેલ.તેમજ સાબરમતી રીવરફ્રન્ટ ખાતે ઉજવવામાં આવેલ ફલાવર શોમાં હેરીટેજ આધારિત સ્ટોલ રાખી વિવિધ સોવિનીયર જેવા કે ચા/કોફી મગ,ટોપી,ટી-શર્ટ,કીચેઇન તથા બેઝ વગેરે પણ હેરીટેજની જાગૃતિ અર્થે તૈયાર કરી વિતરણ કરવામાં આવેલ છે.

(૧૫)અમદાવાદ વર્લ્ડ હેરીટેજ સીટી ટ્રસ્ટઃ-

અમદાવાદ શહેરને વર્લ્ડ હેરીટેજ સીટીનો દરજ્જો મળતાં હેરીટેજના યોગ્ય જતન અને જાળવણી અંગે અલાયદી વ્યવસ્થા **(SPV)** ના ભાગરૂપે અ.મ્યુ.કોર્પો.દ્વારા 'અમદાવાદ વર્લ્ડ હેરીટેજ સીટી ટ્રસ્ટ'નું ગઠન કરવામાં આવેલ છે.જેથી હેરીટેજને લગતી અસરકારક અને ઝડપી કામગીરી થઇ શકે.અમદાવાદ શહેરને મળેલ વર્લ્ડ હેરીટેજ સીટીનો દરજ્જો જાળવવા માટે યુનેસ્કોની ગાઇડલાઇન મુજબ એક વર્લ્ડ સેક્રેટરીએટર્સ ઉભું કરવાનું અને તેને લગતા હયુમન રીસોર્સ અને હેરીટેજ કન્ઝર્વેશન માટે કોર ફન્ડીંગ અંગેની જોગવાઇની પણ જરૂરીયાત રહેશે.

૩.૧ - એસ્ટેટ વિભાગ - મધ્યસ્થ કચેરી:

વાર્ષિક વહીવટી અહેવાલ

સને : ૨૦૧૭ - ૨૦૧૮

અ મ્યુનિ કોર્પોરેશનની માલીકીની જમીનોની ફાળવણી, જાહેર ખબરને લગતું સંકલન, અ. મ્યુનિ. કોર્પોરેશનની જગ્યામાં ખાનગી ટેલીકોમ કંપનીઓને ઓ.એફ.સી.કેબલ તેમજટાવર/ પોલ સ્ટ્રક્ચર ઉભાં કરવા માટેની જગ્યાઓની ફાળવણી, મ્યુનિસિપલ હદ પ્રમાણિત કરવી,રોડ લાઇન (ઝોન દ્વારા નિર્ણિત) મૂકવી-બદલવી-રદ્દ કરવી, રસ્તાઓ –ચોક –અંડરપાસ ઓવર-બ્રીજને અપાયેલ નામ અંગેનો રેકર્ડ રાખવો તથા જુદા જુદા હેતુ માટે જમીનો સંપાદન કરવી, ધ સ્ટ્રીટ વેન્ડર્સ (પ્રોટેકશન ઓફ લાઇવસી હુડ એન્ડ રેગ્યુલેશન ઓફ સ્ટ્રીટ વેન્ડીંગ) એકટ ૨૦૧૪ અંતર્ગત શેરી ફેરીયાઓ અંગેની નીતિ વિષયક કામગીરી એસ્ટેટ મધ્યસ્થ કચેરીએથી કરવામાં આવે છે. આ ઉપરાંત વિવિધ મુદ્દે નીતિ વિષયક કામગીરી, તથા ઝોનની કામગીરીનું સંકલન તથા કેન્દ્રીય વહીવટીય કામગીરી અત્રેથી હાથ ધરવામાં આવે છે. મા.મુખ્યમંત્રી આવાસ યોજના હેઠળના તથા સહિતના આવાસો અંગેની લાભાર્થી વિષયક તમામ કામગીરી અલાયદા 'હાઉસીંગ સેલ' દ્વારા હાથ ધરવામાં આવેલ છે.

વિવિધ પ્રકારના મ્યુનિસિપલ હોલ, પીકનીક હાઉસ, પાર્ટી પ્લોટ, ઓડીટોરીયમ અંગેની વહીવટીય કામગીરી ઝોનલ વહીવટ વિભાગેથી તથા તેના રખ-રખાવ અંગેની વિવિધ પ્રકાર-ના મ્યુનિસિપલ માલીકીની રેન્ટેડ મિલ્કતોના સંચાલન અંગેની, તથા અ.મ્યુ. કોર્પોરેશનના પ્લોટો વિવિધ હેતુ/ ઉપયોગો માટે હંગામી ધોરણે વાપરવા અંગેની કામગીરી વિકેન્દ્રિતરૂપે સંબંધિત ઝોનના એસ્ટેટ વિભાગેથી થાય છે.

દબાણ સંકલન વિભાગ તથા પ્રોપર્ટી સર્વે વિભાગ

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન હસ્તકની જગ્યા વાર્ષિક ભાડું લઇને ફાળવવા અંગેની નીતિ વિષયક બાબતો અંગે આ વિભાગ દ્વારા કાર્યવાહી હાથ ધરવામાં આવે છે. અમદાવાદ મહાનગર પાલીકા વિસ્તારમાં આવેલ શેરી ફેરીયાઓ માટે ધ સ્ટ્રીટ વેન્ડર્સ (પ્રોટેકશન ઓફ લાઇવલીહૂડ એન્ડ રેગ્યુલેશન ઓફ સ્ટ્રીટ વેન્ડીગ) એકટ -૨૦૧૪ અંતર્ગત અમલીકરણ અંગેની નીતિ વિષયક બાબતો, પે એન્ડ પાર્ક માટે પાર્કિંગ અંગેની નીતિ વિષયક બાબતો, પ્લાસ્ટીક વેસ્ટ રીસાયકલ કરવા અંગેના મશીનો મુકવા અંગેની નીતિ વિષયક બાબતો અંગેની કાર્યવાહી આ વિભાગ અંતગર્ત થાય છે.

મ્યુનિસિપલ કોર્પોરેશનને પ્રાપ્ત થયેલ રીઝર્વ પ્લોટોનાં જમીન મહેસૂલ ભરવાની કાર્યવાહી, અ.મ્યુ.કોપોરેશનના પ્લોટના ૭/૧૨ માં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનનું નામ દાખલ કરવા તથા મ્યુનિસિપલ કોર્પોરેશનના વિવિધ વિભાગોને જાહેર હેતુ માટે સરકારી જમીનની જરૂરીયાત હોય તો તેવી સરકારી જમીનો મેળવવાની કાર્યવાહી પ્રોપર્ટી સર્વે વિભાગ દ્વારા કરવામાં આવે છે. મ્યુનિસિપલ કોર્પોરેશનની નવી હદના વિસ્તારોમાં આવતા વિવિધ રસ્તાઓના કબજા જે તે સરકારી વિભાગો પાસેથી મેળવવાની નીતિ વિષયક બાબતો અંગે આ વિભાગેથી કાર્યવાહી હાથ ધરવામાં આવે છે.

આમ, દબાણ સંકલન વિભાગ તથા પ્રોપર્ટી સર્વે વિભાગનો વાર્ષિક વહીવટી અહેવાલ ઉકત વિગતોથી થાય છે. જે ધ્યાને લેવા વિનંતી છે.

પબ્લિક હોલ વિભાગઃ-

એસ્ટેટ પબ્લીક હોલ વિભાગ દ્વારા ૩૧-કોમ્યુનીટી હોલ, ૧-પીકનીક હાઉસ, ૨૨- પાર્ટી-પ્લોટ, ૧ સરદાર પટેલ સ્ટેડીયમ, ૫ ઓડીટોરીયમ/મેમો.હોલ, તથા ૨,ઓપન એર થિયેટર,૧, આર્ટ ગેલેરી મળી કુલ-૬૩ જગ્યાઓની વહીવટી કામગીરી અત્રેનાં વિભાગેથી થાય છે. સદર તમામ જગ્યાઓનું બુકીંગ છ માસ અગાઉ સીટી સિવિક સેન્ટર ઉપરથી નિયત કરેલ ભાડાની રકમ લઇ ઓનલાઇન બુકીંગ કરવામાં આવે છે. કોમ્યુનીટી હોલ, પીકનીક હાઉસ, પાર્ટી-પ્લોટ વગેરે જગ્યાઓનો ડ્રો છ માસ અગાઉ નિયત કરેલ તારીખે સર્વર રૂમમાંથી કરવામાં આવે છે. થયેલ બુકિંગ માટે પાર્ટીઓને હોલ વાપરવાની પરમીશન આપવાની કાર્યવાહી જે-તે ઝોન હસ્તક વિભાગથી કરવાની હોય છે.

૧. સ્પેશીયલ કેશ તરીકે હોલની માંગણી અંગે કામ સ્ટે.કમિટીમાં મંજુર થયા બાદ ઓન લાઇન રજીસ્ટ્રેશન કરી જે તે કાઉન્સીલરોને જાણ કરેલ છે. તેમજ સરદાર પટેલ સ્ટેડિયમ ધાર્મિક સંસ્થાઓ માટે તથા બહારની ટર્ફ વિકેટ સંસ્થા દ્વારા સ્ટે.કમિટીમાં સીધી દરખાસ્ત થી માંગણી આવે તો ઠરાવ અનુસાર મંજુરી લઇ આદેશાનુસાર નાણાં સ્વીકારવાનું કામ કરેલ છે. તેમજ જે હોલ/પાર્ટી-પ્લોટ/પીકનીક હાઉસમાં મંડપ ડેકોરેશન કોન્ટ્રાક્ટ પૂર્ણ થયેલ હોય તેને ઝોન વિભાગમાં વહીવટી કાર્યવાહી અર્થે જે-તે ઝોનનાં આસી.મેનેજર(વહીવટ)શ્રીને સુપ્રત કરેલ છે.

૨. વર્ષ દરમ્યાન ૨૦૧૭-૨૦૧૮ દરમ્યાન કરેલ કામગીરી અન્વયે નીચે મુજબ આવક થયેલ છે.

અ.નં.	જગ્યાનું નામ	કુલ રકમ રૂા.
૧.	કોમ્યુનીટી હોલ ભાડાની આવક	૧૨૫૧૬૩૫૭/-
૨.	સરદાર પટેલ સ્ટેડીયમ ભાડાની આવક	૨૦૯૬૭૫૦/-
૩.	શેઠ મંગળદાસ ટાઉન હોલ	૩૫૬૦૬૭/-
૪.	રવિન્દ્રનાથ ટાગોર મેમોરીયલ હોલ	૮૪૬૮૦૫૨/-
કુલ રૂા.		૨૩૪૩૭૨૨૬/-

સને ૨૦૧૭-૨૦૧૮ ના વર્ષમાં પબ્લીક હોલ વિભાગની કામગીરી નીચે મુજબ છે.

A. એસ્ટેટ પબ્લીક હોલ વિભાગે થી બુકીંગ થતાં કોમ્યુ.હોલ, પાર્ટી – પ્લોટ, પીકનીક હાઉસ, ઓપન એર થિયટેર,મેમો.ની યાદી, સરનામું તથા ભાડા / ડીપોઝીટની વિગત

મ્યુનિ.કોમ્યુનીટી હોલ અંગેની વિગતઃ-

અ. નં.	મ્યુનિ.કોમ્યુ.હોલનાં નામ પૂરેપૂરું સરનામું સરનામુ	ભાડુ	વહીવટી/સફાઇ ચાર્જ	ડીપોઝીટ	કોન્ટ્રાકટ આપેલ છે કે કેમ? (હા/ના) જો 'હા' હોય તો સમયાવધિ
૧.	શ્રી લાલાકાકા કોમ્યુ.હોલ / શાહપુર દરવાજા બહાર	------	------	-----	(રીનોવેશન)
૨.	શ્રી ખંડુભાઇ દેસાઇ કોમ્યુ.હોલ/ પ્રભુનગર,સ્નાનાગર પાસે,અસારવા	૪૦૦૦ એ ૪૦૦૦ બી ૮૦૦૦ એ+બી	૨૦૦૦ ૨૦૦૦ ૪૦૦૦	૪૦૦૦ ૪૦૦૦ ૮૦૦૦	ના
૩.	શ્રી ઇન્દુલાલ યાજ્ઞિક કોમ્યુ.હોલ/ ભીડભંજન હનુમાન,બાપુનગર	૮૦૦૦	૪૦૦૦	૮૦૦૦	ના
૪.	શ્રી નરોત્તમ ઝવેરી કોમ્યુ.હોલ/ મ્યુઝિયમની બાજુ,પાલડી	૧૦૦૦૦	૫૦૦૦	૧૦૦૦૦	ના
૫.	શ્રી વિરભગતસિંહ કોમ્યુ.હોલ / ઉષા ટોકીઝની સામે,ગોમતીપુર	-------	-------	-------	(રીનોવેશન)
૬.	શ્રી લીલાધર ભટ કોમ્યુ.હોલ / પોસ્ટ ઓફિસની બાજુમાં,બહેરામપુરા	૨૪૦૦	૧૨૦૦	૨૪૦૦	ના
૭.	શ્રી વસંત રજજબ કોમ્યુ.હોલ / જમાલપુર પગથિયા ઉપર,જમાલપુર	૪૦૦૦	૨૦૦૦	૪૦૦૦	ના
૮.	શ્રી બળવંતરાય ઠાકોર કોમ્યુ.હોલ / અપ્સરા ટોકીઝની સામે,પુષ્પકુંજ કાંકરીયા	૧૨૦૦૦	૬૦૦૦	૧૨૦૦૦	ના
૯.	શ્રી વાસુદેવ ત્રિપાઠી કોમ્યુ.હોલ/ હલીમ ની ખડકી,શાહપુર	૭૫૦૦	૩૭૫૦	૭૫૦૦	ના
૧૦.	શ્રી ડી.કે.પટેલ કોમ્યુ.હોલ / નવરંગ સ્કુલની સામે,નારણપુરા	-------	-------	------	(રીનોવેશન)
૧૧.	શ્રી રૂક્ષ્મણીબેન ભાવસાર કો હોલ/ જૈન દિગમ્બર દેરાસરની બાજુમાં સાબરમતી	૬૪૦૦ એ ૮૦૦૦ એ+બી	૩૨૦૦ ૪૦૦૦	૬૪૦૦ ૮૦૦૦	ના
૧૨.	શ્રીપંડિત દિન-દયાલ ઉપાધ્યાય હોલ આઈ.ઓ.સી. ક્રોસીંગ પાસે,કાળીગામ	૩૨૦૦	૧૬૦૦	૩૨૦૦	ના
૧૩.	નરોડા મુઠીયા કોમ્યુનીટી હોલ ગણપતિજીના મંદિરની સામે,નરોડા	૬૪૦૦ એ ૬૪૦૦ બી ૧૨૦૦૦ એ+બી	૩૨૦૦ ૩૨૦૦ ૬૦૦૦	૬૪૦૦ ૬૪૦૦ ૧૨૦૦૦	ના
૧૪.	કુશાભાઉ ઠાકરે કોમ્યુનીટી હોલ/ સિંધવાઈ માતાના મંદિરની બાજુમાં,બાગેફીરદોશ	૬૪૦૦	૩૨૦૦	૬૪૦૦	ના
૧૫.	ભુદરપુરા કોમ્યુ.હોલ ભુદરપુરા ગામ,ભુદરપુરા	૪૦૦૦	૨૦૦૦	૪૦૦૦	ના

૧૬.	શ્રી શ્યામપ્રસાદ વસાવડા કોમ્યુ.હોલ/ રૂક્ષ્મણિબેન ભાવસાર હોસ્પિટલની સામે,ખોખરા	૧૫૦૦૦ એ ૨૦૦૦૦ બી ૩૦૦૦૦ એ+બી	૧૦૦૦	૧૫૦૦૦ ૨૦૦૦૦ ૩૦૦૦૦	ના
૧૭.	ભાઈપુરા કોમ્યુ. હોલ/ સેન્ટર અગ્રવાલ ચેમ્બરની બાજુમાં,ભાઈપુરા	૨૪૦૦	૧૨૦૦	૨૪૦૦	ના
૧૮.	શ્રી ડૉ.ઓચ્છવલાલ તલાટી હોલ/ ભૂતની આંબલી, રાયપુર	૪૦૦૦	૨૦૦૦	૪૦૦૦	રીનોવેશન
૧૯.	દરિયાપુર કોમ્યુ.હોલ/ દરિયાપુર દરવાજા બહાર	૨૪૦૦	૧૨૦૦	૨૪૦૦	ના
૨૦.	સ્વ.મંગળદાસ એસ.પટેલ મ્યુ.કોમ્યુ.હોલ/ અમર જયોત સ્કુલની બાજુમાં,મેઘાણીનગર	૪૦૦૦	૨૦૦૦	૪૦૦૦	ના
૨૧.	શ્રી લાખાજી કુંવરજી કોમ્યુ.હોલ/ નમસ્તે સર્કલ,બારડોલપુરા	૩૦૦૦ એ ૩૦૦૦ બી ૫૦૦૦ એ+બી	૧૫૦૦ ૧૫૦૦ ૨૫૦૦	૩૦૦૦ ૩૦૦૦ ૫૦૦૦	ના
૨૨.	સરદાર નગર કોમ્યુનીટી હોલ/ મ્યુનિ.સિવિક સેન્ટરની બાજુમાં,સરદારનગર	૪૮૦૦	-----	૪૮૦૦	ના
૨૩.	ડૉ.બાબાસાહેબ આંબેડકર કોમ્યુ.હોલ/ વૈકુંઠધામ મંદિરની સામે,દાણીલીમડા	૩૨૦૦ એ ૪૮૦૦ બી ૮૦૦૦ એ+બી	૧૦૦૦	૩૨૦૦ ૪૮૦૦ ૮૦૦૦	ના
૨૪.	વાસણા કોમ્યુ.હોલ/ રત્નમ ફ્લેટની સામે,વાસણા	૧૫૦૦૦ એ ૧૫૦૦૦ બી ૨૫૦૦૦ એ+બી	૭૫૦૦ ૭૫૦૦ ૧૨૫૦૦	૨૦૦૦૦ ૨૦૦૦૦ ૨૦૦૦૦	ના
૨૫.	સ્વ.ભાસ્કરરાય પંડયા કોમ્યુ.હોલ/ સંદેશ પ્રેસ રોડ,બોડકદેવ	૨૫,૦૦૦ એ ૨૫,૦૦૦ બી ૩૫૦૦૦ એ+બી ૫,૦૦૦/ ટેરેસ	૧૦૦૦	૨૫૦૦૦ ૨૫૦૦૦ ૩૫૦૦૦ ૫,૦૦૦	ના
૨૬.	વાડજ કોમ્યુ.હોલ (એ+બી)/ ગણેશ કોલેજ પાસે, નવા વાડજ	૧૦૦૦૦	૧૦૦૦	૧૦૦૦૦	ના
૨૭.	સ્વામી વિવેકાનંદ સાંસ્કૃતિક હોલ/ રામોલ - હાથીજણ છેલ્લા બસ સ્ટેન્ડ પાસે,	૪૫૦૦	૧૦૦૦	૪૫૦૦	ના
૨૮.	સ્વ.નંદલાલ વાધવા કોમ્યુ. સેન્ટર/ ઈન્ડિયા કોલોની,ઠક્કરબાપાનગર	૮૦૦૦	૧૦૦૦	૮૦૦૦	ના
૨૯.	લાલાજીભાઈ પરમાર કોમ્યુ. શોલ/ એસ.ટી.વર્કશોપની બાજુમાં,બહેરામપુરા	૮૦૦૦ એ ૫૦૦૦ બી ૧૨૦૦૦એ+બી	૧૦૦૦	૮૦૦૦ ૫૦૦૦ ૧૨૦૦૦	ના
૩૦.	સૈજપુર કોમ્યુનિટી સેન્ટર/ ભિક્ષુક ગૃહ સામે કુબેરનગર	૩૦૦૦ એ ૨૦૦૦ બી ૫૦૦૦ એ+બી	૧૦૦૦	૩૦૦૦ ૨૦૦૦ ૫૦૦૦	ના
૩૧.	રાણીપ કોમ્યુનિટિ હોલ/ ગાયત્રી મંદિરનીસામે,રાણીપ	૨૫૦૦૦	૧૦૦૦	૨૫૦૦૦	ના

B. મ્યુનિ. પાર્ટી-પ્લોટ અંગેની વિગત :-

અ. નં	મ્યુનિ.પાર્ટી-પ્લોટ નાં નામ/ સરનામુ	ભાડુ	વહીવટી/ સફાઇ ચાર્જ	ડીપોઝીટ	કોન્ટ્રાકટ આપેલ છે કે કેમ? (હા/ના) જો 'હા' હોય તો સમયાવધિ
૧.	સ્વ.લાયનશરદ મહેતા ગાર્ડન પાર્ટીપ્લોટ/ જી.એમ.ડી.સી.ગ્રાઉન્ડની સામે,મેમનગર	૪૦૦૦	૨૦૦૦	૪૦૦૦	ના
૨.	સ્વ.ભવાનસિંહ બાપુ પાર્ટી-પ્લોટ/ શાહપુર દરવાજા બહાર	૪૦૦૦	૨૦૦૦	૪૦૦૦	ના
૩.	સ્વ.પ્રહલાદજી બુધ્ધસિંહ પાર્ટી-પ્લોટ/ સંજય ચોક,અમરાઇવાડી	૩૨૦૦	૧૬૦૦	૩૨૦૦	ના
૪.	સાબરમતી બેંક પાર્ટી-પ્લોટ/ જૈન દિગમ્બર દેરાસરની બાજુમાં,સાબરમતી	૬૪૦૦	૩૨૦૦	૬૪૦૦	ના
૫.	સ્વ.વિઠલદાસ એસ.પટેલ પાર્ટી-પ્લોટ/ અમર જયોત સ્કુલની બાજુમાં,મેઘાણીનગર	૪૦૦૦	૨૦૦૦	૪૦૦૦	ના
૬.	એચ.એલ.પટેલ પાર્ટી-પ્લોટ/ લોટસ હાઈસ્કુલની બાજુમાં,ઇસનપુર	૮૦૦૦	૪૦૦૦	૮૦૦૦	ના
૭.	પાર્થ પાર્ટી પ્લોટ/ ગંગામૈયા સોસા.ની બાજુમાં,ખોખરા	૪૦૦૦	૨૦૦૦	૪૦૦૦	ના
૮.	ઔડા ગાર્ડન પાર્ટી-પ્લોટ ઓફ એસ.જી.હાઈવે,બોડકદેવ ૧. ધાર્મિક, જાહેરસભા, એન.જી.ઓ, ચેરીટેબલ ટ્રસ્ટ, બિનનફાકીય હેતુ માટે તેમજ સરકારી અને અર્ધસરકારી સંસ્થાઓ, બિનધંધાકીય હેતુ માટે ૨. રીસેપ્શન, લગ્ન, રાસ-ગરબા, પ્રદર્શન, વેચાણ, એમ્યુઝમેન્ટપાર્ક, ખાનગી શૈક્ષણિક સંસ્થાઓ, તેમજ અન્ય ધંધાકીય હેતુનાં ઉપયોગ માટે	૧૫૦૦૦ ૩૦૦૦૦	૧૦૦૦	૧૫૦૦૦ ૩૦૦૦૦	ના
૯.	સંત કર્મવીર હવસીદેગામા પાર્ટી-પ્લોટ/ સૈજપુર બોઘા	--------	----------	-------	
૧૦.	મ્યુનિ.પાર્ટી-પ્લોટ (અબુર્દાનગર)ક્રિષ્ના પાર્ટી પ્સોટ/ સિવિક સેન્ટરની સામે, અર્બુદાનગર	૫૦૦૦	૧૦૦૦	૫૦૦૦	ના
૧૧.	ગિરધર નગર પાર્ટી-પ્લોટ/ ગિરધરનગર બ્રીજ નીચે,ગિરધરનગર	૮૦૦૦	૪૦૦૦	૮૦૦૦	ના
૧૨.	વાડજ પાર્ટી - પ્લોટ/ નવા વાડજ (ગણેશ કોલેજ પાસે)	૭૫૦૦	૧૦૦૦	૭૫૦૦	ના
૧૩.	સ્વામી વિવેકાનંદ પાર્ટી-પ્લોટ/ રામોલ - હાથીજણ	૩૦૦૦	૧૦૦૦	૩૦૦૦	ના
૧૪.	નરોડા પાર્ટી-પ્લોટ/ ઉમા સ્કુલની બાજુમાં નરોડા	૧૦૦૦૦	૧૦૦૦	૧૦૦૦૦	ના
૧૫.	સ્વ.અમૃતભાઇ મગનલાલ પટેલ પાર્ટી-પ્લોટ/ સરસપુર સ્નાનાગાર પાસે	૮૦૦૦	૧૦૦૦	૮૦૦૦	ના
૧૬.	પુનીતનગર પાર્ટી-પ્લોટ/ પુનીતનગર ક્રોસીંગ પાસે,પુનીતનગર	૧૦૦૦૦	----------	૧૦૦૦૦	હા, તા. ૨૭/૦૧/૧૯ સુધી
૧૭.	વાસણા પાર્ટી-પ્લોટ/ જે.બી.શાહ કોલેજની બાજુમાં,વાસણા	૧૫૦૦૦	૧૦૦૦	૧૫૦૦૦	ના
૧૮	શહીદ વિર મંગલપાંડે પાર્ટી-પ્લોટ/ જીવનવાડી સર્કલની બાજુમાં,નિકોલ	૬૦૦૦	૩૦૦૦	૬૦૦૦	ના
૧૯.	કાળીગામ કલ્ચરલ સેન્ટર/ વલ્લભ પાર્ક પાસે,કાળીગામ	૨૫૦૦	૧૦૦૦	૨૫૦૦	ના
૨૦.	શ્યામપ્રસાદ વસાવડા પાર્ટી પ્લોટ/ રૂક્ષ્મણિબેન ભાવસાર હોસ્પિટલની સામે,ખોખરા	૧૦૦૦૦	૧૦૦૦	૧૦૦૦૦	ના

૨૧	વસ્ત્રાલ પાર્ટી-પ્લોટ/ માધવ સ્કુલપાસે,વસ્ત્રાલ	૧૦૦૦૦	૧૦૦૦	૧૦૦૦૦	ના
૨૨.	શ્રમિક પાર્ટી પ્લોટ/અમરાઈવાડી	૧૦૦૦૦	૧૦૦૦	૧૦૦૦૦	ના

C. મ્યુનિ. પીકનીક હાઉસ અંગેની વિગત :-

અ નં	મ્યુનિ.પીકનીક હાઉસ નાં નામ સરનામુ	ભાડુ	વહીવટી ચાર્જ	ડીપોઝીટ	કોન્ટ્રાકટ આપેલ છે કે કેમ? (હા/ના) જો 'હા' હોય તો સમયાવધિ
૧.	શ્રી જયેન્દ્ર પંડિત કાંકરીયા પીકનીક હાઉસ નગીનાવાડી,કાંકરીયા	૧૦૦૦૦ એ.સી હોલ પાર્ટી પ્લોટ ૨૦૦૦૦ એ.સી. હોલ + પાર્ટી-પ્લોટ	૫૦૦૦ ૧૦૦૦૦	૧૦૦૦૦ ૨૦૦૦૦	ના

A પૈકી અનુ.નં.૧૫,૧૬,૨૪ અને ૨૫ માટે તથા B પૈકી અનુ.નં.૮ માટે અને C માટે શ્રી અખંડ ભારત સેનેટરી માર્ટ. (મો.નં.૯૩૭૪૦૧૪૦૬૧)ને સાફ-સફાઈ, મેઈનટેનન્સ ,સુરક્ષા અને નિભાવની કામગીરી અંગેનો કોન્ટ્રાકટ આપવામાં આવેલ છે.

D. મ્યુનિ. મેમોરીયલ હોલ અંગેની વિગત :-

શીફટનો સમય પ્રથમ શીફટ સવારે ૮ થી ૧, બીજી શીફટ બપોરે ૨ થી ૭, ત્રીજી શીફટ રાત્રે ૮ થી

અ. નં.	મ્યુનિ.મેમોરીયલ હોલ નું નામ,સરનામું સરનામુ	ભાડુ	વહીવટી/સફાઈચાર્જ	ડીપોઝીટ	કોન્ટ્રાકટ આપેલ છે કે કેમ? (હા/ના) જો 'હા' હોય તો સમયાવધિ
૧.	કુશાભાઉ ઠાકરે ઓડીટોરીયમ હોલ સીટની સંખ્યા ૪૧૪ **સિંધવાઈ માતાના મંદિર પાસે,સી.ટી.એમ.**	૩૦૦૦ ૩૫૦૦ ૪૦૦૦	૧૫૦૦ ૧૭૫૦ ૨૦૦૦	૮૦૦૦ ૯૦૦૦ ૧૦૦૦૦	ના
૨.	શહીદ વિર મંગલપાંડે ઓડીટોરીયમ હોલ (સીટની સંખ્યા ૭૨૯) **જીવનાવાડી સર્કલની બાજુમાં,નિકોલ**	સોમ થી ગુરૂ ૫૦૦૦ ૬૦૦૦ ૭૦૦૦	 ૨૫૦૦ ૩૦૦૦ ૩૫૦૦	 ૧૫૦૦૦ ૧૫૦૦૦ ૧૫૦૦૦	ના

			શુક્ર, શનિ, રવિ			
			૬૦૦૦ ૭૦૦૦ ૮૦૦૦	૩૦૦૦ ૩૫૦૦ ૪૦૦૦	૨૦૦૦૦ ૨૦૦૦૦ ૨૦૦૦૦	
૩.	**ડૉ.બાબાસાહેબ આંબેડકર મેમો. હોલ**(સીટની સંખ્યા ૪૬૦)**સરસપુર સ્નાનાગાર પાસે,** પ્રથમ, બીજી અને ત્રીજી શીફ્ટ		૩૦૦૦ ૫૦૦૦	૧૫૦૦ ૨૫૦૦	૩૦૦૦ ૫૦૦૦	રીનોવેશન
	હોલ નું કંમ્પાઉન્ડ (લગ્ન માટે)		૨૦૦૦	૧૦૦૦	૨૦૦૦	
	નવા બંધાયેલ ઓપન પેવેલિયન સાથે કંમ્પાઉન્ડ		૫૦૦૦	૨૫૦૦	૫૦૦૦	
	ફકત ઓપન પેવેલિયન (ઈનામી સમારંભ, ભજન, વ્યાખ્યાન,અને ગૃપ મીટીંગ)		૨૦૦૦	૧૦૦૦	૨૦૦૦	
૪.	સ્વ.રવીન્દ્રનાથ ટાગોર મેમો. હોલ (સીટની સંખ્યા ૬૬૯) **કોચરબ,પાલડી**					ના
		પ્રથમ પાળી, સોમથી ગુરૂ શુક્ર થી રવિ	૫૦૦૦ ૬૦૦૦	-------	૧૫૦૦૦ ૨૦૦૦૦	
		બીજી પાળી, સોમથી ગુરૂ શુક્ર થી રવિ	૬૦૦૦ ૭૦૦૦	-------	૧૫૦૦૦ ૨૦૦૦૦	
		ત્રીજી પાળી, સોમથી ગુરૂ શુક્ર થી રવિ	૭૦૦૦ ૮૦૦૦	--------	૧૫૦૦૦ ૨૦૦૦૦	
૫.	શેઠ મંગળદાસ ગિરધરદાસ ટાઉન હોલ (સીટની સંખ્યા ૬૬૯)**એલીસબ્રીજ**					ના
		પ્રથમ પાળી, સોમ થી ગુરૂ શુક્ર થી રવિ	૬૦૦૦ ૭૦૦૦	-------	૧૫૦૦૦ ૨૦૦૦૦	
		બીજી પાળી, સોમ થી ગુરૂ શુક્ર થી રવિ	૭૦૦૦ ૮૦૦૦	-------	૧૫૦૦૦ ૨૦૦૦૦	
		ત્રીજી પાળી, સોમ થી ગુરૂ શુક્ર થી રવિ	૮૦૦૦ ૯૦૦૦	--------	૧૫૦૦૦ ૨૦૦૦૦	
	----	----	---	---	---	---
૬.	પંડિત દીનદયાલ ઉપાધ્યાય ઓડિટોરીયમ (સીટની સંખ્યા-૧૦૫૩) **રાજપથ કલબની પાછળ, બોડકદેવ** (લાઈટ,માઈક,એરકન્ડીશન સહિત)					ના
		પ્રથમ પાળી, સોમ થી શુક્ર શનિ,રવિ	૨૦,૦૦૦ ૨૫,૦૦૦	-------	૫૦,૦૦૦	
		બીજી પાળી, સોમ થી શુક્ર શનિ,રવિ	૨૫,૦૦૦ ૩૦,૦૦૦	--------	૫૦,૦૦૦	

		ત્રીજી પાળી, સોમ થી શુક્ર શનિ,રવિ	૩૦,૦૦૦ ૩૫,૦૦૦	--------	૫૦,૦૦૦	
બેન્કવેટહોલ/કોન્ફરન્સ હોલ-૧. ૯૮૧ ચો.મી.-૩૮૨ વ્યકિતઓ		પ્રથમ પાળી સોમથી રવિ	૨૦,૦૦૦	-------	૫૦,૦૦૦	
		બીજી પાળી સોમથી રવિ	૨૫,૦૦૦	-------	૫૦,૦૦૦	
બેન્કવેટહોલ/કોન્ફરન્સ હોલ-૨. ૩૫૪ ચો.મી.-૧૯૦ વ્યકિતઓ		પ્રથમ પાળી સોમથી રવિ	૧૦,૦૦૦	-------	૨૫,૦૦૦	
		બીજી પાળી સોમથી રવિ	૧૨,૫૦૦	-------	૨૫,૦૦૦	
બેન્કવેટહોલ/કોન્ફરન્સ હોલ-૧ અને ૨ ૧૩૩૫ ચો.મી.-૫૭૨વ્યકિતઓ		પ્રથમ પાળી સોમથી રવિ	૨૫,૦૦૦	-------	૫૦,૦૦૦	
		બીજી પાળી સોમથી રવિ	૩૦,૦૦૦	-------	૫૦,૦૦૦	
ડાઈનીંગ હોલ/કોન્ફરન્સ હોલ		સવારે ૮થી રાત્રીના ૧૦ સુધી	૪૦,૦૦૦	-------	૫૦,૦૦૦	
એકઝીબીશન હોલ		સવારે ૮થી રાત્રીના ૧૦ સુધી	૨૫,૦૦૦	-------	૫૦,૦૦૦	

E. મ્યુનિ. ઓપન એર થિયેટર અંગેની વિગત :-

અ નં	ઓપન એર થિયેટર નું નામ સરનામુ	ભાડુ	વહીવટી/ સફાઇ ચાર્જ	ડીપોઝીટ	કોન્ટ્રાકટ આપેલ છે કે કેમ? (હા/ના) જો 'હા' હોય તો સમયાવધિ
૧.	સાંઇ ઝુલેલાલ ઓપન એર થિયેટર, નગીનાવાડી,કાંકરીયા	૮૦૦૦	૪૦૦૦	૮૦૦૦	ના
૨.	સ્વરકાર શ્રી ક્ષેમુ દિવેટીયા એમ્ફી થિયેટર વસ્ત્રાપુર વસ્ત્રાપુર તળાવ પાસે.	૧૦૦૦૦	૫૦૦૦	૧૦૦૦૦	ના
	૧.ધાર્મિક,જાહેર સભા, એન.જી.ઓ, ચેરીટેબલ ટ્રસ્ટ, બિન નફાકીય હેતુ માટે તેમજ સરકારી અને અર્ધસરકારી સંસ્થાઓ, બિનધંધાકીય	૧૫૦૦૦	૭૫૦૦	૧૫૦૦૦	

	હેતુમાટે ૨.રીસેપ્શન, લગ્ન, રાસ-ગરબા, પ્રદર્શન, વેચાણ, એમ્યુઝમેન્ટપાર્ક, ખાનગી શૈક્ષણિક સંસ્થાઓ, તેમજ અન્ય ધંધાકીય હેતુનાં ઉપયોગ માટે				

F. સરદાર પટેલ સ્ટેડીયમઃ-

		વપરાશ	બિન ધંધાકિય	ધંધાકિય	બિન ધંધાકિય	ધંધાકિય
૧.	સરદાર પટેલ સ્ટેડીયમ (મેચ માટે) દૈનિક (બહારની સિમેન્ટ પ્રેકટીસ ની વિકેટ)	પ્રતિદિન	૭૦૦૦ દૈનિક	૧૦૦૦૦	૭૦૦૦ દૈનિક	૧૦૦૦૦
	(ટર્ફ પ્રેકટીસ વિકેટ)	માસીક	૪૦૦૦ માસિક	૬૦૦૦	૪૦૦૦ માસિક	૬૦૦૦
		માસીક	૬૫૦૦ માસિક	૮૦૦૦	૬૫૦૦ માસિક	૮૦૦૦

જાહેરખબર

2017-18 INCOME STATEMENT AS PER STATEMENT GIVEN BY ADVISION

ડૉ. શૈલેન્દ્ર સિંઘ	આસિ. પ્રો.(પ્રે.ડૉ.) પ્લાસ્ટિક સર્જરી	બુધ	શનિ

પેથોલોજી વિભાગ

ડૉ. એન.આર. શાહ	પ્રોફેસર (નોન પ્રે.ડૉ.) પેથોલોજી
ડૉ. સી.કે.શાહ	પ્રોફેસર (નોન પ્રે.ડૉ.) પેથોલોજી
ડૉ. એસ.બી. પરીખ	એસો. પ્રોફેસર (નોન પ્રે.ડૉ.) પેથોલોજી

ડેન્ટલ વિભાગ (ઓ.પી.ડી.)

૧. ડૉ. એ.એસ.પટેલ(પ્રે ડો.) (બી.ડી.એસ.)ઓન. ડેન્ટલ સર્જન સોમ થી શનિ

સાયક્યાટ્રી વિભાગ

સાયક્યાટ્રી વિભાગ	હોદ્દો	ઓપીડીના દિવસો
ડૉ. નીમેશ સી. પરીખ	પ્રોફેસર (પ્રે.ડૉ.) સાયક્યાટ્રી	સોમવાર થી શનીવાર
ડૉ. નીલીમા ડી. શાહ	એસો. પ્રોફેસર (નોન પ્રે.ડૉ.) સાયક્યાટ્રી	સોમવાર થી શનીવાર
ડૉ. વિનોદકુમાર એમ. દરજી	એસો. પ્રોફેસર (નોન પ્રે.ડૉ.) સાયક્યાટ્રી	સોમવાર થી શનીવાર

એનેસ્થેશીયા વિભાગ

કન્સલ્ટન્ટ	હોદ્દો
ડૉ. શ્રુતિ એમ. શાહ	પ્રોફેસર (નોન પ્રે.ડૉ.)એનેસ્થેશીયા
ડૉ. પારૂલ એન.પાંચોટીઆ	પ્રોફેસર (નોન પ્રે.ડૉ.)એનેસ્થેશીયા
ડૉ. શ્વેતા એસ. મહેતા	એસો. પ્રોફેસર (નોન પ્રે.ડૉ.)એનેસ્થેશીયા
ડૉ. બીન્દી પાલખીવાલા	એસો. પ્રોફેસર (નોન પ્રે.ડૉ.)એનેસ્થેશીયા
ડૉ. પૌરવી ટી ભટ્ટ	એસો. પ્રોફેસર (નોન પ્રે.ડૉ.)એનેસ્થેશીયા
ડૉ. મીનીશા એસ. કાપડી	એસો. પ્રોફેસર (નોન પ્રે.ડૉ.)એનેસ્થેશીયા
ડૉ. દર્શના આર. શાહ	આસિ. પ્રોફેસર (નોન પ્રે.ડૉ.)એનેસ્થેશીયા
ડૉ. ગાર્ગી એમ. ભાવસાર	આસિ. પ્રોફેસર (નોન પ્રે.ડૉ.)એનેસ્થેશીયા
ડૉ. દિપ્તી એન. આનંદાની	આસિ. પ્રોફેસર (નોન પ્રે.ડૉ.)એનેસ્થેશીયા
ડૉ. રૂપલ કે. કાપડીયા	આસિ. પ્રોફેસર (નોન પ્રે.ડૉ.)એનેસ્થેશીયા
ડૉ. સોનલ એસ. શાહ	આસિ. પ્રોફેસર (નોન પ્રે.ડૉ.)એનેસ્થેશીયા
ડૉ. ડિમ્પલ કે. પંડ્યા	આસિ. પ્રોફેસર (નોન પ્રે.ડૉ.)એનેસ્થેશીયા
ડૉ. તિમસી જે .ગાંધી	આસિ. પ્રોફેસર (નોન પ્રે.ડૉ.)એનેસ્થેશીયા
ડૉ. સેજલ ડી શેલત	આસિ. પ્રોફેસર (નોન પ્રે.ડૉ.)એનેસ્થેશીયા

ડૉ. મૌલી ગાંધી	આસિ. પ્રોફેસર (નોન પ્રે.ડૉ.)એનેસ્થેશીયા
ડૉ. રિંકુ ટી પટેલ	આસિ. પ્રોફેસર (નોન પ્રે.ડૉ.)એનેસ્થેશીયા
ડૉ. મીકીતાબેન જે. ચૌધરી	આસિ. પ્રોફેસર (નોન પ્રે.ડૉ.)એનેસ્થેશીયા
ડૉ. સંગીતા એન.પરીખ	આસિ. પ્રોફેસર (નોન પ્રે.ડૉ.)એનેસ્થેશીયા
ડૉ. પલકબેન એમ.પરીખ	આસિ. પ્રોફેસર (નોન પ્રે.ડૉ.)એનેસ્થેશીયા
ડૉ. પ્રેમલ બી સોની	આસિ. પ્રોફેસર (નોન પ્રે.ડૉ.)એનેસ્થેશીયા
ડૉ. હેતવી યુ કોન્ટ્રાક્ટર	આસિ. પ્રોફેસર (નોન પ્રે.ડૉ.)એનેસ્થેશીયા

રેડિયોલોજી વિભાગ

કન્સલ્ટન્ટ	હોદ્દો
ડૉ. ધરીતા એસ.શાહ	પ્રોફેસર (નોન પ્રે.ડૉ.)રેડિયોલોજી
ડૉ. છાયા જે. ભટ્ટ	પ્રોફેસર (નોન પ્રે.ડૉ.)રેડિયોલોજી
ડૉ. રાકેશ આર. શાહ	એસો.પ્રોફેસર (પ્રે.ડૉ.)રેડિયોલોજી
ડૉ. કૃતિ એસ.મુન્ધ્રા	એસો.પ્રોફેસર (નોન પ્રે.ડૉ.)રેડિયોલોજી
ડૉ. અવની એમ.પટેલ	આસિ.પ્રોફેસર (નોન પ્રે.ડૉ.)રેડિયોલોજી

કેજ્યુઅલ્ટી વિભાગ (સી.એમ.ઓ.)

૧.ડો.જીતેન્દ્ર પરમાર ૨. ડૉ. કૌશિક બેગડા ૩. ડૉ. અહેમદ હુસૈન સાચોરા ૪. ડૉ. બ્રિજેશ ચૌહાણ

ઈમરજન્સી મેડીસીન

	હોદ્દો
ડૉ. અદ્વૈત ઠાકોર	પ્રોફેસર ઓફ ઈમરજન્સી મેડીસીન
ડૉ. ભાવેશ જારવાણી	એસો.પ્રોફેસર ઓફ ઈમરજન્સી મેડીસીન
ડૉ. હર્ષા મકવાણા	એસો.પ્રોફેસર ઓફ ઈમરજન્સી મેડીસીન
ડૉ. સપના ગુપ્તા	આસિ.પ્રોફેસર ઓફ ઈમરજન્સી મેડીસીન
ડૉ. મેહૂલ ગજ્જર	આસિ.પ્રોફેસર ઓફ ઈમરજન્સી મેડીસીન
ડૉ. ઉર્જીતા મોદી	આસિ.પ્રોફેસર ઓફ ઈમરજન્સી મેડીસીન

મેડિકલ કાઉન્સીલ ઓફ ઈન્ડિયા માન્યતા પ્રાપ્ત અભ્યાસક્રમો

એમ.ડી.	
જનરલ મેડીસીન	પેથોલોજી
પીડીયાટ્રીક્સ	એનેસ્થેશીયોલોજી
રેડિયો ડાયગ્નોસીસ	ડરમેટોલોજી
ફોરેન્સીક મેડિસીન	સોશ્યલ એન્ડ પ્રિવેન્ટીવ મેડિસીન
ફાર્મેકોલોજી	સાયક્યાટ્રી
માઈક્રોબાયોલોજી	ઈમરજન્સી મેડિસીન

ફીઝીયોલોજી	એનોટોમી
	બાયોકેમેસ્ટ્રી
એમ.એસ.	
જનરલ સર્જરી	ઇ.એન.ટી.
ઓર્થોપેડિક સર્જરી	ઓપ્થેલ્મીક
ઓબ્સ્ટ્રેટીક્સ અને ગાયનેકોલોજી	
ડી. એમ. એન્ડ એમ.સી.એચ.	
ન્યુરો સર્જરી	પ્લાસ્ટીક સર્જરી
પીડીયાટ્રીક સર્જરી	કાર્ડિયોલોજી
સી.ટી. સર્જરી	ન્યુરોલોજી
ગેસ્ટ્રો એન્ટ્રો સર્જરી	ગેસ્ટ્રો એન્ટ્રો મેડીસીન

આ ઉપરાંત નીચે પ્રમાણે ડીપ્લોમા કોર્ષ માટે આ સંસ્થાને માન્ય કરવામાં આવી છે

૧.	ડી.સી.પી.	ડીપ્લોમા ઇન ક્લીનીકલ પેથોલોજી
૨.	ડી.પેડ.	ડીપ્લોમા ઇન પીડીયાટ્રીક્સ
૩.	ડી.એમ.આર.ઇ.	ડીપ્લોમા ઇન મેડિકલ રેડિયોલોજી અને ઇલેક્ટ્રોલોજી
૪.	ડી.વી.ડી.	ડીપ્લોમા ઇન ડરમેટોલોજી એન્ડ વેનેરીયોલોજી
૫.	ડી.પી.એમ.	ડીપ્લોમા ઇન સાયકોલોજી મેડિસીન
૬.	ડી.એલ.ઓ.	ડીપ્લોમા ઇન ઓટોરીહોનોલેરીંગોલોજી
૭.	ડી.ઓ	ડીપ્લોમા ઇન ઓપ્થેલ્મોલોજી
૮	ડી.એ.	ડીપ્લોમા ઇન એનેસ્થેશીયોલોજી

એન.એચ.એલ.મ્યુનિસિપલ મેડીકલ કોલેજ તબીબી સ્નાતક તથા અનુસ્નાતક શિક્ષણ માટે શેઠ વાડીલાલ સારાભાઇ જનરલ હોસ્પિટલ અને શેઠ ચિ.પ્ર.હોસ્પિટલ, શ્રીમતી શારદાબેન ચીમનલાલ લાલભાઇ જનરલ હોસ્પિટલ અને શ્રી ચીમનલાલ હરીલાલ નગરી મ્યુનિસિપલ આંખની હોસ્પિટલ સાથે જોડાયેલ છે. તબીબી શિક્ષણ માટે સર્જીકલ, ઓર્થોપેડિક, કાર્ડિયોથોરેસીક, ન્યુરો સર્જરી, પીડીયાટ્રીક્સ, નાક, કાન અને ગળાના ઓપીડી વિભાગનો સમાવેશ કરવામાં આવેલ છે. તે ઉપરાંત ડાયાબીટ્સ વિભાગ, એન્ડાક્રાઇનોલોજી વિભાગ, ઇ.ઇ.જી. વિભાગનો સમાવેશ પણ આ મકાનમાં કરવામાં આવેલ છે. ઉપરાંત ઇમરજન્સી વોર્ડ અને થીયેટર તેમજ ઓર્થોપેડિક ઓપરેશન અને પ્રિ એન્ડ પોસ્ટ ઓપરેટીવ ઓર્થોપેડિક વોર્ડનો સમાવેશ કરેલ છે.

ઓર્થોપેડિક વિભાગ

હાડકા અંગેની સારવાર માટે આ હોસ્પિટલ સમગ્ર ગુજરાતમાં આગવું સ્થાન ધરાવે છે. અમદાવાદ શહેરનાં વિકાસ સાથે વધતાં ટ્રાફીકનાં કારણે અકસ્માતમાં ઇજા પામેલા દર્દીઓની સારવાર અંગેની જરૂરીયાતોને ધ્યાનમાં લઇને સુવિધા સાથે ઓર્થોપેડિકના ત્રણ વોર્ડમાં સારવાર આપવામાં આવે છે. આ શહેરમાં, શહેરની આજુબાજુના અને ગુજરાતના રસ્તાઓ ઉપર અવાર નવાર થતાં રોડ અકસ્માતના ભોગ બનેલ દર્દીઓ સારવાર

માટે આવે છે.આ વિભાગમાં કમરના દર્દો માટે નિષ્ણાત સ્પાઇન સર્જનની સેવા ઉપલબ્ધ છે. ઉપરાંત કમરના દર્દોની બધીજ શસ્ત્રક્રિયા તેમજ આર્થ્રોસ્કોપીસ્ટ અને આર્થ્રોપ્લાસ્ટી નિષ્ણાતની સેવા પણ ઉપલબ્ધ છે.
ઓર્થોપેડિક વિભાગમાં તદ્દન કપાઇ ગયેલ આંગળાના સાંધાની માઇક્રો સર્જરી કરવામાં આવે છે. તદ્દ ઉપરાંત જુદા જુદા સાંધા બદલવાનાં ઘુંટણના તથા થાપાનો સાંધો બદલવાની શસ્ત્રક્રિયા હવે સામાન્ય બની ગઇ છે. તેમજ ઘુંટણનાં સાંધા બદલવાની શસ્ત્રક્રિયા પણ અહીં ઉપલબ્ધ છે. બે ઇમેજ ઇન્ટેન્સીફાયર મશીન ઓર્થોપેડિક ઓપરેશન થીયેટરમાં વસાવવામાં આવેલ છે. જેનાંથી દર્દીઓના ઓપરેશન કરવામાં સરળતા રહે છે.

ફીઝીયોથેરાપી વિભાગ

આ વિભાગમાં દરેક અંગ માટે જુદી જુદી કસરતો કરાવવી, શોર્ટવેવ ડાયાથર્મી,પેરેફીનવેક્સ સાથે અલ્ટ્રાસાઉન્ડ ટ્રીટમેન્ટ, હાઇડ્રો (વોટર) થેરાપી માટે હોજ, ઓક્યુપેશનલ થેરાપી, કૉમ્પ્યુટરાઇઝ્ડ ઇન્ટરફેરેન્શીયલ થેરાપી અને પલ્સ્ડ માઇક્રોવેવ થેરાપી(ખાસ કરીને ક્રિકેટ વગેરે રમતોમાં થયેલી ઇજાઓની સારવાર માટે) વગેરે અદ્યતન સાધનો અને ટ્રેઇન્ડ ફીઝીઓથેરાપીસ્ટ ઉપલબ્ધ છે. આ વિભાગ ખાતે બાળકો માટે ન્યુરો પીડીયાટ્રીક ટ્રીટમેન્ટ પણ આપવામાં આવે છે. આ હોસ્પિટલમાં સને ૧૯૫૯થી ફીઝીયોથેરાપી વિભાગ કાર્યરત છે. ફીઝીયોથેરાપી વિભાગ એસ.બી.બી.કોલેજ ઓફ ફીઝીયોથેરાપી સંકુલમાં આવેલ છે. અને આ વ્યવસ્થાથી નિષ્ણાત ફીઝીયોથેરાપીસ્ટ અને ઇનર્ટનીસ્ટની સેવાઓ દર્દીઓને મળી રહે છે.

રેડિયોલોજી વિભાગ

આ વિભાગને રેડિયો ડાયાગ્નોસીસ માટેના અદ્યતન સાધનો થી સુસજ્જ કરવામાં આવેલ છે.આ વિભાગમાં સીટી સ્કેન, બેરીયમ સ્ટડીઝ, ઇન્ટ્રાવીનસપાયલોગ્રાફી,પેરીફેરલ એન્જીઓગ્રાફી,વગેરે ઇન્વેસ્ટીગેશન દ્વારા શરીરમાં જુદા જુદા અવયવોની તપાસ કરવામાં આવે છે. સી.આર.સી. સીસ્ટમથી એકસ.રે ફીલ્મની કવોલીટી સુધરે છે અને સચોટ નિદાન માટે ઉપયોગી બને છે. દર્દીઓને તમામ એકસ-રે નિશુલ્ક કરવામાં આવે છે તથા સીટી સ્કેન રાહત દરે કરવામાં આવે છે.

અલ્ટ્રા સાઉન્ડ પદ્ધતિથી યકૃત, બરોળ, સ્વાદુપિંડ, પિત્તાશયની કોથળી, કિડની, પ્રોસ્ટેટ ગ્રંથી,ગર્ભાશય, અંડબીજ જેવા દર્દીનું સરળતાંથી નિદાન કરવામાં આવે છે. આ ઉપરાંત ગર્ભાશયમાં બાળકનો તબક્કાવાર વિકાસ જાણવા તેમજ કોઇ વિકૃતી હોયતે તેનું નિદાન થઇ શકે છે. આ તપાસ અત્રે નિશુલ્ક કરવામાં આવે છે. વધુમાં રૂા.૨૬ લાખના ખર્ચે મેમોગ્રાફી મશીન વસાવેલ છે. બ્રેસ્ટ કેન્સરની નાનામાં નાની થતી ગાંઠનું નિદાન આ મશીન દ્વારા રાહત દરે શકય બનેલ છે. બ્રેસ્ટ કેન્સરના સ્ક્રીનીંગ માટે તેમજ હેલ્થ ચેકઅપ માટે આવતા મહિલા દર્દીઓની બ્રેસ્ટ કેન્સરના પ્રાથમિક સ્ક્રીનીંગ માટે આ મશીન અત્યંત ઉપયોગી છે.

એન્ડોક્રાઇન લેબોરેટરી

આધુનિક તબીબી વિજ્ઞાન સાથે સંકળાયેલો આ વિશિષ્ટ વિભાગ છે. આ વિભાગમાં થાઇરોઇડ અને અન્ય અતઃસ્ત્રાવોને લગતાં લોહીનાં ટેસ્ટ જોવા કે સીરમ ટી-૩, ટી-૪,ટી.સી.એચ., સીરમ એફ.એસ.એચ., એલ.એચ., પ્રોલેક્ટીન, બીટા એચ.સી.જી., યુરીનરી માઇક્રો આલબ્યુમીન કરવામાં આવે છે. આ ઉપરાંત ટી.બી.ની તપાસ માટે ટ્યુબરકલ આઇ.જી.જી.આઇ.જી.એમ.ટેસ્ટ કરવામાં આવે છે. ઉપરાંત એન્ટીફોસ્ફોલીપીડ એન્ટીબોડીઝ, કાર્સીનો એમ્બ્રીયોનીક એન્ટીજન, આલ્ફા ફેટો પ્રોટીન, એ.એન.એ. પ્રોફાઇલ, ટ્રોપોનીન આઇ, વેસ્ટર્ન બ્લોટ ટેસ્ટ વિગેરે થાય છે.

ઈમરજન્સી કમ ટ્રોમા સેન્ટર

અહેવાલી વર્ષ દરમ્યાન સારવાર માટે આવતા દર્દીઓને પ્રાથમિક સારવાર આપવામાં આવેલ. આ પૈકીના વધુ સારવાર માંગી લેતાં દર્દીઓને હોસ્પિટલના જુદા જુદા વોર્ડના અંદરનાદર્દીઓ તરીકે દાખલ કરવામાં આવેલ. જેમાં સખ્ત ઈજા પામેલા, અકસ્માતના તથા તાત્કાલીક ઘનિષ્ઠ સારવાર માંગી લેતાં દર્દીઓની હોસ્પિટલનાં કેજ્યુઅલ્ટી વિભાગમાં લાવતાની સાથેજ જરૂરી તપાસ કરી સારવાર ચાલુ કરી ઈમરજન્સી વોર્ડમાં દાખલ કરવામાં આવેલ છે. જ્યારે સામાન્ય રોગમાં અને સારવાર માંગી લેતા દર્દીને જરૂરીયાત પ્રમાણે જે તે વોર્ડમાં દાખલ કરવામાં આવે છે. બે ફુલટાઈમ તથા બે હંગામી કેજયુ.મેડિકલ ઓફિસરની સેવાઓ કેજયુઅલ્ટીમાં ઉપલબ્ધ છે.

ઈમરજન્સી વોર્ડમાં સીની.રેસીડન્ટ ડૉક્ટર ૨૪કલાકની ફરજ ઉપર સતત હાજર હોય છે. તેથી તાકીદના અને ગંભીર કેસોના નિષ્ણાંત ડૉક્ટરની સેવાઓ તુરત મળી રહે છે. આ વોર્ડમાં ઈ.સી.જી.મશીન, કાર્ડિયાક મોનીટર વીથ ડીફીબ્રીલેટર, પોર્ટેબલ એક્સ-રે મશીન, વેન્ટીલેટર્સ, સેન્ટ્રલ સપ્લાય દ્વારા ઓક્સિજન, સક્શન મશીન, પલ્સ ઓક્સિમીટર વગેરે તાત્કાલીક સારવાર માટેના જરૂરી સાધનોની સગવડ રાખવામાં આવે છે. જીવન બચાવવા માટેની તમામ જરૂરી ઈન્જેક્શન / દવાઓનો સ્ટોક અહીં રાખવામાં આવે છે.આઈ.સી.યુ.ની સગવડ ઉપલબ્ધ કરવામાં આવી છે. ઉપરાંત સીનીયર એનેસ્થેટીસ્ટની સેવાઓ ૨૪ કલાક ઉપલબ્ધ છે.

વોલન્ટરી બ્લડ બેંક

હાલમાં નવી અદ્યતન બ્લડ બેંક પેથોલોજી લેબોરેટરીની બાજુમાં તૈયાર કરવામાં આવેલી છે અને એફ. ડી.એ.ની માર્ગદર્શીકા મુજબની સુવિધા ઉપલબ્ધ કરવામાં આવેલી છે. આ બ્લડ બેંકમાં લોહીનો પુરતો અને યોગ્ય પુરવઠો જાળવી રાખવા આવે છે. ઓપરેશનના દર્દીઓને લોહીની જરૂર પડતાં યોગ્ય ગ્રુપનું લોહી પુરું પાડવાની જવાબદારી આ બ્લડ બેંક ઉપાડે છે. આ માટે વોલન્ટરી બ્લડ બેંક, ઈન્ડીયન રેડક્રોસ સોસાયટીની મદદથી આઉટડોર ટેપીંગ કરીને શક્ય તેટલી વધુ લોહીની બોટલો પ્રાપ્ત કરી હોસ્પિટલ માટે લોહીનો જરૂરી પુરવઠો જાળવી રાખવાનું અગત્યનું કામ કરે છે.

લોહીની બોટલોને વ્યવસ્થિત રીતે જાળવી રાખવા માટે બ્લડ સ્ટોરેજ કેબીનેટની વ્યવસ્થા કરવામાં આવી છે. હાલમાં દરેક રક્તદાતાનાં લોહીનો હિપેટાઈટીસ બી અને સી નો ટેસ્ટ, એચ.આઈ.વી.ટેસ્ટ, વી.ડી.આર.એલ.અને એમ.પી.માટે ટેસ્ટ કરવામાં આવે છે. બ્લડ બેંક માટે ફૂડ અને ડ્રગ કન્ટ્રોલ વિભાગમાંથી લાયસન્સ મળેલું છે. હાલ એ બ્લડ બેંકને ફુડ એન્ડ ડગ્સ કન્ટ્રોલ વિભગના નિયમ અનુસાર નવી પેથોલોજી લેબોરેટરી ખાતે ટ્રાન્સફર કરી અદ્યતન સુવિધાઓથી સજ્જ કરવામાં આવેલ છે.

આ વિભાગમાં ***<u>બ્લડ કોમ્પોનન્ટ સેપરેશન યુનિટ</u>*** માં 'નાકો' તરફથી રૂા.૨૨ લાખની સાધન સામગ્રી મળેલ છે અને અ.મ્યુનિ.કોર્પો. એઈડ્સ કંન્ટ્રોલ સોસાયટી તરફથી તેના નિભાવ માટે નિયમિત ગ્રાન્ટ મળે છે. આ સુવિધાથી દર્દીને જરૂરિયાત પ્રમાણે રક્તના ઘટકો જેવા કે રક્ત કણ, ત્રાક કણ, પ્લાઝમા વિગેરે વિના મૂલ્યે આપવામાં આવે છે.સ્વૈચ્છિક રક્તદાન વધુ મળી રહે તે માટે માનનીય સાંસદ શ્રી કે.જના કિશ્નામૂર્તિની એમ.પી.ની રૂા.૧૫લાખની ગ્રાન્ટમાંથી સને ૨૦૦૪માં મોબાઈલ બ્લડ કલેક્શન વાન ઉપલબ્ધ કરવામાં આવી છે. તેમજ ૧૩લાખની ગ્રાંટમાંથી ૨૦૦૬માં ઓટો બ્લડસેલ કાઉન્ટર હિમોમીક્ષચર ટયુબસીલર વસાવવામાં આવેલ છે.

પેથોલોજી વિભાગ

આ વિભાગમાં હિમેટોલોજીસ્ટ, સીરોલોજીસ્ટ, એફએનએસી, હિસ્ટોપેથોલોજી, માઈક્રો બાયોલોજી અને બાયોકેમેસ્ટ્રીને લગતા લેબોરેટરી ટેસ્ટ કરવામાં આવે છે. આ લેબોરેટરી સેવા હોસ્પિટલમાં ૨૪ કલાક કાર્યરત છે. આ વિભાગમાં નિષ્ણાંત ડૉક્ટર્સ, રેસીડેન્ટ ડૉક્ટર્સ અને ટેકનીશયનની સેવાઓ ઉપલબ્ધ છે.

તાજેતરમાં લેબોરેટરી સર્વીસીસને એકજ છત્ર નીચે લાવી તેને અદ્યતન બનાવવામાં આવેલ છે અને ઉચ્ચતમ ગુણવત્તા ધરાવતા સ્ટેટ ઓફ ધી આર્ટ ટેકનોલોજીના લેબોરેટરીના સાધનો મુકવામાં આવેલ છે. જેનો મુખ્યત્વે ફુલી ઓટોમેટેડ બ્લડસેલ કાઉન્ટર (એલડીન ૩૭૦૦), ફુલ્લી ઓટોમેટેડ બાયોકેમેસ્ટ્રી એનાલાઈઝર (આર્કીટેક સી ૮૦૦૦) તથા એકઝીમ ઈમ્યુનોએસે સીસ્ટીમનો સમાવેશ થાય છે. આ સાધનોથી અડધા કલાકમાંજ એક સાથે ૮૦૦ થી ૧૦૦૦ જેટલાં ટેસ્ટ કરી શકાય છે અને સચોટ રીપોર્ટ મળે છે. જેની વિશ્વસનિયતા પણ વધારે રહે છે. એ.બી.જી. ટેસ્ટની અને ઈલેકટ્રોનીકલ ટેસ્ટની સુવિધા પણ ઉપલબ્ધ છે. આ ઉપરાંત મેલેરિયાના નિદાન માટે તેમજ થેલેસેમિયાના રોગની તપાસ માટેની સુવિધા ઉપલબ્ધ છે. હવેથી બધાજ ટેસ્ટના કોમ્પ્યુટરાઈઝ રીપોર્ટ દર્દીઓને આપવામાં આવે છે અને બધા પરિક્ષણોની સુવિધા દર્દીઓને રાહત દરે પુરી પાડવામાં આવે છે. આ લેબોરેટરીને અદ્યતન બનાવામાં આવેલ છે.

ઈન્ટેન્સીવ કોરોનરી કેર યુનિટ(આઇ.સી.સી.યુ.)

આ વિભાગમાં નીચે પ્રમાણે અદ્યતન સાધનો અને સગવડો પુરી પાડવામાં આવે છે.

૧. કોમ્પ્યુટરાઈઝ્ડ ટ્રેડમીલ સીસ્ટમ વીથ હોલ્ટર મોનીટરીંગ
૨. કલર ડોપલર ૨-ડી ઈકો વીથ ટ્રાન્સેસોફેઝીયલ ઈકો અને સ્ટ્રેસ ઈકો ફેસીલીટી
૩. બેડસાઈડ મોનીટર
૪. સેન્ટ્રલ નર્સીંગ સ્ટેશન
૫. પોર્ટેબલ મોનીટર કમ ડીફીબ્રીલેટર
૬. એક્ષટર્નલ પેસમેકર
૭. સેન્ટ્રલ ઓક્સિજન સપ્લાય
૮. હોલ્ટમોનીટરીંગ ટેસ્ટ- ૧૨ લીડ
૯. પેસમેકર- ટેમ્પરરી, પરમેનન્ટ (સીંગલ અને ડ્યુઅલ ચેમ્બર)
૧૦. વેન્ટીલેટર
૧૧. ઈ.ઓ.ટી. સ્ટરીલાઈઝર
૧૨. ઈન્ફ્યુઝન પમ્પ
૧૩. ઈન્ટ્રાએરોટીક બલુન પમ્પ
૧૪. ઈકો કલર ડોપ્લર મશીન

આ વોર્ડમાં સેન્ટ્રલ કોન્સોલ સીસ્ટમ મુકવામાં આવેલ છે. આ વોર્ડમાં રેસી.ડૉક્ટરને ૨૪ કલાક ફરજ ઉપર હાજર રાખવામાં આવે છે.

કૉમ્પ્યુટરાઈઝ્ડ ટ્રેડમીલએ ખૂબજ અદ્યતન સાધન છે. દર્દીને હ્રદયરોગની સંભવિત માત્રા કેટલી, હ્રદયરોગ પછી દર્દી કેટલું કામ કરી શકે તે અંગે ચોક્કસ માર્ગદર્શન આ સાધન દ્વારા આપી શકાય છે. ટુ ડી ઈકો સાધનથી હ્રદયના વાલ્વના રોગો અગે ચોક્કસ નિદાન કરવું શક્ય બને છે અને એ રીતે ઓપન હાર્ટ સર્જરી માટે જરૂરી તપાસ થઇ શકે છે.ટ્રાન્સઈલોફેડીયલ ઈકોની પણ વ્યવસ્થા છે. વધુમાં અત્રેની હોસ્પિટલ ખાતે હ્રદયરોગના દર્દીઓની સંખ્યામાં દિન પ્રતિદિન વધારો થતો હોઇ આ વિભાગનું અપગ્રેડેશન કરી ૧૬ બેડનો અદ્યતન આઇ.સી.સી.યુ. વોર્ડ બનાવવામાં આવેલ છે.

કાર્ડિયાક કેથ લેબ વિભાગ

આધુનિક ઈન્ટેગ્રીસ ફીલીપ્સ કાર્ડિયેક કેથલેબ ઉપરાંત રૂા.૩૨૫ લાખના ખર્ચે ઈનોવા ૨૧૦૦ આઇ.ક્યુ. વિપ્રો જી.ઇ.કેથલેબની નવી સુવિધા ઊભી કરવામાં આવી છે. આ કેથલેબમાં કોરોનરી એન્જીઓગ્રાફી અને એન્જીઓપ્લાસ્ટી, પેરીફેરલ એન્જીઓગ્રાફી અને એન્જીઓપ્લાસ્ટી, બલુનવાલ્વ્યુલો પ્લાસ્ટી, એ.એસ.ડી.ક્લોઝર,

ઈપી સ્ટડી, જન્મજાત અને બીજા હૃદયરોગો માટે કાર્ડિયાક કેથેરાઈઝેશન ,બલૂન ડાઈલેટેશન ઓફ કોર્કેક્ટેશન, કોઈલ એમ્બોલાઈઝેશન ઓફ ટીડીએ, રેડિયોફ્રીક્વન્સી એબ્લેશન ઓફ એરીધીમીયાસ વગેરે સુવિધાઓ ઉપલબ્ધ છે. કાર્ડિયોલોજી વિભાગ ના નિષ્ણાંત કાર્ડિયોલોજીસ્ટ દ્વારા આ પ્રોસીજર્સ કરવામાં આવે છે. ઈકોનોમી પેકેજને લીધે ગરીબ અને મધ્યમ વર્ગના દર્દીઓને લાભ મળે છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના હાઉસીંગ પ્રોજેકટ દ્વારા રૂ.૧.૪૦ કરોડના ખર્ચે કેથલેબ વિભાગ નું રીટ્રોફીટીંગ,રીપેરીંગ,સેન્ટ્રલ એર કન્ડીશનીંગ અને સંપુર્ણ રીનોવેશનના કામો પુર્ણ કરવામાં આવેલ છે. જેમાં ફીલીપ્સ કેથલેબનું અપગ્રેડ મોડલ રૂ.૨૫૦ લાખના ખર્ચે તથા જી.ઈ.ની નવી કેથલેબ રૂ.૨૧૯ લાખના ખર્ચે ઈન્સ્ટોલ કરવામાં આવેલ છે ,તેમજ રૂ.૨૩૦.૦૦ લાખના નવા તબીબી સાધનો તેમજ રૂ.૭.૩૮ લાખના નવા ફર્નીચરથી સુસજ્જ કરેલ છે. આ વિભાગ નવા કેથલેબ થી કાર્ડીયાકની પ્રોસીજર ઝડપથી થયેલ છે તેમજ ઓપરેશન માટેના વેઈટીંગ લિસ્ટમાં ઘટાડો થયેલ છે અને દર્દીઓની સગવડતામાં વધારો થયેલ છે. આ વિભાગમાં આધુનિક તબીબી સાધનો જેવા કે ઈન્ટ્રાવાસ્કયુલર અલ્ટ્રા સાઉન્ડ મશીન -IVUS, ફ્રેકશનલ રીઝવ એફ.એફ.આર. એન્ડ સી.એફ. આર ડોપ્લાર ટેકનીક મેઝરમેન્ટ સીસ્ટમ ફોર લીસન એસેસમેન્ટ, કાર્ડીયાક માર્કર, ટ્રેડમીલ ટેસ્ટ - ટી.એમ.ટી. મશીન વસાવેલ છે તથા કાર્ડીયોલોજી પ્રોસીજર જેવી કે એન્જીઓગ્રાફી, એન્જીઓપ્લાસ્ટી વગેરેના ધસારાને પહોંચી શકાય છે.નવા બનેલા કેથલેબ વિભાગની લોકાર્પણ વિધી માન.મેયર શ્રી અસિતભાઈ વોરાના હસ્તે તા.૨૫/૦૫/૨૦૧૧ ના રોજ કરવામાં આવી.

ઓપન હાર્ટ સર્જરી વિભાગ (કાર્ડિયોથોરોસીક સર્જરી)

ગુજરાત રાજ્યમાં આ સંસ્થા દ્વારા સૌપ્રથમ ઓપન હાર્ટ સર્જરીનું ઓપરેશન તારીખ ૨૭-૭-૮૭નાં રોજ (એક બાળ દર્દીનું) કરવામાં આવેલ. ઓપન હાર્ટ સર્જરી વિભાગ પણ શરૂ કરીને સમગ્ર ગુજરાત રાજ્યમાં આ સંસ્થા પરંપરાગત રીતે અગ્રસ્થાને રહી છે. તા.૧૬-૧૧-૯૫ના રોજ પ્રથમ કોરોનરી બાયપાસ સર્જરીનું ઓપરેશન સફળતાથી કરવામાં આવેલ.

નિષ્ણાંત કાર્ડિયોથોરેસીક સર્જન દ્વારા અદ્યતન સારવાર ઉપલબ્ધ છે. હૃદય અને ફેફસાના ઓપરેશન અહીં કરવામાં આવે છે. ઓપન હાર્ટ સર્જરીની ખાસ વ્યવસ્થા છે જેવા કે બાયપાસ સર્જરી, વાલ્વ રીપ્લેસમેન્ટ, એ.એસ.ડી., વી.એસ.ડી.,પેસમેકર મૂકવું વિગેરે બ્રોન્કોસ્કોપીની પણ અહીં વ્યવસ્થા છે. ન્યુમોથોરેક્સ, એમ્પાઈમા, લોબેફ્ટોમી, ન્યુમોનેક્ટોમી, લંગ બાયોપ્સી, વિગેરે ઓપરેશન કરવામાં આવે છે.

આ વિભાગમાં નીચેના ખાસ આધુનિક સાધનો ઉપલબ્ધ છે.

(૧) હાર્ટ લંગ મશીન	(૨) ડીફીબ્રીલેટર	(૩) કાર્ડીઆક મોનીટર
(૪)પલ્સ ઓક્સીમીટર	(૫) બ્લડ ગેસએનાલાઈઝર	(૬) ઈન્ફ્યુઝન પમ્પ
(૭)થર્મા ડાયલ્યુશન યુનિટ	(૮) વેન્ટીલેટર્સર્	(૯)ઈન્ફ્યુઝન પંપ ટુ ચેનલ મોનીટર
(૧૦) મલ્ટીપેરા મોનીટર્સ	(૧૧) પેરીફેરલ વાસ્ક્યુલર ડોપ્લર	(૧૨)ઈન્ટ્રા એઓર્ટિક બલુન પંપ
(૧૩) એનેસ્થેસિયા ટ્રોલી (ડ્રેગર)	(૧૪)સોનોગ્રાફી મશીન	(૧૫) ઓ.ટી.લાઈટો

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના હાઉસીંગ પ્રોજેકટ દ્વારા રૂ.૨.૮૧ કરોડના ખર્ચે કાર્ડીયો થોરાસીક ઓપરેશન થીયેટરનું રીટ્રોફીટીંગ,રીપેરીંગ,સેન્ટ્રલ એર કન્ડીશનીંગ અને સંપુર્ણ રીનોવેશનના કામો પુર્ણ કરવામાં આવેલ છે.ઓપન હાર્ટ સર્જરી માટેના ઓપરેશન થીયેટર તેમજ પોસ્ટ ઓપરેટીવ વોર્ડ રૂ.૩૧૪.૦૦ લાખના નવા તબીબી સાધનો તેમજ રૂ.૮.૬૪ લાખના નવા ફર્નીચરથી સુસજ્જ કરેલ છે.જેમાં કાર્ડીયોથોરાસીક સર્જરીને લગતી ઓપન હાર્ટ સર્જરી, બાયપાસ સર્જરી તેમજ વાલ્વ રીપ્લેસમેન્ટ સર્જરી તેમજ થોરેસીક સર્જરીઓ માટે અલગ ઓપરેશન થીયેટર બનાવેલ છે. આ વિભાગ ખાતે બેકઅપ પાવર સપ્લાય આપવા ૧૨૫

કે.વી.એ.કેપેસીટીનો ડી.જી.સેટ તેમજ સ્પ્લીટ એ.સી.રૂ.૧૬.૦૦ લાખના ખર્ચે ઈન્સ્ટોલ કરવામાં આવેલ છે.આ વિભાગથી દર્દીની સુવિધામાં વધારો થયેલ છે તેમજ ગુજરાત સરકારના શાળા બાળ આરોગ્ય સારવાર કાર્યક્રમ અંતર્ગત હોસ્પિટલ ખાતે રીફર થયેલ સ્કુલના બાળકોના ઓપરેશન માટેના વેઈટીંગ લિસ્ટમાં ઘટાડો થયેલ છે. નવા બનેલા સી.ટી.ઓ.ટી. વિભાગ ની લોકાર્પણ વિધી માન.મેયર શ્રી અસિતભાઈ વોરાના હસ્તે તા.૨૦/૧૧/૨૦૧૧ ના રોજ કરવામાં આવી.

ગેસ્ટ્રોએન્ટરોલોજી સર્જરી અને મેડીસીન વિભાગ

આ વિભાગમાં મેડીકલ ગેસ્ટ્રોએન્ટરોલોજી અને સર્જીકલ ગેસ્ટ્રોએન્ટરોલોજીના નિષ્ણાંત તબીબોની સેવાઓ ઉપલબ્ધ છે. પેટને લગતા બધા જ રોગના નિદાનની સારવાર માટે આ વિભાગ સંપૂણ સુસજ્જ છે. આ વિભાગમાં અન્નનળી, જઠર, આંતરડા,મળ માર્ગ, સ્વાદુપીંડ, યકૃત તેમજ પિત્તાશયને લગતા બધાજ ઓપરેશનની સુવિધા ઉપલબ્ધ છે. આ ઉપરાંત લેપ્રોસ્કોપીની આધુનિક પધ્ધતિ પેટના ઓપરેશન કરવાની સુવિધા પણ છે. જઠર, આંતરડાના ચાંદા, કેન્સર વિગેરેના નિદાન અને સારવાર માટે એન્ડોસ્કોપીની પણ વ્યવસ્થા છે. પોર્ટલ હાઈપરટેશનના ઓપરેશન અહિં થાય છે. આ વિભાગમા સુપરસ્પેશ્યાલીટી એમ.સી.એચ. કોર્ષ ચાલુ કરવામાં આવેલ છે.

ન્યુરો મેડિસીન વિભાગ

આ વિભાગમાં ડી.એમ.ન્યુરોજી સુપર સ્પેશયાલીટી કોર્ષ શરૂ કરવામાં આવેલ છે. નિષ્ણાંત ન્યુરોલોજીસ્ટની સેવાઓ ઉપલબ્ધ છે. જેઓ દ્વારા બહારનાં તેમજ અંદરનાં દર્દીઓને સારવાર આપવામાં આવે છે. સ્ટ્રોક સ્પેશ્યાલીસ્ટની સેવાઓ ઉપલબ્ધ છે. મગજના રોગો જેવી કે વાઈની બિમારી,મગજમાં સોજો અથવા ગાંઠ હોવી તેના નિદાન માટે કેરોટીડ એન્જીઓગ્રાફી ઉપરાંત ઈ.ઈ.જી.ની જરૂર પડે છે. હોસ્પિટલમાં ૧૬ ચેનલવાળું અદ્યતન ઈ.ઈ.જી.મશીન છે. વિડીયો ઈ.ઈ.જી. મશીન વસાવવામાં આવેલ છે. સ્ટ્રોકના દર્દીઓની થ્રોમ્બોલાયસીસની સારવાર ઉપલબ્ધ છે.

જનરલ સર્જરી વિભાગ

આ વિભાગમાં કુલ છ યુનિટ છે. ઓપરેશન જેવાકે એપેન્ડીસેક્ટોમી ,હર્નીઓરાફી, થાઈરોઈડ, આંતરડાના રોગો, કીડનીની પથરી, ગાંઠ વિગેરે તમામ જનરલ સર્જરીની સારવાર આપવામાં આવે છે. જનરલ સર્જરી અને એન્ડોસ્કોપીને લગતાં ઈન્સ્ટ્રુમેન્ટ ઉપલબ્ધ છે. ઓપરેશન થિયેટરમાં પલ્સ ઓક્સિમીટર, કોટરી ગેસ્ટ્રોસ્કોપ તથા એનેસ્થેસીયા માટે કાર્ડિયાક મોનીટર વિગેરે સાધનો ઉપલબ્ધ છે. લેપરો સ્કોપી સર્જરી પણ ઉપલબ્ધ છે. કીડનીનાં ઓપરેશનો માટે નિષ્ણાંત યુરોસર્જનની સેવા ઉપલબ્ધ છે. કેન્સર સર્જનની સેવાઓ પણ ઉપલબ્ધ છે. સર્જીકલ વોર્ડ ૪ નું નવીનીકરણ કરવામાં આવેલ છે. વધુમાં યુરોલોજી વિભાગમાં રૂ.૭૦ લાખના ખર્ચે લિથોટ્રીપ્સીની સુવિધા ઉપલબ્ધ કરવામાં આવેલ છે. લિથોટ્રીપ્સી વીથ ઈમેજ ઈન્ટેન્સીફાયર મશીનથી ઓપરેશન વગર કિડનીની પથરીની રાહત દરે સારવાર કરવામાં આવે છે. આ વિભાગની લોકાપર્ણ વિધિ માનનીય મહેસુલ મંત્રી શ્રી આનંદીબેન પટેલના હસ્તે કરવામાં આવેલ.

મેડિસીન વિભાગ

આ વિભાગમાં ૬ યુનિટ છે. ઓ.પી.ડી.માં જુના અને નવા કેસ અઠવાડિયામાં બે વાર જોવાય છે. મેડિકલ ઓપીડીનાં દર્દીઓ માટે પેથોલોજી લેબોરેટરી, ઈ.સી.જી.અને એક્સ-રે માટે સગવડ છે. આ ઉપરાંત ક્ષયના દર્દીને સારવાર માટે આર.એન.ટી.સી. કાર્યક્રમ દ્વારા દવાઓ દર્દીને ફ્રી આપવામાં આવે છે.

અંદરનાં દર્દીની સારવાર માટે બે મેઈલ વોર્ડ અને બે ફીમેઈલ વોર્ડ છે. જેમાં છ એ છ યુનિટના દર્દીઓને સારવાર આપવામાં આવે છે. ડૉક્ટરોની ૨૪ કલાક સારવાર અહીં ઉપલબ્ધ હોય છે.આ વોર્ડમાં ફાલ્સીપેરીયમ, મેલેરીયા, ટાઈફોઈડ,ન્યુમોનીયા,કમળો,દમ, મેનીનજાઈટીસ, હ્રદયરોગ,ડાયાબીટીસ,બ્લડ પ્રેસર, બ્રેઈન હેમરેજ જેવા સામાન્ય ઉપરાંત બીજા કેટલાય પ્રકારના રોગોની સવિશેષ સારવાર અપાય છે. દમના દર્દીઓને નેબ્યુલાઈઝર દ્વારા સારવાર અપાય છે. અહીં તાત્કાલિક કાર્ડિયોગ્રામ,એક્સ-રે, ગ્લુકોમીટરની વગેરેની વ્યવસ્થા આપેલ છે.દરેકમેડિકલ વોર્ડમાં નેબ્યુલાઈઝર, કાર્ડિયાક મોનીટર,ડીફીબ્રીલેટર, પલ્સ ઓક્સમીટર, ગ્લુકોમીટર, ઓપ્થેલ્મોસ્કોપ નોન ઈન્વેન્ઝીવ વેન્ટીલેટર, ઈન્ફ્યુઝન પંપ ઉપલબ્ધ છે. પલ્મોનરી ફંક્શન ટેસ્ટની સુવિધા પણ ઉપલબ્ધ છે.સને ૨૦૦૪માં એક નવો અદ્યતન વોર્ડ ઓ.એન.જી.સી.ની રૂા.૩પલાખની સહાયથી બનાવેલ છે. મેડિકલ વોર્ડ-૨ નું મ્યુનિ.કોર્પો.ધ્વારા રુ.૩૦ લાખના ખર્ચે નવીનીકરણ કરવામાં આવેલ છે. અને તેનું લોકાર્પણ માન.મંત્રીશ્રી અશોકભાઈ ભટ્ટ(આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ)અને માન.મંત્રી શ્રીમતિ આનંદીબેન પટેલ (શિક્ષણ વિભાગ)ના હસ્તે તા.૨૨.૧૨.૦૬ નારોજ કરવામાં આવેલ છે.મેડીકલ વોર્ડ-૧નું રીનોવેશન કરી માન.આરોગ્ય અને પરીવાર કલ્યાણમંત્રી શ્રી જયનારાયણ વ્યાસના હસ્તે લોકાર્પણ કરવામાં આવેલ છે. તેમજ ઈ.સી.જી.રૂમનું રીનોવેશન કરવામાં આવેલ.

કુટુંબ કલ્યાણ કેન્દ્ર

કેન્દ્ર સરકારની આર્થિક સહાયથી કુટુંબ કલ્યાણ કેન્દ્ર તા.૧-૪-૧૯૫૭થી શરૂ કરવામાં આવેલ છે. આ વિભાગ શેઠ ચિનાઈ પ્રસૂતિ હોસ્પિટલમાં આવેલ છે.કેન્દ્ર તથા રાજ્ય સરકાર તરફથી જાહેર થતાં વખતો વખતના લાભો આ કેન્દ્રનો લાભ લેનાર દર્દીને આપવામાં આવે છે. આ કેન્દ્ર દ્વારા વાઝેક્ટોમી, ટ્યુબેક્ટોમીના ઓપરેશન કરી આપવામાં આવે છે.

કેન્દ્ર સરકાર તરફથી સંતતી નિયમન અંગે વખતો વખત રજુ કરવામાં આવતો લક્ષ્યાંક પુરો કરવા સઘન પ્રયત્નો કરવામાં આવે છે.

<u>નાના બાળકોને જીવન રક્ષક રસી આપવાનો સમય અને સ્થળ નીચે પ્રમાણે છે.</u>

બી.સી.જી	પોલીયોના ટીપાં
ઓરીની રસી	પેન્ટાવેલન્ટ વેક્સીન (ત્રિગુણી, હિપેટાઈટીસ -બી, ઈન્ફ્લ્યુએન્ઝા-બી)

ઉપરોક્ત તમામ રસીઓ ચિ.પ્ર.ઓ.પી.ડી. વિભાગ, કુટુંબ કલ્યાણ કેન્દ્ર ખાતે સોમવાર થી શનિવારે સવારે ૯-૦૦ થી ૧૨-૩૦ દરમ્યાન આપવામાં આવે છે.

ઓબ્સ્ટ્રેટીક્સ અને ગાયનેકોલોજી વિભાગ

સવારે જનરલ ઓ.પી.ડી.ના જુના અને નવા દર્દીઓને તપાસવામાં આવે છે. બપોર પછી એન્ટીનેટલ કેસ તપાસવામાં આવે છે. દરેક દર્દીને સોનોગ્રાફી કરવામાં આવે છે. લેબરરૂમમાં ૨૪ કલાક રેસીડેન્ટ ડૉક્ટર રહે છે. એકલેમ્પશીયાના દર્દીઓને ત્યાંજ સારવાર આપવામાં આવે છે. ઓપરેશન થિયેટરમાં સીઝેરીયન ઓપરેશન વિગેરે તાત્કાલિક થઈ શકે તેવી સગવડ ઉપલબ્ધ છે. અહીં સીઝેરીયન સેક્સન, હીસ્ટ્રેક્ટોમી, એક્ટોપીક પ્રેગનન્સી, ગર્ભાશયનું કેન્સર વિગેરે દરેક જાતનાં સ્ત્રી રોગોનાં ઓપરેશનો કરવામાં આવે છે.

બીજી ફેસીલીટીઝ જેવા હીસ્ટેરોસ્કોપી, વેજાઈનલ પ્રોબ અને અલ્ટ્રાસાઉન્ડની તપાસ,માઈક્રો સર્જરી, લેપ્રોસ્કોપીક સ્ટરીલાઈઝેશન, ફીટલ મોનીટર, કોલ્પોસ્કોપી વિગેર આ વિભાગમાં ૬ યુનિટો દ્વારા આ સેવાઓ આપવામાં આવે છે. દરેક ઓપરેશન થિયેટરમાં પલ્સ ઓક્સિમીટર જેવા અદ્યતન સાધનોની સગવડ આપવામાં

આવે છે. આ વિભાગમાં માઇક્રોસર્જરી માટે તાલીમ આપવાનું અદ્યતન કેન્દ્ર ચાલે છે. ગર્ભાશયમાં ખોડખાપણવાળા શીશુનું (ફીટલ) વહેલુ નિદાન અને સારવાર માટે ફીટલ્સ મેડીસીનનો વિભાગ પણ ઉપલબ્ધ છે.આ વિભાગમાં છ માસનો અલ્ટ્રાસાઉન્ડ ટ્રેનીગ પ્રોગ્રામ તેમજ એન્ડોસ્કોપીક સર્જરીનો ટ્રેનીગ પ્રોગ્રામ ઉપરાંત એક વર્ષનો ફીટલ મેડીસીન્સ કોર્ષ ચાલે છે.

પીડીયાટ્રીક મેડિસીન વિભાગ

ત્રણ યુનિટ દ્વારા ઓ.પી.ડી.અને ઇન્ડોર સારવાર કરવામાં આવે છે. પીડીયાટ્રીક વિભાગમાં અલગ સ્પેશ્યાલીટી વોર્ડમાં સીરીયસ બાળકોને ઇન્ક્યુબેટર વિગેરેની મદદથી ૨૪ કલાક સારવાર આપવા માટે રેસી.ડૉક્ટરો ઉપલબ્ધ હોય છે. બાળકોના આ વોર્ડમાં ઝાડા-ઉલ્ટી, મેલેરીયા, મેનીનજાઇટીસ, ટાઇફોઇડ, હ્યદયરોગ, કમળો, ખેંચ, પોલીયો,ન્યુમોનીયા વિગેરે રોગોની સારવાર આપવામાં આવે છે. તાજા જન્મેલા શીશુઓને જોન્ડીસ માટે ફોટો થોરાપીની સગવડ રાખવામાં આવેલ છે તથા ધનુર થયલા કેસોને જુદા રાખવાની સગવડ છે.

તાજા જન્મેલા બાળકોમાટે અત્યાધુનિક ઘનિષ્ટ સારવાર વિભાગ (એન.આઇ.સી.યુ.) બનાવવામાં આવેલ છે. જ્યાં જન્મથી ૧ મહિના સુધીના બાળકોની સારવાર કરવામાં આવે છે. અત્યંત ઓછા વજન વાળા બાળકો તથા અધુરા મહિને જન્મેલા બાળકો માટે પણ ખાસ વ્યવસ્થા છે આ વિભાગમાં ૩૫ બેડની સુવિધા છે અને ૫ બેડની સુવિધા વાળુ પિડિયાટ્રીક ઇન્ટેન્સીવ કેર (પી.આઈ.સી.યુ.)તૈયાર કરવામાં આવેલ છે અને તેને અદ્યતન સાધનોથી સુસજ્જ કરેલ છે. જેવા કે પીડીયાટ્રીક વેન્ટીલેટર, ઇન્ફયુઝન પંપ, મલ્ટી પેરામોનીટર, સેન્ટ્રલ ઓકસીજન, સકસન ડીફીબ્રીલેટર વિગેરે. પીડીયાટ્રીક ઈન્ટેન્સીવીસ્ટ અને પીડીયાટ્રીક ન્યુરોલોજીસ્ટની સેવાઓ પણ ઉપલબ્ધ છે. આ અંતર્ગત અત્રે બે સ્પેશીયાલીટી ઓ.પી.ડી., ન્યુરો ડેવલોપમેન્ટ અને એપીલેપ્સી (વાઇના દર્દી માટે) કલીનીક ચાલે છે.

ન્યુરો સર્જરી વિભાગ

પાંચ નિષ્ણાંત ન્યુરો સર્જન દ્વારા ઓ.પી.ડી.અને ઇન્ડોર સારવાર અપાય છે. અલાયદુ ઓપ.થિયેટર અને પોસ્ટ ઓપરેટીવ વોર્ડની વ્યવસ્થા છે. હેડ ઇન્જરી, બ્રેઇન ટ્યુમર, સ્પાઇન ટ્યુમર, ગાદી ખસી જવી, વી.પી.શંટ, સીરીંગો માયેલીયા વિગેરેની સારવાર ખુબજ નજીવા ખર્ચમાં થાય છે. ન્યુરો સર્જરીનો સુપર સ્પેશ્યાલીટી કોર્ષ એમ.સી.એચ. ચાલે છે.

ઇ.એન.ટી. વિભાગ

નાક-કાન-ગળાના આ વિભાગમાં રોજ ઓ.પી.ડી.સેવા ઉપલબ્ધછે. ઓ.પી.ડી.માં ઓડીયોગ્રામની વ્યવસ્થા છે તથા સ્પીચ થેરાપી પણ ઉપલબ્ધ છે. ઉપરાંત બેરા મશીન પણ વસાવવામાં આવેલ હોઇ તે ટેસ્ટ અહીં થઇ શકે છે. ઇન્ડોર વોર્ડ અને ઓપરેશન થિયેટર ઉપલબ્ધ છે. અહીં માઇક્રોસ્કોપીક સર્જરીના સાધનો ઉપલબ્ધ છે. ઓપેરેશન થિયેટરમાં ડીફીબ્રીલેટર, પલ્સ ઓક્સીમીટર, એક્સ-રે મશીન, કાર્ડિયાક મોનીટર, લેટેસ્ટ શેડોલેસ લેમ્પ અને ઓપરેશન ટેબલ સુવિધા છે. બેરા ટેસ્ટ માટેનું મશીન ઉપલબ્ધ છે. જન્મથી બહેરાં મુગાં માટે કોકલીયર ઈમ્પ્લાન્ટ સર્જરી અને નાકના સાયનાસીસ માટે બલુનસાયનોપ્લાસ્ટીના ઓપરેશન પણ થાય છે. માઈક્રોલેરીંજીઅલ, માઈક્રોઈયરસર્જરી પણ કરવામાં આવે છે. આ વિભાગમાં ઓડિયોમીટર વસાવવામાં આવેલ છે.

પીડીયાટ્રીક સર્જરી વિભાગ

નિષ્ણાંત પીડીયાટ્રીક સર્જનો દ્વારા આ વિભાગમાં સારવાર અપાય છે. જેના માટે અલગ વોર્ડની સુવિધા છે. જેમાં ઇન્ક્યુબેટર વગેરેની સગવડ પણ છે. આ વિભાગના ગુજરાત યુનિ.દ્વારા પીડિયાટ્રીક સર્જરી માટે

એમ.સી.એચ.સુપર સ્પેશ્યાલીટી તબીબી શિક્ષણ માટે માન્યતા મળેલી છે. નવજાત શીશુઓ તથા બાળકોના વિવિધ પ્રકારના ઓપરેશનની અહીં સુવિધા છે. જન્મજાત ખોડખાંપણ,ટી.ઇ.ફીસ્ટ્યુલા, ક્લેફટ પેલેટ તથા જઠર, આંતરડાની સર્જરી,મેની-ન્ગોસીલ વિગેરે સર્જરી અહીં ઉપલબ્ધ છે.

પ્લાસ્ટિક અને બર્ન્સ વિભાગ

ત્રણ નિષ્ણાંત સર્જનોની સેવાઓ અહીં ઉપલબ્ધ છે. બર્નસ પેશન્ટસ માટે અલાયદા એરકન્ડીશન્ડ વોર્ડની વ્યવસ્થા છે. પ્લાસ્ટિક સર્જરીના ઓપરેશન માટે ઓપરેશન થિયેટર ની સગવડ આપવામાં આવેલ છે. નવો અદ્યતન બન્સ વોર્ડ ટ્રોમા વિભાગમાં તૈયાર કરવમાં આવેલ છે.

એન્ડોક્રાઇન વિભાગ

આ વિભાગમાં ત્રણ નિષ્ણાંત તબીબો દ્વારા ડાયાબીટીસ ક્લીનીક ચલાવવામાં આવે છે. આ ઉપરાંત ઇન્ડોર દર્દીઓને સારવારની વ્યવસ્થા છે. થાઇરોઇડ, પીચ્યુટરી વિગેરેની તપાસ અને સારવાર ઉપલબ્ધ છે. પ્રિવેન્ટીવ ફુટ કેર ક્લિનીક શરૂ કરવામાં આવેલ છે. જેમાં ડાયાબીટીસ ફાઉન્ડેશનની રુ.૫ લાખની સહાયથી સાધનો વસાવેલ છે.

નેફ્રોલોજી વિભાગ

બે નિષ્ણાંત તબીબો દ્વારા અંદરના અને બહારના દર્દીઓને સારવાર આપવામાં આવે છે. અહીં પ્લાઝમા ફેરેસીસ ડાયાલીસીસની સારવાર અપાય છે. અદ્યતન હીમોડાયાલીસીસની સુવિધા ઉપલબ્ધ છે. આ માટે અલગ હીમોડાયાલીસીસ વોર્ડની વ્યવસ્થા છે.

સ્કીન અને સાયકયાટ્રી વિભાગ

રોજ નિષ્ણાંત ડોકટરો ધ્વારા અંદરના અને બહારના દર્દીઓની સારવારની સુવિધા છે. આ વિભાગ માટે અલાયદા વોર્ડની સુવિધા છે. સાયકયાટ્રી દર્દીઓને ઇસીટી આપવાની પણ સુવિધા છે.

સ્કીન વોર્ડમાં એઇડસના દર્દીઓની અલગ પથારીની વ્યવસ્થા છે. ચામડીના અને માનસિક રોગોના દર્દીઓને અહીં સારવાર આપવામાં આવે છે. એચ.આઈ.વી. એઈડસ્ સ્પેશ્યાલીસ્ટની સેવાઓ પણ ઉપલબ્ધ છે. આ વિભાગમાં રૂ. ૧૪ લાખના ખર્ચે રૂફિંગશેડ, પેવિંગ રૂમોનું રિનોવેશન કરવામાં આવેલ છે. તેમજ રૂ.૧૩ લાખના ખર્ચે ઇન્ટેન્સ પલ્સ લાઇટ મશીન તથા નેરોબેન્ડ હોલ બોડી મશીન વસાવવામાં આવેલ છે. જેની લોકાપર્ણ વિધિ માનનીય મંત્રી શ્રી આનંદીબેન પટેલના વરદ હસ્તે કરવામાં આવેલ છે. સાયકયાટ્રીવોર્ડનું કેન્દ્ર સરકારની ગ્રાન્ટમાંથી રૂા.૫૦ લાખના ખર્ચે રિનોવેશન કરવાનું ચાલુ છે.

ફોરેન્સીક મેડિસીન

આ વિભાગમાં નિષ્ણાંત ડૉક્ટર્સ દ્વારા પોસ્ટ મોર્ટમની સુવિધા ઉપલબ્ધ છે. વા.સા.હોસ્પિટલના મેડિકોલીગલ, પોસ્ટમોર્ટમ વિગેરેની કામગીરી કરતાં આ વર્ષે પણ મહત્વની કામગીરી બજાવેલ છે. કોલ્ડ સ્ટોરેજ રૂમને અદ્યતન બનાવેલ છે જેમાં ૮ ડેડબોડી રાખવાની વ્યવસ્થા છે. અહેવાલી વર્ષ દરમ્યાન કુલ ૧૦૫૬ પોસ્ટમોર્ટમ કરવામાં આવેલ છે. વર્ષ ૨૦૦૬માં વધુ ૪ ડેડ બોડી માટે કોલ્ડ કેબીનની વ્યવસ્થા પણ કરવામાં આવેલ છે.

એન્ટીરેબીક સારવાર

હોસ્પિટલના કેઝયુલીટી વિભાગમાં ઈન્ટ્રાડર્મલ પદ્ધતિથી ડોગ બાઈટના દર્દીને વેકસીન આપવાની સારવાર ઉપલબ્ધ કરવામાં આવે છે. આ પદ્ધતિમાં ચામડીની અંદર, બન્ને ખભાના ભાગે ઈન્જેકશન આપવામાં આવે છે. (૦,૩,૭,૨૮ ના દિવસે) આ પદ્ધતિમાં ડોઝ ઓછો થાય છે અને ડોગ બાઈટના રેબીઝ વાઈરસ સામે પ્રતિકારક શક્તિ મળે છે. આ પદ્ધતિ ઓછી ખર્ચાળ છે. વર્ષ દરમ્યાન કુલ ૩૬૬૦૯ દર્દીઓને લાભ આપવામાં આવેલ છે.

નવું અદ્યતન ટ્રોમા સેન્ટર

હોસ્પિટલમાં નવા ટ્રોમા સેન્ટરની જરૂરિયાતને ધ્યાનમાં લઈ મેડીકલ ઓ.પી.ડી.ના જુના મકાનને ડીમોલીશ કરી નવા અદ્યતન ટ્રોમા સેન્ટરનું માળખું અ.મ્યુ.કો.ના હાઉસીંગ પ્રોજેક્ટ ખાતા દ્વારા રૂ. ૭ કરોડના ખર્ચે તૈયાર કરેલ છે. આ માળખું ભોંયરા સાથે ચાર માળનું બનાવવામાં આવેલ છે. તેના ભોંયરામાં મેડીકલ સ્ટોર્સ, વોટર સોફ્ટનીંગ પ્લાન્ટ, એ.સી.પ્લાન્ટ, ગ્રાઉન્ડ ફલોરમાં તાત્કાલીક સારવાર વિભાગ, ૬ પથારી સાથેના ટ્રોમા વોર્ડ અને માઈનોર ઓ.ટી. ઈન્વેસ્ટીગેશન ફેસીલીટી, એક્સ-રે, ફાર્મસી, સોનોગ્રાફી, લેબોરેટરી તપાસ માટેનું કલેકશન સેન્ટર. ફર્સ્ટ ફલોરમાં અદ્યતન સુવિધાઓથી સજ્જ ઈન્ટેનસીવ કેર યુનિટ. અને એક્યુટ કેર યુનિટ. સેકન્ડ ફલોરમાં તમામ ઈન્ટેનસીવ કેર સાથેનો બર્ન્સ વોર્ડ. થર્ડ ફલોર પર પોલીટ્રોમાની સર્જરી માટે બે મોડ્યુલર મેજર ઓપરેશન થીયેટર જે હયાત ઓર્થોપેડીક ઓપરેશન થીયેટર સાથે જોડવામાં આવેલ છે તથા ૮૮ બેડનો ટ્રોમાવોર્ડ બનાવવામાં આવેલ છે. આ ટ્રોમા સેન્ટરને રૂ. ૮૬૮ લાખના ખર્ચે અદ્યતન સાધનો જેવાકે ઓપરેશન થીયેટર્સ, ઓ.ટી. ટેબલ, એનેસ્થેસીયા ટ્રોલી, વેન્ટીલેટર્સ, મલ્ટીપેરા મોનીટર્સ, કોર્ટરી, ઓવરહેડ લાઈટ, પોર્ટેબલ સોનોગ્રાફી મશીન, પોર્ટેબલ એક્સ-રે મશીન, સી.આર્મ વિગેરે સાધનોથી તેમજ ન્યુરોલોજી, ઓર્થોસર્જીર અને જનરલ સર્જરીને આધુનિક સાધનો અને સુવિધાઓથી સુસજ્જ કરવામાં આવેલ છે. તે ઉપરાંત ઈન્ટેનસીવ કેર માટેના સાધનો જેવા કે સેન્ટ્રલ ઓક્સીજન અને સકશન, મલ્ટી પેરામોનીટર, વેન્ટીલેર્સ, ઈન્ફ્યુઝન પંપ, પલ્સ ઓક્સીમીટર, ડીફીબીલેટર, ક્રેશકાર્ટ, પોર્ટેબલ હીમોડાયાલીસીસ મશીન વિગેરે વસાવેલ છે. આ સુવિધાથી તાત્કાલીક સારવારની જરૂરિયાતવાળા દર્દીઓ જેવા કે હેડ ઈન્જરી, પોલીટ્રોમા, ફ્રેકચર્સ અને વાસ્ક્યુલર સર્જરી, સ્પાઈન સર્જરી, ચેસ્ટ સર્જરી, એબ્ડોમીનલ ઈન્જરી, ક્રશ ઈન્જરી વિગેરેના દર્દીઓને એક છત નીચે સઘન અને ત્વરીત સારવાર મળી શકે છે. તેમજ કુદરતી હોનારત અને અકસ્માતનો ભોગ બનેલ ગંભીરદર્દીઓ તથા માસ કેજ્યુઅલ્ટીમાં ત્વરીત અને અદ્યતન સારવાર મળી રહે છે. આ વિભાગનું ઉદ્ઘાટન માનનીય મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના વરદ હસ્તે તા:૦૧-૧૦-૦૯ના રોજ કરવામાં આવેલ.

ઓપીડી

સવારના સમયે ડેન્ટીસ્ટની સેવાઓ અને સાંજની ઓપીડી સેવા ઉપલબ્ધ કરવામાં આવી છે.

એન્ટી રીટ્રો વાયરલ થેરાપી (એ.આર.ટી.)સેન્ટર

એઈડ્સ (એચ.આઈ.વી.પોઝીટવ)ના દર્દીઓને વિનામુલ્યે સારવાર આપવા માટે શેઠ વા.સા.જ.હોસ્પિટલમાં 'નાકો'ની મદદથી એ.આર.ટી સેન્ટર શરૂ કરવામાં આવેલ છે. નાકો દ્વારા ઈન્ફ્રાસ્ટ્રક્ચર માટે રૂા.૮ લાખની ગ્રાંટ મળેલ છે. તેમજ આ સેન્ટર ચલાવવા માટે વાર્ષિક રૂા.૧૨ લાખની ગ્રાંટ મળેલ છે.નાકોની માર્ગદર્શિકા મુજબ આ માટે મેડીકલ અને પેરા મેડીકલ સ્ટાફની અલગ ફાળવણી કરવામાં આવશે. તેમજ હોસ્પિટલના સીનીયર તબીબો જેવા કે ફિઝીશીયન,ગાયનેકોલોજીસ્ટ,પિડિયાટ્રીશીયન, તેમજ ડરમેટોલોજીસ્ટને આ દર્દીઓની સારવાર માટે ટ્રેનીગ આપવામાં આવેલ છે.એઈડ્સના દર્દીઓની રૂટીન લેબોરેટરી તપાસ તથા ડી૪કાઉન્ટની તપાસ વિનામુલ્યે કરવામાં આવે છે. આ દર્દીઓને થતા ઈન્ફેક્શનની સારવાર માટે

જરૂરી દવાઓ તેમજ એન્ટી રીટ્રો વાયરલ ડ્રગ્સ નાકો દ્વારા વિના મુલ્યે આપવામાં આવે છે. આ સેન્ટરમાં એઇડ્સના દર્દીઓને મફત સારવાર મળે તેવું આયોજન કરવામાં આવે છે.આથી જરૂરીયાતવાળા તેમજ ગરીબ દર્દીઓ કે જેઓ એઇડ્સની મહામારીનો ભોગ બનેલ છે તેઓને આ સેન્ટર આર્શીવાદ રૂપ બનેલ છે. એચ.આઇ.વી. પોઝીટીવ દર્દીઓને એન્ટી રીટ્રો વાયરલ દવાઓ વિના મૂલ્યે આપવામાં આવેલ છે.

શાળા બાળ આરોગ્ય કાર્યક્રમ

ગુજરાત સરકાર દ્વારા શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ અંતર્ગત બાળકોના આરોગ્યની ચકાસણી કરવામાં આવે છે. આરોગ્ય તપાસણી દરમ્યાન જે બાળકોમાં હૃદય સબંધી ખામી કે રોગ જોવા મળે તેવા બાળકોને આ હોસ્પિટલમાં પણ હૃદયરોગની સારવાર કાર્ડિયોલોજી વિભાગમાં આપવામાં આવે છે.

દર્દીઓને પૌષ્ટિક આહાર

અમદાવાદ મ્યુનિ.કોર્પોરેશનની નવી નીતિ મુજબ હોસ્પિટલમાં સારવાર લેતા દર્દીઓને તેમના ડાયેટની કેટેગરી મુજબ તથા પૌષ્ટિક અને સમતોલ આહાર મળે તે માટે ટચસ્ટોન સંસ્થા દ્વારા આઉટસોર્સીંગ કરી વ્યવસ્થા કરવામાં આવેલ છે.

માહિતી કેન્દ્ર

અત્રેની હોસ્પિટલમાં અમદાવાદ શહેર ઉપરાંત સમગ્ર ગુજરાત તેમજ બહારના રાજયોમાંથી પણ સારવાર અર્થે આવતા દર્દીઓનો સતત ધસારો રહે છે.હોસ્પિટલમાં આવતા દર્દીઓ તેમજ તેમના સગાઓને હોસ્પિટલના જુદા જુદા બિલ્ડીગમાં આવેલ વોર્ડ તેમજ સુવિધા અંગેની માહિતી મળી રહે તેમજ જરૂરી તપાસ માટે લાગતો સમય ઘટાડી શકાય તે હેતુથી વી.એસ.હોસ્પિટલમાં નવું માહિતી કેન્દ્ર કાર્યરત છે.

નવા / જુના કેસોની માહિતી

માહિતી	**૨૦૧૫-૧૬**	**૨૦૧૬-૧૭**	**૨૦૧૭-૧૮**
અંદરના દર્દી તરીકે સારવાર પામેલા દર્દીઓની સંખ્યા.	૮૧૮૫૦	૮૦૦૩૪	૭૪૭૪૬
નવા જન્મેલા બાળકોની સંખ્યા.	૮૭૦૦	૯૬૬૫	૯૨૪૨
ટી.બી. ઓપીડી	૩૪૬૬	૩૫૪૭	૪૦૭૫
ઓપીડીના નવા દર્દીઓની સંખ્યા	**૩૦૧૮૨૧**	૩૦૮૦૯૩	૩૭૩૧૨૪
ઓપીડીના જુના દર્દીઓની સંખ્યા	૪૨૦૧૨૪	૪૦૨૧૪૦	૩૬૪૮૧૫
ઓપીડીના નવા જુના દર્દીઓની કુલ સંખ્યા	૭૨૧૯૪૫	૭૧૦૨૩૩	૭૩૭૯૩૯
ઓપીડીના નવા જુના દર્દીઓની દૈનિક સંખ્યા	૧૯૭૮	૧૯૪૬	૨૦૨૨
એન્ટીરેબીક સારવાર. અ) નવા દર્દીઓની સંખ્યા	૧૦૩૪૯	૧૦૭૦૮	૧૧૪૨૭
બ) જુના દર્દીઓની સંખ્યા	૨૭૨૭૫	**૨૫૯૦૧**	**૨૬૭૦૮**

ડાયાલીસીસની વિગત

	૨૦૧૫-૧૬	**૨૦૧૬-૧૭**	**૨૦૧૭-૧૮**
હીમો ડાયાલીસીસ	૨૫૯૩	૩૧૦૩	૨૫૭૩
પ્લાઝમર ફેરેસીસ ડાયાલીસીસ	૨૧૩	૨૬૩	૧૮૯

એન્ડોક્રાઇન/ ઇમ્યુનોબાયોકેમેસ્ટ્રી લેબોરેટરી વિભાગ

વિગત	**૨૦૧૫-૧૬**	**૨૦૧૬-૧૭**	**૨૦૧૭-૧૮**
ટી-૩ અને ટી-૪(આર.આઇ.એ. ટેકનિક)	૧૩૪૩૫	૧૬૦૩૮	૧૯૩૮૧
ટી.એસ.એચ.	૩૦૫૬૪	૪૬૨૪૭	૫૫૬૬૪
એફ.એસ.એચ.	૧૨૧૬	૮૪૧	૭૪૮
એલ.એચ.	૯૭૫	૭૮૫	૭૩૨
ફ્રી.ટી.૪	૧૨૧૮૦	૧૭૬૪૧	૫૬૪૧૮
ફ્રી.ટી.૩	૧૨૫૯૬	૧૬૪૪૩	૨૩૯૯૭
પી.એસ.એ.	૯૪૭	૧૨૫૧	૨૬૧૧
એન્ટી ટી.જી.	૬૨૩	૫૫૪	૫૯૨
એન્ટી ટી.પી.ઓ.	૬૩૧	૫૭૩	૬૩૭
ફેરીટીન	૩૯૨૯	૮૯૦૦	૧૨૦૧૭
ટોટલ HCY2	૬૬૧	૮૩૨	૯૨૭
બી-૧૨	૧૨૪૭૭	૨૫૫૫૦	૩૧૫૨૨
ટ્રોપોનીન-આઇ	૯૬૩૭	૧૧૯૦૬	૧૩૪૧૯

ફીઝીયોથેરાપી વિભાગ

વિગત	૨૦૧૫-૧૬	૨૦૧૬-૧૭	૨૦૧૭-૧૮
ડાયાથર્મી આપેલ દર્દીઓની સંખ્યા	૪૭૨૨૫	૨૫૧૫૩	૨૭૩૫૦
મેડિકલ કરંટ આપેલ દર્દીઓની સંખ્યા	૩૮૦૦૧	૪૦૭૮૦	૧૦૧૪૦
શોકવેવ - મેગ્નોથેરાપી	૮૨૨	૨૦૧૭૩	૧૧૨૩
કસરત થેરાપી	૨૪૨૦૧૧	૩૭૮૮૯૪	૫૭૦૭૩૫
આઇ.એફ.ટી. અને લેસપ	૨૭૨૩૦	૭૯૩૬૯	૫૮૮૫૩
ઇ.એમ.જી.	૧૫૦૦	૨૦૦૦	૯૬૮
પી.એફ.ટી.	૧૭૦૦	૨૦૦૦	૧૮૦૦

ઇ.સી.ટી., ઇ.સી.જી. અને ઇ.ઇ.જી.ની માહિતી

	૨૦૧૫-૧૬	૨૦૧૬-૧૭	૨૦૧૭-૧૮
ઇ.સી.ટી.સારવાર લેનાર દર્દીની સંખ્યા	૭૫૬	૬૬૮	૫૭૮
ઇ.સી.જી. લેવામાં આવ્યા હોય તેવા દર્દીની સંખ્યા	૬૪૫૦૮	૭૨૭૬૯	૫૬૩૫૦
ઇ.ઈ.જી. લેવામાં આવ્યા હોય તે દર્દીની સંખ્યા	૧૩૪૧	૧૩૯૩	૧૨૪૭

કુટુંબ કલ્યાણ કેન્દ્ર

	૨૦૧૫-૧૬	૨૦૧૬-૧૭	૨૦૧૭-૧૮
વાઝેક્ટોમી ઓપરેશન	૦	૧	૦
ટ્યુબેક્ટોમી ઓપરેશન	૭૬૭	૮૦૨	૭૪૨
આંકડી મુકાવનારની સંખ્યા	૧૧૯૫	૬૮૮	૪૮૨
કોન્ટ્રાસેપ્ટીવનો ઉપયોગ કરનારની સંખ્યા	૨૬૬૮૦	૪૯૦૪૦	૩૩૬૨૦
ઓરલ ટેબ્લેટ લેનારની સંખ્યા	૬૫૪૬	૩૨૧૧	૩૮૨૩
કુટુંબ કલ્યાણ અનામત પથારી માટેની ગુ.સરકારની ગ્રાંટ	૨૩૩૮૦૦૦	૧૩૩૨૮૪૫	૧૩૩૨૮૪૫
કુટુંબ કલ્યાણ ઇન્ટેન્શીવ ગ્રાંટ	૩૮૬૩૬૦૦	૮૪૫૦૦૦	૧૧૬૨૦૦૦

ઓપરેશનની વિગતો						
	૨૦૧૫-૧૬		૨૦૧૬-૧૭		૨૦૧૭-૧૮	
	મેજર	**માઈનોર**	**મેજર**	**માઈનોર**	**મેજર**	**માઈનોર**
ઓબ્સ્ટ્રે અને ગાયનેક	૪૪૪૨	૧૨૬૦	૪૮૨૧	૭૪૨	૪૮૨૭	૧૧૯૮
જનરલ સર્જરી	૨૯૫	૧૭૨૨	૨૯૮૭	૧૭૭૪	૩૪૦૧	૧૮૯૦
ઓર્થોપેડિક સર્જરી	૨૩૦૨	૯૩૨	૨૫૬૮	૯૪૯	૨૩૧૯	૮૦૩
ઈ.એન.ટી. સર્જરી	૩૪૫૫	૨૧૮૦	૬૩૯	૧૩૪૫	૫૪૨	૧૬૭૭
ગેસ્ટ્રોએન્ટરોલોજી	૩૮૦	૩૮૪	૧૬૨	૨૩૩૮	૨૧૫	૨૬૯૮
ગેસ્ટ્રો મેડીસીન				૨૩૧૮	-	૨૬૫૬
પ્લાસ્ટીક સર્જરી	૧૧૦૮	૨૪૩૦	૮૫૨	૮૨૩	૬૫૫	૩૫૯
કાર્ડિયોથોરેસીક સર્જરી	૯૪૭	૩૨૭	૯૩૮	૩૦૩	૪૫૯	૪૦૪
ન્યુરો સર્જરી	૯૧૮	૧૩૯	૧૦૩૪	૧૩૦	૯૭૫	૭૮
ઓપનહાર્ટ ઓપરેશન	૮૧		૧૧૩		૧૩૧	
બીટીંગ હાર્ટ	--	--	--	--	૧૮	-
રી-એકસપલોરેશન	--	--	--	--	૦૮	-
કેજ્યુલીટી ઓપરેશન	૦	૩૨૭૫	૦	૬૧૫૪	-	૮૯૦૯
પીડિયાટ્રીક સર્જરી	૪૪૦	૧૦૭૫	૩૬૧	૬૫૩	૪૧૫	૪૫૫
ડેન્ટલ સર્જરી	૦	૩૧૫૨	૧૮	૪૨૩૭	-	૩૧૭૧

ઓપરેશનની વિગતો

	૨૦૧૫-૧૬	૨૦૧૬-૧૭	૨૦૧૭-૧૮
૧.મેજર ઓપરેશનની સંખ્યા	૧૩૬૧૭	૧૪૩૮૧	૧૩૯૩૭
૨.માઈનોર ઓપરેશનની સંખ્યા	૧૬૮૭૬	૧૯૩૪૮	૨૧૬૪૨
કુલ ઓપરેશનની સંખ્યા	**૩૦૭૯૩**	**૩૩૭૨૯**	**૩૫૫૭૯**

કાર્ડિયોલોજી વિભાગ

	૨૦૧૫-૧૬	૨૦૧૬-૧૭	૨૦૧૭-૧૮
પેસમેકર ઈમ્પલાન્ટસ (પરમેનન્ટ)	૩૦	૨૭	૫૩
૨-ડી ઈકો	૧૨૮૪૭	૧૩૦૧૧	૧૩૬૪૪
કાર્ડિયોવર્ઝન	૧૯૩	૨૨૧	૧૨૧
ટ્રેડમીલ એક્સરસાઈઝ ટેસ્ટ	૫૪૨	૪૨૩	૪૪૭
હોલ્ટર ટેસ્ટ	૪૩	47	47

યુનિટ દીઠ ઓપરેશનની માહિતી એપ્રિલ-૨૦૧૭થી માર્ચ-૨૦૧૮ સુધી

ઓબ્સટ્રેટીક અને ગાયનેક

	પ્લાન ઓપરેશન	
	મેજર	માઈનોર
યુનિટ-૧	૯૬૩	૭૮
યુનિટ-૨	૯૨૩	૮૯
યુનિટ-૩	૯૨૨	૧૧૧
યુનિટ-૪	૮૯૬	૬૮
યુનિટ-૫	૧૧૨૩	૧૧૫
D&E/MTP	--	૭૧૦/૨૭
કુલ	૪૮૨૭	૧૧૯૮

એબોર્શન

સંપુર્ણ એબોર્શન- ૪૩૮ એમ.ટી.પી.- ૨૭ કુલ એબોર્શન- ૪૬૫

ઓર્થોપેડિક ઓ.ટી.

	પ્લાન ઓપરેશન	
	મેજર	માઈનોર
યુનિટ-૧	૯૦૧	૩૨૬
યુનિટ-૨	૬૭૯	૨૧૯
યુનિટ-૩	૭૩૯	૨૫૮
કુલ	૨૩૧૯	૮૦૩

જનરલ સર્જરી (એમ.ઓ.ટી.)

	પ્લાન ઓપરેશન	
	મેજર	**માઈનોર**
યુનિટ-૧	૫૦૮	૨૫૮
યુનિટ-૨	૬૩૭	૩૯૭
યુનિટ-૩	૫૨૧	૩૧૭
યુનિટ-૪	૪૨૩	૨૫૩
યુનિટ-૫	૫૦૬	૨૧૫
યુનિટ-૬	૪૬૨	૧૮૨
યુરો	૨૧૨	૧૮૮
જી.આઈ.	૧૨૪	૭૦
કુલ	૩૩૯૩	૧૮૮૦

એલ.ઓ.ટી.

	પ્લાન ઓપરેશન	
	મેજર	માઈનોર
ઈ.એન.ટી.	૫૪૨	૧૬૭૭
ગેસ્ટ્રો	૨૧૫	૪૨
ગેસ્ટ્રો મેડીસીન	--	૨૬૫૬
પ્લાસ્ટીક	૬૫૫	૩૫૯
કુલ	૧૪૧૨	૪૭૩૪

સી.ટી. ઓપરેશન(સી.ટી.ઓ.ટી.)

	પ્લાન ઓપરેશન	
	મેજર	માઈનોર
સી.ટી..	૬૪૭	૪૨૪

પી.ઓ.ટી, સી.ઓ.ટી. ડેન્ટલ

	પ્લાન ઓપરેશન	
	મેજર	માઈનોર
પી.ઓ.ટી.	૪૧૫	૪૫૫
ઈ.ઓ.ટી.	--	૮૮૦૯
ડેન્ટલ	--	૩૨૨૩

CATH-LAB	TOTAL	C.T.SURGERY	TOTAL
PROCEDURE		**PROCEDURE**	
CAG	1841	CABG OH	49
PTCA	744	CABG BH	18
BMV	09	STERNOTOMY & PERLICARDIACTOMY	2
PAG	06	MVR	8
PDA CLOSURE	--	ICR	-
PPI	53	RE DO M.V.R.	-
TPI	68	MVR WITH TRICUSPID ALVE REPAIR	2
EP STUDY	34	DVR	3
RFA	21	ASD REPAIR WITH PERICADIUM PATCH	1
IVC FILTER	01	D.V.R.	3
IABP	02	A.V.R.	4
RENAL ANGIO	01	L.V. ANURTSAM REPAIR	-
CATH ANGIO	15	CABG WITH L.V. ANURYSM REPAIR	-
CHECK ANGIO	32	MVR WITH EXTRA CARDIAC	10
BAV	01	REMOVAL OF HYTIDCYST	-
RENAL PTCA	05	MVR WITH TRICUSPID VALVE REPAIR	2
4 VESSEL ANGIO	--	D.V.R. + AORTIC ROOF WIDEANING	-
PTA	04	EXCISION OF MIXOMA	1
BPV	--	M.V.R. + ANULOPLASY	3
ASD CLOSURE	01	ASD REPAIR (MINI TNOROCOLOMY)	1

CAROTID PTCA	--	V.S.D. CLOSURE WITH BOUINE PATCH	-
POBA	08	CABG WITH AVR	1
PERICARDIAL TAPPING	10	STERNOTOMY WITH R.V. REPAIR	1
PAMI	--	CABG WITH EXISSION OF MIXOMA	-
CABG + MVR	--	MVR + TRICUSPID ANULOPING VESSELS	-
Myomectomy	--	STEOMOLOMY WITH MONOGRAFTING	-
PAPVC repair	--	VESSELS	-
Pericardioctomy	--	RE EXPLORATION	8
PDA CLOSE WITH MITRAL VALVE	--	V.S.D. CLOSURE	-
ANULOPLUSTY	--	M.V.R. MINI THOROCOLOMY	-
ASD WITH PULMONARY STENOSIS	--	CABG WITH V.S.D. CLOSURE	-
DVR WITH TRICUSPID VALVE REPAIR	--	EXISSION OF TRICUSPID VALVE	-
GERBOLE DEFFECT + DIRECT CLOUSRE	--	VEGPLATION	-

લિથોટ્રિપ્સી (યુરોલોજી) વિભાગ

	નવા	રીપીટ	કુલ
૨૦૧૫-૧૬	૧૨૪	૮૧	૨૦૫
૨૦૧૬-૧૭	૧૦૯	૫૯	૧૬૮
૨૦૧૭-૧૮	૯૨	૩૪	૧૨૬

વોલન્ટરી બ્લડ બેંક

	૨૦૧૫-૧૬	૨૦૧૬-૧૭	૨૦૧૭-૧૮
દર્દીના સગા દ્વારા આપેલ રક્ત	૫૪૫૯	૭૪૨૮	૬૩૭૩
સ્વૈચ્છિક રક્તદાન દ્વારા પ્રાપ્ત કરેલ બ્લડ બોટલ્સ	૭૮૮૧	૮૪૭૨	૬૮૮૮
બ્લડ કોમ્પોનેન્ટ બનાવ્યા	૩૬૨૭૫	૪૩૧૧૧	૩૯૭૦૯
બ્લડ કોમ્પોનેન્ટ આપ્યા	૩૪૭૯૬	૪૧૫૯૬	૩૮૩૭૧
એચ.આઈ.વી.	૧૪૧૬૫	૧૫૯૦૦	૧૪૩૯૨
એચ.સી.વી.	૧૪૧૬૫	૧૫૯૦૦	૧૪૩૯૨
વી.ડી.આર.એલ.	૧૪૧૬૫	૧૫૯૦૦	૧૪૩૯૨
એચ.બી.એસ.એ.જી.	૧૪૧૬૫	૧૫૯૦૦	૧૪૩૯૨
રક્તદાતાના બ્લડ ગ્રુપની સંખ્યા	૧૪૧૬૫	૧૫૯૦૦	૧૪૩૯૨
દર્દીના બ્લડ ગ્રુપની સંખ્યા	૪૧૯૭૬	૪૦૫૧૮	૩૯૩૫૨
બ્લડ ડોનેશન કેમ્પની સંખ્યા	૩૪	૨૪	૧૯

૨૦૧૭-૧૮ વર્ષ દરમ્યાન જુદી જુદી લેબોરેટરીમાં કરવામાં આવેલ
ટેસ્ટ અને તેની સંખ્યા
હીમેટોલોજી / કલીનીકલ પેથોલોજી / ઓ.પી.ડી.

ટેસ્ટ	કુલ	ટેસ્ટ	કુલ
રૂટીન હીમોગ્રામ	૨૦૮૯૯૯	યુરીન ટેસ્ટ	૨૮૯૧૯
બીટી, સીટી.	૨૩૯૩	પી.ટી.	૪૫૭૫૯
એ.પી.ટી.ટી.	૪૧૮૮૦	ડી.ડાયમર	૩૭૪૦
એચ.બી.	૧૨૧૨૭	સી.એસ.એફ.	૨૦૭૦
ફલ્યુડસ	૧૪૯૬	જી.૬ પી.ડી.	૧૫૫૪
એમ.ટી.	૧૬૭૬	એચ.બી.એફ.	---
સ્પે.ટેસ્ટ ઈલેક્ટ્રો ફોરેસીસ	---	શીકલ સેલ પ્રીપરેશન	૫૬
બોન મેરો	૧૧૩	આઈ.સી.ટી.ટેસ્ટ	૧૦૨૩
ડી.સી.ટી.	૧૩૭૧	એચ.એસ.એફ.	૫૫૩
ઈ.એસ.આર.	૨૯૭૯૨	એમ.પી.એસ.	૨૧૦૭૨૬
હીસ્ટોપેથોલોજી			
ટેસ્ટ		ટેસ્ટ	
બાયોપ્સી સ્પેશીમેન	૬૧૬૯	બાયોપ્સી સ્લાઈડ	૩૯૩૦૧
પી.એમ.સ્પેશીમેન	૨૩૪૪	પી.એસ.સ્પેશી.સ્લાઈડ	૩૧૯૭
સ્પેશીયલ સ્ટેઈન	૧૯૬૧	ફ્રોઝન સેકશન	૦૮
<u>સાઈટોલોજી લેબોરેટરી</u>			
ટેસ્ટ			
એફ.એન.એ.સી.	૧૩૧૭/૧૫૬૯૬	નોન ગાયનેક સાયટોલોજી	૧૮૬/૯૪૧
ગાયનેક સાયટોલોજી	૧૪૬૨/૨૯૨૪	યુરિન	૧૩૦૪
યુરિન આલબ્યુમીન	૩૯૨૪	એચ.બી.	૧૨૧૨૭
યુ.પી.ટી.	૪૮૯૪	બ્લડ ગ્રુપ	૧૦૩૬૦
(એ) બેકટેરીયોલોજી / માઈકોલોજી / પેરાસાઈટોલોજી ટેસ્ટ			
કલ્ચર અને સેન્સીટીવીટી	૩૨૪૬૫	ટીસ્યુ હીસ્ટોપેથોલોજી સ્લાઈડ સ્ટેનીંગ	૧૭૦
ઝાડાની તપાસ	૭૮૮૪	કલ્ચર (પી.એમ. તથા ઓ.ટી.)	
ફંગસ	૬૭૨	કોલેરા	૭૯૪
સ્ટેનીંગ	૨૦૮૩૩	ડીપથેરીયા	૧૬૪
(બી) સીરોલોજી ટેસ્ટ			
ઈકવાસ એચ.આઈ.વી. ટેસ્ટ	૬૫૭૯૪	TPA/TPHA	૭૨
એચ.બી.ઈ.એન્ટીજન	૬૭	ચીકનગુનીયા એન્ટીબોડીઝ	૬૦૧
યુરીન પ્રેગનન્સી ટેસ્ટ	૬૯૦૪		

રેબીસ એન્ટીજન	૧૩	એચ.એ.વી.આઇજીએમ	૧૧૧૨
એચ.બી.એસ.એન્ટીઝન	૫૬૭૯૫	એચ.ઇ.વી.આઇજીએમ	૧૧૭૫
એચ.સી.વી.એન્ટીબોડી	૩૩૮૭૪	સી.સી.એચ.એફ. (કલેક અને ટ્રાન્સ)	૦૬
ડેન્ગ્યુ એન્ટીબોડીઝ અને ડેન્ગ્યુ એન્ટીજન	૨૪૫૬૭	જાપાનીઝ એનસેફેલાઇટીસ	૦૮
લેપ્ટોસ્પાયરા એન્ટીબોડીઝ	૧૭	સ્વાઇન ફ્લુ (કલેકશન અને ટ્રાન્સ)	૯૩૧
વિડાલ અને ટાઇફીડોટ	૧૦૮૫૩	આર.એ. ટેસ્ટ	૩૩૦૨
એ.એસ.ઓ.ટાઇટર	૬૬૩	સી.આર.પી.ટેસ્ટ	૧૩૯૫૫
ગાયનેક લેબોરેટરી			
બ્લડ ગ્રુપ	૧૦૩૬૦	યુરીન આલ્બ્યુમીન	૩૯૨૪
એચ.બી.	૧૨૧૨૭	**ગાયનેક સાયટોલોજી**	૧૪૬૨/૨૯૨૪
યુ.પી.ટી	૪૮૯૪	નોન ગાયનેક સાયટોલોજી	૧૮૬/૯૪૧
યુરીન કમ્પલીટ	૧૩૦૪	એફ.એન.એ.સી	૧૩૧૭/૧૫૯૬

એ.આર.ટી. સેન્ટર ખાતે સારવાર લેતા દર્દીઓની માહિતી

	પ્રી-એ.આર.ટી.	ઓન એ.આર.ટી.
૨૦૧૫-૧૬	૫૬૧	૪૬૩
૨૦૧૬-૧૭	૫૪૩	૬૦૮
૨૦૧૭-૧૮	૫૬૯	૬૯૧

LABOUR ROOM

No. Type of Deliveries	2015-16	2016-17	2017-18
Registered Deliveries	8231	9269	9030
Emergency Deliveries	489	273	212
Total	**8720**	**9542**	**9242**
TYPE OF DELIVERIES			
NORMAL	1661	1894	1721
BREACH	255	178	191
MID.CAVITY FORCEP	02	--	00
LOW MID CAVITY FORCEPS	--	01	00
L.S.C.S	3478	3730	3922
EPISIOTOMY	3215	3721	3430
HYSTRECTOMY	10	03	06
VACCUM	--	--	--
NORMAL WITH PERINEUM TEAR	101	32	12

	2015-16	2016-17	2017-18
MALE	4644	5074	4878
FEMALE	4340	4781	4514
STILL BIRTH	227	299	263
TOTAL BIRTH	8984	9855	9392
Vaginal Delivery	1661	1894	5262
Ceasserian delivery (LS CS)	3478	3730	3974
Multiple deliveries(Twin and more)	266	285	151

શેઠ વી.એસ. હોસ્પિટલમાં નાકો અને અ.મ્યુનિ.કોર્પોરેશન એઈડ્સ કન્ટ્રોલ સોસાયટીની ગ્રાન્ટમાંથી નીચે જણાવેલ પ્રોજેક્ટ ચાલી રહ્યો છે.

૧. સ્વૈચ્છિક એચ.આઇ.વી. ટેસ્ટની તપાસ વીના મૂલ્યે કરવામા આવે છે તેમજ એચ.આઇ.વી. પોઝીટવ વ્યક્તિઓના કાઉન્સેલીંગ કરવામાં આવે છે. (વી.સી.ટી.સી. ગ્રાન્ટ) હેઠળ વર્ષ દરમ્યાન કરવામાં આવેલ કાઉન્સેલીગની સંખ્યા--૧૧૧૦૯

૨. પ્રસૂતા સ્ત્રીમાં એચ.આઇ.વી. પોઝીટીવ હોય અને જન્મનાર બાળકમાં ન આવે તે માટે દવાઓ વિના મૂલ્યે પ્રસૂતિ વિભાગમાં પુરી પાડવામાં આવે છે. પી.પી.ટી.સી.ટી. ગ્રાન્ટ અંતર્ગત વર્ષ દરમ્યાન થયેલ ટેસ્ટની સંખ્યા -૧૦૮૮૫

એકાઉન્ટ વિભાગ

	૨૦૧૫-૧૬	૨૦૧૬-૧૭	૨૦૧૭-૧૮
આવક રૂપિયા	૬૭૪૨૬૨૨૭	૬૮૯૯૮૫૮૮	૫૨૫૩૮૮૭૪
ખર્ચ રૂપિયા	૮૮૯૯૨૬૦૯૮	૧૦૭૧૨૦૬૪૬૭	૧૦૨૮૧૨૩૮૪૧

દર્દી દીઠ ખર્ચ (દૈનિક ઇન્ડોર દર્દીની સરેરાશ સંખ્યા - ૯૧૦)

PARTICULARS	2015-16		2016-17		2017-18	
	TOTAL	PER PATIENT	TOTAL.	PER PATIENT		PER PATIENT
Establishment Expenditure	**795912353**	**2565.39**	**871081108**	**2807.675**	**965316601**	**2906.267**
Non-establishment Expenditure	**94013745**	**303.0258**	**89810588**	**289.4781**	**6,28,07,240**	**189.493**
Medicine, Surgical, Medicines etc.	43813878	141.2212	35499392	114.4219	1,48,12,479	44.5957
Stores Expense (Medical & General)	14865008	47.913	10016463	32.28513	75,96,941	22.8720
Maramat & Nibhav Expense	9470472	30.52529	8211820	26.4684	1,15,52,163	34.7799
Power & Fuel Expense	3449383	11.11808	4786958	15.42936	73,78,316	22.2138
Security, House-keeping & Outsourcing	2201854	7.097031	7519259	24.23613		
Other Expenditure	20213150	65.15117	23776696	76.63722	2,14,67,341	64.6314
Total (A+B)	**889926098**	**2868.416**	**960891696**	**3097.153**	**102,81,23,841**	**2860.2694**

નોંધઃ- (અંદરનાં દર્દી દીઠ બતાવવામાં આવેલ ખર્ચમાં હોસ્પિટલમાં ઓ.પી.ડી. વિભાગના ખર્ચનો પણ સમાવેશ થઇ જાય છે. આ ખર્ચમાં ઓ.પી.ડી. તથા ઇન્ડોર દર્દીઓની સારવાર ઉપરાંત અત્રે ચલાવવામાં આવતા તબીબી અને નર્સીંગ અભ્યાસક્રમો માટે થતા સૂચનો તેમજ તબીબી સંશોધનો અંગેના ખર્ચનો પણ સમાવેશ થાય છે.) દર વર્ષે હોસ્પિટલની થતી તમામ આવક અમદાવાદ મ્યુનિ.કોર્પો.માં જમા કરાવવાની હોય છે અને દર વર્ષે હોસ્પિટલની ખર્ચની તમામ રકમ અમદાવાદ મ્યુનિ.કોર્પો.ને ગ્રાન્ટ રૂપે આપવાની હોય છે. અમદાવાદ મ્યુનિ.કોર્પો.ની ગ્રાંટ સંસ્થાને શહેરની અને ગામડાની ગરીબ તથા મધ્યમ વર્ગની જનતાની તબીબી સારવાર ખૂબજ નજીવા દરથી અને તે પૈકીના કેટલાકને સંપૂર્ણ માફી આપવાની થતી ખોટ પૂરી પાડવા માટે અપાતી હોય છે. છેલ્લા ૩ વર્ષમાં આ હોસ્પિટલના સામાન્ય ખર્ચ માટે અમદાવાદ મ્યુનિ.કોર્પો.એ મંજુર કરેલ રકમ નીચે મુજબ છે. ગુજરાત સરકાર દ્વારા દર વર્ષે રૂા.બે કરોડની ગ્રાંન્ટ આપવામાં આવે છે. જે કોર્પોરેશનના કર્મચારીઓ હોસ્પિટલના કર્મચારીઓ હાલના અને માજી કાઉન્સીલર અને તેમના આશ્રિતો પત્રકારો, પ્રેસ ફોટોગ્રાફરો અને તેમના આશ્રિતો ને સ્ટે.કમિટી ઠરાવ અને અ.મ્યુનિ.કોર્પો.ની નીતિ મુજબ આ હોસ્પિટલમાં મફત વૈદકીય સારવાર આપવામાં આવે છે.

છેલ્લા ૩ વર્ષના સામાન્ય ખર્ચનું પૃથ્થકરણ

	૨૦૧૫-૧૬	૨૦૧૬-૧૭	૨૦૧૭-૧૮
એસ્ટા.ખર્ચ	૭૯૦૧૯૨૩૭૬	૮૭૦૫૭૩૬૦૮	૯૬૫૩૧૬૬૦૧
દવા-ઇન્જે.એપ્લા.ખર્ચ	૪૪૬૮૧૨૨૬	૩૦૭૪૪૬૪૨	૧૪૮૧૨૪૭૯
ખોરાક ખર્ચ	૪૮૪૮૮૩૨	૬૧૯૫૯૮૯	૫૯૯૬૯૪૪
કાપડ અન ધોવરામણ ખર્ચ	૧૯૬૯૨૦	૮૧૪૯૬૨	૭૧૯૩૨૮
અન્ય ખર્ચ	૫૦૦૦૬૭૪૪	૯૫૩૦૫૭૮૫	૮૮૪૦૩૨૯૬૮
કુલ	**૮૮૯૯૨૬૦૯૮**	**૧૦૭૧૨૦૬૪૬૭**	**૧૦૨૮૧૨૩૮૪૧**

૨૦૧૭-૧૮ ભેટમાં આવેલ દવાઓ,સાધનો અને ચીજ વસ્તુની વિગત

દાતા શ્રી	**દાનમાં આપેલ વસ્તુ**	**જથ્થો**
શ્રી ઝલક સયાહ કેન્દ્ર	ઓટોક્લેવ બોક્સ	૧ નંગ
સનવેવ એન્ટરપ્રાઇઝ	ટેબ્લેટ પ્રીમાક્વીન ફોસફેટ	૭૭૦ ટેબલેટ
અરિહંત સર્જી ફાર્મા	ટેબ્લેટ સલ્ફા મેથોક્સાઝોલ અને ટ્રામેથોપ્રીમ	૨૧૦૦૦ ટેબલેટ
ડી.નાઇલા ફારૂક	વોટરકુલર ૪૦ લીટર	૧ નંગ
અશોક મનોહર કવિ	વ્હીલ ચેર	૩ નંગ
અમદાવાદ સ્ટ્રીપ લી.	ડેક્સ્ટ્રો ૫૦૦ શોર્ટ ડાયાથર્મી વીથ ડિસ્ક	૧ નંગ
અમદાવાદ સ્ટ્રીપ લી.	એન્કલ ટ્રેક્સન વીથ બેડ	૧ નંગ
અમદાવાદ સ્ટ્રીપ લી.	ફીનોમ કોમ્પ. કોન્ટીન્યુઅસ પેસીવ મોશન	૧ નંગ
અમદાવાદ સ્ટ્રીપ લી.	સાયક્લોપ્સ કોમ્પ્યુટરાઇઝ અલ્ટ્રાસાઉન્ડ	૧ નંગ
અમદાવાદ સ્ટ્રીપ લી.	કોમ્બસ કોમ્બીનેશન થેરાપી યુનીટ	૨ નંગ

અમદાવાદ સ્ટ્રીપ લી.	સેબ કોમ્પ્યુટરાઈઝ ફોર ચેનલ ટેન્સ	૧ નંગ
અમદાવાદ સ્ટ્રીપ લી.	વરટેક્સ કોમ્પ્યુટરાઈઝડ ઈન્ટરફર ફેરેન્શીઅલ થેરાપી	૧ નંગ
ડ્રેગર ઈન્ડીયા પ્રા.લી.	એડલ્ટ પેશન્ટ સર્કીટ	૧૦૦ નંગ
એમ કે. એન્ટરપ્રાઈઝ	ઈન્જેકશન ફીનીટોઈન ૨ એમ.એલ	૧૦૦૦ નંગ
એવરગ્રીન એન્ટરપ્રાઈઝ	ફીલીપ્સ ડી.એફ.એમ ૧૦૦ લો એનર્જી બાયા ફીઝીક ડી ફીબ્રીલેટર (સીસ્ટમ)	૧ નંગ
ફૈઝાન બેગ સેનટર	એકસ્ટનલ પેડલ્સ	૧ નંગ
ફૈઝાન બેગ સેનટર	એડી ઓપશન	૧ નંગ
રોશન બેગ સેન્ટર	ફીલીપ્સ ડી.એફ.એમ ૧૦૦ લો એનર્જી બાયા ફીઝીક ડી ફીબ્રીલેટર (સીસ્ટમ) સી.નં સી.એન.૩૨૬૧૪૬૦૫	૧ નંગ
ઈકબાલભાઈ થેલીવાળા	એકસ્ટનલ પેડલ્સ	૧ નંગ
ઈકબાલભાઈ થેલીવાળા	એડી ઓપશન	૧ નંગ
નિરજ ફાઉન્ડેશન ચેરીટેબલ ટ્રસ્ટ	ફીલીપ્સ ડી.એફ.એમ ૧૦૦ લો એનર્જી બાયા ફીઝીક ડી ફીબ્રીલેટર (સીસ્ટમ) સી.નં સી.એન.૩૨૬૧૨૩૩૫	૧ નંગ
અરીહત સર્જી ફાર્મા	ટેબલેટ સલ્ફા મેથોકસા ઝોલ વીથ ટ્રાય મેથો પ્રીમ ડી.એસ	૭૫૦૦૦

૮૦ - જી હેઠળ આવેલ દાનની વિગત

80G DONATION - 2016-17		
DATE	**NAME**	**AMOUNT**
31.05.17	Purnima P.Pahak	1,50,000.00
20.06.17	Kajalwala Finishers	25,000.00
22.06.17	Gulamahmed Husenbhai Malek	3,000.00
22.08.17	Patel Ahmedhusen Allarakha	1,00,000.00
27.09.17	Purnima P.Pathak	1,50,000.00
06.03.18	Manjulaben Chhotalal Parokh	5,000.00
14.03.18	Lalbhai & Shakuntala Chaitable Trust	25,000.00
22.03.18	Shalibhadra Master Investment Brokers	1,00,000.00
27.03.18	Arvindbhai Chimanlal Shah	30,000.00
31.03.18	Shah & Shah Associates	1,50,000.00
	TOTAL	**7,38,000.00**

સરકારી યોજના અંતર્ગત કરવામાં આવેલ કામોની માહીતી

(૧) માનનીય મુખ્યમંત્રી યોજના "માં યોજના" - મુખ્યમંત્રી અમૃતમ વાત્સલ્ય યોજના

અત્રેની શેઠ વા.સા.જન.હોસ્પિટલને ગુજરાત રાજ્યના આરોગ્ય અને કલ્યાણ વિભાગ દ્વારા ગુજરાત સરકાર પ્રેરીત માનનીય મુખ્યમંત્રી યોજના "માં યોજના" - મુખ્યમંત્રી અમૃતમ વાત્સલ્ય યોજનાના દર્દીઓને અત્રે મેડીકલ સારવાર માટેની માન્ય હોસ્પિટલ તરીકે સને ૨૦૧૨થી ગૌરવ આપેલ છે.

સદર "માં યોજના" હેઠળ બી.પી.એલ. (બીલો પોવર્ટી લેવલ) આવક ધરાવતા દર્દીઓને અત્રે વિના મુલ્યે કુલ ૬૨૮ પ્રકારની મેડીકલ પ્રોસીજર માટે નિશુલ્ક સારવાર આપવામાં આવે છે. આ યોજનાના અમલ થી ગરીબી રેખા હેઠળના હજારો બી.પી.એલ. કુંટુબોના દર્દીઓમાં હદય, કીડની, કેન્સર નવ જાત શીશુઓના ગંભીર રોગો, ગંભીર ઈજાઓ, મગજના ગંભીર રોગો, આમ અલગ અલગ કુલ-૬૨૮ પ્રકારની મેડીકલ સારવાર વિના મુલ્યે આપવામાં આવે છે.

સદર યોજનામાં પારિવારીક રૂા.૨.૫૦ લાખની વાર્ષિક આવક ધરાવતા કુટુંબના કુલ-૦૫ સભ્યોને બી.પી.એલ. કાર્ડ હેઠળ આવરી લેવામાં આવે છે. આ યોજના હેઠળ સમગ્ર ગુજરાત ખાતે અત્યાર સુધી કુલ નોંધાયેલ ૧૭૧ હોસ્પિટલ પૈકી ૧૨૬ જેટલી પ્રાઈવેટ હોસ્પિટલ તેમજ સમગ્ર ગુજરાતની ૪૫ જેટલી ગ્રાન્ટ ઈન એઈડ પૈકી, અ.મ્યુ.કોર્પોરેશન સંચાલિત અત્રેની શેઠ વા.સા.જન.હોસ્પિટલનું સમગ્ર મેડીકલ ઈન્ફ્રાસ્ટ્રકચર, પ્રાપ્ય સુપર સ્પેશીયાલીટીની બ્રાન્ચો જેવી કે, બર્ન્સ, પ્લાસ્ટીક સર્જરી, પીડીયાટ્રીક સર્જરી, તેમજ ઓલ ટ્રીટમેન્ટ ઈન અન્ડર વન રુફની શેઠ વા.સા.જન.હોસ્પિટલની વિશિષ્ટતાને ધ્યાને લઈ ગુજરાત સરકારના આરોગ્ય અને કલ્યાણ વિભાગ દ્વારા "માં યોજના" પૈકીના દર્દીઓને માન્ય હોસ્પિટલ તરીકે ગૌરવ આપેલ છે.

વર્ષ	લાભ મેળવેલ દર્દીઓની સંખ્યા
જુલાઈ ૨૦૧૨ થી ૩૧-૦૩-૨૦૧૩	૨૬૩
૦૧-૦૪-૨૦૧૩ થી ૩૧-૦૩-૨૦૧૪	૨૬૦
૦૧-૦૪-૨૦૧૪ થી ૩૧-૦૩-૨૦૧૫	૧૯૯
૦૧-૦૪-૨૦૧૫ થી ૩૧-૦૩-૨૦૧૬	૧૨૯૯
૦૧-૦૪-૨૦૧૬ થી ૩૧-૦૩-૨૦૧૭	૧૯૩૦
૦૧-૦૪-૨૦૧૭ થી ૩૧-૦૩-૨૦૧૮	૨૧૩૦

(૨) જનની શીશુ સુરક્ષા કાર્યક્રમ (જે.એસ.એસ.કે.)

નેશનલ રૂરલ હેલ્થ મીશન - (એન.આર.એચ.એમ.) દ્વારા રાષ્ટ્રીય ગ્રામીણ સ્વાસ્થ સેવા કાર્યક્રમ પૈકી, મેટરનલ હેલ્થ ડીવીઝન, મીનીસ્ટ્રી ઓફ હેલ્થ એન્ડ ફેમીલી વેલ્ફેર - ગર્વમેન્ટ ઓફ ઈન્ડિયા દ્વારા તા.૦૧-૦૬-૨૦૧૧ થી મંજૂર થયેલ જે.એસ.એસ.કે. કાર્યક્રમ અંતર્ગત મહિલા પ્રસૂતા દર્દીઓની તેમજ નવ જાત શીશુઓની સારવાર માટે શેઠ વા.સા.જન.હોસ્પિટલને માન્ય હોસ્પિટલ તરીકે ગણતા ઘણાજ આનંદની અનુભુતિ અનુભવાય છે.

સામાન્ય રીતે ભારતના ગ્રામીણ વિસ્તારમાં, ઘરે પ્રસૂતિ કરાવવાની દેશી પદ્ધતિને કારણે પ્રતિ વર્ષ અંદાજીત ૬૭,૦૦૦ ગર્ભસ્થ મહિલા તેમજ ૯ લાખ નીઓનેટલ ન્યુ બોર્ન ચાઈલ્ડ મૃત્યુ પામે છે. ગ્રામીણ વિસ્તારમાં સામાન્ય રીતે અંદાજીત ૬૭% ઈન્સ્ટીટયુશનલ ડીલીવરી તેમજ ૨૩% હોમ ડીલીવરી થાય છે. કાર્યક્રમ અંતર્ગત હોસ્પિટલ ખાતેથી તમામ મહિલા પ્રેગનેન્ટ દર્દીઓને, સમગ્ર પ્રેગનન્સી દરમ્યાન ફ્રી પેથોલોજીકલ, સોનોગ્રાફીકલ, જરૂરી ઈન્વેસ્ટીગેશન, વિનામુલ્યે લેબર પ્રોસીજર તેમજ ગાયનેકોલોજીકલ ઓપરેટીવ પ્રોસીજર કરવામાં આવે છે. વધુમાં નવા જન્મેલા શીશુને ૨૮ દિવસ સુધીની તમામ તબીબી સારવાર વિનામુલ્યે કરવામાં આવે છે. જે.એસ.એસ.કે. કાર્યક્રમ અંતર્ગત મહિલા પ્રેગનન્ટ દર્દીને જરૂરી મેડીકલ સારવાર બાદ વિના મુલ્યે હોસ્પિટલ થી ઘર સુધી "ખીલ ખીલાટ" વાન દ્વારા ફ્રી ટ્રાન્સપોર્ટેશનની સુવિધા આપવા આવે છે.

જે.એસ.એસ.કે કાર્યક્રમ અંતર્ગત માતૃદર્દીઓની સંખ્યા			
વર્ષ	રજીસ્ટર્ડ ડીલીવરી	ઈમરજન્સી ડીલીવરી	કુલ
સને ૨૦૧૩-૧૪	૭૦૯૨	૪૫૦	૭૫૪૨
સને ૨૦૧૪-૧૫	૭૯૨૧	૪૩૪	૮૩૫૫
સને ૨૦૧૫-૧૬	૮૨૧૨	૪૮૮	૮૭૦૦
સને ૨૦૧૬-૧૭	૯૪૨૦	૨૪૫	૯૬૬૫
સને ૨૦૧૭-૧૮	૯૭૪૨	૨૧૨	૯૯૫૪

જે.એસ.એસ.કે કાર્યક્રમ અંતર્ગત એન.આઈ.સી.યુ., પી.આઈ.સી.યુ. અને પીડીયાટ્રીક વોર્ડના બાળદર્દીઓની સંખ્યા	
વર્ષ	કુલ
સને ૨૦૧૩-૧૪	૩૩૭૨
સને ૨૦૧૪-૧૫	૩૫૭૮
સને ૨૦૧૫-૧૬	૩૬૫૮
સને ૨૦૧૬-૧૭	૩૬૫૮
સને ૨૦૧૭-૧૮	૩૨૭૧
એસ.એન.સી.યુ. યોજના અંતર્ગત લાભાર્થીઓની સંખ્યા	
વર્ષ	કુલ
સને ૨૦૧૩-૧૪	૧૭૧૯
સને ૨૦૧૪-૧૫	૧૭૦૯
સને ૨૦૧૫-૧૬	૧૯૬૭
સને ૨૦૧૬-૧૭	૧૯૭૪
સને ૨૦૧૭-૧૮	૧૮૮૭

(૩) **રાષ્ટ્રીય સ્વાસ્થ વીમા યોજના - (આર.એસ.બી.વાય)**

મીનીસ્ટ્રી ઓફ લેબર વેલફેર એન્ડ એમ્પલોયમેન્ટ, ગર્વનમેન્ટ ઓફ ઇન્ડિયા દ્વારા આયોજીત આર.એસ.બી.વાય. યોજના પૈકી, અત્રેની શેઠ વા.સા.જન.હોસ્પિટલને ગુજરાત સરકાર દ્વારા માન્ય હોસ્પિટલ તરીકે સને ૨૦૧૩થી માન્યતા આપેલ તે ગૌરવની તેમજ ઘણાં આનંદની વાત છે.

સદર આર.એસ.બી.વાય. યોજનામાં બી.પી.એલ. કાર્ડ ધરાવતા કુટુંબના કુલ -૦૫ સભ્યોને નેશનલ રાષ્ટ્રીય વીમા યોજના દ્વારા રૂા.૩૦,૦૦૦/- ની મર્યાદામાં હેલ્થ પોલીસી કવર કરવામાં આવે છે. જેની પ્રીમીયમની ૨૫% રકમ ગર્વનમેન્ટ ઓફ ગુજરાત દ્વારા તેમજ પ્રીમીયમની ૭૫% ટકા રકમ ભારત સરકાર દ્વારા ભરપાઇ કરવામાં આવે છે. તેમજ કુટુંબના વડાને સ્માર્ટ કાર્ડ આપવામાં આવે છે. સ્માર્ટ કાર્ડના વેલીડીટી પીરીયડ દરમ્યાન કુલ રૂા.૩૦,૦૦૦/- ના ખર્ચની મર્યાદામાં અત્રે દાખલ દર્દીઓને હોસ્પિટલ સારવાર વિનામુલ્ય કરવામાં આવે છે. બી.પી.એલ. કાર્ડ ધરાવતા કુટુંબના વડાએ ફકત રૂા.૩૦/- સ્માર્ટ કાર્ડના રજીસ્ટ્રેશનના ખર્ચ દ્વારા જરૂરી પેપર કરી જરૂરી મંજૂરી મેળવી અત્રે ફ્રી સારવાર મેળવી શકે છે.

આર.એસ.બી.વાય. યોજના અંતર્ગત લાભાર્થીઓની સંખ્યા	
વર્ષ	**કુલ**
જુન ૨૦૧૩ થી ૩૧-૦૩-૨૦૧૪	૩૩૨
૦૧-૦૪-૨૦૧૪ થી ૩૧-૦૩-૨૦૧૫	૩૬૦
૦૧-૦૪-૨૦૧૫ થી ૩૧-૦૩-૨૦૧૬	૩૫૯
૦૧-૦૪-૨૦૧૬ થી ૩૧-૦૩-૨૦૧૭	૩૦૩
૦૧-૦૪-૨૦૧૭ થી ૩૧-૦૩-૨૦૧૮	૭૯

અમારો દર્દી સારવાર મંત્ર

" For us, a patient is never a customer or consumer. He is a life with beating heart and thinking brain and we endevour to keep each and every patient heart beating and brain thinking."

૮.૨ - શ્રીમતી શા.ચી.લા.મ્યુનિ.જનરલ હોસ્પિટલ
વાર્ષિક વહીવટી અહેવાલ
સને : ૨૦૧૭ - ૨૦૧૮

શેઠ શ્રી ચીમનલાલ લાલભાઈ તરફથી મળેલ રૂા.૨૫૦૦૦૧/- દાનથી શરૂ કરવામાં આવેલ શ્રીમતી શા.ચી.લા.મ્યુનિ.જન.હોસ્પિટલ અમદાવાદ શહેરનાં ઔધોગિક તેમજ મજુર વિસ્તારવાળા રહીશો, ઉપરાંત ગુજરાત રાજય અને તેની સંલગ્ન આવેલા રાજયો બહારનાં દર્દી માટે આશીર્વાદ રૂપ છે. તા.૨૮/૧૧/૧૯૫૯ નાં રોજ ભારતનાં વડાપ્રધાન સ્વ.જવાહરલાલ નહેરુનાં વરદ હસ્તે ખુલ્લી મુકાયેલ આ હોસ્પિટલે ૫૫ વર્ષ પુરા કરી ૫૬ માં વર્ષમાં પ્રવેશ કર્યો છે. ૧૯૬૩ સુધી આ હોસ્પિટલમાં ૮૦ પથારી હતી. જેમાં ઉત્તરોતર જરૂરીયાત પ્રમાણે વધારો કરી પ્રસુતિગૃહમાંથી વિકસેલ આજે ૪૯૦ ટીચીંગ + ક્લીનીકલ બેડ મળીને કુલ ૬૨૦ પથારી ધરાવતી એક જનરલ સ્નાતક અને અનુસ્નાતક કક્ષાએ તબીબી શિક્ષણ આપતી જનરલ હોસ્પિટલ છે. હાલમાં હોસ્પિટલમાં નીચે મુજબની તબીબી સેવાઓ ઉપલબ્ધ છે.

૧	સર્જીકલ	૩ યુનિટો
૨	મેડીકલ	૨ યુનિટો
૩	ઓબ્સટ્રેટીકસ એન્ડ ગાયનેકોલોજી	૩ યુનિટો
૪	પીડીયાટ્રીકસ	૨ યુનિટો
૫	ઓર્થોપેડીક વિભાગ	૨ યુનિટો
૬	પલ્મોનરી વિભાગ	૨ યુનિટો
૭	બર્ન્સ એન્ડ પ્લાસ્ટીક સર્જરી વિભાગ	૧ યુનિટ
૮	ઇ.એન.ટી.વિભાગ	૧ યુનિટ
૯	ડર્મેટોલોજી વિભાગ	૧ યુનિટ
૧૦	રેડીયોલોજી વિભાગ	૧ યુનિટ
૧૧	એનેસ્થેશીયા વિભાગ	૧ યુનિટ
૧૨	પેથોલોજી વિભાગ	૧ યુનિટ

એ.એમ.સી.મેડીકલ એજયુકેશન ટ્રસ્ટ સંચાલિત શ્રીમતી એન.એચ.એલ.મ્યુનિ.મેડીકલ કોલેજની સ્થાપના અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન તરફથી સને ૧૯૬૩ના જૂન માસમાં થયેલ હતી. મેડીકલ કોલેજમાં સ્નાતક તથા અનુસ્નાતક તબીબી શિક્ષણ આપવામાં આવે છે. આ કોલેજ ગુજરાત રાજયની નામાંકિત સેલ્ફ ફાયનાન્સ કોલેજ છે. આ કોલેજને ૧૦૦ તબીબી સીટોની પ્રથમ માન્યતા મળેલ હતી. સને ૨૦૦૦ માં વધુ ૫૦ સીટો અને સને ૨૦૧૬ માં ૧૦૦ સીટોનો વધારો કરી કુલ ૨૫૦ તબીબી સીટો રાખવામાં આવેલ છે. અત્રેની કોલેજને મેડીકલ કાઉન્સીલ ઓફ ઈન્ડીયા તરફથી માન્યતા મળેલ છે. તેમજ અત્રેની કોલેજ ગુજરાત યુનિવર્સિટી સાથે જોડાણ ધરાવે છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન સંચાલિત વા.સા.જન.હોસ્પિટલ, શા.ચી.લા.જન.હોસ્પિટલ, શ્રી ચી.હ.નગરી મ્યુનિ.આંખની હોસ્પિટલ, મ્યુનિસિપલ મેડીકલ કોલેજ સાથે સંલગ્ન છે. સને ૨૦૧૭-૨૦૧૮ના આખરે કોલેજમાં અન્ડર ગ્રેજયુએટ વિદ્યાર્થીઓની સંખ્યા પ્રથમ ટર્મમાં ૯૩૨અને બીજી ટર્મમાં ૮૪૦ હતી. અને ઓગસ્ટ ૨૦૧૭ થી શરુ થતાં નવા સત્રમાં ૨૫૦ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવેલ હતો. જેમાં વર્ષ-૨૦૧૭-૨૦૧૮ દરમ્યાન કોલેજનો કુલ અંદાજીત ખર્ચ રૂા.૭૦,૨૭,૩૪,૨૮૫.૦૦ થયો છે. વર્ષ ૨૦૧૬-૨૦૧૭ દરમ્યાન કોલેજનો કુલ ખર્ચ રૂા. ૭૨,૯૫,૪૨,૧૭૮.૦૦ થયેલ હતો. ચાલુ વર્ષે ૨૦૧૭-૨૦૧૮ ની ફી ની કુલ આવક રૂા.૯૫,૭૫,૫૦,૬૫૦.૨૧ થઈ છે. સને ૨૦૧૬-૨૦૧૭ની કુલ ફી ની આવક રૂા. ૭૯,૦૩,૦૪,૨૬૮.૯૩ થયેલ હતી. આ કોલેજમાં ભણતાં વિદ્યાર્થીઓને કિલનીકલ શિક્ષણ માટે મ્યુનિસિપલ કોર્પોરેશનની હોસ્પિટલોમાં મોકલવામાં આવે છે. કોલેજના જુદા જુદા વિભાગો અને કોલેજ સાથે સંલગ્ન હોસ્પિટલોના જુદા-જુદા વિભાગોમાં પોસ્ટ ગ્રેજયુએટનો કોર્ષ ચલાવવામાં આવે છે. જેમાં વિદ્યાર્થીઓને પૂરતી સગવડ આપવામાં આવે છે. અહેવાલી વર્ષમાં પ્રથમ વર્ષ એમ.બી.બી.એસ.માં જુલાઈ-૨૦૧૭માં પ્રથમ વર્ષનું પરિણામ ૭૭.૭૪% હતું. દ્વિતીય વર્ષનું પરિણામ ૭૨.૦૦% હતું અને તૃતિય વર્ષનું પરિણામ પાર્ટ-૧નું ૮૧.૦૮%, પાર્ટ-૨નું ૭૦.૯૭% હતું. જયારે જાન્યુઆરી ૨૦૧૭માં લેવાયેલ પરીક્ષામાં પ્રથમ વર્ષનું પરિણામ ૬૭.૮૦% હતું. દ્વિતીય વર્ષનું પરિણામ ૮૪.૯૭% હતું અને તૃતિય વર્ષનું પરિણામ પાર્ટ-૧નું ૮૭.૭૪%, પાર્ટ-૨નું ૮૬.૮૧% આવેલ છે. એકંદરે ત્રણે વર્ષના ૮૯૪ વિદ્યાર્થીઓમાંથી ૭૨૫ વિદ્યાર્થીઓ પાસ થયા હતા. સને ૨૦૧૭-૨૦૧૮ માં અત્રેની કોલેજ તેમજ તેની સાથે સંલગ્ન હોસ્પિટલોમાં ચાલતા જુદાજુદા વિભાગોના પોસ્ટ ગ્રેજયુએશનના કોર્ષોમાં ૨૦૭ વિદ્યાર્થીઓએ પ્રવેશ મેળવેલ હતો.

ગુજરાત યુનિવર્સિટીની પરીક્ષામાં બેઠેલ તથા પાસ થયેલ વિદ્યાર્થીઓની માહીતી દર્શાવતું પત્રક

અ. નં.	વિગત	જુલાઈ-૨૦૧૭			જાન્યુઆરી-૨૦૧૮		
		કુલ વિદ્યાર્થીઓ	પાસ થયેલ વિદ્યાર્થીઓ	ટકાવારી	કુલ વિદ્યાર્થીઓ	પાસ થયેલ વિદ્યાર્થીઓ	ટકાવારી
૧	૨	૩	૪	૫	૬	૭	૮
૧.	પ્રથમ વર્ષ એમ.બી.બી.એસ.	૨૬૫	૨૦૬	૭૭.૭૪%	૫૯	૪૦	૬૭.૮૦%
૨.	દ્વિતીય વર્ષ એમ.બી.બી.એસ.	૫૦	૩૬	૭૨.૦૦%	૧૫૩	૧૩૦	૮૪.૯૭%
૩.	તૃતીય વર્ષ એમ.બી.બી.એસ. પાર્ટ-૧	૩૭	૩૦	૮૧.૦૮%	૧૫૫	૧૩૬	૮૭.૭૪%
૪.	તૃતીય વર્ષ એમ.બી.બી.એસ. પાર્ટ-૨	૩૧	૨૨	૭૦.૯૭%	૧૪૪	૧૨૫	૮૬.૮૧%
કુલ		૩૮૩	૨૯૪		૫૧૧	૪૩૧	

પરીક્ષામાં બેઠેલા કુલ વિદ્યાર્થીઓ - ૮૯૪

પરીક્ષામાં પાસ થયેલ કુલ વિદ્યાર્થીઓ - ૭૨૫

૧) એનેટોમી વિભાગ

એમ.બી.બી.એસ.(પ્રથમ વર્ષ),ફીઝીયોથેરાપી (પ્રથમ વર્ષ) અને ઓપ્ટોમેટરીના(પ્રથમ વર્ષ)નર્સિંગ,તેમજ એક્ષ-રે ટેકનીશીયન જેવી જુદી જુદી શાખાના વિદ્યાર્થીઓનું શિક્ષણ કાર્ય આ વિભાગમાં ચાલે છે. તેમજ એમ.ડી.અને પી.એચ.ડી ના વર્ગો પણ આ વિભાગમાં લેવાય છે. અત્રેની કોલેજને મળતા દેહદાનનો ઉપયોગ મેડીકલ અને પેરામેડીકલના વિદ્યાર્થીઓને માનવ શરીરના અંગોના અભ્યાસ માટે કરવામાં આવે છે. દેહદાનનો ઉપયોગ થયા બાદ રહેલા અવશેષોમાંથી મ્યુઝિયમના સ્પેશીમેન તેમજ બોન(હાડકાં)બનાવીને વિદ્યાર્થીઓના અભ્યાસ અર્થે વાપરવામાં આવે છે. ડિપાર્ટમેન્ટના મ્યુઝિયમની મુલાકાતે આવતા વિવિધ શાળાના વિદ્યાર્થીઓ અને નર્સીંગ સ્કૂલના વિદ્યાર્થીઓ ને એનેટોમી વિભાગની જાણકારી આ વિભાગ મારફતે આપવામાં આવે છે. સમાજના પ્રતિષ્ઠિત વ્યકિતઓ મેડીકલ શિક્ષણમાં મદદની ભાવનાથી પોતાનું દેહદાન આપીને આ પ્રવૃતિને બળ પુરુ પાડે છે. ગુજરાતમાં લગભગ સૌથી વધુ દેહદાન આ કોલેજમાં આવે છે. તેમજ વિભાગના પ્રોફેસરો દ્વારા દેહદાન કરવા અર્થે સમાજની પ્રતિષ્ઠિત સામાજીક સંસ્થાઓને યોગ્ય માર્ગદર્શન તેમજ પ્રેરક બળ પૂરું પાડવામાં આવે છે. અહેવાલી વર્ષ - ૨૦૧૭-૧૮ દરમ્યિાન આ વિભાગને ૪૩ વ્યકિતઓના દેહદાન મળેલ છે. જેમાંથી ૩૪ દેહદાન સરકાર માન્ય કરાયેલ મેડીકલ તેમજ પેરામેડીકલ કોલેજના વિદ્યાર્થીઓના અભ્યાસ અર્થે દેહદાન આપવામાં આવેલ છે. આમ વર્ષ દરમ્યાન મેડીકલ તેમજ પેરામેડીકલ કોલેજના વિદ્યાર્થીઓને શરીરશાસ્ત્રની રચના સમજવા બહુ જ સરળતા રહેલ છે.વધુમાં જયારે મેડીકલ વિધાર્થીઓની કોન્ફોરન્સ "AMCON" તેમજ વિદેશના વિધાર્થીઓ(નેશનલ એકડમી ઓફ ફયુચર ફીઝીયન અને મેડીકલસાઈટીસ)ને દેહદાન અભ્યાસ અર્થે દેહદાન આપવામાં આવે છે. એનેટોમી વિભાગમાં આવેલ મ્યુઝિયમમાં માનવ અને પ્રાણીઓના દેહના અવયવ અને બોન્સનો સંગ્રહ કરીને માનવ જાતના અભ્યાસ માટેની સંશોધનની કામગીરી કરવામાં આવે છે.

૨) ફીઝીયોલોજી વિભાગઃ

કોલેજના પ્રથમ વર્ષ એમ.બી.બી.એસ.માં દાખલ થતા વિદ્યાર્થીઓને ફીઝીયોલોજી વિષયનું પ્રશિક્ષણ આ વિભાગ દ્વારા આપવામાં આવે છે. સ્ટુડન્ટોને વર્ષ દરમ્યાન લેકચર્સ ટયુટોરીયલ્સ અને પ્રેકટીકલ્સ દ્વારા ફીઝીયોલોજી વિષયનું શિક્ષણ આપવામાં આવેલ. તેમજ પ્રેકટીકલનું શિક્ષણ ત્રણ લેબમાં આપવામાં આવે છે. હીમેટોલોજી લેબમાં બ્લડના પ્રેકટીકલ શીખવાડવામાં આવે છે. એક્ષપેરીમેન્ટલ લેબમાં ગ્રાફ ભણાવવામાં આવે છે.અને કલીનીકલ લેબમાં વિદ્યાર્થીઓને પ્રેકટીકલ્સ ભણાવવામાં આવે છે. વર્ષ દરમ્યાન સ્ટુડન્ટસના પીરીયોડીકલ, ઈન્ટરનલ અને પ્રિલીમ એકઝામ લેવામાં આવે છે. અને MCQ Test પ્રિલીમ્સ એકઝામ પણ તેઓના જ્ઞાનમાં વધારો થાય તે માટે લેવામાં આવે છે. તેમજ વર્ષ દરમ્યાન ફીઝીયોલોજીની MCQ Test GLS કોલેજમાં રાખવામાં આવેલ તેમાં આપણી કોલેજ સેમીફાઈનલ સુધી પહોંચી હતી. વર્ષ દરમ્યાન Elsefer ની સ્લેટ ઈન્ટરનેશનલ કવીઝ અને કોરોનરી હાર્ટ ડીઝીઝ પર ડૉ. વિનિત જૈનનું લેકચર પણ રાખવામાં આવેલ જેમાં બધા સ્ટુડન્ટસને હૃદયના રોગ માટે શિક્ષણ આપવામાં આવેલ. તેમજ વિદ્યાર્થીઓને રેગ્યુલર હાજરીનું મહત્વ સમજાવામાં આવ્યું, વર્ષ દરમ્યાન એસ.બી.બી. કોલેજ ઓફ ફીઝીયોથેરાપીના વિદ્યાર્થીઓ, નગર સ્કુલ ઓફ ઓપ્ટોમેટ્રીના અને નર્સિંગના વિદ્યાર્થીઓને ફીઝીયોલોજી વિષયનું લેકચર્સ અને પ્રેકટીકલ દ્વારા શિક્ષણ આપવામાં આવે છે.

વર્ષ -૨૦૧૭-૧૮ માં ફર્સ્ટ ઈયર એમ.બી.બી.એસ.ના ૨૫૦ વિદ્યાર્થીઓને (બેઝીક લાઈફ સપોર્ટ)નું સ્પેશીયલ શિક્ષણ આપી સર્ટીફીકેટ આપવામાં આવ્યા.

૩) બાયોકેમેસ્ટ્રી વિભાગઃ

સને ૨૦૧૭-૧૮ ના વર્ષ દરમ્યાન M.D. Bio-Chemistry, M.B.B.S.,Physiotherapy, Optometry, Medical, lab technition Nursing તથા M.L.T. કોર્સના વિદ્યાર્થીઓને પ્રશિક્ષણ તથા તાલીમ આપેલ છે.

(૧)પબ્લીકેશન

(૧) ડૉ.ચંદન ચક્રવર્તી,(પ્રાધ્યાપક અને વડા), દ્વારા ટોટલ ચાર પબ્લીકેશન કરવામાં આવેલ છે.

(૨) ડૉ.મહમ્મદ સાહીદ (જુ.લેકચરર) દ્વારા એક પબ્લીકેશન કરવામાં આવેલ છે.

(૩) ડૉ.અનિલ ગામીત (જુ.લેકચરર) દ્વારા એક પબ્લીકેશન કરવામાં આવેલ છે.

(૨) પોસ્ટર પ્રેઝંટેશન

(I) -:ડૉ.ચંદન ચક્રવર્તી,(પ્રાધ્યાપક અને વડા)અને ડૉ.મહમ્મદ સાહીદ (જુ.લેકચરર) ૬ એન્યુઅલ મીટીંગ ઓફ ઇન્ડીયન એકેડેમી ઓફ બાયોમેડીકલ સાયન્સ ભાવનગર ખાતે તારીખ ૬,૭,૮ જાન્યુઆરી ના રોજ પોસ્ટર પ્રેઝંટેશન કરવામાં આવેલ.

(II)ડૉ.ચંદન ચક્રવર્તી,(પ્રાધ્યાપક અને વડા) દ્વારા ઓરીએન્ટેશન પ્રોગ્રામ ફોર રેસિડેન્સ ખાતે તારીખ ૬ જુલાઇ ૨૦૧૭ ના રોજ "લેબોરેટરી પ્રોટોકલ" ઉપર એક વર્ષના રેસિડેન્સને લેકચર આપ્યું હતું.

(III) ડૉ.ચંદન ચક્રવર્તી એ રીચર્સ અને મેથોડોલોજી બાયોસ્ટેટિકસના વર્કશોપમાં N.H.L. મેડીકલ કોલેજમાં તારીખ ૨૩ માર્ચના રોજ ભાગ લીધેલ છે.

(IV) ડૉ.ચંદન ચક્રવર્તી, ડૉ. મુકેશ ગોહેલ(સહાયક પ્રાધ્યાપક) અને ડો.જેમીલ(મદદનીશ પ્રાધ્યાપક) દ્વારા તારીખ ૫ જાન્યુઆરી ૨૦૧૮ના રોજ યોજાયેલ GMERS મેડીકલ સોલા ખાતે ભાગ લીધેલ છે.

રીર્ચસ-:

બાયોકેમેસ્ટ્રી વિભાગમાં PPARp અને Iodine Nulritional stalis For School children ના વિષય ઉપર રીર્ચસ પ્રોજેકટ ચાલું છે.

Total Invetigation Data (01/04/2017 to 31/03/2018)

NO	Name of Laboratories	No OF TESTS
1	Chemistry	17,68,166
2	Endocrinology	1,87,778
3	ABG Analysis & Others	77,838

૪) પેથોલોજી વિભાગ

(૧) કોલેજ ખાતે આવેલ પેથોલોજી વિભાગ સ્નાતક તથા અનુસ્નાતક કક્ષાના વિદ્યાર્થીઓને એમ.બી.બી.એસ. તથા એમ.ડી.નું શિક્ષણ પુરુ પાડવામાં આવે છે. આ માટે ગુજરાત યુનિર્વસીટીના Syllabus ને અનુસરીને વિદ્યાર્થીઓને ટ્રેઇનીંગ અપાય છે. જેમાં મેડીકલ કોલેજ ખાતે કલાસ રુમમાં લેકચર, પ્રેકટીકલ, ડેમોસ્ટ્રેશન વિગેરે,ઉપરાંત હોસ્પિટલની પેથોલોજી વિભાગની જુદી જુદી લેબોરેટરીઓમાં (ખાસ કરીને અનુસ્નાતક વિદ્યાર્થીઓને) રોટેશન દ્વારા પોસ્ટીંગ આપીને પ્રેકટીકલ ટ્રેઇનીંગ આપવામાં આવે છે. આ ઉપરાંત ઇન્ટર્નલ તથા યુનિર્વસીટીની પરીક્ષાઓનું પણ આયોજન કરવામાં આવે છે. હોસ્પિટલ ખાતે લેબોરેટરી ટેકનીશીયન કોર્ષ, ફીઝીયોથેરાપી કોલેજ તથા નગરી

હોસ્પિટલમાં ચલાવવામાં આવતા ઓપ્ટોમેટ્રી કોર્ષના વિદ્યાર્થીઓને પેથોલોજી વિષયનું શિક્ષણ આપવામાં આવે છે.

(૨) હોસ્પિટલમાં જુદી જુદી લેબોરેટરીમાં વિવિધ પ્રકારના ઓટોમેટેડ મશીન દ્વારા ટેસ્ટ થાય છે તથા હોસ્પિટલમાં આવેલ બ્લડ બેન્કમાં લોહીના ઘટકો જુદા પાડીને ઇન્ડોર દર્દીઓને આવશ્યકતા મુજબ પૂરા પડાય છે. આ અંગેની આંકડાકીય માહિતી નીચે મુજબ છે.

લેબોરેટરીમાં થતા ટેસ્ટ વિ.અંગેની આંકડાકીય માહિતી (૧ અપ્રિલ ૨૦૧૭-૨૦૧૮)

૧	હિમેટોલોજી લેબોરેટરી		
	૧)	રુટીન હિમોગ્રામ વિ.	૨,૫૪,૫૯૬
	૨)	મેલેરિયલ પેરેસાઇટના સ્મીઅર	૨૮,૦૪૬
	૩)	બી.ટી.,સી.ટી.,પી.ટી વિગેરે	૯૩,૭૭૨
	૪)	બોનમેરો પરિક્ષણ	૧૧૩
	૫)	સ્પેશીયલ ટેસ્ટ (ઇલેક્ટ્રોફોરેસીસ વિ.)	૫,૭૯૦
૨	કિલનીકલ પેથોલોજી લેબોરેટરી		
	૧)	યુરીનની તપાસ	૩૨,૮૪૩
	૨)	સી.એસ.એફ.વિ. બોડી ફલ્યુઇડઝ	૩,૫૬૬
	૩)	વીર્યની તપાસ	૫૫૩
૩	બ્લડ બેંક		
	૧)	રીપ્લેશમેન્ટ રકતદાતાઓ (બ્લડ યુનિટ)	૬,૩૭૩
	૨)	વોલેન્ટરી રકતદાતાઓ (બ્લડ યુનિટ)	૮,૦૧૯
	૩)	હોલ બ્લડ દર્દીઓને આપ્યું	૦૦
	૪)	બ્લડ કોમ્પોનન્ટસ બનાવ્યા	૩૯,૭૦૯
	૫)	બ્લડ કોમ્પોનન્ટસ દર્દીઓને આપ્યા	૩૮,૩૭૧
	૬)	રકતદાતા બ્લડગ્રુપ તથા ટેસ્ટની સંખ્યા	૧૪,૩૯૨
	૭)	દર્દીના બ્લડગ્રુપની સંખ્યા	૩૯,૩૫૨
૪	હિસ્ટોપેથોલોજી લેબોરેટરી		
	૧)	દર્દીઓના અવયવો (બાયોપ્સી) સ્પેશીમેન	૬,૧૬૯
	૨)	બાયોપ્સીના નમૂનામાંથી બનાવેલ સ્લાઇડ	૩૯,૩૦૧
	૩)	પોસ્ટમોર્ટમના સ્પેશીમેન	૨,૩૪૪
	૪)	પોસ્ટમોર્ટમના સ્પેશીમેન સ્લાઇડ	૩,૧૯૭
	૫)	સ્પેશીયલ સ્ટેઇન	૧,૯૬૧
	૬)	ફ્રોઝન સેકસન	૮
૫	સાયટોલોજી લેબોરેટરી		
	૧)	એફ.એન.એ.સી.	૧૩૧૭/૧૫૬૯૬
	૨)	નોન ગાયનેક સાયટોલોજી	૧૮૬/૯૪૧
	૩)	ગાયનેક સાયટોલોજી	૧૪૬૨/૨૯૨૪

આ ઉપરાંત હિસ્ટોપેથોલોજી લેબોરેટરી ખાતે જુદા જુદા કેન્સરના સચોટ નિદાન માટે ઇમ્યુનોહિસ્ટો કેમેસ્ટ્રીની સવલત શરૂ કરવામાં આવેલ છે. ડિપાર્ટમેન્ટમાં સ્નાતક કક્ષાના અભ્યાસ ઉપરાંત અનુસ્નાતક કક્ષાના ડિગ્રી તથા ડિપ્લો કોર્ષમાં ભણતા વિદ્યાર્થીઓ માટે સેમિનાર, લેકચર, પ્રેકટીકલ ટ્રેનીંગ, કોન્ફરન્સ તથા રીચર્સ પબ્લીકેશન વિગેરે પ્રવૃતિ નિયમિત પણે ગોઠવવામાં આવે છે.

૫) માઇક્રોબાયોલોજીઃ

અમદાવાદ શહેરમાં જયારે કોઇપણ રોગચાળો ફેલાય ત્યારે તેની બેકટેરીયોલોજી તપાસ આ વિભાગમાં થાય છે. દા.ત. ડેન્ગ્યુ મેનેન્જાઇટીસ, ટાઇફોઇડ, કોલેરા, પ્લેગ, ગેલમેન્ગ્રીન વિગેરે. આ ઉપરાંત એમ.બી.બી.એસ., એમ.ડી., ફીઝીયોથેરાપી ઓપ્ટોમેટ્રી, એમ.એલ.ટી. ના વિદ્યાર્થીઓનું શિક્ષણકાર્ય અને પરીક્ષા કાર્ય આ વિભાગમાં થાય છે. આ વિભાગમાં નીચે મુજબના સંશોધન કાર્ય થાય છે.

બેકટેરીયોલોજી,માયક્રોલોજી અને પેરાસાઇટોલો

(૧ એપ્રિલ-૨૦૧૭ થી ૩૧ માર્ચ-૨૦૧૮)

અ.નં.	બેકટેરીયોલોજી	કુલ
૧	કલ્ચર અને સેન્સીટીવીટી (પી.એમ./ઓ.ટી./બેકટેક)	૩૨૪૬૫
૨	સ્ટેનીંગ	૨૦૮૩૩
૩	ટીસ્યુ - હિસ્ટોપેથોલોજી એકઝામીનેશન સ્ટેઇન	૧૭૦
૪	કોલેરા	૭૯૪
૫	ડિપ્થેરીયા	૧૬૪
	માયક્રોલોજી	
૧	કેન્ડીડા અને ફન્ગસ	૬૭૨
	પેરાસાયટોલોજી	
૧	ઝાડાની તપાસ (રુટીન એન્ડ પેરાસાઇટ)	૭૮૮૪

સીરોલોજી

૧	એ.એસ.ઓ. ટાઇટર	૬૬૩
૨	આર. એ. ટેસ્ટ	૩૩૦૨
૩	સી. આર. પી. (સી. રીએકટીવ પ્રોટીન)	૧૩૯૫૫
૪	આર.પી.આર.	૧૨૭૦૫
૫	ટી.પી. એચ.એ. / ટી.પી. એ.	૭૨
૬	ડેન્ગ્યુ (આઇ.જી.એમ.અને એન.એસ.૧)	૨૪૫૬૭
૭	ચીકનગુન્યા એન્ટીબોડીઝ	૬૦૧
૮	લેપ્ટોસ્પાયરા એન્ટીબોડીઝ	૧૭
૯	મેલેરીયલ એન્ટીજન	૩૬૪૧૧
૧૦	વિડાલ ટેસ્ટ / ટાયફી ડોટ	૧૦૮૫૩
૧૧	એચ. બી.એસ. એન્ટીજન	૫૬૭૯૫

૧૨	એચ.સી.વી. એન્ટીબોડી	૩૩૮૭૪
૧૩	એચ.એ.વી. આઇજીએમ	૧૧૧૨
૧૪	એચ.ઇ.વી. આઇજીએમ	૧૧૭૫
૧૫	એચ.બી.ઇ. એન્ટીજન	૬૭
૧૬	ઈકવાસ એચ.આઈ.વી. ટેસ્ટસ	૬૫૭૯૪

અન્ય અને વાયરોલોજી		
૧	રેબીઝ એન્ટીજન	૧૩
૨	સ્વાઇન ફ્લુ (એચ.૧ એન .૧)	૯૩૧
અન્ય		
૧	યુરીન ફોર પ્રગ્નન્સી ટેસ્ટ	૬૯૦૪
અન્ય રોગો		
૧	સી.સી.એચ.એફ.(કલેકશન અને ટ્રાન્સપોર્ટ)	૬
૩	જાપાનીઝ એનસેફેલાઇટીસ (કલેકશન અને ટ્રાન્સપોર્ટ)	૮

૬) ફાર્મેકોલોજી:

મેડીકલ કોલેજના આ વિભાગ દ્વારા દ્વિતીય વર્ષ એમ.બી.બી.એસ. (સ્નાતક) અને એમ.ડી. (અનુસ્નાતક) કક્ષાના વિદ્યાર્થીઓને ઔષધશાસ્ત્રની તાલીમ આપવામાં આવે છે. તેમજ ફિઝીયોથેરાપી અને ઓપ્ટોમેટ્રીના સ્નાતક વિદ્યાર્થીઓને તાલીમ આપવાનું કાર્ય કરવામાં આવે છે. હાલમાં કુલ ૭ વિદ્યાર્થીઓ અનુસ્નાતક કક્ષાએ (એમ.ડી.) તાલીમ લઇ રહેલ છે.

આ વિભાગ દ્વારા ફિઝીયોથેરાપી, ઓપ્ટોમેટ્રીના તેમજ નર્સીંગના સ્નાતક કક્ષાના વિદ્યાર્થીઓને તાલીમ આપવાનું કાર્ય કરવામાં આવે છે.

પ્રાધ્યાપક ડૉ.સુપ્રિયા મલ્હોત્રા પ્રથમ વર્ષ એમ.બી.બી.એસ તેમજ દ્વિતીય વર્ષ એમ.બી.બી.એસ(સ્નાતક) કક્ષાના ઇન્ટરનલ એકઝામ કો. કોઓર્ડીનેટર તરીકેની જવાબદારી સંભાળે છે. સને ૨૦૧૧થી ફાર્મેકોલોજી વિભાગને ભારત સરકાર તરફથી એડવર્સ ડ્રગ મોનીટરીંગ સેન્ટર(ADR) તરીકે માન્યતા મળેલી છે. જેના ઉપક્રમે દવાઓની વિવિધ આડઅસરો અંગેની માહિતી ફાર્મેકોવીજીલન્સ પ્રોગ્રામ ઓફ ઇન્ડીયાને તેમજ વિશ્વ આરોગ્ય સંસ્થા (WHO) ને નિયમિત મોકલવામાં આવે છે

આ વિભાગના વડા ડૉ. સુપ્રિયા મલ્હોત્રા જુલાઇ ૨૦૦૯માં મેડીકલ કાઉન્સીલ ઓફ ઇન્ડીયા (MCI) એ અત્રેની કોલેજને રીજીઓનલ સેન્ટર ફોર ફેકલ્ટી ડેવલોપમેન્ટ તરીકે પસંદગી કરેલ હોઇ તેમાં ફેકલ્ટી મેમ્બર તરીકે કાર્યભાર સંભાળે છે.

Institutionl Ethics Committee (IEC) (નૈતિકતા સમિતિ) તબીબી સંશોધનોનું નૈતિક મૂલ્યાંકન કરીને મંજૂરી આપે છે. એન.એચ.એલ.મ્યુ. મેડીકલ કોલેજ અને તેની સંલગ્ન હોસ્પીટલોમાં થતા સંશોધનો માટેની એથીકસ કમિટીનું સંચાલન મેમ્બર સેક્રટરી તરીકે આ વિભાગના આસિસ્ટન્ટ પ્રાધ્યાપક ડૉ. ફાલ્ગુનીબેન મજમુદાર કરે છે. તેમજ ડૉ.સુપ્રિયા મલ્હોત્રા મેમ્બર ઓફ I.E.C. તરીકે કાર્યભાર સંભાળે છે.

આ વિભાગના વડા સુપ્રિયા મલ્હોત્રા ગુજરાત યુનિવર્સિટીની સ્નાતક કક્ષાના વિષયો અંગેની કરિકયુલમ કમિટીમાં પણ કાર્યરત છે. જે સ્નાતક કક્ષાએ વિવિધ વિષયોનો કોર્સ નકકી કરે છે. તેમજ આ વિભાગના વડપણ હેઠળ સ્નાતક કક્ષાના વિદ્યાર્થીઓ દ્વારા ICMR ના કુલ ૩૦ પ્રોજેકટનું નિરીક્ષણ થઇ રહેલ છે. વર્ષ ૨૦૧૮ ના જાન્યુઆરીમાં કુલ ૧૨ પ્રોજેકટને મંજુરી મળેલ છે, તેમજ વર્ષ ૨૦૧૭ માં કુલ-૫ પ્રોજેકટ્સ પૂર્ણ થયેલ છે. આ

પ્રોજેકટ માટે વિદ્યાર્થીઓને સંસ્થાના ફાર્મેકોલોજી વિભાગમાં આસી. પ્રોફેસર તરીકે ફરજ બજાવતા ડૉ.દેવાંગ રાણા સચોટ માર્ગદર્શન પુરું પાડે છે.

એન.એચ.એલ. મ્યુ. મેડીકલ કોલેજના ડીનશ્રીની સૂચના મુજબ આ વિભાગ દ્વારા NEET(National Eligibity Entrance Test) ની પેર્ટન મુજબ સ્નાતક કક્ષાએ MCQ પરીક્ષાઓનું આયોજન સફળતા પૂર્વક આયોજન કરવામાં આવેલ છે.

આ વિભાગના તબીબી શિક્ષકો તેમજ અનુસ્નાતક વિદ્યાર્થીઓ દ્વારા સંશોધનો કરવામાં આવે છે. આ વર્ષે કુલ ચૌદ(૧૪) સંશોધનપત્ર પ્રકાશિત થયા છે.

આ વિભાગ દ્વારા Abbot pharmaceuticals ના સંયોજન થી GCP (Good Clinical Practice) વર્કશોપ ફેબ્રુઆરી ૨૦૧૮ માં આયોજીત કરવામાં આવેલ જેમાં લગભગ ૩૫૦ થી વધુ ફિઝીશીયન, ડેન્ટીસ્ટ,અનુસ્નાતક કક્ષાના તેમજ સ્નાતક કક્ષાના વિદ્યાર્થીઓ હાજર રહેલ.

આ વિભાગના મેમ્બર્સ દ્વારા IPS ના ભાગરૂપે નેશનલ કોન્ફરન્સ WRIPSCON -2018 આયોજવામાં આવેલ છે. તેમાં સક્રિય રીતે ભાગ ભજવેલ. અને સફળતાપૂર્વકનું આયોજન કરે છે.

WRIPSCON -2018 માં ડૉ.કરન શાહ જે આ વિભાગના અનુસ્નાતક કક્ષાના વિદ્યાર્થી છે.તેમણે તેમનું પેપર પ્રેઝન્ટેશન કરેલ જેને ડૉ.એસ. સી. વર્મા Prise મળેલ છે. જે સંસ્થા માટે ગૌરવપ્રદ છે.

ડૉ. ફાલ્ગુનીબેન મજમુદાર આસી. પ્રોફેસર તેમજ ડૉ.દેવાંગ રાણા જે આસી. પ્રોફેસર તરીકે ફરજ બજાવે છે. તેઓ CDSCO ઇન્સ્પેકશન માટે BA/BE Centre btxu Subject Expert તરીકે ઇન્સ્પેકશન કરવા અન્ય રિસર્ચ સંસ્થાઓમાં જાય છે.

આ વિભાગ દ્વારા બીજા Clinical departments ની તેમજ Microbiology Department સાથે મળીને Residents Orientation Programme નું સફળતા પૂર્વક આયોજન કરવામાં આવેલ.

આ વિભાગ દ્વારા સ્નાતક કક્ષાએ અંદાજે એમ.બી.બી.એસ.ના ૨૫૦ લેકચર, ૧૦૦ પ્રેકટીકલ તેમજ ફિઝીયોથેરાપીના ૫૦ અને ઓપ્ટોમેટ્રીના ૫૦ લેકચર વર્ષ ૨૦૧૭-૨૦૧૮ દરમ્યાન લેવામાં આવેલ છે. તેમજ નર્સીગના ૫૦ લેકચર લેવામાં આવેલ છે.

સ્નાતક અને અનુસ્નાતક કક્ષાએ ગુજરાત યુનિવર્સિટીનું પરીક્ષાનું કેન્દ્ર જયારે ફાર્મેકોલોજી વિભાગમાં હોય ત્યારે સફળતા પૂર્વક પરીક્ષાઓનું આયોજન કરવામાં આવેલ છે. આ વિભાગ દ્વારા કોલેજના MCQ સેન્ટરના સંચાલનની જવાબદારી ડૉ. સુપ્રિયા મલ્હોત્રા તેમજ દેવાંગ રાણા સંભાળે છે. MCQ સેન્ટર કોલેજમાં સ્નાતક કક્ષાએ બધા વિષયોમાં MCQ પરીક્ષાઓનું આયોજન કરે છે. આ વિભાગ Computer Assitted Learning (CAL) Module દ્વારા સ્નાતક અને અનુસ્નાતક કક્ષાએ પ્રેકટીકલ અંગેનું ભણાવવામાં આવે છે. આ માટે અનુસ્નાતક કક્ષાએ BJ Med College તેમજ L.G.(AMC Met Med. College) ના વિદ્યાર્થીઓ પણ અત્રેની સંસ્થામાં ભણવા આવે છે.

એસો. પ્રોફેસર ડો. કમલેશ પટેલ તેમજ આસી. પ્રોફેસર ડો. ફાલ્ગુની મજમુદાર પી.એચ.ડી.ગાઇડ તરીકે ગુજરાત યુનિવર્સિટી તેમજ હેમચંન્દ્રાચાર્ય ઉ.ગુજરાત યુનિવર્સિટી દ્વારા નિયુક્ત થયેલ છે. હાલમાં ત્રણ વિદ્યાર્થીઓ તેમના હાથ નીચે P.hd. કરે છે.

આ વિભાગ દ્વારા નવેમ્બર માસમાં અનુસ્નાતક કક્ષાએ P.G. Quiz નું સફળતા પૂર્વક અયોજન કરવામાં આવેલ જેમાં ગુજરાત યુનિવર્સિટી ની તમામ કોલેજના અનુસ્નાતક વિદ્યાર્થીઓએ ભાગ લીધેલ.

આ સંસ્થાના ફાર્મેકોલોજી વિભાગ દ્વારા એક નવી શૈક્ષણિક મુલ્યાંકન પધ્ધતિ OSPE (Objective structured practical Examination) દ્વારા અનુસ્નાતક કક્ષાના ગુજરાત યુનિવર્સિટી ના વિદ્યાર્થી માટે પરિક્ષાનું આયોજન કરવામાં આવેલ જેમાં તમામ ૨૬ વિદ્યાર્થીઓએ ભાગ લીધેલ.

આ વિભાગના મેમ્બર્સ IPS ભાગરૂપે નેશનલ કોન્ફરન્સ WRIPSCON-2018 નું આયોજન કરેલ અને તેમાં સંસ્થાના અનુસ્નાતક વિદ્યાર્થીઓએ છ પેપર્સ પ્રેઝન્ટેશન કરેલ.

૭) ફોરેન્સીક મેડીસીન વિભાગઃ

(૧) ફોરેન્સીક મેડીસીન વિભાગ તરફથી દ્વિતીય વર્ષ એમ.બી.બી.એસ. અને એમ.ડી.(ફોરેન્સીક મેડીસીન) ના વિદ્યાર્થીઓને શિક્ષણ આપવાનું કાર્ય કરે છે.

(૨) ફોરેન્સીક મેડીસીન વિભાગ દ્વારા શેઠ વા. સા. જન. હોસ્પિટલમાંથી આવેલ મેડીકો લીગલ કેસીસમાં પોસ્ટમોર્ટમ કરવામાં આવે છે. ૧લી એપ્રિલ ૨૦૧૭ થી ૩૧ ડીસેમ્બર ૨૦૧૭ સુધી પોસ્ટમોર્ટમના ૭૮૬ કેશ અને ૧લી જાન્યુઆરી ૨૦૧૮ થી ૩૧ માર્ચ ૨૦૧૮ સુધીના કુલ ૨૮૫ આમ સને ૨૦૧૭ - ૧૮ સુધીમાં ઉપર જણાવ્યા મુજબ કુલ ૭૮૬ + ૨૮૫ = ૧૦૭૧ પોસ્ટમોર્ટમ ફોરેન્સીક મેડીસીન વિભાગ દ્વારા કરવામાં આવેલ છે.

(૩) ફોરેન્સીક મેડીસીન વિભાગના તબીબી અધિકારીઓ દ્વારા પોસ્ટમોર્ટમના કામ અન્વયે વિવિધ ગુન્હાઓમાં ગુજરાતમાંથી તેમજ ગુજરાત રાજય બહાર ક્રીમીનલ તેમજ સીવીલ કોર્ટમાં સરકાર તરફથી કોર્ટમાં જુબાની તેમજ નિષ્ણાતોના અભિપ્રાય આપવાનું કામ કરે છે.

(૪) ફોરેન્સીક મેડીસીન વિભાગ દ્વારા અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના વિવિધ ખાતામાંથી કર્મચારીઓની ઉંમર નકકી કરવા અંગેની કાર્યવાહી માટે મોકલાતા કર્મચારીઓની ઉંમર અંગેની તપાસ કરી તે અંગેનું સર્ટિફિકેટ આપવાનું કામ પણ કરવામાં આવે છે. સને ૨૦૧૭-૧૮માં કુલ=૧૨ જણાને ઉંમરનું સર્ટિફિકેટ આપવામાં આવેલ છે. તેમાં ૧૧ સ્ત્રી અને ૦૧ પુરુષનો સમાવેશ થાય છે.

૮) કોમ્યુનિટી મેડીસીન વિભાગઃ

કોમ્યુનિટી મેડીસીન વિભાગ દ્વારા વિદ્યાર્થીઓના અભ્યાસ/તાલીમ તથા ફિલ્ડ વિઝીટ જેવી શૈક્ષણિક પ્રવૃતિઓ કરવામાં આવે છે. તેમજ સ્નાતક વિદ્યાર્થીઓના હંમેશના અભ્યાસ સિવાય તેઓને બે અઠવાડિયા માટે IMNCI ની તાલીમ આપવામાં આવે છે.સને ૨૦૦૧ થી અત્યાર સુધી PSBH ત્રીજા વર્ષના વિદ્યાર્થીઓ માટે કરવામાં આવ છે. જેના ૩૬ રીચર્સ પ્રોજેકટ દર વર્ષે વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવે છે.

આ ઉપરાંત ઈન્ટર્નશિપમાં આવતા દરેક ઈન્ટર્નનું બે મહિના માટે અલગ-અલગ રાષ્ટ્રીય સ્વાસ્થય કાર્યક્રમો જેવા કે NVBDCP, NAC, RNTCP વગેરે માટે પોસ્ટીગ આપવામાં આવે છે. તેમજ વિભાગને હસ્તગત અર્બનહેલ્થ ટ્રેનિંગ સેન્ટર ખાતે રાષ્ટ્રીય કાર્યક્રમોની તાલીમ આપવામાં આવે છે.

અનુસ્નાતક વિદ્યાર્થીઓ માટે અભ્યાસ ઉપરાંત પ્રથમ વર્ષમાં અર્બન હેલ્થ સેન્ટર ઉપર પોસ્ટીગ આપવામાં આવે છે. બીજા વર્ષમાં તેઓનું અલગ-અલગ વિભાગમાં રાજય સરકારની વિવિધ સંસ્થાઓ તથા આરોગ્ય વિભાગની અલગ-અલગ શાખાઓમાં પોસ્ટીગ કરવામાં આવે છે. વિભાગના વિવિધ ફેકલ્ટીઓ મેડિકલ એજયુકેશન રિસર્ચ યુનિટ, HIV/AIDS, IMNCI, NVBDCP,IDSP વગેરે કાર્યક્રમોમાં માસ્ટર ટીચર ટ્રેનિંગ તરીકે કાર્ય કરે છે.

રાજય સરકારના આદેશ મુજબ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના ત્રણ ઝોન અમદાવાદ જીલ્લો તથા બોટાદ જીલ્લાના થઈને કુલ ૩૮ માં ડીપાર્ટમેન્ટના ફેકલ્ટીઓ દ્વારા ઈમ્યુનાઈઝેશન કરવામાં આવેલ હતો. વિભાગના વિવિધ ફેકલ્ટીઓ મેડિકલ એજયુકેશન રિસર્ચ યુનિટ, HIV/AIDS, IMNCI, NVBDCP,IDSP વગેરે કાર્યક્રમોમાં માસ્ટર ટીચર ટ્રેનિંગ તરીકે કાર્ય કરે છે.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના તેમજ બોટાદ જીલ્લામાં Regional Monitoring Team (RMT) અંતર્ગત રસીકરણ કાર્યક્રમનું નિયમિત રીતે સમયાંતરે મોનીટરીંગ કરવામાં આવે છે. અને જેનો અહેવાલ આરોગ્ય ખાતું, ગુજરાત સરકારને આપવામાં આવે છે.

સ્વાસ્થ્ય સંવેદના સેના પ્રોજેકટ હેઠળ સાબરકાંઠા જીલ્લાના હિંમતનગર તાલુકાના ગામડાઓમાં UNICEF પી.એસ.એમ. વિભાગને એન્ડ્રોઈડ ટેબલેટ ઈવેલ્યુએશનની પ્રોજેકટ આપવામાં આવેલ જે અંતર્ગત

ટેબલેટનો ઉપયોગ પછી જાગૃતિ અને ટેબલેટના ફાયદાઓ અંગેનો અહેવાલ UNICEF સંસ્થાને આપવામાં આવેલ હતો.

- એઇડ્સ કંટ્રોલ સોસાયટી દ્વારા ચલાવવામાં આવતા TI Project હેઠળ NGOના Evaluation કરવામાં આવેલ હતા.
- અમદાવાદ મ્યુનીસિપલ કોર્પોરેશનના ANM તથા સ્ટાફ નર્સ IMNCI માટે તાલીમનું અયોજન અત્રે ડિપાર્ટમેન્ટ ખાતે કરવામાં આવ્યું હતું.
- અમદાવાદ મ્યુનીસિપલ કોર્પોરેશનના ત્રણ ઝોન તથા બોટાદ જીલ્લાની શાળાઓમાં ચાલતા સ્કુલ હેલ્થ નું ઇવેલ્યુએશન કરવામાં આવેલ હતું હેલ્થ વિભાગ દ્વારા કરવામાં આવેલ ઇમ્યુનાઇઝેશનની તાલીમમાં ગેસ્ટ ફેકલ્ટી તરીકે ડિપાર્ટમેન્ટ ના ફેકલ્ટીએ તાલીમ આપી હતી.
- તેમજ અવારનવાર થતા ઝાડા, ઉલ્ટી, મલેરિયા, ડેન્ગ્યુ, સ્વાઇન ફલ્યું તથા કમળાનાના કેસોનું એપીડેમીક ઇન્વેસ્ટીગેશન અને વર્બલ ઓટોપ્સી કરવામાં આવેલ છે.
- બોટાદ જિલ્લાના વિસ્તારોમાં Multi Indicator Cluster Survey (MICS) કરવામાં આવેલ હતો.
- અમદાવાદ મ્યુનીસિપલ કોર્પોરેશનના ત્રણ ઝોન તથા બોટાદ જીલ્લાની શાળાઓમાં ચાલતા સ્કુલ હેલ્થ નું ઇવેલ્યુએશન કરવામાં આવેલ હતું

ડીપાર્ટમેન્ટ ખાતે ગુજરાત યુનીવર્સિટી દ્વારા થર્ડ એમ.બી.બી. એસ.ના પાર્ટ-૧ ની કોમ્યુનીટી મેડીસીન વિષયના સ્નાતક વિદ્યાર્થીઓની Practical પરીક્ષા લેવામાં આવી હતી.

લાયબ્રેરી

અહેવાલી વર્ષ દરમ્યાન મ્યુનિસિપલ મેડીકલ કોલેજની સેન્ટ્રલ લાયબ્રેરીમાં કુલ ૨૧,૧૪૫ પુસ્તકો અને ૮,૩૧૬ જેટલા સામયિકો બાંધેલા છે. આ ઉપરાંત લાયબ્રેરીમાં ૧૩૨ કેસેટો, ૧૪૩ ફિલ્મ સ્લાઇડ, ૫૩ વિડીયો કેસેટસ, અને ૧૭૫ CD ROM છે.ચાલુ વર્ષ દરમ્યાન જર્નલ્સ(૨૦૧૬ વર્ષ) રૂા.૩૭,૩૬,૩૬૩/- જર્નલ્સ(૨૦૧૭ વર્ષ) રૂા.૩૮,૪૬,૩૫૦/- નો ખર્ચ, બુકસ માટે રૂા.૧૫,૪૨,૨૫૮/-નો ખર્ચ તથા ન્યુઝ પેપર માટે કુલ ખર્ચ રૂા.૨૨,૫૧૨/- થયેલ છે.

કોલેજના તથા કોલેજ સંલગ્ન હોસ્પીટલોના ટીચીંગ / કલીનીકલ સ્ટાફને તેમજ રીસર્ચ કરતા ડોકટરો માટે ઉપયોગી તબીબી વિષયના પુસ્તકો, સામયિકો અને ડીઝર્ટેશન લાયબ્રેરીમાં રાખવામાં આવેલ છે. આ ઉપરાંત લાયબ્રેરીમાં ફોરેન જર્નલ્સ Electronic Medium on CD ROM of Ovid Technology with 59 Journals + Full Medline 1966 to 2001 વસાવેલ છે.

કોલેજ લાયબ્રેરીમાં યુ.જી./ પી.જી. સ્ટુડન્ટસ તથા ટીચીંગ સ્ટાફ માટે સામયિક વિભાગ, ઇન્ટરનેટ વિભાગ અને રેફરન્સ બુકસ વાંચવા માટેનો એરીયા સેન્ટ્રલી એસી છે. લાયબ્રેરીમાં ૧૮ કોમ્પ્યુટરમાં ઇન્ટરનેટ જોડાણ કરેલ છે. જે સગવડ સ્ટુડન્ટસ તેમજ ટીચીંગ / કલીનીકલ સ્ટાફને વિના મુલ્યે આપવામાં આવે છે. જે દ્વારા યુ. જી. / પી. જી. સ્ટુડન્ટસ તથા ટીચીંગ /કલીનીકલ સ્ટાફ ઇ બુકસ, ઇ જર્નલ્સ તથા વૈશ્વીક ઇ રીસોર્સસ દ્વારા અદ્યતન માહિતી પ્રાપ્ત કરી શકે છે. લાયબ્રેરીમાં ઝેરોક્ષની સુવિધા ઉપલબ્ધ છે.

૯.૪ - એએમસી મેટ મેડિકલ કોલેજ
વાર્ષિક વહીવટી અહેવાલ
સને : ૨૦૧૭-૨૦૧૮

અમદાવાદ શહેરના શહેરીજનોને તેમના સ્વાસ્થય અંગેના રોગોના નિરાકરણ માટે સારા ડોકટરો મળી રહે તેમજ અમદાવાદ અને ગુજરાતના તેજસ્વી વિદ્યાર્થીઓને એમ.બી.બી.એસ.ના મેડીકલ અભ્યાસક્રમમાં ઘર આંગણે પ્રવેશ મળી રહે તે હેતુથી અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશન તરફથી એએમસી મેડિકલ એજ્યુકેશન ટ્રસ્ટ દ્વારા અમદાવાદ શહેરના મણીનગર જેવા સુશિક્ષિત વિસ્તારમાં આવેલ શેઠ લલ્લુભાઇ ગોરધનભાઈ મ્યુનિ. જનરલ હોસ્પિટલના કેમ્પસમાં સને - ૨૦૦૯ થી એએમસી મેટ મેડિકલ કોલેજની સ્થાપના કરવામાં આવેલ છે. આ કોલેજમાં એમ.બી.બી.એસ. નો અભ્યાસક્રમ ભણાવવામાં આવે છે. સદરહુ કોલેજ ખાતે દર વર્ષે ૧૫૦ એમ.બી.બી.એસના વિદ્યાર્થીઓના પ્રવેશની મંજુરી મળેલ હતી તથા વર્ષ ૨૦૧૯-૨૦ થી તે સંખ્યા વધીને ૨૦૦ વિદ્યાર્થીઓના પ્રવેશની મંજુરી મેડિકલ કાઉન્સીલ ઓફ ઇન્ડિયા તથા ભારત સરકારશ્રી તરફથી મળેલ છે જે પૈકી તમામ સીટો પર સેન્ટ્રલ એડમીશન કમિટી દ્વારા પ્રવેશ આપવામાં આવે છે. હાલમાં કોલેજ ખાતે ૧૦૫૦ વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહેલ છે તથા હાલમાં વિદ્યાર્થીઓની ઇન્ટર્નશીપ ચાલુ છે.

મેડીકલ કાઉન્સીલ ઓફ ઇન્ડિયા તરફથી મળેલ મંજુરી અનુસાર હાલમાં અત્રેની કોલેજમાં નોનક્લીનીકલ અને MD/MS ના પોસ્ટ ગ્રેજ્યુએશનનો અભ્યાસક્રમ શરૂ કરવામાં આવેલ છે.જેમાં હાલમાં ૧૦૮ સીટોની મેડિકલ કાઉન્સીલ ઓફ ઇન્ડિયા તથા ભારત સરકારશ્રી તરફથી મંજુરી મળેલ છે. જેમાં હાલમાં ૨૬૭ વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહેલ છે.

એએમસી મેટ મૅડિકલ કોલેજના જુદા જુદા વિભાગો દ્વારા વર્ષ ૨૦૧૭/૧૮ દરમ્યાન કરવામાં આવેલ કામગીરીનો અહેવાલ વિભાગ મુજબ નીચે દર્શાવ્યા પ્રમાણે છે.

➢ <u>એનાટોમી વિભાગ :-</u>

૧. <u>લેકચર્સ :-</u>

- ગ્રોસ એનાટોમી લેકચર્સ :- ૧૦૦
- હિસ્ટોલોજી લેકચર્સ :- ૨૨
- એમ્બ્રીયોલોજી લેકચર્સ :- ૨૦
- જીનેટીકસ લેકચર્સ :- ૦૮
- ડિસેકશન :- ૨૪૦
- હિસ્ટોલોજી પ્રેકટિકલ :- ૫૦
- ગ્રૂપ ડિસ્કશન :- ૨૦
- ડેમોન્સ્ટ્રેશન :- ૫૨
- સેમીનાર ફોર ટીચર્સ :- ૦૬

- ટોટલ એકઝામ :- ૦૬ (૧૫ કલાક થિયરી અને ૩૦ કલાક પ્રૅકટિકલ)
- પી.એચ.ડી સ્ટુડન્ટ રજીસ્ટર્ડ અંડર ડો.સુનિતા ગુપ્તા :- ૦૨ (૧ ટયુટર ઇન જી.સી.એસ,૧ આસી.પ્રોફેસર ઇન વડનગર)
- ડેડ બોડી ડોનેશન ટેકન ડયુરીગ અ યર :- ૦૬

૨. <u>ટોટલ એન્યુઅલ વર્ક ફોર બી.ડી.એસ :-</u>

- ગ્રોસ એનાટોમી લેકચર્સ :- ૮૦
- હિસ્ટોલોજી લેકચર્સ :- ૪૦
- ઇમ્બ્રેયોલોજી લેકચર્સ :- ૧૦
- ડિસેકશન :- ૧૦૦
- હિસ્ટોલોજી પ્રેકટીકલસ :- ૮૦
- ડેમોસ્ટ્રેશન :- ૨૫
- ટોટલ એકઝામ :- ૦૬ (૧૫ કલાક થિયરી અને ૧૮ કલાક પ્રૅકટિકલ)

૩. <u>ટોટલ એન્યુઅલ વર્ક ફોર એમ.ડી.એસ :-</u>

- ગ્રોસ એનાટોમી લેકચર્સ :- ૪૦
- ઇમ્બ્રેયોલોજી લેકચર્સ :- ૦૮
- ડિસેકશન :- ૪૮

➢ <u>ફીઝીયોલોજી વિભાગ :-</u>

- સપ્ટેમ્બર ૨૦૧૮ થી નવું શૈક્ષણિક સત્ર શરુ થતા પહેલા વર્ષના MBBS નાં ૧૫૦ વિધાર્થીઓ અને બી.ડી.એસ ડેન્ટલનાં ૧૦૦ વિધાર્થીઓને પ્રવેશ મળતા ઓરીએન્ટેશન પ્રોગ્રામ સાથે ફિઝીયોલોજી વિષયનું શિક્ષણ શરૂ થયુ.
- આ વર્ષે ૨ M.D ફિઝીયોલોજી નાં વિધાર્થીઓ અને ૧ PH.D નાં વિધાર્થીઓએ ગુજરાત યુનિવર્સીટીની પરિક્ષા પાસ કરી સફળતા હાંસલ કરી.
- ફિઝીયોલોજીનાં વિષયનાં પ્રેકટીકલોનું જ્ઞાન વિવિધ લેબોરેટરીમાં ડિપાર્ટમેન્ટનાં જુનિયર અને સીનીયર ફેકલ્ટીઓ દ્વારા આપવામાં આવયુ.જેમાં હિમેટોલોજી લેબોરેટરીમાં લોહીને તપાસવાની વિવિધ પધ્ધતિઓ પ્રેકટિકલ દ્વારા વિધાર્થીઓને શીખવવામાં આવી. કલીનીકલ અને હુમન ફિઝીયોલોજી લેબોરેટરીમાં વિધાર્થીઓને દર્દીનાં ફેફસાં,હદય, બ્રેન, પલ્સ, બ્લડ પ્રેસર, બોડી ટેમ્પ્રેચર, વગેરે તપાસવાની પધ્ધતિ પ્રેકટિકલો દ્વારા કૃત્રિમ હોસ્પિટલ - કલીનીક જેવું વાતાવરણ ઉભું કરી શીખવવામાં આવે છે. એકસપેરીમેન્ટલ અને એમ્ફીબીયન લેબોરેટરીમાં ચેતાં, હદય, સ્નાયુના વિવિધ ગ્રાફો અને ચાર્ટ, દ્વારા નિર્દેશન કરવામાં આવ્યું.

- વર્ષ ૨૦૧૭-૧૮ દરમ્યાન લેખિત,મૌખિક અને વાઇવા વોઇસ,MCQ,ટુંકા પ્રશ્નો,ટેસ્ટ ગ્રુપ ડિસ્કશન,ટયુટોરીયલ જેવી વિવિધ પધ્ધતિઓ દ્વારા વિધાર્થીઓ એ કરી હતી.વર્ષ દરમ્યાન ચાર મહત્વની પરીટાઓનું આયોજન ડિપાર્ટમેન્ટ દ્વારા કરવામાં આવયુ હતુ.જેમા બે પિરીયોડીકલ ટેસ્ટ,એક પ્રથમ સત્રાંત પરીક્ષા,એક પ્રિલિમનરી ટેસ્ટ નો પણ સમાવેશ થાય છે.
- આ ઉપરાંત ડિપાર્ટમેન્ટ દ્વારા APPI Gujarat State ઉપક્રમે તા.૧૭.૦૯.૨૦૧૭ નાં રોજ "Integrated Medical Education"નાં વિષય પર Gujarat Medical Council દ્વારા એક્રિડીએટેડ રાષ્ટ્રીય લેવલની કોન્ફરન્સ યોજવામાં આવી હતી તેમા ૨૫૦ જેટલા સંશોધનનાં પત્રો રજુ થયા હતા.
- આ ઉપરાંત ડિપાર્ટમેન્ટના વડા દ્વારા ચાલતી એન.એસ.એસ. ની ગુજરાત યુનિવર્સીટી નાં એકમ દ્વારા સામાજીક સેવાનાં કાર્યો,આરોગ્ય કેમ્પો,બ્લડ ડોનેશન કેમ્પો તેમજ થેલેસેમીયા ડીટેકશનોનું આયોજન કરવામાં આવયુ હતુ.
- ડિપાર્ટમેન્ટ દ્વારા કુલ ૩ રીસર્ચ પેપર પબ્લીશ કરવામાં આવ્યા હતા.
- વળી તારીખ ૦૮-૦૪-૧૮ નાં રોજ WHO health day નાં સેલીબ્રેશન નિમિતે EKO club નાં ઉપક્રમે environment and Disease ઉપર health awareness અને સી.એમ.ઇ યોજવામાં આવ્યો હતો તેમા ૩૦૦ જેટલા યુ.જી/પી.જી/પી.એચ.ડી સ્ટુડન્ટોએ ભાગ લીધો હતો.

➢ <u>બાયોકેમેસ્ટ્રી વિભાગઃ-</u>

- ૨૦૧૭-૧૮નાં શૈક્ષણિક સત્રમાં ૧૫૦ વિધાર્થીઓને પહેલા વર્ષ MBBS માં પ્રવેશ મળયો.ઓરીએન્ટેશન પ્રોગ્રામ સાથે એક દિવસ બાયોકેમેસ્ટ્રી વિષયનુ શિક્ષણ શરૂ થયુ.
- વર્ષ ૨૦૧૭/૨૦૧૮ દરમ્યાન પ્રથમ વર્ષ MBBS ના વિધાર્થીઓનુ MCI અને ગુજરાત યુનિવર્સીટીના ધારાધોરણ મુજબ થીયરી અને પ્રેકટીકલનું જ્ઞાન યુ.જી લેબોરેટરીમાં વિભાગનાં ફેકલટીઓ દ્વારા આપવામાં આવ્યુ.જેમા કવોલીટેટીવ અને કવોનટીટેટીવ પ્રકટીકલની વિવિધ પધ્ધતિ શીખવવામાં આવી છે.

- વર્ષ ૨૦૧૭-૧૮ દરમ્યાન લેખિત,મૌખક અને વાઇવા વોઇસ, MCQ ટુંકા પ્રશ્નો,ટયુટોરીયલજેવી વિવિધ પધ્ધતિઓ દ્વારા પ્રથમ વર્ષ MBBS ના વિધાર્થીઓનુ મુલ્યાંકન કરવામાં આવેલ છે.
- અત્રેના વિભાગમાં ગુજરાત યુનિવર્સીટીની પ્રથમ વર્ષ MBBSની વાર્ષિક પરીક્ષા નિયમીત ધોરણે લેવામાં આવે છે.
- MCI નાં ધારાધોરણ મુજબ જરૂરી સાધન સામગ્રી મંગાવી લેબોરેટરીનો વિકાસ કરવામાં આવેલ છે.
- પ્રથમ વર્ષ બી.ડી.એસ.(૨૦૧૭-૧૮)માં ૧૦૦ વિદ્યાર્થીઓને બાયોકેમેસ્ટ્રી વિષયનું DCI અને ગુજરાત યુનિવર્સીટીના ધારાધોરણ મુજબ શિક્ષણ આપવામાં આવે છે.અને તેઓના સત્રાંતે પ્રેકટીકલ પરીક્ષા દ્વારા મુલ્યાંકન કરવામાં આવે છે.
- ગુજરાત યુનિવર્સીટીના આદેશ મુજબ પ્રથમ વર્ષ બી.ડી.એસની બાયોકેમેસ્ટ્રી વિષયની વાર્ષિક પ્રેકટીકલ પરીક્ષાનું DCI અને ગુજરાત યુનિવર્સીટીના ધારાધોરણ મુજબ મુલ્યાંકન કરવામાં આવે છે.

- DCI નાં ધારાધોરણ મુજબ PG M.D.S નાં વિધાર્થીનું (ડેન્ટલ કોલેજ,એ.એમ.સી મેટ)લેકચર્સ લેવામાં આવે છે.
- CMLT ના ૩૦ વિધાર્થીઓને બાયોકેમેસ્ટ્રી વિષયનુ ગુજરાત યુનિવર્સીટીનાં ધારાધોરણ મુજબ શિક્ષણ આપવામાં આવે છે અને તેઓની થીયરી અને પ્રેકટીકલ પરીક્ષા દ્વારા મુલ્યાંકન કરવામાં આવેલ છે. ગુજરાત યુનિવર્સીટીનાં આદેશ મુજબ CMLT ની બાયોકેમેસ્ટ્રી વિષયની વાર્ષિક પરીક્ષાનુ ગુજરાત યુનિવર્સીટીનાં ધારાધોરણ મુજબ મુલ્યાંકન કરવામાં આવે છે.
- MCI નાં ધારાધોરણ મુજબ એમ.ડી પેથોલોજી નાં વિદ્યાર્થીઓની કલીનીકલ બાયોકેમેસ્ટ્રી લેબોરેટરીમાં ટ્રેનીંગ લેવામાં આવે છે.
- અત્રેની કોલેજ સાથે સંલગ્ન એલ.જી. મ્યુનિ.જનરલ હોસ્પિટલની કલીનીકલ બાયોકેમેસ્ટ્રી વિભાગમાં હોસ્પિટલનાં ઓપીડી અને ઈન્ડોર દર્દીઓના લોહીના નમુનાના વિવિધ ટેસ્ટસ વિવિધ મશીનરી દ્વારા કરવામાં આવે છે.
- કલીનીકલ બાયોકેમેસ્ટ્રી લેબોરેટરીમાં વર્ષ - ૨૦૧૭/૨૦૧૮ દરમ્યાન થયેલ લેબોરેટરી ટેસ્ટની માહિતી સામેલ છે.

અ.નુ.	૨૦૧૭/૧૮ દરમ્યાન કરવામાં આવેલ ટેસ્ટની વિગત	સંખ્યા
૧.	બાયોકેમેસ્ટ્રી વિભાગ દ્વારા કરવામાં આવેલ વિવિધ ટેસ્ટની કુલ સંખ્યા	૯,૫૪,૩૧૨

➢ કોમ્યુનિટી મેડિસીન વિભાગ :-

૧) શૈક્ષણિક પ્રવૃતિઓ :-

(A)અન્ડર ગ્રેજયુએટ સ્ટુડન્ટસ (UG)

ક્રમ	વર્ષ	પ્રકાર	દિવસ	સમય
૧	પ્રથમ	લેકચર,	શનિવાર	૦૮:૪૫ થી ૯:૪૫
		ફિલ્ડ વિઝીટ	શનિવાર	૯:૪૫ થી ૧૧:૪૫
		ગ્રૂપ ડિસ્કશન	શનિવાર	૧૧:૪૫ થી ૧૨:૪૫
૨	દ્વિતીય(સત્ર ૩)	લેકચર	સોમવાર	૧:૧૫ થી ૨:૧૫
			શુક્રવાર	૧:૧૫ થી ૨:૧૫
૩	દ્વિતીય (સત્ર ૪)	લેકચર	શુક્રવાર	૧૧:૪૫ થી ૧૨:૪૫
		કોમ્યુનીટી પોસ્ટીંગ	સોમ થી શનિવાર	૮:૪૫ થી ૧૧:૪૫
૪	તૃતીય (સત્ર ૬)	લેકચર	મંગળવાર	૧૧:૪૫ થી ૧૨:૪૫
			ગુરુવાર	૧૧:૪૫ થી ૧૨:૪૫
		કોમ્યુનીટી પોસ્ટીંગ	સોમ થી શનિવાર	૮:૪૫ થી ૧૧:૪૫
૫	તૃતીય (સત્ર ૭)	લેકચર	બુધવાર	૧૧:૪૫ થી ૧૨:૪૫
		કોમ્યુનીટી પોસ્ટીંગ	સોમ થી શનિવાર	૮:૪૫ થી ૧૧:૪૫

(B) પોસ્ટ ગ્રેજયુએટ સ્ટુડન્ટસ (PG)

૧. લેકચરર્સ
૨. સેમીનાર
૩. જર્નલ કલબ
૪. ડેઝર્ટેશન ડીસ્કશન
૫. કેસ સ્ટડી
૬. ફીલ્ડ વીઝીટ-પીજી સ્ટુડન્ટ માટે

૨) **<u>વિભાગના સભ્યો દ્વારા પામેલ / આપેલ તાલીમની વિગત :-</u>**

1) Training taken for immunization coveraze from Government of Gujarat, Gandhinagar

2) Training taken for MI supervision in AMC & Kheda District.

<u>૩. કોન્ફરન્સ / વર્કશોપ / CME:-</u>

1. Attended "IAPSM state"Conference.
2. Attended "GIDM" **વર્કશોપ**, Gandhinagar
3. Attended "GCP" **વર્કશોપ**

<u>અન્ય પ્રવૃતિઓ</u>

૧."Health Research Workshop" અન્ડર ગ્રેજયુએટ સ્ટુડન્ટ માટે.
૨.Conducted revised basis course workshop of medical education technology at AMC MET medical college with other MEU facultys.
૩.૩. Epidemic investigation ને લગતી કામગીરી અમદાવાદનાં ત્રણ ઝોન માં (North, South, East Zone).
૪. RMT (Regional Monitoring Team) meeting at Gandhinagar.
૫. મમતા દિવસ સુપરવિઝન (અમદાવાદનાં ત્રણ ઝોન અને ખેડા જીલ્લામાં.
૬. વિભાગ અંતર્ગત ચાલતા વિવિધ પ્રોજેકટને લગતી કામગીરી.
૭. "School Health Program" ને લગતી કામગીરી.
૮. મીશન ઈન્દ્રધનુષ ની સુપરવિઝન ને લગતી કામગીરી
૯. પોલીઓ અને એન.આઇ.ડી નાં સુપરવિઝન ને લગતી કામગીરી
૧૦. ડેથ ઓડીટ ને લગતી કામગીરી અમદાવાદ નાં ત્રણ ઝોનમાં.

Sr.No.	Research Project of 2014 batch
1	**A study of evaluate mobile phones dependence among the students of Medical colleges**
2	**Study of morbidity in hostel students of AMC MET Medical college**
3	**Study of prevalence of refreactive errors in primary school children of municipal school**
4	**To study the knowledge regarding services of 108,in general**

	population
5	**To check prevaelence of tobacco chewing in HSC students of Vedant high school**
6	**To study the Sociodemographic profile of blind people in ahmedabad city**
7	**To study KAP of breastfeeding in women in post partum ward of LG hospital**
8	**To study prevalence of postpartum depression in LGH**
9	**Assessment of JSY in AMC knowledge and attitude of utilization pattern of beneficiaries**
10	**Study to know prevalence of depression in medical students.**
11	**Study to know prevalence of tea coffee addiction in students of AMC MET Medical college**
12	**KAP regarding Breast cancer and BSE (Breast self examination)**
13	**Study of awareness about blood donation in population of maninagar ward**
14	**Cross sectional study of healthprofile of healthworker in isanpur and Maninagar ward**
15	**Study the factors affecting noncommunicible diseases**
16	**Study to know the prevalence of anaemia in adolescent girls in slums of isanpur UHTC fieldpractice area**

➢ <u>માઈક્રોબાયોલોજી વિભાગ:-</u>

૧. દ્વિતીય વર્ષ એમ.બી.બી.એસ ના વિર્ધાર્થીઓને માઈક્રોબાયોલોજી વિષયનું MCI અને ગુજરાત યુનિવર્સીટીના ધારા ધોરણ મુજબ શિક્ષણ આપવામા આવેલ અને સત્રાંતે થિયરી અને પ્રેકટિકલ પરીક્ષા દ્વારા વિર્ધાર્થીઓનું મૂલ્યાંકન કરવામાં આવેલ.

૨. માઈક્રોબાયોલોજી વિભાગના વડા દ્વિતીય વર્ષ એમ.બી.બી.એસના વિષયોના એકઝામ કોઓર્ડીનેટર છે.

૩. દ્વિતીય વર્ષ, બી.ડી.એસ., (ડેન્ટલ કોલેજ, એ.એમ.સી મેટ)ના વિર્ધાર્થીઓને માઈક્રોબાયોલોજી વિષયનું DCI અને ગુજરાત યુનિવર્સીટીના ધારા ધોરણ મુજબ શિક્ષણ આપવામા આવેલ અને સત્રાંતે થિયરી અને પ્રેકટીકલ પરીક્ષા દ્વારા વિદ્યાર્થીનું મૂલ્યાંકન કવામાં આવેલ.

૪. ગુજરાત યુનિવર્સીટી અંતર્ગત માઈક્રોબાયોલોજી વિષયમાં પી.એચ.ડી કરતા સ્ટુડન્ટને રીસર્ચ થીસીસ માટે લેબોરેટરી કામગીરીની ટ્રેનીગ તેમજ માર્ગદર્શન આપવામાં આવે છે.

૫. MCI ની ગાઇડલાઇન મુજબ એમ.ડી પેથોલોજી તથા કોમ્યુનિટી મેડિસીનમાં અભ્યાસ કરતા પી.જી સ્ટુડન્ટસને માઈક્રોબાયોલોજી વિભાગમાં ટ્રેનીગ આપવામાં આવે છે.

૬. ગુજરાત યુનિવર્સીટી માન્ય મેડિકલ લેબોરેટરી ટેકનીશીયન (CMLT) નો કોર્ષ વર્ષ - ૨૦૧૨થી અત્રેની મેડિકલ કોલેજ સાથે સંલગ્ન એલ.જી. હોસ્પિટલમાં શરુ કરવામાં આવેલ છે.હાલમાં CMLT ના વિદ્યાર્થીઓને ગુજરાત યુનિવર્સીટીનાં ધારા ધોરણ મુજબ ટ્રેનીગ તથા

શિક્ષણ આપવામાં આવે છે તથા થિયરી અને પ્રેકટીકલ પરીક્ષા દ્વારા વિધાર્થીઓનું મુલ્યાંકન કરવામાં આવે છે.

<u>હોસ્પિટલ તથા હેલ્થ કેર સંલગ્ન કામગીરી</u>

- MCI ની ગાઇડલાઇન મુજબ જરૂરી સાધનો મંગાવી સેન્ટ્રલ માઈક્રોબાયોલોજી લેબોરેટરીનો વિકાસ કરવામાં આવેલ છે.
- અત્રેના માઈક્રોબાયોલોજી વિભાગ દ્વારા વખતોવખત થતાં આઉટબ્રેક તથા એપિડેમીક (Outbreak & epidemic) ની કામગીરી રેપિડ રિસ્પોન્સ ટીમ (Rapid response Team) અંતર્ગત કરવામાં આવેલ છે.

- અત્રેના માઈક્રોબાયોલોજી વિભાગમાં સુધારેલ ક્ષય-નિયંત્રણ કાર્યક્રમ અનુસાર CBNAAT લેબોરેટરીની સુવિધા ઉપલબ્ધ કરાવેલ છે.આ લેબોરેટરીમાં મુકાયેલ GeneXpert મશીન દર્દીના સેમ્પલ્સમાંથી (Pulmonary & Extra pulmonary tuberculosis-EPTB) ટીબીના જીવાણું શોધવાનું તથા દવા પ્રત્યેનું રેઝીસ્ટ્રન્સ જાણવા માટેનું અત્યાધુનિક મશીન છે. જે ફકત બે કલાકમાં આ નિદાન કરે છે.આ મશીન અમદાવાદ ખાતેના સરકારી દવાખાનાઓ પૈકી ફકત અત્રેના વિભાગમાં ઉપલબ્ધ છે. અહીં અમદાવાદના બધાં જ વોર્ડ પરાવિસ્તાર તેમજ આજુબાજુના જિલ્લાઓમાંથી ટીબી રેઝીસ્ટ્રન્ટ (MDR) કેસોની તપાસ માટે સેમ્પલ આવે છે.
- અત્રેની શેઠ એલ.જી જનરલ હોસ્પિટલમાં આવેલ માઈક્રોબાયોલોજી વિભાગના સુપરવિઝન હેઠળ HIV/AIDS testing માટે NACO (National AIDS Control Organization) સંચાલિત ICTC/PPTCT (વાત્સાયન અને મમતા કેન્દ્ર)કાર્યરત છે.ગુજરાત એઇડસ કંટ્રોલ તથા અમદાવાદ એઇડસ કંટ્રોલ સોસાયટી દ્વારા સમયાંતરે યોજાતી ટ્રેનીગ અત્રેનાં ICTC/PPTCT કાઉન્સીલર તથા લેબોરેટરી ટેકનીશયનોએ લીધેલ છે.

<u>કમીટી મેમ્બર/મેમ્બર સેક્રેટરી તરીકેની કામગીરી</u>

માઇક્રોબાયોલોજી વિભાગનાં વડા નીચે દર્શાવ્યા મુજબની કમીટી ના મેમ્બર તરીકે સેવા આપે છે.

(૧) હોસ્પિટલ ઇન્ફેકશન કંટ્રોલ કમીટી,શેઠ એલ.જી જનરલ હોસ્પિટલ.
(૨) એથીકસ કમીટી,એ.એમ.સી મેટ મેડિકલ કોલેજ
(૩) IRB (Institutional Review Board) કમીટી, એ.એમ.સી મેટ મેડિકલ કોલેજ
(૪) ગર્લ્સ હોસ્ટેલ કમીટી, એ.એમ.સી મેટ મેડિકલ કોલેજ
(૫) જેંડર હેરેસમેન્ટ કમીટી, એ.એમ.સી મેટ મેડિકલ કોલેજ્
(૬) ફાર્મેકોવીજીલન્સ કમીટી, એ.એમ.સી મેટ મેડિકલ કોલેજ
(૭) Tuberculosis core (RNTCP) કમીટી, એ.એમ.સી મેટ મેડિકલ કોલેજ, શેઠ એલ.જી જનરલ હોસ્પિટલ

એ.એમ.સી મેટ મેડિકલ કોલેજ સાથે સંલગ્ન એલ.જી હોસ્પિટલ આવેલ માઇક્રોબાયોલોજી લેબોરેટરીમાં થયેલ કામગીરી.(સને ૨૦૧૭-૨૦૧૮)

અ.નુ.	૨૦૧૭ -૨૦૧૮ દરમ્યાન કરવામાં આવેલ ટેસ્ટની વિગત	સંખ્યા
૧	કલ્ચર અને એન્ટીબાયોટીક સેન્સીટીવીટી તપાસ	૧૫,૯૬૨
૨	સ્ટેઈનીંગ (લોહી,ગળફા,પેશાબ,ડીપ્થેરીયા,ગેસ ગ્રેન્ગ્રીન વગેરે)	૨૧,૧૭૦
૩	ફુગ(KOH) અને ફુગ કલ્ચર	૪૩૨
૪	સીરોલોજી (Widal, RA, CRP, ASO,RPR VDRL) વિગેરે	૨૯,૬૬૭
૫	યુરીન પ્રેગ્નનસી ટેસ્ટ	૫૪૧૨
૬	HIV/AIDS ની તપાસ	૧૯,૨૬૫
૭	હિપેટાઈટીસ બી ની તપાસ	૩૧,૭૬૦
૮	ઝાડાની તથા કોલેરાની તપાસ	૨૩૮૦
૯	વાયરોલોજી ટેસ્ટ (ડેન્ગ્યુ,સ્વાઈનફ્લુ,HAV, HEV, JEV, ચંદીપુરા,CCHF વગેરે)	૭૨૭૬
૧૦	મલેરીયા રેપીડ ટેસ્ટ	૪૩,૭૮૨
૧૧	ગળફામાંથી ટીબીના જીવાણુની તથા MDR - TB ની તપાસ (Gene Expert)	૩૦૮૩
	કુલ	૧,૮૦,૨૭૯

➢ ફોરેન્સિક મેડિસીન વિભાગઃ-

- MCI ના ધારા ધોરણ મુજબ સદર વિભાગનો વિકાસ કરવામાં આવેલ છે.વર્ષ ૨૦૧૭-૧૮ દરમ્યાન વિભાગના મ્યુઝિયમમાં પાંચ વધારે Specimen નો વધારો કરવામાં આવેલ.
- MBBSના નાં Second year ફોરેન્સિક મેડિસીન વિષયનું MCI અને ગુજરાત યુનિવર્સીટીના માર્ગદર્શન મુજબ વિધાર્થીઓને શિક્ષણ આપવામાં આવેલ છે. સત્રાંતે સદર વિભાગ દ્વારા વિધાર્થીઓની કસોટી લેવામાં આવે છે. તથા MCQ ટેસ્ટનું પણ આયોજન કરવામાં આવેલ છે. તથા વિધાર્થી દ્વારા સેમિનારનુ પણ આયોજન કરવામાં આવેલ છે.
- આગામી સત્ર (5th) શરુ થતાં MBBSનાં second year ના વિધાર્થીઓને MCI માર્ગદર્શન મુજબ
  પોસ્ટ મોર્ટમ જોવા અંગેનું આયોજન કરવામાં આવેલ છે.
- MBBS પાસ થયેલ ઈનટરસીપ કર્તા તબીબ પાસેથી ફોરેન્સિક મેડિસીન વિષય ના MCQ તૈયાર કરાવી MCQ બેંક બનાવવાનુ આયોજન કરવામા આવેલ છે.
- વર્ષ ૨૦૧૭-૧૮ દરમ્યાન એલ.જી હોસ્પિટલ ખાતે પોસ્ટ મોર્ટમ રૂમ બનાવવાની વ્યવસ્થા કરવા સારુ પ્રપોજલ રીપોર્ટ તૈયાર કરી સુપ્રિટેન્ડંટ શ્રીને આપવામાં આવેલ છે.
- વિભાગ ના વડા ડૉ.સૌમિલ પી. મર્ચન્ટ એ વર્ષ ૨૦૧૭-૧૮ દરમ્યાન કોલેજ ની ETHICS COMMITTEE મા એકટીવ મેમ્બર તરીકે સેવા આપેલ છે.

- વિભાગ ના વડા ડૉ.સૌમિલ પી. મર્ચન્ટ એ વર્ષ ૨૦૧૭-૧૮ દરમ્યાન MCI દ્વારા (યુજી તથા પીજી) કોર્ષ ના ઈન્સ્પેકશન કરેલ છે.
- વિભાગ ના વડા ડૉ.સૌમિલ પી. મર્ચન્ટ એ ગુજરાત યુનિવર્સીટી અને અન્ય યુનિવર્સીટીની વર્ષ ૨૦૧૭-૧૮ દરમ્યાન યુજી/પીજીની પરીક્ષા લીધેલ છે.
- વિભાગ ના વડા ડૉ.સૌમિલ પી. મર્ચન્ટ એ એ.એમ.સી.મેટ મેડિકલ કોલેજ ના જીમખાના ઇન્ચાર્જ છે.
- વિભાગના વડા ડૉ.સૌમિલ પી. મર્ચન્ટ એ વર્ષ ૨૦૧૭-૧૮ દરમ્યાન કોલેજ ની HOSTEL COMMITTEE મા એકટીવ મેમ્બર તરીકે સેવા આપેલ છે.
- વિભાગ ના વડા ડૉ.સૌમિલ પી. મર્ચન્ટ એ વર્ષ ૨૦૧૭-૧૮ દરમ્યાન કોલેજ ની OASIS ૨૦૧૮ મા ઇન્ચાર્જ તરીકે સેવા આપેલ છે.
- વિભાગ ના આસી.પ્રોફેસર ડૉ.તેજસ પ્રજપતિ એ વર્ષ ૨૦૧૭-૧૮ દરમ્યાન કોલેજ ની MEU મા ફેકલ્ટી તરીકે સેવા આપેલ છે
- વિભાગ ના એસો. પ્રોફેસર ડૉ.કલ્પેશ કોટડીયા એ વર્ષ ૨૦૧૭-૧૮ દરમ્યાન ગુજરાત યુનિવર્સીટીની યુજી ની પ્રેકટીકલ EXAM લીધેલ છે.

➢ પૅથોલોજી વિભાગ :-

૧. પેથોલોજીમાં પોસ્ટ ગ્રેજયુએશન એમ.ડી ની પાંચ બેઠકો માટે એમ.સી.આઇ દ્વારા મંજુરી મળેલ તે મુજબ દર વર્ષે પાંચ વિધાર્થીને એડમીશન આપવામાં આવેલ છે.હાલ કુલ ૧૫ વિધાર્થી પોસ્ટ ગ્રેજયુએશન કરી રહયા છે.તેમને એમ.સી.આઇ તથા ગુજરાત યુનિવર્સીટીના ધારા ધોરણો મુજબ શિક્ષણ પ્રદાન કરવામાં આવેલ છે.

૨. અત્રેના પેથોલોજી વિભાગમાં મે-૨૦૧૭ માં એમ.સી.આઇ દ્વારા પોસ્ટ ગ્રેજયુએટ સ્ટુડન્ટસની એમ.ડી ની પરીક્ષા માટે એમ.સી.આઇ ઇન્સ્પેકશન કરાવી એમ.ડી ની પાંચ સીટોની મંજુરી મેળવેલ છે તેથી તેની સાથે પીજી સ્ટુડન્ટસને પેથોલોજીની વિસ્તૃત માહિતી માટે ગેસ્ટ લેકચરનું આયોજન કરવામાં આવેલ છે.

૩. મેડિકલ કોલેજનાં સેકન્ડ એમ.બી.બી.એસનાં વિધાર્થીઓને એમ.સી.આઇ તથા ગુજરાત યુનિવર્સીટીના ધારા ધોરણો મુજબ શિક્ષણ પ્રદાન કરવામાં આવેલ.સત્ર દરમ્યાન એમ.સી.કયુ ટેસ્ટ તથા સત્રનાં અંતે થીયરી અને પ્રકટીકલ પરીક્ષા લઇ તેમનુ મુલ્યાંકન કરવામં આવેલ છે.

૪. ગુજરાત યુનિવર્સીટી દ્વારા આયોજીત સેકન્ડ એમ.બી.બી.એસ. વિદ્યાર્થીઓની પ્રૅકટિકલ પરીક્ષાઓ નિર્ધારીત સમયે અત્રે લેવામાં આવે છે.

૫. ઓગષ્ટ ૨૦૧૬ થી ગુજરાત યુનિવર્સીટી સંલગ્નન તથા મંજૂરી સાથે પૅથોલોજી, માઈક્રોબાયોલોજી,અને બાયોકેમેસ્ટ્રી વિભાગનાં સંયુકત ઉપક્રમે એમ.એલ.ટી.(મેડિકલ લેબોરેટરી ટેકનોલોજી) નો એક વર્ષનો કોર્ષ શરુ કરેલ છે.તે કોર્ષમાં ભણતા વિદ્યાર્થીઓને વર્ષ દરમ્યાન શિક્ષણ પ્રદાન કરીને વર્ષાતે પરીક્ષાઓ લેવામાં આવેલ.

૬. નાર્કો તથા ગુજરાત સ્ટેટ બ્લડ ટ્રાન્સફયુશન કમિટી દ્વારા યોજીત બ્લડ બેંક ટ્રેનીંગ પ્રોગ્રામમાં આસીસ્ટન્ટ પ્રોફેસર ડૉ. બીરેન જે. પરીખે ટ્રેઈનર તરીકે યોગદાન આપેલ છે.

૭. પૅથોલોજી વિભાગના ડૉકટર સ્ટાફ દ્વારા ઈન્ડેક્ષ જર્નલમાં પેપર પ્રકાશિત કરવા મોકલવામાં આવેલ છે.

૮. નાર્કો તથા ગુજરાત સ્ટેટ એઈડસ કંટ્રોલ સોસાયટી દ્વારા યોજીત બ્લડ બેંક માટેની ટ્રેનીંગ ડૉકટરો તથા લેબોરેટરી ટેકનીશીયનોએ લીધેલ છે.

૯. કોલેજ સાથે સંલગ્ન એલ.જી. જનરલ હોસ્પિટલના પૅથોલોજી વિભાગની વિવિધ લેબોરેટરીઓમાં થયેલ કામગીરી આ સાથે પત્રકમાં સામેલ છે.

૧૦.પેથોલોજી વિભાગની બ્લડ બેંક દ્વારા દર વર્ષે રકતદાન શિબિરનું આયોજન કરવામાં આવે છે અને રકત તથા તેના ઘટકો હોસ્પિટલમાં દાખલ દર્દીની સારવારમાં ઉપયોગમાં લેવામાં આવે છે.

૧૧.થેલેસેમીયા પ્રિવેન્સન તથા થેલેસેમીયા મેજર દર્દીનું ચોકકસ નિદાન કરવા માટેનુ અધતન મશીન ડી-૧૦ હિમેટોલોજી ડિપાર્ટમેન્ટ ખાતે લેવડાવવામાં આવેલ છે.જે (ડી-૧૦ Hemoglobine electrophoresis)સંસ્થા દ્વારા ફાળવવામાં આવેલ છે.

૧૨.એમ.બી.બી.એસ માં એડમીશન મેળવેલ તમામ સ્ટુડન્ટસનું થેલેસેમીયા માટેની તપાસ માટે નુ આયોજન ફિઝીયોલોજી ડિપાર્ટમેન્ટ તથા રેડકોસના સહયોગથી કરવામાં આવેલ છે.

૧૩.પેથોલોજી વિભાગનાં એસોસીયેટ પ્રોફેસર ડો.નંદા જાગ્રિત એ OASIS-2017-18માં ઇન્ચાર્જ તરીકે સેવા આપેલ છે.

૧૪.એલીસા રીડર એન્ડ વોસર માં દરેક ડોનરનાં બ્લડના સેમ્પલને અગત્યનાં ટીટીઆઇ ટેસ્ટીગ જેવા કે એચ.આઇ.વી,એચબીએસએજી,એચસીવીમાં વોસીગ એન્ડ રીડીગ જેવા કામ માટે આ Instrument નો યુસ કરવામાં આવે છે.આ ટેસ્ટીગ કર્યા બાદ જ બલ્ડનાં કોઇપણ ઘટકો દર્દીને આપી શકાય છે.આ મશીન એપ્રિલ-૨૦૧૯ માં ઇન્સ્ટોલ થયુ છે.

૧૫.Platlet Agitator with Incubator આ મશીન એપ્રિલ-૨૦૧૮ માં આવેલુ છે.આ મશીન બે ભાગમાં છે.Agitator & Incubator Agitator-Platelet ને mixing કરવાનું અને Incubator તેનું ૨૧-૨૩ ટેમ્પરેચર જાળવવાનું કામ કરે છે.બ્લડ માંથી જુદુ પાડવામાં આવતુ આ Platlet ઘટકને આ મશીનમાં જ રાખવુ પડે છે.આ ઘટક ૫ દીવસ સુધી રાખી દર્દીઓને આપી શકાય છે.

➢ ફાર્મેકોલોજી વિભાગ :-

૧. મેડિકલ કોલેજનાં દ્વિતિય વર્ષ એમ.બી.બી.એસ.નાં ફાર્મેકોલોજી વિભાગનું MCI તથા ગુજરાત યુનિવર્સીટીનાં ધારા ધોરણ મુજબ શૈક્ષણિક કાર્યક્રમ કરવામાં આવેલ છે. સત્ર દરમ્યાન MCQ Test, Viva, Practical Test તથા સત્રનાં અંતે થિયરી તથા પ્રેકટિકલ પરીક્ષાનું મુલ્યાંકન કરવામાં આવેલ છે.

૨. આગામી સત્રનું દ્વિતિય વર્ષ MBBS નું શૈક્ષણિક આયોજન કરવામાં આવેલ છે.

૩. એથીકસ કમીટીના મેમ્બર સેક્રેટરી ડૉ. ગુરુશરણ ડુમરા દ્વારા એલ.જી. હોસ્પિટલના કલીનીકલ ટ્રાયલનું કામ ચાલુ છે.

૪. ફાર્માકોવીઝીલન્સ સેલ ના ઇન્ચાર્જ ડૉ.સી.જી.પરમાર ફાર્માકોવીઝીલન્સ ની કામગીરી સંભાળે છે.

૫. જુન ૨૦૧૭ થી ૩ પી.જી સ્ટુન્ડન્ટનુ શૈક્ષણિક કાર્ય અને સેમિનાર ચાલુ છે.

૬. MCI તથા ગુજરાત યુનિવર્સીટીનાં ધારા ધોરણ મુજબ 2nd BDS માટે ફાર્મેકોલોજી નાં લેકચર તથા પ્રેકટિકલ લેવામાં આવેલ છે. સત્રનાં અંતે થિયરી તથા પ્રેકટિકલ પરીક્ષા લઈ મૂલ્યાંકન કરવામાં આવેલ છે.

૭. વિભાગનાં આસી.પ્રોફેસર ડો.વિપુલ પ્રજાપતિ એ વર્ષ ૨૦૧૭-૧૮ દરમ્યાન ગુજરાત યુનિવર્સીટીની યુ.જી ની પ્રેકટીકલ પરીક્ષા લીધેલ છે.

૮. વિભાગનાં એસો.પ્રોફેસર ડૉ. ગુરુશરણ ડુમરા એ જી.સી.પી વર્કશોપ કરાવેલ છે.

૯. વિભાગનાં એસો.પ્રોફેસર ડૉ. ગુરુશરણ ડુમરા એ MEU માં ફેકલ્ટી મેમ્બર તરીકે ૨૦૧૭-૧૮ માં સેવા આપેલ છે.

૧૦.વિભાગનાં એસો.પ્રોફેસર ડૉ. ગુરુશરણ ડુમરા એ IRB માં ફેકલ્ટી મેમ્બર તરીકે ૨૦૧૭-૧૮ માં સેવા આપેલ છે.

૧૧.વિભાગનાં એસો.પ્રોફેસર ડૉ. ગુરુશરણ ડુમરા એ ACME કોર્ષ પુર્ણ કરેલ છે.

૧૨.વિભાગનાં ફેકલટી ડો.સી.જી પરમાર એ પીજી એમડી પુર્ણ કરેલ છે.

૧૩.વિભાગનાં આસી.પ્રોફેસર ડો.ભાવેશ વ્યાસ એ એનીમલ એથીકસ કમીટી માં સેવા આપેલ છે.

૧૪.વિભાગનાં આસી.પ્રોફેસર ડો.ભાવેશ વ્યાસ એ ૨૦૧૭-૧૮ દરમ્યાન ગુજરાત યુનિવર્સીટીની યુ.જી ની પ્રેકટીકલ પરીક્ષા લીધેલ છે.

૯.૫ - એ.એમ.સી.ડેન્ટલ કોલેજ
વાર્ષિક વહીવટી અહેવાલ
સને : ૨૦૧૭-૨૦૧૮

એ.એમ.સી. મેડીકલ એજયુકેશન ટ્રસ્ટ સંચાલિત એ.એમ.સી.ડેન્ટલ કોલેજની સ્થાપના સને ૨૦૦૯ ના માસમાં થયેલ હતી ડેન્ટલ કોલજ માં સ્નાતક તરીકે ડેન્ટલ તબીબી શિક્ષણ આપવામાં આવે છે. આ કોલેજ ગુજરાત રાજયની નામાંકિત કોલેજ છે. આ કોલેજને ૧૦૦. તબીબી સીટોની માન્યતા મળેલ છે. અત્રે ની ડેન્ટલ કોલેજને ડેન્ટલ કાઉન્સીલ ઓફ ઈન્ડિયા તરફથી માન્યતા મળેલ છે તેમજ અત્રેની કોલેજ ગુજરાત યુનિર્વસીટી સાથે જોડાણ ધરાવે છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન સંચાલિત એ.એમ.સી. ડેન્ટલ કોલેજ અત્રેની એ.એમ.સી. ડેન્ટલ હોસ્પિટલ સાથે સંલગ્ન છે. એ.એમ.સી. ડેન્ટલ કોલજમાં હાલમાં બી.ડી.એસ. ના પ્રથમ વર્ષ, દ્રિતિય વર્ષ અને ત્રીજા વર્ષના, ચોથા વર્ષના વિદ્યાર્થીઓ થઇ કુલ ૪૦૦ વિદ્યાર્થીઓની સંખ્યા છે. ઉપરાંત બી.ડી.એસ. ઇન્ટર્નશીપ કરતા ૧૦૦ વિદ્યાર્થીઓ પણ ઉમેરતાં કુલ ૫૦૦ વિદ્યાર્થીઓ એ.એમ.સી.ડેન્ટલ કોલેજમાં અભ્યાસ કરે છે. વર્ષ ૨૦૧૫-૧૬ થી પોસ્ટ ગ્રેજ્યુએટ (એમ.ડી.એસ.) માટેનો કોર્ષ શરૂ કરવામાં આવેલ છે. જેમા કુલ ૧૫ વિદ્યાર્થીઓની સંખ્યા છે. ચાલુ વર્ષે ૨૦૧૭-૨૦૧૮ની બી.ડી.એસ.ની ટયુશન ફી રૂા. ૨,૯૭,૦૦૦/- થઇ છે.

આ કોલેજમાં ભણતા વિદ્યાર્થીઓને કિલનીક શિક્ષણ માટે એ.એમ.સી. ડેન્ટલ હોસ્પિટલમાં મોકલવામાં આવે છે. કોલેજના જુદા-જુદા વિભાગો ડેન્ટલ હોસ્પિટલ સાથે સંલગ્ન હોસ્પિટલમાં ગ્રેજયુએટ તેમજ પોસ્ટ ગ્રેજ્યુએટ કોર્ષ ચલાવવામાં આવે છે. જેમાં વિદ્યાર્થીઓને પુરતી સગવડ આપવામાં આવે છે. પ્રથમ વર્ષ ૨૦૧૦ માં બી.ડી.એસ. નું પ્રથમ વર્ષનું પરિણામ ૮૨%, દ્વિતિય વર્ષ નું પરિણામ ૭૯%, તૃતિય વર્ષનું પરિણામ ૮૮% અને ચોથા વર્ષનું પરિણામ આવ્યા પછી પાસ થયેલ વિદ્યાર્થીઓ ઇન્ટર્નશીપ પ્રોગ્રામમાં જોડાયેલ હતા.

એ.એમ.સી. ડેન્ટલ કોલેજમાં હાલમાં ઇન્ટર્નશીપ કક્ષાનો અભ્યાસક્રમ પણ ચલાવવામાં આવે છે. જેમાં કોલેજના વિદ્યાર્થીઓને ઇન્ટર્નશીપ દરમ્યાન સ્ટઇપેન્ડ ચૂકવવામાં આવે છે

ડિપાર્ટમેન્ટ ઓફ પ્રોસ્થોડોન્ટીક્સ એન્ડ ક્રાઉન એન્ડ બ્રીજ
(ચોકઠા વિભાગ)

એ.એમ.સી. ડેન્ટલ કોલેજનાં આ ડિપાર્ટમેન્ટ માં ડેન્ટલ મટીરીયલ અને પ્રોસ્થેટીક ડેન્ટીસ્ટ્રીના વિષયો ભણાવવામાં આવે છે. તથા તેના બે જુદા-જુદા વિભાગો છે.

૧) પ્રિકલીનીકલ વિભાગ
૨) કલીનીકલ વિભાગ

૧) પ્રિકલીનક વિભાગ :- આ વિભાગમાં પ્રથમ અને દ્વિતીય વર્ષના વિદ્યાર્થીઓને ડેન્ટલ મટીરીયલ તથા પ્રોસ્થેટીક પ્રિકલીનીકલ વિષયોનું શિક્ષણકાર્ય અને પ્રેકટીકલ કાર્ય કરાવવામાં આવે છે.

પ્રથમ વર્ષ (વિદ્યાર્થીઓ ૨૦૧૭-૨૦૧૮)

	કલાક	હાજરી
ડેન્ટલ મટીરીયલ લેકચર	૩૮ કલાક	૯૦%
ડેન્ટલ મટીરીયલ પ્રેકટીકલ	૮૦ કલાક	૮૮%
પ્રોસ્થેટીક લેકચર	૨૫ કલાક	૮૨%
પ્રોસ્થેટીક પ્રિકલીનકલ પ્રેકટીકલ	૧૦૦ કલાક	૯૨%

પ્રોજેકટ વર્ક :-

૧૦૦ વિદ્યાર્થીઓની બેચમાં કુલ ૨૦ જેટલાં પોસ્ટર પ્રઝન્ટેશન આપવામાં આવેલ છે. દરેક વિદ્યાર્થીને મોડલ વર્ક આપવામાં આવે છે.

દ્વિતીય વર્ષના વિદ્યાર્થીઓનો વાર્ષિક અહેવાલ (૨૦૧૭-૨૦૧૮)

	કલાક	હાજરી
ડેન્ટલ મટીરીયલ લેકચર	૩૭ કલાક	૮૬%
ડેન્ટલ મટીરીયલ પ્રેકટીકલ	૮૪ કલાક	૯૦%
પ્રોસ્થેટીક પ્રિકલીનકલ લેકચર	૨૨ કલાક	૮૯%
પ્રોસ્થેટીક પ્રિકલીનકલ પ્રેકટીકલ	૧૦૦ કલાક	૯૨%

પ્રોજેકટ:- ૧૦૦ વિદ્યાર્થીઓ વચ્ચે ૧૫ પોસ્ટર પ્રિપેરેશન કરાવવામાં આવેલ છે.

- **ઉપલબ્ધીઓઃ-**

૧. ઈન્ટરડિપાર્ટમેન્ટ ડેન્ટીસ્ટ્રી કોમ્પીટીશનમાં ઈન્ટર્નસની ટીમએ સેકન્ડ પ્રાઈઝ મેળવ્યું છે.
૨. ઈન્ટરકોલેજ પોસ્ટર કોમ્પીટીશનમાં Part-III P.G. સ્ટુડન્ટ્સની ટીમએ થર્ડ પ્રાઈઝ મેળવ્યું છે.
૩. ઈન્ટરકોલેજ ક્વીઝ કોમ્પીટીશનમાં Part-III P.G. સ્ટુડન્ટ Dr. Hinal Chhabaria ૨૬૦ ઉમેદવારોમાંથી સીલેક્ટ થઈ.
૪. Part-III P.G. સ્ટુડન્ટ Dr. Dipal Patel નું આર્ટીકલ ઈન્ટરનેશનલ જર્નલ્સ માટે એકસેપ્ટ થયુ છે.

- **કલીનીકલ વિભાગની માહિતી**

આ વિભાગમાં હાલ તૃતીય, ચોથા, ઈન્ટર્ન અને પી.જી. વિદ્યાર્થીઓ દર્દીઓને સારવાર આપે છે. આ વિભાગમાં વિવિધ પ્રકારની સારવાર દર્દીઓને આપવામાં આવે છે. જેમ કે આખુ ચોકઠું (Complete Denture), એક, બે દાંતનુ ચોકઠું (Partial Denture), ફિક્સ દાંત (Crown & Bridge), ઈમ્પ્લાન્ટ (Implant), તથા Maxillofacial Prosthetic બનાવવામાં આવે છે. સ્પેશીયલ કેસ જેમ કે કેન્સરનાં દર્દીઓના સ્પેશીયલ (Maxillofacial Prostheses) ચોકઠાં બનાવવામાં આવે છે.

તૃતીય અને ચોથા વર્ષનાં વિદ્યાર્થીઓનો વાર્ષિક અહેવાલ (૨૦૧૭-૨૦૧૮)

આ તૃતીય અને ચોથા વર્ષનાં વિદ્યાર્થીઓ માંથી ૨૫-૨૫ વિદ્યાર્થીઓની બેચ વારાફરતી વર્ષ દરમ્યાન આવે છે. તથા તેમને દર્દીઓ પર કેવી રીતે સારવાર કરવા તેનું જ્ઞાન આપવામાં આવે છે. તૃતીય વર્ષમાં ૫ થી ૪ દર્દીઓ અને ચોથા વર્ષમાં ૭ થે ૮ દર્દીઓ પર સારવાર આપવામાં આવે છે. તથા આ બન્ને વર્ષનાં વિદ્યાર્થીઓને શૈક્ષણિક અને પ્રેકટીકલ વર્કનાં લેકચર આપવામાં આવે છે તથા ચોથા વર્ષના વિદ્યાર્થીઓને મોડલ વર્ક કરાવવામાં આવે છે અને દરેકને સેમીનાર પ્રેઝેન્ટ કરવાનું કહેવામાં આવે છે.

		તૃતીય વર્ષ	ચોથું વર્ષ
	કલાક	હાજરી	હાજરી
લેકચર	૮૦ કલાક	૮૭%	૯૨%
પ્રેકટીકલ	૧૦૦૦ કલાક	૯૩%	૯૬%

કુલ સારવાર કરેલાં દર્દીઓ (વિદ્યાર્થી દ્વારા) તૃતીય અને ચોથું

CD - 790 (આખું ચોકઠું)
RPD- 820 (અડધું ચોકઠું)

આ સિવાય ૧૨ થી ૧૪ ની બેચમાં ઈન્ટર્નશીપ પણ ચાલતી હોય છે. એ લોકો પણ દર્દીઓ લેતાં હોય છે. અને પ્રોજેક્ટ અને સ્પેશલ કેસ પણ કરે છે તેમજ સેમીનાર પણ કરે છે.

આ વિભાગમાં વિદ્યાર્થીઓ અને દર્દીઓના જ્ઞાન માટે સ્ટાફ દ્વારા મ્યુઝિયમ બનાવેલ છે. તેમાં બનાવેલ મોડલ્સ સ્ટાફ દ્વારા બનાવવામાં આવેલ છે. જે વિદ્યાર્થીઓ અને દર્દીઓને આ વિભાગ દ્વારા જુદી-જુદી સારવાર તેમજ સમજ આપવામાં મદદ રૂપ છે.

- **સારવાર કરેલા દર્દીઓની માહિતીઃ-**

➢ સરેરાશ રોજની O.P.D.	-	૭૦
➢ સરેરાશ વાર્ષિક O.P.D.	-	૧૪૯૬૩
➢ સરેરાશ બનાવેલા આખાં ચોકઠાં (Complete Denture)	-	૩૬૮૩
➢ સરેરાશ બનાવેલા અડધા ચોકઠાં (Removable Partial Denture)	-	૧૭૯૭
➢ સ્ટાફ દ્વારા સ્પેશીયલ કેસનાં દર્દીઓની સારવાર	-	૭૦
➢ FCC	-	૬૯૮
➢ FPD	-	૩૫૮
➢ Special Cases	-	૪૬૭

List of Publication

1	Behaviours and Hygiene Habit of a sample population of complete denture wearers in Ahmedabad. **Dr. Ina B. Patel, Dr. Gauri Madan, Dr. Kinjal Solanki, Dr. Ravindra Chavda** **(Research Article)**	J.Int Oral Health 2012; 4(2):23-38 (International Journal) **(Published Article)**
2	An Investigation into certain esthetic parameters and its role in denture aesthetics. **Research Article –** First Author **Dr. Ina B. Patel, Dr. Gauri Madan, Dr. Kinjal Solanki**	Journal of research and advancement in dentistry.2014;3;1;274-280 **(Published Article)**
3	Minor oral surgery without stopping daily low-dose apirin therapy: a study of 51 patients. **Dr Gauri Madan** **(Medline indexed Journal: Research Article)**	**J Oral Maxillofac Surg 63:1262-1265, 2005**
4	A comparative study of transverse strength and residual monomer content in polymethyl methacrylate cured by conventional hot-water bath and by microwave irradiation. **Dr. Gauri Madan (Research Article)**	Int. J. Dent.Clinics 2014;6(3): 17-21
5	Nanotechnology: the future of dentistry review article. **Dr.Ina B. Patel,** Dr. Kinjal Solanki	Journal of research and advancement in dentistry.
6	A New Indax for rating esthetic of implant supported single crown esthetic index: Review Article Dr. Kinjal Solanki **, Dr.Ina B. Patel**	Journal of research and advancement in dentistry.
7	Non Surgical management of amlodepine induced massive gingival hyperplasia-a case report. Dr. Bhupesh Patel, **Dr.Ina B. Patel,** Dr. Kinjal Solanki	Journal of research and advancement in dentistry.

9	Prosthetic rehabilitation of the adolescent with hypohidrotic ectodermal dysplasia with partial anodontia a case report Dr. Ravindra Chavda	Journal of Govt. Dental College & Hospital Ahmedabad
10	Physical Properties of type 2 & type 4 dental stone after reapeted immersion in sodium hypochlorite solution. Original research Dr. Ravindra Chavda	International Journal of Research in Medicine
11	A generalized attrition case- full mouth rehabilitation using hobo twin stage procedure Dr.Ravindra Chavda	International Journal of Research in Medicine
12	Digital Impression –A Review of Latest Technologies in Dentistry. Dr. Ina Patel, Dr. Bhupesh Patel, Ruchit Patel	Indian Journal of Dental Advancement IJDA

ડિપાર્ટમેન્ટ ઓફ પેરીયોડોન્ટોલોજી
(દાંતની સફાઇ અને પેઢાંની સારવારનો વિભાગ)

પ્રસ્તાવના

૧. પેરીયોડોન્ટોલોજી વિભાગએ એ.એમ.સી. ડેન્ટલ કોલેજનો એક સ્પેશ્યાલીટી વિભાગ છે.
૨. આ વિભાગ દાંતના પેઢા અને દાંતને આધાર આપતા હાડકાંના વિવિધ પ્રકારના રોગોનું નિદાન અને તેની સારવાર કરે છે.
૩. પેઢાના રોગો એટલે પેઢાને લગતો ચેપ જેમાં પેઢાંમાંથી લોહી અને પરૂ નિકળવું, પેઢાં ફુલી જવાં, મોં માંથી દુર્ગંધ આવવી જેના લીધે જડબાના દાંતને પકડી રાખતા હાડકામાં રોગ થાય છે. આ રોગ માટે કારણભૂત દાંતની આજુબાજુ જમા થતી ક્ષારી હોય છે. જો સમયસર સારવાર આપવામાં ન આવે તો વિવિધ પ્રકારના સંશોધનો એવું જણાવે છે કે પેઢાના આ પ્રકારના રોગ ક્યારેક શારીરિક સ્વાસ્થ્યને નુકશાન કરે છે.

ક્લીનીકલ વિભાગની માહિતીઃ-

૧. પેરીયોડોન્શીયા અમદાવાદ મ્યુ, કોર્પોરેશન ના દંત રૂગ્ણાલય વિભાગ જુલાઇ -૨૦૧૧ માં શરૂ કરવામાં આવેલ છે. ૧ એપ્રિલ ૨૦૧૭ થી ૩૧ માર્ચ ૨૦૧૮ સુધીમા ૨૪૫૧૦ દર્દીઓને ઓ.પી.ડી. માં નિદાન સારવાર આપવામાં આવેલ છે તેમજ ૯૮૪૯ દર્દીઓનાં દાંતની સફાઇ કરવામાં આવી છે અને ૧૦૫૫ દર્દીઓની પેઢાંની વિવિધ પ્રકારની સર્જરી તથા ૫૭ દર્દીઓની ઇમ્પ્લાન્ટ સર્જરી કરવામાં આવેલ છે.
૨. આ સ્પેશ્યાલીટી વિભાગમાં અલ્ટ્રાસોનીક સ્કેલર, લેસર, ઇલેક્ટ્રીક કોટરી, મેગ્નીફાઇંગ લુપ, લાઇટ ક્યોર અને ઇમ્પ્લાન્ટ, જેવા વિવિધ આધુનિક સાધનો દ્વારા સારવાર થાય છે.
૩. આ પ્રકારના રોગો માટેની જરૂરીયાત મુજબની વિવિધ પ્રકારની સારવાર
   - દાંતની સફાઇ.
   - પેઢાની સર્જરી.
   - પેઢાની રીજનરેટીવ સર્જરી (બૉન ગ્રાફ્ટ મટીરીયલ સાથે સોફ્ટ ટીશ્યુ ગ્રાફ્ટીંગ સાથે)

- મ્યુકોજીન્જાયવલ સર્જરી જેવી કે ફ્રીનેક્ટોમી, ક્રાઉન લેન્થનીંગ, વેસ્ટીબ્યુલર એક્સ્ટેનશન વિગેરે.
- ડીપીગ્મેન્ટેશન
- લેસર સર્જરી દ્વારા પેઢાની વિવિધ પ્રકારની સારવાર
- ઇમ્પ્લાન્ટ સર્જરી વગેરે પ્રકારની સારવાર આપવામાં આવે છે.

૪. આ વિભાગમાં કોઇપણ પ્રકારની દાંત અને પેઢાની સારવાર પછી દાંત અને પેઢાની યોગ્ય જાળવણી વિશેનું જ્ઞાન આપવામાં આવે છે.

એકેડમીક વિભાગઃ-

૧. પેરીયોડોન્ટોલોજી વિભાગ

- તૃતીય વર્ષ બી.ડી.એસ.-૧૦૦ વિદ્યાર્થીઓ
- ચતુર્થવર્ષ બી.ડી.એસ.-૧૦૦ વિદ્યાર્થીઓ
- ઇન્ટર્નશીપના-૧૦૦ વિદ્યાર્થીઓ
- પોસ્ટ ગ્રેજ્યુએટ-૦૯ વિદ્યાર્થીઓને
- શિક્ષણ આપવાનું કાર્ય કરવામાં આવે છે.
- લેક્ચર તથા સેમીનાર દ્વાર પુરતુ માર્ગદર્શન આપવામાં આવે છે.
- આ વિભાગમાં વિદ્યાર્થીઓ દ્વારા પ્રોજેક્ટ વર્ક કરાવવામાં આવે છે.
- આ વિભાગમાં આવતા દરેક દર્દીઓને વિદ્યાર્થીઓ દ્વારા તપાસવામાં આવે છે તેમજ તેમનું નિદાન કરીને જરૂરી સારવાર વિશે માહિતી આપીને તે મુજબની જરૂરી સારવાર (દાંતની સફાઇ, પેઢાની જરૂરીયાત મુજબની સર્જરી, ઇમ્પ્લાન્ટ) કરવામાં આવે છે.

૨. આ વિભાગમાં દર્દીઓને દાંત અને પેઢાંની સારી જાળવણી માટેની માહિતી વિવિધ પોસ્ટર્સ તથા મોડલ્સના ઉપયોગોથી વિદ્યાર્થીઓ, ઇન્ટર્ન્સ અને સ્ટાફ દ્વારા આપવામાં આવે છે.

૩. તૃતિય અને ચતુર્થ વર્ષમાં વિદ્યાર્થીઓનો વાર્ષિક અહેવાલ (૨૦૧૭-૨૦૧૮)

	કલાક	હાજરી
Periodontology Lecture	82	80%
Periodontology Clinical	60	90%

– આ વિભાગમાં સ્ટાફની સાથે સાથે અનુસ્નાતક વિદ્યાર્થીઓ દ્વારા પણ સ્ટાફના માર્ગદર્શન હેઠળ દર્દીઓની તપાસ અને સારવાર કરાવવામાં આવે છે.

– અનુસ્નાતક વિદ્યાર્થીઓના ઉચ્ચગણવત્તા તથા અધુનિક પધ્ધતિસરથી તાલીમ અને પ્રશિક્ષણ માટે લેક્ચર્સ, ગ્રૂપ ડીક્સશન, જનરલ ક્લબ, બહુવિકલ્પી પશ્નોત્તર, કેસ પ્રેઝન્ટેશન, સેમીનાર જેવા ઇન્ટરેક્ટીવ સેશન્સ પણ લેવામાં આવે છે.

CDE કામગીરી

૧. એ.એમ.સી.ડેન્ટલ કોલેજ અને હોસ્પિટલ ખાતે પેરીયોડોન્ટોલોજી વિભાગ દ્વારા આયોજીત ઇમ્પ્લાન્ટ અપડેટ ૨૦૧૬ ને ઓર્ગેનાઇઝ કર્યુ તેમાં ૨૦૦ થી વધુ ગુજરાતના ડોક્ટર્સ તેમજ પી.જી. સ્ટુડન્ટ્સએ ભાગ લીધેલ હતો. જેને ડેન્ટલ કાઇન્સીલ ઓફ ઇન્ડીયાએ કુલ ૬ ક્રેડીટ પોઇન્ટ આપેલ હતા.

સ્ટાફની કામગીરી

૨. ડો. બેલા દવે, પ્રોફેસર અને હેડ ઓફ ડિપાર્ટમેન્ટએ મ્યુનિ.કમિશનરશ્રીની મંજૂરી મેળવ્યા બાદ એમ.બી.એ. કોર્ષ પુર્ણ કરીને એમ.બી.એ. - હોસ્પિટલ એડમીનીસ્ટ્રેશન (એચ.એ.) પરીક્ષા પાસ કરેલ છે.

૩. ડો. બેલા દવે, પ્રોફેસર અને હેડ ઓફ ડિપાર્ટમેન્ટએ નેશનલ એક્રીડેશન બોર્ડ ફોર હોસ્પિટલ એન્ડ હેલ્થ કેર પ્રોવાઇડરના ક્વોલીટી કાઉન્સિલ ઓફ ઇન્ડીયા દ્વારા આયોજીત પ્રોગ્રામ ઇમ્પ્લીમેન્ટેશન ફોર એન.એ.બી.એચ. પ્રી એક્રીડેશન એન્ટ્રી લેવલ હોસ્પિટલ સ્ટાન્ડર્ડની ટ્રેઇનીંગ લીધેલ છે.

૪. ડો. બેલા દવે, પ્રોફેસર અને હેડ, એડીટોરીયલ બોર્ડ ઓફ મેમ્બર તરીકે ઇન્ટરનેશનલ જર્નલ ઓફ ઓરલ રીસર્ચમાં સેવા આપી રહયા છે.

૫. ડો. બેલા દવે, પ્રોફેસર અને હેડ ઓફ ડિપાર્ટમેન્ટ ની નીમણૂંક ભાવનગર યુનિવર્સીટી ની એથીકલ કમિટી મેમ્બર તરીકે થયેલ છે.

૬. ડો. બેલા દવે, પ્રોફેસર અને હેડ ઓફ ડિપાર્ટમન્ટની એ.એમ.સી.ડેન્ટલ કોલેજની એથીકલ કમીટીના મેમ્બર તરીકે નિમણૂંક થયેલ છે.

૭. ડો. બેલા દવે, પ્રોફેસર અને હેડ ઓફ ડિપાર્ટમેન્ટ રીવ્યુઅર તરીકે જર્નલ ઓફ અમદાવાદ ડેન્ટલ કોલેજ અને હોસ્પિટલમાં સેવા આપી રહયા છ

૮. ડો. બેલા દવે, પ્રોફેસર અને હેડ ઓફ ડિપાર્ટમેન્ટએ બોર્ડ ઓફ એકેડમીમાં ધરમસિંહ દેસાઇ ડેન્ટલ કોલેજ, નડિયાદ (ડી.ડી. યુનિ.) ખાતે સેવા આપે છે.

૯. ડો. બેલા દવે, પ્રોફેસર અને હેડ ઓફ ડિપાર્ટમેન્ટ ની નિમણુંક બોર્ડ ઓફ એકેડમી નરસિંહ પટેલ ડેન્ટલ કોલેજ, સાકળચંદ યુનિવર્સિટી, વીસનગર ખાતે કરવામાં આવેલ છે.

List of Publication

Name of Faculty	Designation	Sr	Title of article	Name of Journals	Year of Publication	International/ National	Paper Type
Dr. Bela Dave	HOD & Prof.	1	Relationship between diabetes mellitus and periodontal disease – A clinical study	BJ Kines-National Journal of Basic & Applied Sciences	2018	National	Original Research
Dr. Bela Dave	HOD & Prof.	2	Tooth brushing behavior and dental abrasion among the diamond workers of Bapunagar area, East Ahmadabad , Gujarat	International Journal of Scientific Research	2018	International	Original Research
Dr. Bela Dave	HOD & Prof.	3	Awareness and attitude of patients regarding dental implants as a treatment modality, at Kalol town, Gujarat	International Journal of Scientific Research	2018	International	Original Research
Dr. Bela Dave	HOD & Prof.	4	Comparison and correlation of glucose level in serum and saliva in diabetic and non diabetic patients	Journal of International Oral Health & Dentistry	2018	International	Original research article
Dr. Bela Dave	HOD & Prof.	5	Periodontal status and oral health behavior in hospitalized patients with chronic obstructive pulmonary disease	Journal of Natural Science Biology and Medicine	2018	International	Original Research
Dr. Viral Thakker	Reader	1	Application of cone beam computed tomography in various specialty of dentistry – A review	International journal of Scientific Research	2018	International	Original Case Report

ડિપાર્ટમેન્ટ ઓફ પીડોડોન્ટીક્સ અને પ્રીવેન્ટીવ ડેન્ટીસ્ટ્રી

- પીડોડોન્ટીક્સ વિભાગ ૧ લી એપ્રિલ ૨૦૧૭ થી ૩૧ માર્ચ ૨૦૧૮ સુધીમાં કુલ ૧૨૩૮૬ બાળકોના મોં ની તપાસ કરીને તેમને જરૂરીયાત મુજબની વિવિધ સારવાર જેમ કે દાંતની સફાઇ, દાંતને ફ્લોરાઇડ તત્વનું રક્ષા કવચ આપવું, દાંતનો સડો રોકી શકે તેવા ખાંચામાં પીટ એન્ડ ફીશર સીલન્ટ લગાવવું, સડી ગયેલા દાંતમાંથી સડો કાઢીને તેમાં દાંત જેવા જ રંગનો સિમેન્ટ, કમ્પોઝીટ મટીરીયલ અથવા ચાંદી ભરવી, દાંતની નસની સારવાર, (ઇનડાયરેક્ટ પલ્પ કેપીંગ, ડાયરેક્ટ પલ્પ કેપીંગ, પલ્પોટોમી, પલ્પેક્ટોમી, રૂટ કેનાલ થેરાપી કરવી,) દાંત કાઢી આપવા, બાળકના વિકાસને ધ્યાનમાં રાખીને દાંતની માવજત લેવી, બટકી ગયેલા દાંતની સંભાળ લેવી, ટ્રોમાથી નીકળી ગયેલા કે હાડકામાં ફસાઇ ગયેલા દાંતની સ્પ્લીટીંગ પધ્ધતિથી તેમજ અપેક્ષોજનેસીસ પધ્ધતિથી સંપૂર્ણ સારવાર કરી બચાવવો, સામાન્ય વાઢ કાપની પ્રક્રિયા વગેરે સારવાર આપવામાં આવે છે. આ ઉપરાંત દિમાગી તેમજ શારિરીક વિકલાંગ તેમજ લોહી, ફેફસા, હૃદય વગેરેના રોગો ધરાવતા બાળકોની ખાસ કાળજી લઇને સારવાર કરવામાં આવેલ છે.
- આ સમય દરમ્યાન વિભાગે પીડોડોન્ટીક્સ અને પ્રીવેન્ટીવ ડેન્ટીસ્ટ્રીના કુલ ૬૦ લેક્ચર્સ તૃતિય અને ચતુર્થ બી.ડી.એસ.ના વિદ્યાર્થીઓ માટે લીધેલા છે. જેમાં આ વિષયને લગતુ જ્ઞાન આવરી લેવામાં આવેલ છે. ચતુર્થ બી.ડી.એસ. ના વિદ્યાર્થીઓની વાર્ષિક પરીક્ષાને ધ્યાનમાં રાખીને તેમની વિભાગીય પરીક્ષા સમયસર લઇને તૈયારી કરવામાં મદદ પુરી પાડેલ છે.
- તૃતિય અને ચતુર્થ બી.ડી.એસ.ના વિદ્યાર્થીઓની ક્લિનીકલ પોસ્ટીંગ દરમ્યયાન પોસ્ટર્સ, સેમીનાર તેમજ સ્ટડી મોડેલ બનાવેલ છે. તેમની ક્લિનીકલ પોસ્ટીંગ દરમ્યાન બાળકની સંપૂર્ણ પરિસ્થિતિનો તકાજો મેળવીને સારવાર નક્કી કરવાનું તેમજ બાળકના માતા-પિતાને બાળકમાં ભવિષ્યમાં શક્ય એવા ફેરફાર અંગે માર્ગદર્શન કેવી રીતે આપવું તે શિખવવામાં આવે છે. તૃતિય બી.ડી.એસ.ના વિદ્યાર્થીને સરળ સારવાર જેમ કે દાંતની સફાઇ, ફ્લોરાઇડ એપ્લીકેશન, સરળ રીસ્ટોરેશન વગેરે આપવામાં આવે છે. જ્યારે ચતુર્થ બી.ડી.એસ. ના વિદ્યાર્થીઓને થોડીક અઘરી સારવાર કરવી, પીટ એન્ડ ફીસર સિલન્ટ લગાવવા વગેરે સારવાર શિખવવામાં આવે છે.
- ઇન્ટર્નસ વિદ્યાર્થીઓને તેમના એક મહિનાના પોસ્ટીંગ દરમ્યાન સ્પેશિયલાઇઝ્ડ ટ્રીટમેન્ટ જેમ કે દાંતની નસની સફાઇ તેમજ સ્પેશિયલ મટીરીયલનો ઉપયોગ શિખવવામાં આવે છે. ઇન્ટર્ન્સ તેમના એક મહિનાના પોસ્ટીંગ દરમ્યાન તેમને લીટ્રેચર રીવ્યૂ (ચોપડી, આર્ટીકલ વગેરેના છપાયેલા કોઇ એક વિષય ઉપર નવી તથા જુની વિગત ઉપર નિબંધ લખવો), સ્પેશીયલ કેસ તૈયાર કરવા વગેરે જેવી શૈક્ષણિક એક્ટીવીટી કરાવવામાં આવેલ છે.
- ડિપાર્ટમેન્ટ આ સાથે મહિનાના ૪ થી ૫ શાળા ડેન્ટલ કેમ્પનું આયોજન કરે છે. જેમાં શાળામાં લઇને દંતચિકીત્સક દ્વારા તપાસ કરાવામાં આવે છે તથા દાંતના સંભાળનું પોસ્ટર્સ, પાવર પોઇન્ટ પ્રેઝેન્ટેશન તથા મોડેલ દ્વારા માર્ગદર્શન આપવામાં આવે છે.
- વિભાગ દ્વારા ૧૪ નવેમ્બર ૨૦૧૭ ના રોજ બાલ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. તે દિવસે વિભાગની મુલાકાતે આવેલ બાળકો માટે ચિત્ર સ્પર્ધા અને દાંતની માવજત કેવી રીતે રાખવી તેની જાણકારી આપતી જુદી જુદી રમતોનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્પર્ધામાં ભાગ લેનારને યોગ્ય ઇનામ આપવામાં આવ્યું હતું.

ડિપાર્ટમેન્ટ ઓફ પબ્લીક હેલ્થ ડેન્ટીસ્ટ્રી

સ્નાતક કક્ષાના વિદ્યાર્થીઓની શૈક્ષણિક પ્રવૃતિઓ :-

- સ્નાતક વિદ્યાર્થીઓ હંમેશના અભ્યાસ સિવાય પોસ્ટીંગ દરમ્યાન બે દિવસ તેઓને જાહેર જનતાને લાભાર્થે અલગ-અલગ વિસ્તારમાં દાંતના રોગોના મફત નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવે છે.
- તે ઉપરાંત કમ્યુનિટી કેમ્પમાં લોકોને તથા શાળામાં કરવામાં આવતાં કેમ્પનાં વિદ્યાર્થીઓને દાંતના, પેઢાનાં, જડબાના તમામ અને જડબાના રોગો ન થાય એ માટે જાગૃતા કેળવવા માટે અધ્યાપકના માર્ગદર્શન હેઠળ વિદ્યાર્થીઓ દ્વારા શિક્ષણ આપવામાં આવે છે.
- દાંતની હોસ્પીટલમાં આવતાં દર્દીઓ સાથે આવતાં સગાવ્હાલા માટે દાંતની પેઢાની તથા જડબાને લગતી તમામ માહિતી મળી રહે તે માટેનું મ્યુઝિયમ તૈયાર કરવામાં આવે છે. અને તેમાં AUDIO-VISUAL GUIDANCE આપવામાં આવે છે.

ફેકલ્ટી

૧. પબ્લિક હેલ્થ ડેન્ટીસ્ટ્રી ડિપાર્ટમેન્ટ દ્વારા નિયત કરેલ ભાઈપુરા, રખિયાલ, દાણીલીમડા તથા નિકોલ અર્બન હેલ્થ સેન્ટર પર દર અઠવાડીયે મફત દાંતના રોગોનું નિદાન કરવામાં આવેલ છે.

૨. નિયત કરેલ અર્બન હેલ્થ સેન્ટર સિવાય ઓગષ્ટ ૨૦૧૬ થી જુલાઇ ૨૦૧૭ સુધીમાં આશરે ૩૫ જેટલી શાળા તથા ૩૪ જેટલાં વિવિધ કોમ્યુનીટી કેમ્પ કરવામાં આવેલ છે.

૩. દરેક સ્કુલના બાળકોને દાંતના રોગો વિશે અને મોં ના તંદુરસ્ત સ્વાસ્થ્ય માટેનું માર્ગદર્શન આપવામાં આવેલ છે.

૪. જેતલપુરના આંગણવાડીના વર્કરોને દાંતના રોગો વિશે અને મોંના તંદુરસ્ત સ્વાસ્થ્ય માટેનું માર્ગદર્શન આપવામાં આવેલ છે.

૫. **સ્પેશીયલ કેમ્પઃ**- વૃધ્ધાશ્રમો, પોલીસ સ્ટેશન, મંદિર, ફેક્ટરીઓ, ગામડાઓ વગેરે જેવી જગ્યાઓએ દાંતના ચેક-અપ અંગેના ફ્રી કેમ્પનું આયોજન કરવામાં આવે છે.

૬. પબ્લિક હેલ્થ ડેન્ટીસ્ટ્રી દ્વારા વાંચ અને ધામત્વણ ગામ દસ્તક લેવામાં આવેલ છે.

   I. મોઢાના રોગોનું નિદાન.

   II. દાંતમાં થતા સામાન્ય રોગો જેવા કે સડો, પાયોરિયા, વાંકાંચૂકાં દાંત, ન રૂઝાતું ચાંદુ, વારંવાર પડતા ચાંદા અંગેની જણકારી.

III. કેન્સર (કર્કરોગ) ના પહેલા તબક્કામાં જોવા મળતા મોઢાના નિશાનો.

IV. શારિરીક રોગોને કારણે થતી મોઢાની બિમારી અંગેની જાણકારી.

V. દાંતના રોગોને કારણે શારિરીક સ્વાસ્થ્ય પર થતી અસરોનું શિક્ષણ.

VI. બ્રશ કરવાની યોગ્ય રીત અને તે વિશેની જરૂરી જાણકારી.

VII. પૌષ્ટિક આહાર તેમજ યોગ્ય પોષણની દાંત તથા પેઢાના સ્વાસ્થ્ય પર થતી અસરોનું શિક્ષણ.

VIII. આંગણવાડીના કાર્યકરો તેમજ શિક્ષણગણને બ્રશ કરવાની યોગ્ય પધ્ધતિઓ અને દાંતના રોગો અટકાવવા બાબતની તાલીમ.

૭. ૨૦ માર્ચ ૨૦૧૮ ના રોજ વર્લ્ડ ઓરલ હેલ્થ ડે ના દિવસે પરિમલ ગાર્ડનથી ગાંધી આશ્રમ સુધીની મેઘારેલીનું આયોજન કરવામાં આવેલ હતુ.

૮. ૩૧ મે ૨૦૧૭ ના રોજ ભાઇપુરા અર્બન હેલ્થ સેન્ટર ખાતે No. Tobacco Day ની ઉજવણી કરવામાં આવેલ હતી.

૯. ૫ જુન ૨૦૧૭ ના રોજ એ.એમ.સી.ડેન્ટલ કોલેજ અને હોસ્પિટલ ખાતે વૃક્ષા રોપણ કરી વર્લ્ડ એન્વાયરમેન્ટ ડે ની ઉજવણી કરવામાં આવેલ હતી.

૧૦. 47th Annaul IDA કોન્ફરન્સમાં (૧૬ અને ૧૭ ડિસેમ્બર-૨૦૧૮) ડિપાર્ટમેન્ટલ સ્ટાફના માર્ગદર્શન હેઠળ ઈન્ટર્ન્સ દ્વારા પેપર પ્રેઝન્ટેશન તથા ઈ-પોસ્ટર પ્રેઝેન્ટશન કરવામાં આવેલ હતુ.

૧૧. 27th – 28th January 2018 ના રોજ ગોવામાં યેજાયેલ ઈન્ટરનેશનલ ડેન્ટલ કોન્ફરન્સમાં ડિપાર્ટમેન્ટલ સ્ટાફના માર્ગદર્શન હેઠળ ઈન્ટર્ન દ્વારા પેપર પ્રઝન્ટેશન કરવામાં આવેલ હતુ.

૧૨. ડિપાર્ટમેન્ટલ સ્ટાફ દ્વારા નીચે જણાવેલ છ વિષય પર સર્વે ચાલી રહ્યો છે.

I. A Study of forensic Odontology as future perspective among private dental practioners of Ahmedabad, Gujarat- A cross Sectional Study

II. Oral hygiene practices and factors affecting oral health service utilization among children (6-13 Years) of Nikol Ward of cast cone of Ahmedabad, Gujarat.

III. A survey on the knowledge and opinions regarding the application of stem cells in dentistry amongst private dental practioners of Ahmedabad, Gujarat.

IV. A survey on Environmental awareness and responsibilities amongst the students of H.L. College of Commerce, Ahmedabad, Gujarat.

V. Evaluation of genetic and life style factors effect on childhood obesity & dental carries in 6-14 years old school going children of Ahmedabad city- A cross Sectional Study .

VI. Knowledge, Attitude and Practices regarding management of dental trauma among primary school teachers in Ahmedabad city.

ડિપાર્ટમેન્ટ ઓફ ઓરલ એન્ડ મેક્સીલોફેસીયલ સર્જરી
(દાંત પાડવાનો અને જડબાની સર્જરીનો વિભાગ)

પ્રસ્તાવના :

ઓરલ સર્જરી વિભાગ અમદાવાદ મ્યુ. કોર્પોરેશનના દંત રુગ્ણાલય વિભાગમાં શરૂ કરવામાં આવ્યો છે. જેમાં દાંત કઢાવવાથી લઇ નાની મોટી દાંત અને જડબાની સર્જરી તથા જડબાનાં Fracture ની સારવાર કરવામાં આવે છે.

કલીનીકલ વિભાગની માહિતીઃ

- ઓરલ સર્જરી વિભાગ અમદાવાદ મ્યુ. કોર્પોરેશન ના દંત રુગ્ણાલય વિભાગમ ૧ એપ્રિલ ૨૦૧૭ થી ૩૧ માર્ચ ૨૦૧૮ સુધીમાં ૩૫૫૨૪ દર્દીઓની ઓ.પી.ડી. માં નિદાન આપવામાં આવેલ છે.
- ઓરલ સર્જરી વિભાગ સાથે અદ્યતન ટેકનોલોજીથી સુસજ્જ ઓપરેશન થિયેટર અને વોર્ડ જોડાયેલ છે.
- આ વિભાગમાં ૧ એપ્રિલ ૨૦૧૭ થી ૩૧ માર્ચ ૨૦૧૮ સુધીમાં કુલ ૧૮૮૪૨ દર્દીઓનાં દાંત કાઢવાની સારવાર થયેલ છે.
- આ વિભાગમાં ૧ એપ્રિલ ૨૦૧૭ થી ૩૧ માર્ચ ૨૦૧૮ સુધીમાં ૨૩૮૩ દર્દીઓનાં ડહાપણની દાઢ કઢાવવાની, એલવીયોટાપ્લાસ્ટી, પરુ કઢાવવાની, અપાય સેકટોમી જેવી નાની સર્જરીઓ કરવામાં આવેલ છે.
- આ વિભાગમાં ૧ એપ્રિલ ૨૦૧૭ થી ૩૧ માર્ચ ૨૦૧૮ સુધીમાં ૧૨૧ દર્દીઓનાં મુશ્કેલ દાંત કઢાવવાની રસોળી કઢાવવાની ફ્રેકચર થયેલા જડબાની પ્લેટ મૂકવાની, ગાંઠ કાઢવાની કોસ્મેટીક/ આર્થોગ્નેથીક સર્જરી જેવી મોટી સર્જરી કરવામાં આવેલ છે.

એકેડમીક વિભાગની માહિતીઃ-

- ઓરલ સર્જરી વિભાગ તૃતીય વર્ષ બી.ડી.એસ. તથા ચોથા વર્ષના બી.ડી.એસ.ના વિદ્યાર્થીઓને દર્દીઓની સારવાર અંગે શૈક્ષણિક અને સચોટ નિદાન માટે પુરતુ માર્ગદર્શન આપવામાં આવે છે.
- વિદ્યાર્થીઓ દ્વારા પ્રોજેક્ટ વર્ક અને જડબાના મોડલ વર્ક કરાવવામાં આવે છે.
- આ વિભાગમાં આવતા દરેક દર્દીઓને વિદ્યાર્થીઓ દ્વારા તપાસવામાં આવે છે તેમજ તેમનુ નિદાન કરીને જરૂરી સારવાર વિશે માહિતી આપીને તે મુજબ જરૂરી સારવાર (દાંત કઢાવવાની, ડહાપણની દાઢ કઢાવવાની, ફ્રેક્ચર થયેલા જડબાની પ્લેટ મૂકવાની, ગાંઠ કાઢવાની કોસ્મેટીક/ આર્થોગ્નેથીક સર્જરી, મોઢું બંધ હોય તો ખોલવાની (OSMF), ડેન્ટલ ઈમ્પ્લાન્ટ જેવી વિગેરે કરાવામાં આવે છે.
- ઈમ્પ્લાન્ટના CDE પ્રોગ્રામ કરાવવામાં આવે છે.
- ડૉ.રમીતા સુદ, પ્રોફેસર એન્ડ હેડ ઓફ ડિપાર્ટમેન્ટ ની નિમણુંક વી.એસ. હોસ્પિટલના એથીક્સ કમિટીના મેમ્બર તરીકે થયેલ છે.
- આ વિભાગમાં દર શનિવારે તૃતીય વર્ષના વિદ્યાર્થીઓને નિષ્ણાત ડોકટરો દ્વારા લેકચર લેવામાં આવે છે. જેમાં પ્રેકટિકલ અને થીયરીકલ દર્દીઓના સારવાર અંગેનું શિક્ષણ આપવામાં આવે છે.
- આ વિભાગમાં કલીનીકલ સમય દરમ્યાન વિદ્યાર્થીઓને ડોકટરોની દેખરેખ હેઠળ દર્દીઓની સારવાર કરાવવામાં આવે છે. અને શિક્ષણ આપવામાં આવે છે.
- આ ઉપરાંત વિદ્યાર્થીઓ દ્વારા પોસ્ટર્સ અને સેમિનાર કરાવવામાં આવે છે. દરેક ટર્મના અંતમાં વિદ્યાર્થીઓનું સરેરાશ મૂલ્યાંકન કરવામાં આવે છે.

ઓરલ મેડીસીન, ઓરલ ડાયગ્નોસીસ એન્ડ ડેન્ટલ રેડીયોલોજી વિભાગ

- ઓરલ મેડીસીન વિભાગમાં તૃતીય વર્ષ બી.ડી.એસ. તથા ચતુર્થ વર્ષ બી.ડી.એસ.નાં વિદ્યાર્થીઓને શિક્ષણ આપવાનું કામ કરવામાં આવે છે.
- જેમાં લેકચર તેમજ સેમીનાર દ્વારા પુરતું માર્ગદર્શન આપવામાં આવે છે.
- તેમજ આ વિભાગમાં વિદ્યાર્થીઓ દ્વારા પ્રોજેકટ વર્ક પણ કરવામાં આવે છે.

- રેડીયોલોજી વિભાગમાં વિદ્યાર્થીઓને દર્દીઓનાં એક્સ-રે નિષ્ણાંત ડોક્ટર્સ દ્વારા માર્ગદર્શન આપવામાં આવે છે. જેમાં IOPA અને OPG ના મશીન વિશે પણ પુરતું જ્ઞાન આપવામા ંઆવે છે. અને Radiation safety પણ શીખવવામાં આવે છે.
- આ ઉપરાંત ઓરલ મેડીસીન ટર્મની પુર્ણતાની વખતે Assesment પણ લેવામાં આવે છે.
- આ વિભાગમાં દરેક નવા દર્દીઓને તપાસવામાં આવે છે. ત્યારબાદ તેમનું નિદાન કરીને તેમજ જરૂરી સારવારનો ખ્યાલ આપવામાં આવે છે. અને તેને લગતા વિવિધ વિભાગોમાં મોકલવામાં આવે છે.
- આ વિભાગમાં દર્દીઓને દવા પણ લખી આપવામાં આવે છે. અને તબક્કાવાર બોલાવીને દાંત, પેઢા, જડબા,હાડકા અને નસને લગતા રોગની સારવાર આપવામાં આવે છે.
- આ વિભાગમાં રોજનાં ૨૩૦-૨૫૦ નાં હિસાબે દર્દીઓને તપાસીને તેમને જરૂરી સારવાર માટે તેને લગતા વિવિધ વિભાગોમાં મોકલવામાં આવે છે.
- વર્ષ એપ્રિલ ૨૦૧૭ થી માર્ચ ૨૦૧૮ સુધી કુલ જુના કેસ તેમજ નવા કેસ ૫૮૯૧૦ દર્દીઓની તપાસ કરવામાં આવેલ છે.
- એક્સ-રે વિભાગમાં રોજના ૧૮૦ થી ૨૩૦ (IOPA) તેમજ Occlusal OPG તમજ Extra Oral Radiograph (આંશરે ૩૦ થી ૩૫)રોજના હિસાબે કાઢવામાં આવે છે. જેના આધારે અન્ય વિભાગોમાં સારવાર અપાય છે.
- અસાધારણ અને અસામાન્ય રોગનાં દર્દીઓનાં રોગનું નિદાન કરવા માટે લેબોરેટરીમાં તપાસ માટે મોકલવામાં આવે છે. આવા કેસોનું સંશોધન કરવામાં આવે છે. તેમજ કેસ રિપોર્ટ કરવામા ંઆવે છે.
- મોઢાનાં કેન્સનાં દર્દીઓને તપાસીને જો નિદાન કેન્સર થાય તો તેમને કેન્સર હોસ્પિટલમાં અથવા ઓરલ સર્જરી વિભાગમાં મોકલવામાં આવે છે. દિવસ માં ૪ થી ૫ દર્દીઓમાં કેન્સરનું નિદાન થાય છે.
- પ્રિ-કેન્સરસ લિઝન (Pre-cancerous-lesion) એટલે કે કેન્સર પહેલાની અવસ્થાનું નિદાન ખુબજ અગત્યનું છે. કારણે કે આ તબક્કે જો સમયસર નિદાન અને સારવાર આપવામાં આવે તો તેમાંથી કેન્સર થતું અટકાવી શકાય છે.
- આ વિભાગમાં આવા દર્દીઓને તમાકુનાં સેવનથી થાતા કેન્સર અને કેન્સર અગાઉની અવસ્થાનું સચિત્ર નિરૂપણ કરાવી તેને અટકાવવાની પધ્ધતિ બતાવવામાં આવે છે.
- આ વિભાગ માં (Pre-cancerous lession) અને તેના ઉપચારો પર સંશોધન કરવામાં આવે છે.

- તમામ દર્દીઓ જોડે માનવીય અભિગમ અપનાવીને આ વિભાગમાં કામ કરવામાં આવે છે.
- ઈન્ટર્નશીપ કરતા વિદ્યાર્થીઓને દર્દીના સચોટ નિદાન તેમજ સારવાર માટે પુરતુ માર્ગદર્શન આપવામાં આવે છે.
- રેડીયોલોજી વિભાગમાં વિદ્યાર્થીઓને દર્દીઓના એક્સ-રે નિષ્ણાંત ડૉક્ટર્સ દ્વારા માર્ગદર્શન આપવામાં આવે છે.IOPA, OPG તેમજ Lateral ceph તેમજ દરેક પ્રકારના Extra-Oral Radiograph તેમજ મશીન વિશે પુરતુ જ્ઞાન આપવામાં આવે છે.
- આ વિભાગમાં ઈન્ટર્ન ડૉક્ટર્સને Intralesional injection (જે OSMF) ની સારવારનો એક ભાગ છે. તે શીખવવામાં આવે છે.
- ઈન્ટર્ન ડૉક્ટર્સને બાયોપ્સીનું ડેમોસ્ટ્રેશન આપીને Pre cancerous / cancerous દર્દીની બાયોપ્સી લેવામાં આવે છે અને ઓરલ પેથોલોજી વિભાગમાં મોકલવામાં આવે છે.
- વર્ષ દરમ્યાન NOCR (National Oral Canser Research) સાઇટ ઉપર રેકોર્ડ જાળવવામાં આવે છે. તેમજ ડેટા મોકલાવામાં આવે છે.

ડીપાર્ટમેન્ટ ઓફ કન્ઝર્વેટીવ ડેન્ટીસ્ટ્રી એન્ડ એન્ડોડોન્ટીકસ
(ચાંદી / મુળીયાની સારવારનો વિભાગ)

ઉપરોકત વિભાગ (ચાંદી/ મુળીયાની સારવારનો વિભાગ) માં હાલના વર્ષે એપ્રિલ-૨૦૧૭ થી માર્ચ ૨૦૧૮ માં મુખ્યત્વે બે કામ થાય છે.

- બીજા વર્ષ બી.ડી.એસ. થી ચોથા વર્ષ બી.ડી.એસ. તેમજ ઈન્ટર્નશીપના વિદ્યાર્થીઓ તથા પોસ્ટ ગ્રેજ્યુએટ (પી.જી.) ના વિદ્યાર્થીઓનો અભ્યાસ.
- દર્દીઓની સારવાર
- સેકન્ડ બી.ડી.એસ. નાં પ્રિ-કલીનીકલ કાર્યમાં ડેન્ટલ કાઉન્સીલ ઓફ ઈન્ડિયાનાં નિયમ મુજબ તેમજ ગુજરાત યુનિર્વસીટીના અભ્યાસક્રમ પ્રમાણેનાં તેમનાં વિવિધ મુદ્દા પરના લેકચર્સ તેમજ તેમનાં ૨૦૦ કલાક થી વધુનાં પ્રીકલીનીકલ પ્રેકટીકલ કાર્ય કરાવાય છે. જેમાં પ્લાસ્ટર કયુબ, દાંતનાં પ્લાસ્ટર મોડેલ, એકસ્ટ્રેકટેડ ટુથ, આઇવરી ટુથ પરનાં ડેમોસ્ટ્રેશન અને ત્યારબાદ સ્ટાફનાં માર્ગદર્શન હેઠળ તેમનાં અભ્યાસક્રમનાં નિયમ કવોટાં મુજબ એકસેસાઇઝ કરાવવામાં આવે છે.
- ત્રીજા અને ચોથા વર્ષ(થર્ડ)(બી.ડી.એસ.) ના વિદ્યાર્થીઓને કલીનીકલ વિભાગમાં સ્ટાફ દ્વારા પેશન્ટનાં દાંતમાં ચાંદી પૂરવાનું ડેમોસ્ટ્રેશન આપવામાં આવે છે. તેમને દર્દીઓનું નિદાન તેમજ તે પ્રમાણેની સારવાર કરાવવામાં આવે છે.

- ફાઇનલ બી.ડી.એસ.પાસ કર્યા બાદ ઇન્ટર્નશીપમાં આવતાં વિદ્યાર્થીઓને એન્ટીરીયર આર.સી.ટી.,કમ્પોઝીટ, પોસ્ટ એન્ડ કોર, બ્લીચીંગ, ઇનલે અને ઓનલે જેવી સારવારના ડેમોન્સ્ટ્રેશન અને દર્દીઓની સારવાર ઉપલબ્ધ કરાવવામાં આવે છે.
- સમગ્ર વર્ષ દમ્યાન વિદ્યાર્થીઓનાં ગ્રુપ ડીસકશન તથા સેમિનાર લેવામાં આવે છે.
- દરેક વિદ્યાર્થીઓને પ્રોજેકટ વર્ક આપવામાં આવે છે. જેમાં ફેકલ્ટીના માર્ગદર્શન હેઠળ વિષય સંબંધી એડવાન્સ ડેન્ટલ મટીરીયલ, ઇન્સ્ટ્રુમેન્ટ, સારવાર વિશેની માહિતી આપી મોડેલ તથા પોસ્ટર વર્ક કરાવવામાં આવે છે.
- વર્ષ દરમ્યાન વિદ્યાર્થીઓની પ્રથમ, દ્રિતીય અને તૃતિય ઇન્ટરનલ પરીક્ષા તેમજ વર્ષના અંતે પ્રીલીમ પરીક્ષા લેવામાં આવે છે.
- મેજર અને માઇનોર એમ દરેક વર્ષના વિદ્યાર્થીઓનું આ રીતે શેક્ષણિક કાર્ય સમય પત્રક મુજબ આયોજન કરવામાં આવેલ છે.
- આ ઉપરાંત ૨૦૧૫ માં પી.જી. ઇન્સ્પેક્શન (બે) ક્લીયર કરેલ છે. (પ્રથમ વર્ષ અને બીજુ વર્ષ) અને All P.G. Inspection Clear & Recognition મળેલ છે.

દર્દીઓની સારવાર

અહી વર્ષ એપ્રિલ-૨૦૧૭ થી માર્ચ ૨૦૧૮ સુધી કુલ ૪૭૦૮૮ દર્દીઓનું નિદાન તેમજ પ્રાથમિક સારવાર કરવામાં આવેલ છે. જેમાં ૨૧૬૯૪ દર્દીઓની સમય આપીને જુદી-જુદી સારવાર કરવામાં આવી છે.

જેમાં મુખ્યત્વે દર્દીના દાંત માંઃ-

- ચાંદી ભરવાનું.
- મૂળિયાની સારવાર.
- દાંતના કલરનું આધુનિક મટીરીયલ ભરવાનું.
- ઇમરજન્સી એબસેસ ડ્રેઇનેજ.
- આધુનિક પધ્ધતિથી મૂળિયાંની સારવાર.
- બ્લીચીંગ.
- પોસ્ટ એન્ડ કોર.
- વીનીયરીંગ.
- માઇનોર એન્ડોડોન્ટીક સર્જકી કરવામાં આવે છે.

ઓરલ પેથોલોજી અને ઓરલ એનાટોમી એન્ડ હિસ્ટોલોજી

એ.એમ.સી. ડેન્ટલ કોલેજ ખાતે આવેલ ઓરલ પેથોલોજી અને ઓરલ એનાટોમી એન્ડ હિસ્ટોલોજી વિભાગ સ્નાતક કક્ષાના વિદ્યાર્થીઓને બી.ડી. એસ. શિક્ષણ પુરૂ પાડે છે. આ માટે ગુજરાત યુનિર્વસીટીના સીલેબસ ને અનુસરીને વિદ્યાર્થીઓને ટ્રેઇનીંગ અપાય છે. જેમાં ડેન્ટલ કોલેજ ખાતે કલાસ રૂમ માં લેકચર, પ્રેકટીકલ, ડેમોન્ટ્રેશન વિગેર આપવામાં આવે છે. આ ઉપરાંત ઇન્ટર્નલ તથા યુનિર્વસીટીની પરીક્ષાઓનું પણ આયોજન કરવામાં આવે છે.

ઓરલ પેથોલોજી ડિપાર્ટમેન્ટમાં વિદ્યાર્થીઓને આપવામાં આવતી શિક્ષણની વિગત નીચે મુજબ છે.

૧. પ્રથમ બી.ડી.એસ. ના વિદ્યાર્થીઓને કુલ ૬૪ લેકચર ૨૦૧૭-૧૮ માં લેવાયેલ છે. જેમાં તેમને દાંતની એનાટોમી (રચના) તથા તેની ઉપયોગીતા વિશે પૂર્ણ માહિતી આપવામાં આવેલ છે.

૨. પ્રથમ વર્ષ બી.ડી.એસ. માં વિદ્યાર્થીઓને દાંત તથા પેઢાની પૂર્ણ માઇક્રોસ્કોપીક એનાટોમીનું અધ્યન માઇક્રોસ્કોપીક સ્લાઇડઝ દ્વારા જ્ઞાન આપવામાં આવે છે. જેના કુલ ૭૪ પ્રેકટીકલ વર્ષ ૨૦૧૭-૧૮ માં લેવાયેલ છે.

૩. પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓને મીણના બ્લોકમાંથી દાંતની આકૃતિ બનાવવાની ટ્રેઇનીંગ આપવામાં આવેલ છે. જેનાથી દાંતની સરચનાની પૂર્ણ જાણકીરી મળે છે.

૪. તૃતિય વર્ષના વિદ્યાર્થીઓને દાંત તથા પેઢાના રોગની પેથોલોજીના કુલ ૬૦ લેકચર વર્ષ ૨૦૧૭-૧૮ માં લેવાયેલ છે. જેમાં દાંત તથા પેઢાના રોગની પૂર્ણ જ્ઞાન આપવામાં આવેલ છે.

૫. તૃતિય વર્ષના વિદ્યાર્થીઓને Specimen (સ્પેશીમેન) તથા સ્લાઇડ્ઝ દ્વારા દાંત તાથા પેઢાના રોગની પેથોલોજી માઇક્રોસ્કોપ અધ્યન કરાવવામાં આવેલ છે. જેના કુલ ૭૨ પ્રેકટીકલ ૨૦૧૭-૧૮ વર્ષમાં લેવામાં આવેલ છે.

૬. પ્રથમ તથા તૃતિય વર્ષના વિદ્યાર્થીઓના અવલોકન કરવા વર્ષમાં ત્રણ પરીક્ષા કસોટી લેવામાં આવે છે. જેથી કરીને વિદ્યાર્થી યુનિર્વસીટી પરીક્ષા માટે પૂર્ણ રૂપી તૈયારી થઇ જાય અને સારા અંકોથી ઉતિર્ણ થાય.

૭. હોસ્પિટલના અન્ય વિભાગોમાંથી વિવિધ રોગોના નિદાન માટે બાયોપ્સી ટીશ્યુનો કેમીકલ પ્રોસેસ કરીને માઇક્રોસ્કોપ દ્વારા નિરીક્ષણ કરવામાં આવે છે. જેથી કરીને દર્દીના રોગોનું સચોટ નિદાન થઇ શકે.

૮. ઇન્ટર્નસ વિદ્યાર્થીઓને દાંતનું ગ્રાઉન્ડ સેકશન બનાવવું, ડાયાબીટીસના દર્દીઓની લોહીની તપાસ કરવી, બાયોપ્સીના સ્પેસીમેન કલેક્ટ કરવા, પેથોલોજીવાળી મોઢાની કાસ્ટ લેવી અને સેમીનાર આપવા.

૯. ઇન્ટર્નસના વિદ્યાર્થીઓએ શોકેસના બે પ્રેજન્ટેશન તેમજ ડેન્ટોઆર્ટ પ્રદર્શિત કરેલ. તેમજ સ્ટાફ મેમ્બર્સઓએ ઘણી વર્કશોપ વર્ષ દરમ્યાન એટેન્ડ કરેલ છે.

Rendom Blood Sugar: - (April-17 to March-18) Total Patients – 6393
Biopsy Reporting - Total Patients – 10

ઓર્થોડોન્ટીકસ વિભાગ
(વાંકા-ચૂકા દાંતના સારવારનો વિભાગ)

એ.એમ.સી.ડેન્ટલ કોલેજમાં ઓર્થોડોન્ટીક્સ વિભાગ આવેલ છે. જેમાં ઓર્થોડોન્ટીક્સ વિષયનો અભ્યાસ કરાવવામાં આવેલ છે. જેનું બે વિષયમાં વિભાજન કરવામાં આવેલ છે.

૧. પ્રી કલીનીકલ

૨. કલીનીકલ

પ્રી-કલીનીકલ વિભાગ :-

આ વિભાગમાં તૃતિય અને ચોથા વર્ષના વિદ્યાર્થીઓને વાંકાચૂકા દાંત સીધા કરવા માટે વપરાતાં વિવિધ પ્રકારના તાર (Wire) તથા દર્દી દ્વાર કાઢી તેમજ પહેરી શકાય તથા ઉપકરણોનું પરિક્ષણ આપવામાં આવે છે. વાંકા-ચૂકા દાંતની સારવાર કરતાં પહેલા લેવામાં આવતાં રેકોર્ડસ (Records) જેવા કે એક્સ-રે, ફોટોગ્રાફસ, જડબાના માપ વગેરેનું પદ્ધતિસર વિશ્લેષણની તાલીમ આપવામાં આવે છે.

તૃતિય વર્ષમાં વિદ્યાર્થીઓનો વાર્ષિક અહેવાલ (૨૦૧૭-૨૦૧૮)

	કલાક	હાજરી
Orthodontics Lecture	35	70%
Orthodintics Preclinical	60	70%

આ વિષયનો અભ્યાસ તૃતિય વર્ષથી કરાવવામાં આવે છે અને વિદ્યાર્થીઓના ચોથા વર્ષ દરમ્યાન આ વિષયની પરીક્ષા આપે છે. સ્નાતક વિદ્યાર્થીઓના પ્રશિક્ષણ માટે લેક્ચર્સ, ગૃપ ડીક્સશન, બહુવિકલ્પી પશ્નોત્તર વગેરે જેવાં વિવિધ ઈન્ટરેક્ટીવ શેસન્સ પણ લેવામાં આવે છે. વર્ષ ૨૦૧૪-૧૫ દરમ્યાન ડેન્ટલ કાઉન્સિલ ઓફ ઈન્ડિયા દિલ્હી દ્વારા અનુસ્નાતક અભ્યાસક્રમને મંજૂરી મળેલ છે

ક્લીનીકલ વિભાગઃ-

- આ વિભાગમાં વાંકા-ચૂકા દાંત તથા જડબાની સારવાર કરવામાં આવે છે. જેમાં ઇન્ટર્નશીપના વિદ્યાર્થીઓ દર્દીઓની તપાસ અને સારવાર વિશે શિખવવામાં આવે છે. આ વિભાગમાં વિદ્યાર્થીઓ અને દર્દીઓને માહિતી માટે સ્ટાફ દ્વારા મ્યુઝિયમ બનાવવામાં આવેલ છે. જેના વિવિધ પ્રકારોના મોડલ્સ, અપ્લાયન્સ, ચાર્ટ-પોસ્ટર્સનો સમાવેશ થાય છે.
- આ વિભાગમાં દર્દી દ્વારા કાઢી શકાય તથા પહેરી શકાય તેવાં ઉપકરણો દ્વારા અને ફિક્સ ઉપકરણો દ્વારા સારવાર આપવામાં આવે છે.

  વાર્ષિક ઓ.પી.ડી. :- ૧૩૫૫૬

  સરેરાશ રોજની ઓ.પી.ડી. :- ૫૧
- આ વિભાગમાં સ્ટાફની સાથે સાથે અનુસ્નાતક વિદ્યાર્થીઓ દ્વારા પણ સ્ટાફના માર્ગદર્શન હેઠળ દર્દીઓની તપાસ અને સારવાર કરાવવામાં આવે છે.
- અનુસ્નાતક વિદ્યાર્થીઓના ઉચ્ચગણવત્તા તથા અધુનિક પધ્ધતિસરથી તાલીમ અને પ્રશિક્ષણ માટે લેક્ચર્સ, ગૃપ ડીક્સશન, જનરલ ક્લબ, બહુવિકલ્પી પશ્નોત્તર, કેસ પ્રેઝન્ટેશન, સેમીનાર જેવા ઇન્ટરેક્ટીવ સેશન્સ પણ લેવામાં આવે છે.

સેન્ટ્રલ લાયબ્રેરી

વર્ષ ૨૦૧૭-૨૦૧૮ દરમ્યાન એ.એમ.સી. ડેન્ટલ કોલેજની સેન્ટ્રલ લાયબ્રેરીમાં કુલ ૩૩૩૧ પુસ્તકો વસાવવામાં આવેલ છે જેમાં ૯૩૨ પુસ્તકોના ટાઇટલ છે. જેમાં ૪૮૪ ઇન્ટરનેશનલ ટાઇટલ અને ૪૪૮ ઇન્ડિયન ટાઇટલ છે.

- વર્ષ ૨૦૦૫ થી ૨૦૧૬ સુધીના ૬૪ જેટલા જર્નલ્સના બેક વોલ્યુમ વસાવવામા આવેલા છે. જેમા ઇન્ડિયન-૪૮ અને ૨૬ ઇન્ટરનેશનલ જર્નલ્સ છે.
- વર્ષ ૨૦૧૭-૧૮ દરમ્યાન કોલેજની સેન્ટ્રલ લાયબ્રેરીમાં જર્નલ્સ માટે ૧૭,૧૫,૯૨/- નો ખર્ચ કરવામાં આવેલ છે. કુલ ૪૮ જર્નલ્સ ખરીદ કરવામાં આવેલ છે. જેમાં ૧૭ ઇન્ડિયન જર્નલ્સ અને ૩૧ ઇન્ટરનેશનલ જર્નલ્સ છે.
- Knowledge – Hub: A Virtual Library (K-Hub : Dental E-Library) રૂ.૮૪,૯૬૦ માં ૧૭૪૧ જેટલા ઓનલાઇન ઇ- જર્નલ્સ, ઇ-બુકસ, વિડિયો, મોનોગ્રામ ઇ-કંટેન ખરીદવામા આવેલ છે. જેનો ઉપયોગ સ્ટાફ, વિદ્યાથીઓ તથા અન્ય સ્ટાફ માટે વિના મુલ્યે આપવામાં આવે છે અને તેનો ઉપયોગ લાયબ્રેરીમાં આવેલ કોમ્પ્યુટર લેબ તથા ડિપાર્ટમેન્ટ લાયબ્રેરીમાં વિદ્યાર્થીઓ/સ્ટાફ તેનો ઉપયોગ સ્ટેટીક આઇપી દ્વારા જોડાયેલ કોમ્પ્યુટરમાં Knowledge – Hub: A Virtual Library (K-Hub : Dental E-Library) નો ઉપયોગ કરતાં હોય છે.
- સેન્ટ્રલ લાયબ્રેરીનો સમય સોમવાર થી શુક્રવાર સવારે ૧૦.૦૦ થી સાંજે ૭ .૦૦ નો છે અને શનિવારે સવારે ૯ .૦૦ થી બપોરે ૨.૦૦ સુધીનો છે. બુક ઇસ્યુ / રીટર્નનો સમય સોમવાર થી શુક્રવાર સવારે ૧૦.૦૦ થી સાંજે ૬ .૦૦ નો છે અને શનિવારે સવારે ૯ .૦૦ થી બપોરે ૨.૦૦ સુધીનો છે રીડીંગ રૂમ (સેન્ટ્રલ લાયબ્રેરી) ના સમય સોમવાર થી શુક્રવાર સવારે ૧૦.૦૦ થી સાંજે ૭ .૦૦ છે અને શનિવારે સવારે ૯ .૦૦ થી બપોરે ૨.૦૦ સુધીનો છે. રીડીંગ રૂમ (કોમન રૂમ) ના સમય સોમવાર થી રવિવાર ૭.૦૦ થી રાત્રીના ૧૦.૦૦ છે.
- સેન્ટ્રલ લાયબ્રેરી બે ફલોરના ૮૨૦૦ ફીટ એરિયામાં ફેલાયેલી છે. જેમાં ત્રણ રીડીંગ રૂમ છે, જેની કેપીસીટી ૩૮૬ વિદ્યાર્થીઓ બેસીને વાંચી શકે તેવી અદ્યતન રીડીંગ ટેબલ-ખુરશીની સગવડ છે. સેન્ટ્રલ લાયબ્રેરીમાં આ ઉપરાંત બુક સેકશન, જર્નલ્સ સેકશન, સ્ટાફ રીડીંગ રૂમ, ઓડિયો વિઝ્યુઅલ રૂમ, ઇન્ટરનેટ રૂમ બનાવવામાં આવેલ છે.

- સેન્ટ્રલ લાયબ્રેરીમાં ૦૬ કોમ્પ્યુટર લેન સીસ્ટમ દ્વારા ઇન્ટરનેટ સાથે જોડવામાં આવેલ છે જેનો ઉપયોગ ટીચીંગ સ્ટાફ, વિદ્યાર્થીઓ,નર્સિંગ સ્ટાફ, ટેકનીકલ સ્ટાફ, ઓફિસ સ્ટાફ દ્વારા બહોળા પ્રમાણમાં કરે છે. આ સગવડ યુઝરને વિના મુલ્યે આપવામાં આવે છે જેના દ્વારા યુઝર ઇ-બુકસ, ઇ-જર્નલ્સ તથા વૈશ્વીક ઇ-રીસોર્સ દ્વારા અદ્યતન જ્ઞાન પ્રાપ્ત કરી શકે છે. આ ઉપરાંત લાયબ્રેરીની કોમ્પ્યુટરથી કાર્યરત કરવા Software for University library (Soul 2.0) વસાવવામાં આવેલ છે. સેન્ટ્રલ લાયબ્રેરીમાં ઓટોમેશનની કામની કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે. આ સોફટવેરમાં યુઝર પોતાની જાતે OPAC (ઓનલાઇન પબ્લીક એકસેસ કેટલોગ) દ્વારા લાયબ્રેરીના બુક કેટલોગનો, પોતાનું મેમ્બર સર્ચ તથા નવી બુકની રીક્વેસ્ટ પણ લાયબ્રેરીમાં તથા ડિપાર્ટમેન્ટના લાયબ્રેરીના કોમ્પ્યુટરમાં બેસીને http://192.168.10.9/webopac or http://localhost/webopac/Default.aspx આ લીંકનોઉપયોગ કરીને સર્ચ પણ કરી શકે છે.
- સેન્ટ્રલ લાયબ્રેરીમાં ટીચીંગ સ્ટાફને રેગ્યુલર ઇ- મેઇલ દ્વારા જર્નલ્સના કન્ટેઇન, ફ્રી આર્ટીકલ પબ્લીશર કેટલોગ મોકલવામાં આવે છે. આ ઉપરાંત ટીચીંગ સ્ટાફ, પી.જી., તથા યુ.જી. સ્ટુડન્ટસને પણ તેમને ન મળતી માહિતી તેઓના ઇ-મેઇલમાં આવેલ ક્વેરીને સ્વોલ કરી તેઓના ઇ-મેઇલ ઉપર મોકલી આપવામાં આવે છે.આમ લાયબ્રેરી સ્ટાફ દ્વારા કરન્ટ અવરનેસ સર્વિસ, રેફરન્સ સર્વિસ વગેરે આપવામાં આવે છે. ટીચીંગ સ્ટાફ, પી.જી., તથા યુ.જી. સ્ટુડન્ટસ, નર્સિંગ સ્ટાફ, ટેકનીકલ સ્ટાફ ઓફિસ સ્ટાફને પર કોપીના રૂા. ૧.૦૦ લઇ પ્રિન્ટની સગવડ પણ આપવામાં આવે છે. તે માટે સેન્ટ્રલ લાયબ્રેરીમાં એક ઝેરોક્ષ મશીન પણ વસાવવામાં આવેલ છે.
- અત્રેની કોલેજની સેન્ટ્રલ લાયબ્રેરીમાં તથા લાયબ્રેરી રીડીંગ રૂમમાં જીયોનેટ ૪જી વાઇફાઇ તથા સ્માર્ટ સીટીનું જનમિત્રનું વાઇફાઇની સગવડ લાયબ્રેરીના યુઝરન આપવામાં આવે છે.

૯.૬ -એસ.બી.બી.કોલેજ ઓફ ફીઝીયોથેરાપી
વાર્ષિક વહીવટી અહેવાલ
સને : ૨૦૧૭-૨૦૧૮

એસ.બી.બી.કોલેજ ઓફ ફીઝીયોથેરાપી સેલ્ફ ફાયનાન્સ કોલેજ છે. જેમાં સને ૧૯૯૯ થી ૩૦ વિદ્યાર્થીઓની ઈન્ટેક કેપેસીટીથી બી.ફીઝીયોથેરાપીનો કોર્સ શરુ કરવામાં આવેલ. ત્યારબાદ ૨૦૦૫ માં ૩૦ સીટોમાં વધારો કરી ૫૦ વિદ્યાર્થીઓની ઈન્ટેક કેપેસીટી કરવામાં આવેલ. જે સાડા ચાર વર્ષનો કોર્સ છે. ત્યારબાદ સને ૨૦૦૬ માં માસ્ટર્સ ઈન ફીઝીયોથેરાપીનો કોર્સ ૧૨ વિદ્યાર્થીઓની ઈન્ટેક કેપેસીટી શરુ કરવામાં આવેલ છે. ૨૦૦૯માં તે સીટો વધારીને ૧૮ કરવામાં આવી. તે બે વર્ષનો કોર્સ છે. કોલેજ ગુજરાત યુનીવર્સીટી, ગુજરાત સરકાર તથા ઈન્ડીયન એસોસીએશન ઓફ ફીઝીયોથેરાપીની માન્યતા ધરાવે છે. દર વર્ષે યુ.જી. તથા પી.જી. ની પરીક્ષા માં ગુજરાત યુનીવર્સીટી ખાતે વિદ્યાર્થીઓ ખુબ સારુ પરીણામ લાવે છે. ડીપાર્મેન્ટ ખાતે ઓર્થોપેડીક, ન્યુરો પીડીટ્રીકના દર્દીઓને સારવાર આપવામાં આવે છે તથા ઈલેક્ટ્રાથેરાપી વિભાગ દ્વારા દર્દીઓને શેકની સારવાર આપવામાં આવે છે.

એ.એમ.સી.મેડીકલ એજ્યુકેશન ટ્રસ્ટ દ્વારા સંચાલિત સેલ્ફ ફાયનાન્સ એસ.બી.બી.કોલેજ ઓફ ફીઝીયોથેરાપીની સ્થાપના સને ૧૯૯૯ ના મે માસમાં થયેલ હતી. ફીઝીયોથેરાપી કોલેજમાં સ્નાતક તથા અનુસ્નાતક ફીઝીયોથેરાપી શિક્ષણ આપવામાં આવે છે.આ કોલેજ ગુજરાત રાજ્યની નામાંકિત કોલેજ છે. આ કોલેજ ને ૩૦ ફીઝીયોથેરાપીની સીટોની પ્રથમ માન્યતા મળેલ હતી. પરંતુ સને ૨૦૦૭ માં વધુ ૨૦ સીટોનો વધારો કરી ૫૦ ફીઝીયોથેરાપીની સીટો રાખવામાં આવેલ છે. અત્રેની કોલેજ ને ઈન્ડીયન એસોસીયેશન ઓફ ફીઝીયોથેરાપીની માન્યતા મળેલ છે તેમજ અત્રેની કોલેજ ગુજરાત યુનીવર્સીટી સાથે જોડાણ ધરાવે છે. અમદાવાદ મ્યુનીસીપલ કોર્પોરેશન સંચાલિત વા.સા.જન.હોસ્પિટલ, શા.ચી.લા.જન.હોસ્પિટલ, શ્રી ચી.હ.નગરી મ્યુ.આંખની હોસ્પિટલ તેમજ ટી.બી એન્ડ ચેસ્ટ હોસ્પિટલ ફીઝીયોથેરાપી કોલેજ સાથે સંલગ્ન છે. સને ૨૦૧૭-૨૦૧૮ ના આખરે કોલેજમાં વિદ્યાર્થીઓની સંખ્યા ૨૦૦ હતી અને ઓગસ્ટથી શરુ થતા સત્રમાં ૫૦ વિદ્યાર્થીઆને પ્રવેશ આપવામાં આવેલ હતો. જેમાં વર્ષ ૨૦૧૭-૨૦૧૮ દરમ્યાન કોલેજના કુલ ખર્ચ ૨,૩૫,૦૧,૫૫૬/- છે. જે ૨૦૧૬-૨૦૧૭ ના વર્ષ દરમ્યાન રુ.૨,૫૨,૫૯,૪૪૦/- થયેલ હતો. ચાલુ વર્ષની ટયુશન ફી ની આવક રુ.૪,૧૦,૮૨,૩૦૦/- થઈ છે. સને ૨૦૧૬-૨૦૧૭ ના વર્ષ દરમ્યાન રુ. ૪,૫૫,૪૯,૦૮૦/- થયેલી હતી. આ કોલેજ માં ભણતા ફાઈનલ ઈયર તથા એમ.પી.ટી. ના વિદ્યાર્થીઓને જુદી જુદી ઈન્સ્ટીટયુટની વીસીટ માટે મોકલવામાં આવે છે. કોલેજ ખાતે પોસ્ટ ગ્રેજ્યુએટનો કોર્સ ચલાવવામાં આવે છે. જેમાં વિદ્યાર્થીઓને પુરતી સગવડ આપવામાં આવે છે.અહેવાલી વર્ષમાં પ્રથમ વર્ષ બી.પી.ટી. માં ઓગસ્ટ ૨૦૧૭ માં પ્રથમ વર્ષનુ પરીણામ ૮૫% હતું. દ્વિતીય વર્ષનું પરીણામ ૭૬% હતું. તૃતીય વર્ષનું પરીણામ ૯૪% હતું તથા ફાઈનલ વર્ષનું પરીણામ ૮૭% હતું.

કોલેજનાં સ્નાતક તેમજ અનુસ્નાતક કોર્સને ગુજરાત સ્ટેટ કાઉન્સિલ ફોર ફિઝીયોથેરાપી(**GSCPT**) ની માન્યતા મળેલ છે.

કોલેજ ખાતે સન ૨૦૦૬ અનુસ્નાતક ફીઝીયોથેરાપી નો કોર્સ ૧૮ સીટોની માન્યતાથી શરુ કરવામાં આવેલ છે. જેમાં કોલેજ ને ઈન્ડીયન એસોસીએશન ઓફ ફીઝીયોથેરાપીની માન્યતા મળેલ છે તેમજ અત્રેની કોલેજ ગુજરાત યુનીવર્સીટી સાથે જોડાણ ધરાવે છે.અનુસ્નાતક કોર્સમાં ચાર સ્પેશયાલીટી દ્વારા એડમીશ કરવામાં આવે છેજેમાં રીહેબીલીટેશન, ઓર્થોપેડીક ન્યુરોલોજી તથા કાર્ડીયોપ્લ્મોનારી ના વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવે છે. જે એડમીશન ગુજરાત યુનીવર્સીટીની એન્ટ્રન્સ પરીક્ષા દ્વારા આપવામાં આવે છે. વર્ષ ૨૦૧૭ માં કોલેજ નું અનુસ્નાતક ફીઝીયોથેરાપી નું પરીણામ ૯૮% આવેલ હતું.

કોલેજ ખાતે પોતાની અદ્યતન લાયબ્રેરી છે. જેમાં ફીઝીયોથેરાપીને લગતા તથા મેડીકલ ને લગતા પુસ્તકો તથા જર્નલ્સ રાખવામાં આવેલ છે.

ફીઝીયોથેરાપી ડીપાર્ટમેન્ટ છેલ્લા ૫૦ વર્ષથી વી.એસ.ખાતે કાર્યરત છે. જેમાં મસ્કયુલોસ્કેલેટલ ડીપાર્ટમેન્ટ, ન્યુરોલોજી ડીપાર્ટમેન્ટ (એડલ્ટ, પીડીયાટ્રીક) ઈલેક્ટ્રોથેરાપી ડીપાર્ટમેન્ટ તથા કાર્ડીયોપલ્મોનરી ડીપાર્ટમેન્ટ ચાલે છે. રોજના ૨૭૫ થી વધુ દર્દીઓ જુદી જુદી થેરાપી તથા શેક માટે આવે છે. ડીપાર્ટમેન્ટ માં ન્યુરોલોજી વિભાગમાં નાના બાળકોની સ્પેશ્યલ ટ્રીટમેન્ટ દ્વારા સારવાર આપવામાં આવે છે તેમજ કાર્ડીયોપલ્મોનરી વિભાગમાં હૃદય અને ફેફસાના ઓપરેશન કરાવ્યા બાદની ફીટનેસ માટેના પ્રોગ્રામ ચલાવવામાં આવે છે તથા ઓબેસીટી ક્લીનીક પણ ચાલે છે તથા ઈ.એમ.જી તથા પી.એફ.ટી ના અદ્યતન સાધનો દ્વારા વ્યાજબી દરે ટેસ્ટ કરવામાં આવે છે. આ ડીપાર્ટમેન્ટ માં ભારના સ્ટેટના વિદ્યાર્થીઓ ઈન્ટર્નશીપ કરવા માટે આવે છે.

વર્ષ દરમ્યાન આવેલ દર્દીઓને જુદી જુદી સારવારમાં આપવામાં આાવેલ તેની માહિતી નીચે મુજબ છે.

૧)	ડાયાથર્મી આપેલ દર્દીની સંખ્યા	૨૫૧૫૩
૨)	મેડીકલ કરન્ટ આપેલ દર્દીની સંખ્યા	૪૦૭૮૦
૩)	મેગ્નેટોડાઈન	૫૦૦
૪)	**Exercise Therapy**	૩૭૮૮૯૪
૫)	આઈ.એફ.ટી. અને લેસર	૭૯૩૬૯
૬)	શોક વેવ થેરાપી	૨૦૧૭૮
૭)	ઈ.એમ.જી.એન.સી.વી.	૨૦૦૦
૮)	પી.એફ.ટી.	૨૦૦૦

એકેડેમીક પ્રવૃતિ

૧) વિવિધ સ્ટેટ લેવલ તથા નેશનલ લેવલની કોન્ફરન્સમાં કોલેજના પી.જી. વિદ્યાર્થીઓ તથા સ્ટાફ દ્વારા રીસર્ચ પેપર પ્રેસન્ટ કરવામાં આવેલ.

૨) કોલેજ માં ૨૦૧૭-૨૦૧૮ માં જુદા જુદા બે વર્કશોપ કરવામાં આવેલ છે.

૧) કમ્બાઈન્ડ મેન્યુઅલ થેરાપી ટ્રીટમેન્ટ

૨) ન્યુરોડાયનામીક્સ

૩) સી.એમ.ઈ. ઓન ડીજનરેટીવ સર્વાઈકલ સ્પાઈન

કોલેજનાં વિદ્યાર્થીઓ દ્વારા સમાજમાં અર્ગોનોમિક્સ અવેરનેસ માટે કેમ્પ કરવામાં આવેલ જેમાં ઘેર ઘેર જઈને સાંધાનાં દુખાવા માટે શું કરવું જોઈએ તેનું માર્ગદર્શન આપવામાં આવેલ.

ગુજરાત યુનીવર્સીટીની પરીક્ષામાં બેઠેલ તથા પાસ થયેલ વિદ્યાર્થીઓની માહિતી દર્શાવતું પત્રક

	જુલાઇ - ૨૦૧૭		
	કુલ વિદ્યાર્થીઓ	પાસ થયેલ વિદ્યાર્થીઓ	ટકાવારી
પ્રથમ વર્ષ બી.પી.ટી.	૫૦	૪૨	૮૫%
દ્વિતીય વર્ષ બી.પી.ટી.	૫૦	૩૮	૭૬%
તૃતીય વર્ષ બી.પી.ટી	૪૯	૪૬	૯૪%
ફાયનલ વર્ષ બી.પી.ટી.	૪૬	૪૦	૮૭%

	જાન્યુઆરી - ૨૦૧૮		
	કુલ વિદ્યાર્થીઓ	પાસ થયેલ વિદ્યાર્થીઓ	ટકાવારી
પ્રથમ વર્ષ બી.પી.ટી.	૭	૫	૭૧%
દ્વિતીય વર્ષ બી.પી.ટી.	૧૭	૬	૩૫%
તૃતીય વર્ષ બી.પી.ટી	૬	૧	૧૭%
ફાયનલ વર્ષ બી.પી.ટી.	૭	૫	૭૧%

૯.૭ - પુસ્તકાલયો-વાંચનાલયો

વાર્ષિક વહીવટી અહેવાલ
સને : ૨૦૧૭-૨૦૧૮

અમદાવાદ શહેરના નગરજનોની જ્ઞાન-પિયાસા સંતોષવા તથા દરેક નાગરિકને દેશ અને દુનિયાની ખબરોથી વાકેફ રાખવા,જાગૃતતા લાવવા, માહિતી અને મનોરંજન તથા જ્ઞાન સાથે ગમ્મતથી સંસ્કાર સિંચનનું અવરિત ઝરણું વહેવડાવવાની સાથે સાથે વાચકોની જ્ઞાનની સીમા વધારવા પુસ્તકાલયો/વાંચનાલયો સદા કાર્યશીલ રહ્યા છે. ઉત્સાહી જ્ઞાનપિયાસુ વાચકો માટે હાલમાં અમદાવાદ શહેરના પાંચ ઝોનમાં જ્ઞાનની પરબ સમાન કુલ-૪૨ પુસ્તકાલયો/વાંચનાલયો કાર્યરત છે. આ જ્ઞાનની પરબ સમાન પુસ્તકાલય/વાંચનાલયમાં ગુજરાતી,હિન્દી,અને અંગ્રેજી ભાષાઓના કુલ-૧૧૮૮ સામાયિકો તથા કુલ-૩૫૯ દૈનિક વર્તમાનપત્રો મંગાવીને દરેક પ્રકારના વાચક વર્ગની જ્ઞાનપિયાસા સંતોષવા પુસ્તકાલય ખાતુ હંમેશા પ્રયત્નશીલ રહ્યું છે.

અહેવાલી વર્ષ સને ૨૦૧૭-૧૮ માં ભા.ના. મ્યુ.પુસ્તકાલયમાં ૮ સભાસદો,મહાત્મા ગાંધી મ્યુ.પુસ્તકાલયમાં ૧૮ સભાસદો,ગોવર્ધનરામ ત્રિપાઠી મ્યુ.પુસ્તકાલયમાં ૨૮ સભાસદો એમ કુલ તમામ મ્યુ.પુસ્તકાલયોનો ૫૪ સભાસદો ગ્રંથ સંગ્રહનો અવરિત લાભ લેતા રહ્યા છે. તથા મ્યુ.વાચનાલયોમાં ૪૬૮૦૮૧ વાચકો વાંચનનો અવરિત લાભ લેતા રહ્યા છે. જે મ્યુ.પુસ્તકાલય ખાતાનું ગૌરવ ગણાય.

ઉપરોક્ત પાંચ મ્યુનિ.પુસ્તકાલયમાંથી કોઇપણ વાચક સભ્યપદ મેળવવા ઈચ્છે તો ગ્રંથપાલના નિયત ફોર્મ માં વિગત ભરવા સાથે ચાલુ મ્યુનિ.કાઉન્સીલરશ્રી,મ્યુનિ.કમિશનરશ્રી સહિત મ્યુનિ.હદના સ્કુલ/કોલેજના આચાર્યશ્રી તથા મ્યુનિ.કોર્પોરેશનની કોઇ પણ કમિટીના ચુંટાયેલ ચેરમેન / ડે.ચેરમેન તથા મ્યુનિ.હદમાંથી ચુંટાયેલા વિધાનસભા અને લોકસભાના પ્રતિનીધી વિગેરેની સહી/જામીનગીરીથી સભ્યપદ પ્રાપ્ત કરી શકાય.

વર્ષ દરમ્યાન પુસ્તકાલય તેમજ વાંચનાલયમાં દૈનિક સામાયિકો તથા વાચકોની સંખ્યા દર્શાવતુ પત્રક આ સાથે સામેલ છે. વર્ષ દરમ્યાન દૈનિકપત્રો તથા સામાયિકો મંગાવવાનો ખર્ચ રૂ. ૧૨,૪૩,૯૩૧/- થયેલ છે.

આમ, પુસ્તકાલય ખાતુ સમાજના વિવિધ વાચકો માટે વિશાળ ફલક ઉપર જ્ઞાનની પરબ સમાન પુસ્તકાલયો અને વાંચનાલયો દ્વારા સમાજમાં શિક્ષણ સંસ્કાર સીંચતુ માહિતી અને મનોરંજન પુરૂ પાડતુ તથા લોકકલ્યાણની ભાવના કેળવતુ ઉત્તમ માધ્યમ છે.

પુસ્તકાલયોનો વાર્ષિક વહીવટી અહેવાલ-૨૦૧૭-૨૦૧૮

ક્રમ	શરૂ થયા તા.	પુસ્તકાલયના નામ	વિસ્તાર	સરનામું	દૈનિક સંખ્યા	સામાયિક સંખ્યા	વાચક સંખ્યા	સભાસદ સંખ્યા	પુસ્તક-ઇસ્યુ સંખ્યા	સભાસદ અનામત જમા રકમ	પુસ્તક લેઈટ-ફી આવક	સભાસદ ફોર્મ ની આવક
A	B	C	D	E	1	2	3	4	5	6	7	8
૧	૧૧/૧૧/ ૧૯૭૮	ભાઈશંકર નાનાભાઈ મ્યુનિ.પુસ્તકાલય	રાયપુર	પંડિતજીની પોળના નાકે, રાયપુર, અમદાવાદ-૩૮૦૦૦૧	૧૨	૩૬	૪૫૩૧૧	૮	૪૦૦૦	૧૬૦.૦૦	૦.૦૦	૧૧૩.૦૦
૨	૦૯/૦૪/ ૧૯૭૫	ગોવર્ધનરામ ત્રિપાઠી મ્યુનિ.પુસ્તકાલય	મણીનગર	ફાયરબ્રિગેડ સામે, રામબાગ, મણીનગર, અમદાવાદ	૧૧	૩૬	૧૪૧૩૬	૨૮	૧૨૫૦	૫૬૦.૦૦	૦.૦૦	૨૩૦.૦૦
૩	સને- ૧૯૫૪	મહાત્મા ગાંધી મ્યુનિ.પુસ્તકાલય	સાબરમતી	રામનગર સાબરમતી અમદાવાદ	૭	૩૬	૯૧૮૬	૧૮	૧૬૦૫	૩૬૦.૦૦	૩૭.૦૦	૧૦૦.૦૦
૪	૨૧/૦૭/ ૧૯૭૬	વિ.ન.શાહ મ્યુનિ.પુસ્તકાલય	રખિયાલ	રખિયાલ ચાર રસ્તા, અમદાવાદ	૧૦	૩૬	૧૬૮૨૦	૦	૦	૦.૦૦	૦.૦૦	૦.૦૦
૫	૧૧/૦૮/ ૧૯૮૪	જયોતિન્દ્ર દવે મ્યુનિ.પુસ્તકાલય	શાહપુર	સ્વ.લાલાકાકા હોલ પાસે, શાહપુર અમદાવાદ	૧૦	૩૬	૬૦૯૦	૦	૦	૦.૦૦	૦.૦૦	૦.૦૦
૬	૧૫/૦૮/ ૧૯૭૬	પટેલ કે. કે. મ્યુનિ.પુસ્તકાલય	નરોડા	નરોડા ગામના નાકે, અમદાવાદ	૮	૩૬	૧૨૦૬૦	૦	૦	૦.૦૦	૦.૦૦	૦.૦૦

૭	૦૧/૦૯/ ૧૯૭૫	નારણભાઈ રણછોડભાઈ ચૌહાણ મ્યુનિ.પુસ્તકાલય	કાંટોડીયા	પારસી અગિયારી નજીક કાંટોડિયા અમદાવાદ	૧૦	૩૬	૧૪૧૩૫	૦	૦	0.00	0.00	0.00
૮	૦૨/૧૨/ ૧૯૭૯	મણિશંકર રતનજી(કવિકાન્ત)મ્યુનિ.પુસ્તકાલય	ખોખરા	બાજખેડાવાળ સોસાયટી પાસે, ખોખરા-મહેમદાવાદ, અમદાવાદ-૩૮૦૦૦૮	૧૧	૩૬	૨૯૮૨૫	૦	૦	0.00	0.00	0.00
૯	૧૬/૦૬/ ૧૯૩૦	દાદાભાઈ નવરોજી મ્યુનિ.પુસ્તકાલય	ગાંધીરોડ	પાનકોરનાકા ગાંધીરોડ અમદાવાદ-૩૮૦૦૦૧	૧૧	૦	૭૬૩૫	૦	૦	0.00	0.00	0.00
૧૦	૨૩/૦૪/ ૨૦૦૦	કવિ ન્હાનાલાલ સીની.સીટી.પાર્ક મ્યુનિ.પુસ્તકાલય	સાબરમતી	ધર્મનગર સાબરમતી અમદાવાદ-૩૮૦૦૦૫	૮	૩૬	૧૧૭૯૦	૦	૦	0.00	0.00	0.00
૧૧	૦૧/૦૭/ ૨૦૦૩	સ્વ.લાલભાઇ કુંદીવાલા મ્યુનિ.પુસ્તકાલય	મોટાબંબા	અંજુમન હાઇસ્કૂલ પાસે, છીપાવાડ, જમાલપુર, અમદાવાદ-૩૮૦૦૦૧	૧૦	૩૬	૩૮૪૫	૦	૦	0.00	0.00	0.00
૧૨	૦૬/૦૨/ ૨૦૦૭	પંડિત દીનદયાળ ઉપાધ્યાય મ્યુનિ.પુસ્તકાલય	ધાંટલોડીયા	ઠાકોરવાસ, ધાંટલોડીયા ગામમાં, અમદાવાદ-૩૮૦૦૬૧	૮	૩૬	૭૬૫૦	૦	૦	0.00	0.00	0.00
૧૩	૧૨/૦૭/ ૨૦૦૭	ડૉ.બાબા સાહેબ આંબેડકર મ્યુનિ.પુસ્તકાલય	ગોમતીપુર	કુંડાવાળી ચાલી, ગોમતીપુર, અમદાવાદ ૩૮૦૦૨૧	૧૦	૩૬	૧૨૦૫૦	૦	૦	0.00	0.00	0.00

૧૪	૨૭/૦૮/૨૦૦૭	કવિ નર્મદ મ્યુનિ.પુસ્તકાલય	હાજીપુરાગાર્ડન	હાજીપુરા ગાર્ડન, માધુપુરા, અમદાવાદ-૩૮૦૦૦૪	૧૦	૩૬	૯૨૮૦	૦	૦	0.00	0.00	0.00
૧૫	૦૬/૦૯/૨૦૦૭	દયાનંદ સરસ્વતી મ્યુનિ.પુસ્તકાલય	અસારવા	અસારવા ચકલા નજીક, અમદાવાદ-૩૮૦૦૧૬	૦	૦	૦	૦	૦	0.00	0.00	0.00
૧૬	૨૫/૦૯/૨૦૦૭	ઈશ્વરલાલ કચરાભાઈ મ્યુનિ.પુસ્તકાલય	પોટલિયાવોર્ડ	શ્રીજી વિદ્યાલય સામે, પોટલિયા વોર્ડ, બાપુનગર, અમદાવાદ.૩૮૦૦૨૪	૧૦	૩૬	૧૪૫૬૫	૦	૦	0.00	0.00	0.00
૧૭	૦૧/૦૫/૨૦૦૯	વસંતભાઈ રામી મ્યુનિ.પુસ્તકાલય	જોધપુર	જોધપુર, ગ્રામ પંચાયત પાસે, જોધપુર, અમદાવાદ.૩૮૦૦૧૫	૫	૦	૩૯૮૦	૦	૦	0.00	0.00	0.00
૧૮	૨૦/૦૮/૨૦૧૦	મકરન્દભાઈ દેસાઈ મ્યુનિ.પુસ્તકાલય	બોડકદેવ	અમરીશપાર્ક ગાર્ડન પાસે, જજીસ બંગ્લોઝ રોડ, બોડકદેવ, અમદાવાદ.૩૮૦૦૫૪	૮	૩૬	૬૩૩૫	૦	૦	0.00	0.00	0.00
					૧૫૯	૫૪૦	૨૨૪૬૯૩	૫૪	૬૮૫૫	૧૦૮૦.00	૩૭.00	૪૪૩.00

વાચનાલયોનો વાર્ષિક વહીવટી અહેવાલ-૨૦૧૭/૨૦૧૮

ક્રમ	શરૂ થયા તા.	વાચનાલયના નામ	વિસ્તાર	સરનામું	દૈનિક સંખ્યા	સામાયિક સંખ્યા	વાચક સંખ્યા
A	B	C	D	E	1	2	3
૧	૧૨/૧૦/૧૯૭૨	પન્નાલાલ પટેલ મ્યુનિ. વાચનાલય	ગોમતીપુર	ગોમતીપુર, અમદાવાદ.૩૮૦૦૨૧	૧૦	૩૬	૧૬૧૦૫
૨	૨૨/૦૭/૧૯૮૪	ભીખુભાઈ ચાવડા મ્યુનિ. વાચનાલય	બહેરામપુરા	સ્વ.શ્રી લીલાધરભદ્ર હોલ પાસે, બહેરામપુરા, અમદાવાદ.૩૮૦૦૨૨	૧૦	૩૬	૬૯૮૫
૩	૧૩/૦૨/૧૯૮૩	કૌટિલ્ય મ્યુનિ. વાચનાલય	અસારવા	અસારવા ચકલા નજીક, અમદાવાદ-૩૮૦૦૧૬	૧૦	૩૬	૧૦૮૪૦
૪	૩૦/૦૭/૨૦૦૨	ચીમનલાલ પુરુષોત્તમદાસ મ્યુનિ. વાચનાલય	જી.ક.પોળ	જીવણકમળશીની પોળ, શાહપુર, અમદાવાદ.૩૮૦૦૦૧	૧૦	૩૬	૧૨૩૬૦
૫	૨૩/૦૯/૧૯૭૯	સુરેન્દ્રભાઈપટેલ(દાસકાકા)મ્યુનિ. વાચનાલય	ઢાળનીપોળ	ઢાળનીપોળ, આસ્ટોડીયા ચકલા, અમદાવાદ.૩૮૦૦૦૧	૧૧	૩૬	૧૪૨૮૫
૬	૧૨/૧૧/૨૦૦૧	શેખાદમ આબુવાલા મ્યુનિ. વાચનાલય	તાનગરવાડ	તાનગારવાડ, જમાલપુર. અમદાવાદ.૩૮૦૦૦૧	૦	૦	૦
૭	૧૨/૧૦/૨૦૦૭	રમણલાલ નીલકંઠ મ્યુનિ. વાચનાલય	મન્સુરીનીચાલ	મન્સુરીનીચાલી, રાજપુર, ગોમતીપુર, અમદાવાદ.૩૮૦૦૨૧	૦	૦	૦
૮	સને/૧૯૫૨	રા.બ.ગી.ઉ.મ્યુનિ. વાચનાલય	ખોડીઆંબલી	મ્યુ.ગુજરાતી શાળા નં.-૨૨ પાસે, ખોડીઆંબલી, કાલુપુર, અમદાવાદ.૩૮૦૦૦૧	૧૦	૩૬	૪૦૦૫

૯	૨૨/૦૬/૧૯૮૪	શુન્ય પાલનપુરી મ્યુનિ. વાચનાલય	રાયખડ	સોદાગરનીપોળ, રાયખડ, જમાલપુર, અમદાવાદ.૩૮૦૦૦૧	૧૧	૩૬	૬૮૯૫
૧૦	૨૩/૦૪/૧૯૮૭	રાધા કિશન શર્મા મ્યુનિ. વાચનાલય	સરદારનગર	પોલીસચોકી પાસે, આંબાવાડી, સરદારનગર, અમદાવાદ.૩૮૨૪૭૫	૫	૩૬	૧૦૨૯૦
૧૧	૨૭/૦૮/૨૦૦૭	તીર્થંકર ગાર્ડન મ્યુનિ. વાચનાલય	શાહીબાગ	રાજસ્થાન હોસ્પિટલ સામે, શાહીબાગ, અમદાવાદ.૩૮૦૦૦૪	૯	૦	૬૩૫૫
૧૨	૦૫/૦૯/૨૦૦૭	જેઠાભાઈ ગાર્ડન મ્યુનિ. વાચનાલય	ન્યુ.સિવિલ	ન્યુ સિવિલ હોસ્પિટલ પાસે, જહાંગીરપુરા, અસારવા, અમદાવાદ.૩૮૦૦૧૬	૬	૩૬	૭૨૧૦
૧૩	૦૧/૧૦/૨૦૧૦	વિર સાવરકર મ્યુનિ. વાચનાલય	મેમકો	સ્પોર્ટસ કમ્પાઉન્ડ, મેમકો, નરોડારોડ, અમદાવાદ.૩૮૨૩૪૫	૫	૩૬	૧૨૮૪૦
૧૪	૧૪/૧૧/૨૦૦૯	શકરીબેન ચતુરભાઈ સીની.સીટી.પાર્ક મ્યુનિ. વાચનાલય	ડફનાળા	ડફનાળા, શાહીબાગ, અમદાવાદ.૩૮૦૦૦૪	૭	૦	૧૬૭૮૦
૧૫	૦૯/૦૮/૨૦૧૦	કવિ રમણલાલ વસંતભાઈ દેસાઈ મ્યુનિ. વાચનાલય	નિકોલ	ટી.બી.હોસ્પિટલ નજીક, નિકોલ, અમદાવાદ.૩૮૨૩૫૦	૧૦	૩૬	૧૦૨૯૫
૧૬	૧૬/૦૮/૨૦૧૦	ચંદ્રકાંત બક્ષી મ્યુનિ. વાચનાલય	નવાવાડજ	દેવપથ ફ્લેટ પાછળ, અર્બન હેલ્થ સેન્ટર, નવા વાડજ, અમદાવાદ.૩૮૦૦૧૩	૭	૩૬	૧૪૨૯૦
૧૭	૧૬/૦૮/૨૦૧૦	કવિ દલપતરામ મ્યુનિ. વાચનાલય	રીલીફરોડ	રીલીફરોડ અમદાવાદ.૩૮૦૦૦૧	૧૧	૩૬	૧૭૨૦
૧૮	૨૦/૦૮/૨૦૧૦	કનૈયાલાલ નથ્થુરામ મ્યુનિ. વાચનાલય	કુબેરનગર	ચંદ્રનગર, કુબેરનગર, અમદાવાદ.૩૮૨૩૪૦	૫	૩૬	૪૯૮૫

૧૯	૨૦/૦૮/૨૦૧૦	ઉમાશંકર જોશી મ્યુનિ. વાચનાલય	શાહીબાગ	સર્કિટહાઉસ સામે, શાહીબાગ, અમદાવાદ.૩૮૦૦૦૪	૧૦	૦	૫૦૯૦
૨૦	૨૫/૦૮/૨૦૧૦	કનૈયાલાલ માણેકલાલ મુન્શી મ્યુનિ. વાચનાલય	ભાઈપુરા	ભાઈપુરા, અમરાઈવાડી, અમદાવાદ.૩૮૦૦૨૬	૦	૦	૦
૨૧	૨૫/૦૮/૨૦૧૦	નરસિંહરાવ દિવેટિયા મ્યુનિ. વાચનાલય	અમરાઈવાડી	મથુરમાસ્તર ચાર રસ્તા, અમરાઈવાડી, અમદાવાદ.૩૮૦૦૨૬	૧૦	૩૬	૧૨૧૦૫
૨૨	૨૫/૦૮/૨૦૧૦	કવિ સુરેશ હરિપ્રસાદ જોશી મ્યુનિ. વાચનાલય	ખોખરાસર્કલ	જૂની મેલેરિયા ઓફીસ, ખોખરા સર્કલ, અમદાવાદ.૩૮૭૮૧૦	૧૦	૦	૧૪૮૮૦
૨૩	૨૯/૦૮/૨૦૧૦	કે. કા. શાસ્ત્રી મ્યુનિ. વાચનાલય	પાલડી	ધરણીધર, પાલડી, અમદાવાદ.૩૮૦૦૦૭	૧૨	૦	૧૬૯૦૫
૨૪	૨૯/૦૮/૨૦૧૦	કાકાકાલેલકર મ્યુનિ. વાચનાલય	સી.ટી.એમ.	સી.ટી.એમ.ચાર રસ્તા, અમદાવાદ.૩૮૦૦૨૬	૭	૩૬	૩૦૨૮૫
૨૫	૧૪/૦૯/૨૦૧૧	સૈજપુર મ્યુનિ. વાચનાલય	સૈજપુર	સૈજપુર ગામ ટાવર સામે, અમદાવાદ.૩૮૨૩૪૫	૫	૩૬	૫૦૯૦
૨૬	૦૭/૧૨/૨૦૧૧	સોલા હાઉસીંગ મ્યુનિ. વાચનાલય	સોલાહાઉસીંગ	સોલા હાઉસીંગ બસ સ્ટેન્ડ પાસે, સોલારોડ, અમદાવાદ.૩૮૦૦૧૩	૯	૩૬	૨૭૯૦
					૨૦૦	૬૪૮	૨૪૩૩૮૮

પુસ્તકાલયો વાચનાલયોનોની સંક્ષિપ્ત માહિતી

ક્રમ	વિગત	માહિતી
૧	વાંચન સેવાની શરૂઆત:-	સને-૧૯૭૪
૨	પુસ્તકાલયોની સંખ્યા:-	૪
૩	વાચનાલયોની સંખ્યા	૩૮
૪	કુલ પુસ્તકોની સંખ્યા:-	૧૧૯૭૧૫
૫	નવા ઉમેરાયેલ પુસ્તકોની સંખ્યા:-	૦
૬	નવા ઉમેરાયેલ પુસ્તકોની કિંમત રૂપિયા:-	૦.૦૦
૭	કમી થયેલ પુસ્તકોની સંખ્યા:-	૦
૮	કમી થયેલ પુસ્તકોની કિંમત રૂપિયા:-	૦.૦૦
૯	કુલ વર્તમાનપત્રોની સંખ્યા:-	૩૫૯
૧૦	મંગાવવામાં આવતા સામાયિકની સંખ્યા:-	૧૧૮૮
૧૧	વાર્ષિક વર્તમાનપત્રો/સામાયિકોનો ખર્ચ:-	૧૨૪૩૯૩૧
૧૨	કુલ પુસ્તકાલયોના સભાસદોની સંખ્યા:-	૫૪
૧૩	પુસ્તક મોડાઈ દંડની આવક રૂપિયા:-	૩૭.૦૦
૧૪	સભાસદ અનામત ફી ની આવક રૂપિયા:-	૧૦૮૦.૦૦
૧૫	સભાસદ ફોર્મ ફી ની આવક રૂપિયા:-	૪૪૩.૦૦
૧૬	કુલ વાચનાલયોની વાચક સંખ્યા:-	૪૮૫૯૯૫

૯.૮- બાલભવન ખાતુ

વાર્ષિક વહીવટી અહેવાલ
સને : ૨૦૧૭-૨૦૧૮

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન સંચાલિત મ્યુનિ.બાલભવન ખાતા દ્વારા હાલમાં (૧) રાયપુર મ્યુ.બાલભવન (૨) ફતેહપુરા મ્યુ.બાલભવન (૩) મણીનગર મ્યુ.બાલભવન (૪) ઢાળની પોળ મ્યુ.બાલભવન આમ,કુલ-૪ બાલભવનો આવેલ છે. જે શહેરમાં ૦૫ થી ૧૫ વય જુથના બાળકોને વાંચન ઉપયોગી સેવા પુરી પાડે છે.

આ સાથે બાલભવનોમાં આવતા બાળકોની જ્ઞાનપિયાસા તૃપ્ત કરવા માટે ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી ભાષાના વૈવિધ્ય સભર કુલ-૩૫૭૦૯ સંખ્યાના બાળ પુસ્તકો જે કુલ-રૂ. ૨૫૭૪૬૮=૪૩ પૈસાની કિંમતના વસાવવામાં આવેલ છે. રમતગમતમાં રૂચિ ધરાવનાર બાળકો માટે અહીં ઇન્ડોર અને બૌધીક વિકાસ માટેની સુવિધા છે.

વધુમાં બાળકોની અનુકુળતા માટે તેઓના શાળાના સમયે અનુકુળ બની બાલભવનો સવારના સમયમાં એટલે કે સવારે ૧૦.૩૦ થી સાંજે ૬.૧૦ દરમ્યાન કાર્યરત રહે છે. જાહેર રજાઓ અને રવિવારની અઠવાડિક રજાઓ સિવાય બાકીના તમામ દિવસોમાં શહેરના ચાર ઝોનમાં ૪ બાલભવન દ્વારા બાળકોને વાંચન/ રમતગમત જેવી વૈવિધ્ય સભર સેવાઓ પુરી પાડવામાં આવે છે.

સને ૨૦૧૭-૧૮ના વર્ષ દરમ્યાન કુલ-૧૫૧૦૩ બાળકોએ બાલભવનનો લાભ લીધેલ છે.

મ્યુ.બાલભવન ખાતાનો સને-૨૦૧૭/૨૦૧૮ ના વર્ષનું વહીવટી તુલનાત્મક પત્રક

ક્રમ	મ્યુ.બાલભવનોના નામ	લાભ લેનાર બાળકોની સંખ્યા	વંચાયેલ પુસ્તકોની સંખ્યા	માસિક સરેરાશ		દૈનિક સરેરાશ		હયાત પુસ્તકોની સંખ્યા	કુલ હયાત પુસ્તકોની કિંમત
				લાભ લેનાર બાળકોની સંખ્યા	વંચાયેલ પુસ્તકોની સંખ્યા	લાભ લેનાર બાળકોની સંખ્યા	વંચાયેલ પુસ્તકોની સંખ્યા		રૂ|. = પૈસા
1	2	3	4	5	6	7	8	9	10
૧	મણીનગર મ્યુ.બાલભવન	૫૪૦૨	૧૨૩૫	૪૫૧	૧૦૨	૨૦	૪	૧૨૦૬૬	૯૭૪૮૨.૧૫
૨	રાયપુર મ્યુ.બાલભવન	૨૭૮૨	૧૨૯૬	૨૩૨	૧૦૮	૧૦	૫	૭૦૪	૧૦૦૧૫.૭૯
૩	ફતેહપુરા મ્યુ.બાલભવન	૩૬૯૭	૧૮૫૪	૩૦૮	૧૫૪	૧૩	૬	૯૮૪૮	૮૪૮૬૦.૮૩
૪	ઢાળનીપોળ મ્યુ.બાલભવન	૩૨૨૨	૧૦૪૦	૨૬૮	૮૬	૧૨	૪	૧૩૦૮૨	૬૫૧૦૯.૬૬
	કુલ:-	૧૫૧૦૩	૫૪૨૫	૧૨૫૯	૪૫૦	૫૫	૧૯	૩૫૭૦૯	૨૫૭૪૬૮=૪૩

૯.૯ - શ્રી અંબુભાઇ પુરાણી વ્યાયામ વિદ્યાલય, કાંકરિયા
વાર્ષિક અહેવાલ
વર્ષ ૨૦૧૭-૧૮

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન તેની ફરજીયાત પ્રવૃતિઓની સાથે મરજીયાત પ્રવૃતિઓ કરે છે.**જેમાં** અંબુભાઇ પુરાણી મ્યુનિસિપલ વ્યાયામ વિધ્યાલય ખાતુ કાંકરિયા તળાવની પાસે આવેલ છે. વ્યાયામ વિધાલય ખાતાના મકાનની ઉદ્ઘાટન વિધિ મુંબઇ ઇલાકાના તત્કાલીન મુખ્ય પ્રધાન શ્રી બાળગંગાધર ખેર સાહેબના શુભ હસ્તે તારીખ ૧૫મી જુન સને - ૧૯૩૮ને બુધવારના રોજ કરવામાં આવી હતી. શરૂઆતમાં ૧૯૭૬માં વ્યાયામ વિધાલય કાંકરિયા ખાતે જીમ્નેશિયમ શરૂ કરવામાં આવેલ હતુ. ત્યારબાદ ૧૯૮૪માં મણીનગર તથા માણેકબા સંસ્કાર વાડી વ્યાયામ શાળા શાહપુર ખાતે કરવામાં આવેલ હતા. અમદાવાદ શહેરના યુવાનોનુ શરીર સૌષ્ઠવ કેળવાય, યુવાનોમાં નિયમીતતા, સંઘભાવના કેળવાય, માનસિક વિકાસ થાય, સ્ટેમીના જળવાય, નિખાલસતા, ભાતૃપ્રેમ, સદ્ભાવના, એક્યુરેસી, ચેલેન્જને પહોચી વળવાની હિંમત તથા લીડર શીપ જેવી બાબતોનો વિકાસ થાય તે હેતુસર જણાવેલ જીમ્નેશિયમો શરૂ કરવામાં આવેલ હતા. હાલમાં કુલ ૪૦ બારબેલ જીમ્નેશિયમો ચલાવવામાં આવે છે. વાસણા, **પાલડી,ઇસનપુર,રાયપુરમાં અ.મ્યુ.કો.દ્વારા તથા** મણિનગર અને રાણીપ વોર્ડમાં વાર્ષિક કોન્ટ્રાકટ પધ્ધતિથી સ્કેટીગ રીક ચલાવવામાં આવે છે. જેનો શહેરી જનો બહોળી સંખ્યામાં લાભ લઇ રહયા છે. સદર જીમ.ની ફી ખાનગી જીમ. કરતા ઘણી જ ઓછી છે.જેથી સમાજના દરેક સ્તરના નાગરિકો **મોટી સંખ્યામાં** લાભ લઇ શકે છે.નાંગરિકોની સુવિધા માટે હાલમાં જીમ્નેશિયમ, સ્કેટીગ રીક અને વ્યાયામ વિધાલય દ્વારા ચલાવવામાં આવતી એકટીવીટી માટે તેમાં પાર્ટીશીપેટ થવા ઓન લાઇન ફોર્મની તથા ઓન લાઇન ફોર્મ જમા કરાવવાની વ્યવસ્થા સિવીક સેન્ટર ખાતે કરવામાં આવે છે.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા અમદાવાદ શહેરના હાલનાં દરેક વોર્ડમાં બારબેલ જીમ્નેશિયમો શરૂ કરવાનું નકકી કરેલ છે. આ માટે સંસદ સભ્યશ્રીઓ, ધારા સભ્યશ્રીઓ, મ્યુનિસિપલ કાઉન્સિલરશ્રીઓ તેઓનુ બજેટ ફાળવી આપે છે. તથા અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન પણ આ અંગે સારુ એવું બજેટ ફાળવી જીમ્નેશિયમનું સંચાલન કરે છે.

અંબુભાઈ પુરાણી મ્યુનિસિપલ વ્યાયામ વિદ્યાલય
અમદાવાદ મ્યુનિ.કોર્પોરેશન સંચાલિત જીમ્નેશિયમની નામાવલી

ક્રમ	જીમ્નેશિયમનું નામ	ક્રમ	જીમ્નેશિયમનું નામ
૧	કાંકરિયા વ્યાયામ શાળા	૨૨	સાબરમતી વ્યાયામ શાળા
૨	મણિનગર વ્યાયામ શાળા	૨૩	ચાંદખેડા વ્યાયામ શાળા
૩	રખિયાલ વ્યાયામ શાળા	૨૪	વાડજ વ્યાયામ શાળા
૪	સરદારબ્રીજ હેલ્થ સ્ટાફ વ્યાયામ શાળા	૨૫	કાલુપુર વ્યાયામ શાળા
૫	દુધેશ્વર વ્યાયામ શાળા	૨૬	રાયખડ વ્યાયામ શાળા
૬	ખાડીયા વ્યાયામ શાળા	૨૭	સ. ૫. સ્ટેડિયમ વ્યાયામ શાળા
૭	ઈસનપુર વ્યાયામ શાળા	૨૮	શાહીબાગ મહિલા વ્યાયામ શાળા
૮	વાસણા વ્યાયામ શાળા	૨૯	બોડકદેવ વ્યાયામ શાળા
૯	વેજલપુર વ્યાયામ શાળા	૩૦	બાગેફિરદોશ વ્યાયામ શાળા
૧૦	દરિયાપુર વ્યાયામ શાળા	૩૧	ભાઈપુરા વ્યાયામ શાળા
૧૧	ગિરધરનગર વ્યાયામ શાળા	૩૨	રાણીપ વ્યાયામ શાળા
૧૨	સરસપુર વ્યાયામ શાળા	૩૩	મેમ્કો વ્યાયામ શાળા
૧૩	નરોડા મુઠીયા વ્યાયામ શાળા	૩૪	ખોખરા વ્યાયામ શાળા
૧૪	કુબેરનગર વ્યાયામ શાળા	૩૫	ગોમતીપુર વ્યાયામ શાળા
૧૫	ઓઢવ વ્યાયામ શાળા	૩૬	ઘાટલોડીયા વ્યાયામ શાળા
૧૬	સૈજપુર બોઘા વ્યાયામ શાળા	૩૭	બહેરામપુરા વ્યાયામ શાળા
૧૭	જમાલપુર વ્યાયામ શાળા	૩૮	સરદારનગર વ્યાયામ શાળા
૧૮	નિકોલ વ્યાયામ શાળા	૩૯	વસ્ત્રાલ વ્યાયામ શાળા
૧૯	એલીસબ્રીજ વ્યાયામ શાળા	૪૦	ઘાટલોડીયા મહિલા વ્યાયામ શાળા
૨૦	હાજીપુરા વ્યાયામ શાળા		
૨૧	પરિમલ વ્યાયામ શાળા		

અં.પુ.મ્યુ.વ્યા.વિધાલય દ્વારા નીચે જણાવેલ સ્થળોએ વર્ષ દરમ્યાન કોચીંગ કેમ્પો ચલાવવામાં આવે છે.

ક્રમ	સ્કેટીંગ રીંકનું નામ
૧	વાસણા સ્કેટીંગ રીંક
૨	પાલડી સ્કેટીંગ રીંક
૩	ઈસનપુર સ્કેટીંગ રીંક
૪	શ્યામજી કૃષ્ણવર્મા સ્પોર્ટસ કોમ્પલેક્ષ
૫	મણીનગર સ્કેટીંગ રીંક (કોન્ટ્રાકટ થી આપેલ)
૬	રાણીપ સ્કેટીંગ રીંક (કોન્ટ્રાકટ થી આપેલ)
૭	કાંકરીયા સ્પોર્ટસ સેન્ટર પુષ્પ કુંજ

વર્ષ	સભ્ય સંખ્યા	આવક	રીમાર્કસ
૨૦૧૭-૧૮	૩૦,૫૬૮	૫૪,૮૮,૫૧૫	

ચાલુ વર્ષે અ.મ્યુ.કો.દ્વારા અ.મ્યુ.કો.ના કર્મચારીશ્રીઓ તથા અધિકારીશ્રીઓ માટે વાર્ષિક રમતોત્સવનું આયોજન કરવામાં આવેલ હતુ. આ રમતોત્સવમાં (૧) ઈન્ડોર ગેમ્સ(૨) એથ્લેટીકસ(૩)સાંઘિક રમતો(ટીમ ઈવેન્ટસ)(૪) રાયફલ શુટિંગ(એર રાયફલ શુટિંગ) ની સ્પર્ધાઓનુ આયોજન કરવામાં આવેલ હતું.

અમદાવાદ શહેરમાં રહેતા દિવ્યાંગ બાળકો / યુવાનો માટે લગભગ દર વર્ષે દિવ્યાંગ રમતોત્સવનું આયોજન કરવામાં આવે છે. જેમા અંદાજે ૨૬૦૦ જેટલા ભાઈઓ તથા બહેનો ભાગ લીધો હતો. આ રમતોત્સવસમાં નીચે મુજબની અલગ અલગ ઉંમર વિભાગ ભાઈઓ / બહેનોને રમાડવામાં આવેલ હતો. (૧) મંદબુદ્ધી વ્યકિતઓ (૨) અંધજનો (૩) મુકબધીર વ્યકિતઓ (૪) શારીરિક દિવ્યાંગ વ્યકિતઓ અમદાવાદ શહેરમાં રહેતા કોઈપણ દિવ્યાંગ વ્યકિત્તઓ અ.મ્યુ.કો.દ્વારા યોજાતા આ રમતોત્સવમાં ભાગ લઈ શકે છે.તેમજ ભાગ લેનાર તમામને ટોકન ઈનામો તથા પ્રથમ, દ્વિતીય અને તૃતીયને ઈનામો આપવામાં આવે છે.તથા એ.એમ.ટી.એસ. બસમાં લાવવા લઈ જવાની તેમજ તમામને માટે અલ્પાહારની વ્યવસ્થા કરવામાં આવે છે.

વ્યાયામ વિધાલયની મુખ્ય કામગીરીમાં જીમ્નેશિયમ, સ્કેટીંગ રીંક, સ્પોર્ટસ સેન્ટરનું સંચાલન કરવા ઉપરાંત અ.મ્યુ.કો.ના કર્મચારીઓ માટે (૧). અ.મ્યુ.કો.કર્મચારીઓ માટે વાર્ષિક રમતોત્સવ, (૨)અમદાવાદ શહેરમાં જુદી જુદી દિવ્યાંગતા ધરાવતા લોકો માટે દિવ્યાંગ નગર રમતોત્સવનું આયોજન કરવામાં આવેલ હતું.

૯.૧૦ - શેઠ માણેકલાલ જેઠાભાઈ પુસ્તકાલય
વાર્ષિક વહીવટી અહેવાલ
સને : ૨૦૧૭-૨૦૧૮

મહાત્મા ગાંધીજીએ ઐતિહાસિક દાંડીકૂચના પ્રારંભે સત્યાગ્રહ આશ્રમનાં પુસ્તકો થકી સાર્વજનિક પુસ્તકાલયનો વિચાર રજુ કરતાં સને ૧૯૩૩ માં રૂા. ૫૫,૦૦૦/- નું શ્રી રસિકલાલ માણેકલાલ તરફથી દાન મળતાં 'માણેકલાલ જેઠાભાઈ પુસ્તકાલય' અસ્તિત્વમાં આવ્યું. પૂજ્ય બાપુજીના કરકમલોના સ્પર્શે ખાતમુહૂર્ત પામ્યા બાદ જયપુરી સ્થાપત્ય ધરાવતું ભવન ૧૯૩૮માં સરદારશ્રીના શુભહસ્તે જાહેરજનતાના લાભાર્થે ખુલ્લું મુકવામાં આવ્યું. શેઠ શ્રી રસિકલાલ તરફથી ક્રમશઃ વિશેષ અનુદાનો મળતા સુભદ્રાબેન માણેકલાલ વાચનાલય અને બાળકિશોર વિભાગ પણ અસ્તિત્વમાં આવ્યો. પુસ્તકાલયને સને ૧૯૫૦માં અ.મ્યુ.કોર્પો. દ્વારા રૂા. ૫૦,૦૦૦/- નું વિશેષ અનુદાન મળતાં અલગ ગ્રંથભંડારની રચના થઈ. ૧૯૫૭માં પુસ્તકોને બંધ કબાટોના બંધનમાંથી મુકત કરવામાં આવ્યા. ૧૯૭૪ અને પછીના વર્ષોમાં રૂા. ૧૬.૫૦ લાખની રકમ અ.મ્યુ.કોર્પો. તરફથી મળતા ગ્રંથાલય ભવનનું વિસ્તરણ કરવામાં આવ્યુ. વર્ષ ૨૦૦૪-૦૫માં પુનઃ રૂા. ૨૨.૦૦ લાખની કેપિટલ રકમ મળતા રેફરન્સ એન્ડ રીસર્ચ સેકશન તથા જ્ઞાન વિહાર વિદ્યાર્થી વાચનાલય વિભાગ અસ્તિત્વમાં આવ્યો. આ અંગેની સંક્ષિપ્ત માહિતી પત્રક ૯.૭.૧ માં આપવામાં આવી છે.

આ પુસ્તકાલયનો વહીવટ વ્યવસ્થાપક મંડળ હસ્તક છે. અહેવાલી વર્ષમાં શ્રી ગૌતમભાઈ શાહની અધ્યક્ષતામાં વ્યવસ્થાપક મંડળની કુલ-૪ સભા મળી હતી. જેમાં કુલ ૫૨ કામોનો અને અધ્યક્ષશ્રીની મંજુરીથી કુલ-૧૩ કામોનો નિકાલ કરવામાં આવ્યો હતો. આમ અહેવાલના વર્ષ દરમ્યાન કુલ-૬૫ કામોનો નિકાલ કરવામાં આવ્યો હતો.

પુસ્તકો, સામાયિકો, તથા અન્ય સામગ્રી સીડી, વીસીડી, ડીવીડી તેમજ ઓડીયો કેસેટની પસંદગી અને પ્રાપ્તિ અત્રેથી થાય છે વ્યવસ્થાપક મંડળની પેટા સમિતિ પુસ્તક પસંદગી સમિતિમાં અહેવાલી વર્ષમાં સભ્ય સ્થાને શ્રી પંકજસિંહ ચૌહાણ, ડૉ. હેમન્તભાઈ ભટ્ટ તથા શ્રીમતી મિનાક્ષીબેન દેસાઈ સેવારત છે. વર્ષના અંતે કુલ ૧૬ કામોનો નિકાલ કરેલ છે.

પુસ્તકાલયના શીડ્યુલ પર કર્મચારીઓની કુલ ૧૧૮ જગ્યાઓ છે. જે પૈકી હાલમાં ભરેલી જગ્યાઓ કુલ ૭૨ છે જેમાં ૩૦ વ્યવસાયિક, ૧૬ અર્ધ વ્યવસાયિક અને ૨૬ બિન વ્યવસાયિક કર્મચારીઓ છે. પુસ્તકાલયના ટ્રસ્ટ ડીડ મુજબ પુસ્તકાલયની સઘળી નાણાંકીય જવાબદારી અ.મ્યુ. કોર્પો. ઉપાડે છે. અહેવાલી વર્ષમાં અંદાજપત્ર મુજબ કુલ રૂા.૧૦,૭૯,૫૦,૦૦૦/- (અંકે રૂા. દસ કરોડ અગણ્યાએંશી લાખ પચાસ હજાર પુરા) મંજૂર થયેલ, જે પૈકી રૂા.૬,૮૭,૦૯,૮૩૮/- (અંકે રૂા. છ કરોડ સિત્યાસી લાખ નવ હજાર આઠસો આડત્રીસ પુરા) ગ્રાંટ પેટે પુસ્તકાલયને મળ્યા હતા. પુસ્તકાલયની અન્ય આવક રૂા.૫૦,૫૨,૩૧૫/- ની થયેલ. જયારે વર્ષ દરમ્યાન કુલ ખર્ચ રૂા.૭,૦૮,૬૨,૫૯૫=૫૦ (અંકે રૂા. સાત કરોડ આઠ લાખ બાસઠ હજાર પાંચસો પંચાણુ અને પચાસ પૈસા પુરા) નો થયેલ.

જ્યારે વર્ષ ૨૦૧૭-૧૮ દરમ્યાન ખર્ચ કરતાં આવકમાં રૂા.૨૮,૯૯,૫૫૭=૫૦ નો વધારો થવાથી જનરલ ફંડમાં ઉમેરો કરવામાં આવેલ છે.

ગ્રંથ સંગ્રહ :-

અહેવાલી વર્ષ દરમ્યાન કુલ ૯,૧૬૨ ગ્રંથો નવા ઉમેરાયેલ છે. જે પૈકી ૭,૫૩૮ ગ્રંથો રૂા.૧૮,૪૭,૭૬૯/- ના ખર્ચે ખરીદવામાં આવ્યા હતા. જયારે ૧,૬૨૪ ગ્રંથો ભેટમાં મળેલ છે.

વર્ષના અંતે નવા ઉમેરાયેલા પુસ્તકો સહિતના કુલ ૭,૭૩,૮૬૪ પુસ્તકોની વિષયવાર તથા ભાષાવાર માહિતી પત્રક ૯.૭.૨. માં દર્શાવી છે.

સંદર્ભ ગ્રંથસંગ્રહ :-

આ વિભાગની વિપુલતા અને વિવિધતા એ પુસ્તકાલયની વિશેષતા છે.સામાન્ય વાચકોથી માંડી જીજ્ઞાસુઓ, અભ્યાસુઓ અને સંશોધકો તથા વિદ્યાર્થી સમુદાય આ ગ્રંથસંગ્રહનો સતત ઉપયોગ કરે છે.

વિશિષ્ટ ગ્રંથસંગ્રહ :-

પુસ્તકાલયની સેવાઓને વધુ માહિતીસભર અસરકારક અને ચોકસાઈભરી બનાવવા વિશિષ્ટ વિષયના કેટલાક સંગ્રહો અલગ કરવામાં આવ્યા છે. અલાયદા ખંડમાં સંગ્રહ કરવામાં આવેલ આ પુસ્તકો ઇશ્યુ કરવામાં આવતા નથી.

૧. **સત્યાગ્રહ આશ્રમનો ગ્રંથ સંગ્રહ :** સત્યાગ્રહ આશ્રમના ગ્રંથસંગ્રહમાં પુસ્તકાલયની શરૂઆતથી ૧૯૭૭ સુધી પુસ્તકો દેય વિભાગમાં હતા. ત્યારબાદ અદેય સ્વરૂપ ગણીને અલગ મુકવામાં આવ્યા છે.
૨. **ગાંધી સાહિત્ય :** રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીએ લખેલા તેમજ તેમના વિશે લખાયેલા ગ્રંથોને અલાયદા ખંડમાં સંગ્રહીત કરવામાં આવેલ છે. જેનો સારો એવો લાભ અભ્યાસુઓ અને સંશોધકો દ્વારા લેવામાં આવે છે.
૩. **આપણું અમદાવાદ :** અમદાવાદ અને અ.મ્યુ.કો.ને સ્પર્શતા અનેક ગ્રંથોનો સંગ્રહ 'આપણું અમદાવાદ' માં નગર વિશેની માહિતી ઉપલબ્ધ છે.
૪. **ગુજરાત : સ્થાનિક ઈતિહાસ :** ગુજરાત સ્થાનિક ઈતિહાસ' નાં વિભાગમાં ગુજરાતનાં ઈતિહાસ, ભૂગોળ, રાજકારણ, સમાજજીવન, લોક સાહિત્ય-સંસ્કૃતિ, શિલ્પ, સ્થાપત્ય વિગેરે વિષયોને સ્પર્શતું સાહિત્ય ગુજરાત : સ્થાનિક ઈતિહાસના વિભાગમાં સંગ્રહિત છે.
૫. **સામાયિક સંપુટો :** સંશોધનકારો અને જીજ્ઞાસુઓ માટે પુસ્તકાલયમાં આવતા સામાયિકો બંધાવીને ગ્રંથ સ્વરૂપે રાખવામાં આવ્યા છે.
૬. **કોમ્પ્યુટર અને ઈન્ફર્મેશન ટેકનોલોજી :** માહિતી યુગની જરૂરિયાત અનુસાર આ વિષયમાં થયેલા વિકાસને અનુલક્ષીને યુવા વાચકોને મદદરૂપ થવા અદ્યતન વાચન સામગ્રી ખરીદી નવો વિભાગ બનવવામાં આવેલ છે.

ગ્રંથ ગોઠવણી :-

ગ્રંથોની ગોઠવણી માટે પુસ્તકાલયના વ્ય.મંડળના ઠ.નં. ૨૪ : ૦૫-૦૬ તા. ૨-૮-૦૫ અનુસાર તમામ ભાષા અને વિષયોના પુસ્તકો ડ્યૂઈ ડેસીમલ ક્લાસિફિકેશન (દશાંશ વર્ગીકરણ) પ્રમાણે ગોઠવવામાં આવે છે.

ગ્રંથાલય સૂચિ :-

ગ્રંથાલયનું મેમ્બરશીપ કાર્ડ (સભ્યપદ ટીકીટ) ધરાવતા દરેક વાચકને તેનું મનગમતું પુસ્તક ગ્રંથભંડારમાંથી સહેલાઈથી મળી શકે તે હેતુથી ઓનલાઈન કેટલોગ સર્ચિંગ સેવા ઉપલબ્ધ કરવામાં આવેલ છે.

પુસ્તકાલયના ગ્રંથભંડારમાં ઉપલબ્ધ તમામ વાચનસામગ્રીની કોમ્પ્યુટરાઈઝ માહિતી જેમ કે લેખક, ગ્રંથનામ, વિષય, ભાષા, કિંમત તેમજ પ્રકાશન વર્ષ વગેરેની સંપૂર્ણ માહિતી ત્વરિત મેળવી શકાય છે.

વાચનાલય :-

પુસ્તકાલયના લોકપ્રિય અને ચહલપહલવાળા આ વિભાગમાં ૨૩૦ બેઠકોની વ્યવસ્થા છે. અહીં ૭ ભાષાના ૧૮૫ સામાયિકો-વર્તમાનપત્રો લવાજમથી મંગાવવામાં આવે છે. જેનું લવાજમ અહેવાલી વર્ષમાં રૂા.૧,૨૯,૬૯૪/- ભરવામાં આવ્યુ હતું. ૫૦ સામાયિકો-વર્તમાનપત્રો ભેટ સ્વરૂપે આવે છે. ભારતનાં મુખ્ય શહેરોમાંથી પ્રગટ થતા ૨૬ વર્તમાનપત્રો આ વિભાગમાં ઉપલબ્ધ છે. અહેવાલી વર્ષ દરમ્યાન વાચકોની કુલ સંખ્યા ૨,૩૨,૮૨૬ રહી હતી.

સભ્યપદ :-

પુસ્તક ઘેર વાંચવા લઈ જવા માટે સભ્યપદ મેળવવું આવશ્યક છે. આ માટે નિયત અરજીપત્રકમાં આવશ્યક વિગતો ભરી જામીનદારની સહી લાવવાની રહે છે.

ક્રમ	વિગત	સભ્યપદ દર		
		વાર્ષિક		આજીવન
		ડિપોઝીટ	ફી	ફી
૧	વયસ્ક વિભાગ	૩૦૦/-	૨૦૦/-	૧૫૦૦/-
૨	વિદ્યાર્થી વાચક મહિલા વાચક સિનીયર સીટીજન વિકલાંગ વાચક	૩૦૦/-	૨૦૦/-	૧૫૦૦/-
૩	બાળ વાચક (૬ થી ૧૪ વર્ષ સુધી)	૩૦૦/-	૨૦૦/-	૧૫૦૦/-
૪	ડિજીટલ લાયબ્રેરી વયસ્ક વાચક	૧૫૦/-	૧૫૦/-	૫૦૦/-
૫	પ્રજ્ઞાચક્ષુ વાચકો માટે ઓડિયો/શ્રાવ્ય વિભાગ	૧૦૦/-	૧૦૦/-	૫૦૦/-

મા.જે. પુસ્તકાલય સભ્યપદ સંખ્યા :-

ક્રમ	સભાસદ	વાર્ષિક	આજીવન	કુલ
૧	વયસ્ક	૧,૮૩૯	૧૫,૬૩૬	૧૭,૪૭૫
૨	બાળવાચક	૧૧	૧,૨૦૦	૧,૨૧૧

મા.જે. પુસ્તકાલય અને તમામ શાખા પુસ્તકાલયના તા. ૩૧/૦૩/૨૦૧૮ સુધીના કુલ સભાસદોની સંખ્યા ૨૫,૩૦૮ છે.

ગ્રંથ પરિક્રમણ :-

મા.જે. પુસ્તકાલયનું વાર્ષિક તેમજ આજીવન સભ્યપદ મેળવનાર વાચકને કોમ્પ્યુટરાઈઝ્ડ આઈકાર્ડ આપવામાં આવે છે. જે ઉપર અનુક્રમે ૨ અને ૪ પુસ્તકો વાચક એક સાથે ૧૪ દિવસ માટે ઈશ્યુ કરાવી શકે છે. નિયત ડ્યુ તારીખ કે તે પહેલાં પુસ્તક પરત કરવામાં ન આવે તો ત્યારબાદના દરેક દિવસના પુસ્તક દીઠ રૂા.૩.૦૦ અતિદેય વાચક પાસેથી વસૂલ લેવામાં આવે છે.

આંતર ગ્રંથાલય લેવડ-દેવડ :-

સંસ્થાઓ અને સંશોધકો માટે આંતર ગ્રંથાલય લેવડ દેવડ અન્વયે પુસ્તકો મેળવવાની આ વિશિષ્ટ સુવિધાનો લાભ આપવામાં આવે છે. વર્ષ દરમ્યાન અ.મ્યુ.કો.ના અધિકારીગણને વ્યકિતગત તથા આંતર ગ્રંથાલય સેવા મુજબ કોમ્પ્યુટરાઈઝ્ડ આઈકાર્ડ આપવામાં આવે છે જે થકી એક સાથે ૪ પુસ્તકો ઈશ્યુ કરાવી શકે છે.

વિશિષ્ટ વાચક સેવા :-

માહિતી : Information is a Express highway ના યુગમાં કોઈપણ વાચકને કોઈપણ માહિતી ત્વરિત મળી રહે તે માટે અત્રે માહિતીસેવા શરુ કરવામાં આવેલ છે. વિશેષ કરીને તેનો ઉપયોગ વિદ્યાર્થીઓ, વિદ્વાનો અને સંશોધકો કરે છે. આ સેવા રૂબરૂ તથા ટેલીફોન કે ફેક્સ તેમજ ઈન્ટરનેટ દ્વારા મેળવી શકાય છે.

અનુલય સેવા : નવઆગંતુકને જુદા જુદા વિભાગો અને સેવાઓની માહિતી સાથે મનવાંચ્છિત માહિતીની પ્રાપ્તિ અર્થે આ વિભાગ સતત કાર્યરત રહે છે. વળી, ત્વરીત અનુલયસેવા આપી શકાય તે માટે ઉપયોગી સંદર્ભગ્રંથો કાયમી સ્વરુપે પ્રદર્શિત કરવામાં આવેલ છે. જેનો શાળા-કોલેજના વિદ્યાર્થીઓ તથા જીજ્ઞાસુઓ સતત ઉપયોગ કરે છે.

પુસ્તકાલય સંશોધકોને સાહિત્યસૂચિ સેવા પણ આપે છે. વિશેષ કરીને તેનો લાભ શોધનિબંધ અને મહાનિબંધ તૈયાર કરતા વાચકો લઈ રહયા છે.

પ્રતિલિપિસેવા (ઝેરોક્ષ સુવિધા) : કોઈપણ વાચકને તેની માહિતી જેવી કે ન્યૂઝ પેપર, સામયિક કે સંદર્ભ ગ્રંથમાંથી મેળવેલ હોય તેની પ્રતિકૃતિ ત્વરિત મળી રહે તે માટે અત્રે કોપીયર મશીન વસાવવામાં આવ્યુ છે. જેનો લાભ વાચક વર્ગ દ્વારા સતત લેવામાં આવે છે.

ઈન્ટરનેટ સેવા : આધુનિક યુગ એ ટેકનોલોજીનો યુગ છે. અત્યંત ઝડપથી અને ત્વરિત ગતિએ માહિતી પ્રાપ્ત કરવા માટે પુસ્તકાલયના કોમ્પ્યુટર વિભાગમાં તા. ૨૩-૫-૯૯ના રોજથી ઈન્ટરનેટ સેવાનો પ્રારંભ કરવામાં આવેલ છે. પુસ્તકાલયના સભાસદો તથા અન્ય સભાસદો દ્વારા વર્ષ દરમ્યાન ૧૬૪ ઈચ્છુક સભાસદોએ આ સેવાનો લાભ લીધેલ છે. ઈન્ટરનેટ સેવા વાચક દીઠ કલાકના માત્ર ૧૦ રૂપિયા ચાર્જ લઈને આપવામાં આવે છે તેમજ ઓનલાઈન માહિતીની પ્રિન્ટ પ્રતિ પેજ રૂા.૨/- નો ચાર્જ વસુલ કરવામાં આવે છે.

ડિજીટલ લાયબ્રેરી : પુસ્તકાલયમાં તા. ૧૪-૯-'૦૪ થી ડિઝીટલ લાયબ્રેરીની શરૂઆત કરવામાં આવી છે. જેમાં હાલમાં કુલ ૨,૦૦૩ સી.ડી. છે.

રેડી રેફરન્સ વિભાગ : આ વિભાગમાં અમદાવાદને લગતા ૭૦ પુસ્તકો મૂકવામાં આવેલ છે. જેમાં અમદાવાદને લગતી પ્રાચીન-અર્વાચીન માહિતીનો પુસ્તકરૂપી સંગ્રહ કરવામાં આવેલ છે, તેમજ અમદાવાદને લગતા પેપર ક્લીપીંગની ફાઈલ પણ તૈયાર કરવામાં આવેલ છે.

બાળ કિશોર વિભાગ :-

યુનેસ્કો લાઈબ્રેરી ડેવલપમેન્ટ, પ્લાન અન્વયે ૧૪ જુન ૧૯૫૬માં ૬ થી ૧૪ વર્ષની વય ધરાવતા બાળકો માટે આ વિભાગ શરુ કરવામાં આવેલ છે. અહીં બાળકોને અનુરૂપ વૈવિધ્યસભર વાચન સામગ્રી ઉપલબ્ધ છે. જેમાં અંગ્રેજી, ગુજરાતી, હિન્દી, મરાઠી, ઉર્દૂ ભાષાના પુસ્તકોનો સમાવેશ કરવામાં આવ્યો છે. વાંચન, વાચનેત્તર અને સાંસ્કૃતિક કાર્યક્રમો આ વિભાગની આગવી લાક્ષણિકતા રહી છે.

આ વિભાગમાં બાળકો વાંચન કરી શકે તે માટે આશરે ૭૦ બાળકોની બેઠક વ્યવસ્થા છે. બાળકોને મનગમતા પુસ્તકો ઈશ્યુ કરાવવા માટે અહીં ગ્રંથ આપ-લેની અલાયદી વ્યવસ્થા છે.

બાળકિશોર વિભાગના ગ્રંથ ભંડારમાંથી દેય પુસ્તકો ઈશ્યુ કરાવી શકાય છે અને અદેય પુસ્તકો એટલે સંદર્ભ ગ્રંથો (રેફરન્સ)માંથી બાળકો તેમને ઉપયોગી માહિતીની ઝેરોક્ષ મેળવી પ્રોજેક્ટ વર્ક તૈયાર કરતા હોય છે. બાળકોને પુસ્તકો ઈશ્યુ કરાવીને ઘરે લઈ જવા માટે બાળ સભ્યપદની જરૂરીયાત રહે છે. વાર્ષિક તથા આજીવન સભ્યપદ આમ બે પ્રકારની મેમ્બરશીપ હોય છે. બાળકો માટે તા. ૮-૩-૦૪ ના રોજ થી આજીવન મેમ્બરશીપની વ્યવસ્થા શરૂ કરવામાં આવી છે. જેમાં બાળ વાચકોને કોમ્પ્યુટરાઈઝ્ડ કાર્ડ આપવામાં આવે છે. તેઓ આ કાર્ડનો ઉપયોગ ૬ થી ૧૪ વર્ષની ઉંમર દરમ્યાન કરી શકે છે. ત્યારબાદ સભ્યકાર્ડને વયસ્ક વિભાગમાં ટ્રાન્સફર કરી આપવામાં આવે છે. નિયત ડ્યુ તારીખ પછી દૈનિક રૂા. ૩.૦૦ લેખે પુસ્તક દીઠ અતિદેય લેવામાં આવે છે.

સામયિકઃ-

બાળકોને જ્ઞાન સાથે ગમ્મત આપે તેવા વિવિધ ભાષાના જુદા જુદા ૨૨ બાળ સામયિકો અહીં મંગાવવામાં આવે છે.

મહિલા વિભાગ :-

વૈવિધ્યભરી અને વિશેષ વાંચન સામગ્રી ધરાવતાં આ વિભાગમાં ૨૫ બેઠકોની વ્યવસ્થા છે. મહિલાઓને વિશેષ ઉપયોગી એવા ગૃહસજાવટ, પાકશાસ્ત્ર, આરોગ્ય, સૌંદર્ય, ભરત-ગુંથણ, સીવણ, સ્ત્રી ધર્મ, દાંમ્પત્ય, બાળ ઉછેર, મહેંદી, ભજન, ગરબાવલી, ધાર્મિક તેમજ આજના સાંપ્રત પ્રવાહને લગતા પુસ્તકો-વિષયો નો દેય ગ્રંથ સંગ્રહ છે. અહેવાલના વર્ષ દરમ્યાન મહિલા વાચકો દ્વારા અહીં મૂકવામાં આવેલ ડિસપ્લે કબાટના અદેય પુસ્તકોનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. વર્ષ દરમ્યાન કુલ ૨,૧૯૪ ગ્રંથપરિક્રમણ થયેલ છે.

સંદર્ભ અધ્યયન વિભાગ :-

અદેય વિભાગના ગ્રંથોના ઉપયોગ માટે અલગ અધ્યયન વિભાગની રચના કરવામાં આવેલ છે. વિશેષમાં પોતાના ગ્રંથો સાથે બેસવાની વિદ્યાર્થીઓને અત્રે વિશેષ સુવિધા આપવામાં આવે છે. રેફરન્સ અને સંશોધન માટે આ વિભાગનો ઉપયોગ થાય છે.

ગ્રંથ બંધામણી :-

વર્ષ દરમ્યાન ૩૫૦ પુસ્તકોની ગ્રંથબંધામણી કરવામાં આવેલ છે. તેનો ખર્ચ રૂા. ૯,૩૬૨/- થયેલ છે.

આર્ટ અને પિકચર ગેલેરી :-

કલા, સાહિત્ય અને સંસ્કૃતિને પોષક આર્ટ અને પિકચર ગેલેરીનું અહીં કાયમી ધોરણે આયોજન કરવામાં આવેલ છે. જેમાં પ્રદર્શન વિભાગમાં ''અમદાવાદ - ગઈકાલ અને આજ'' ના ફોટોગ્રાફ્સ વિશેષ આકર્ષણ ધરાવે છે.

ગ્રંથ પ્રદર્શન :-

વાર-તહેવાર, જન્મજયંતિ, પુણ્યતિથિ પ્રસંગે વિવિધ પુસ્તકોના પ્રદર્શનો ગોઠવવામાં આવે છે જેનો ઉપયોગ વાચકો અહીં જ બેસીને કરી શકે છે. અમદાવાદથી પ્રકાશિત થતાં દૈનિક પત્રો જેમ કે ગુજરાત સમાચાર, સંદેશ અને ટાઈમ્સ ઓફ ઈન્ડીયા, સમાચારપત્રોનું જે તે વર્ષનું ફાઈલીંગ કરવામાં આવે છે. જેનો ઉપયોગ વાચકો લઈ શકે છે.

બાળકો માટેનું ફરતું પુસ્તકાલય :-

શહેરનાં પરા અને મજૂર વિસ્તારનાં બાળકોને ઘરઆંગણે પુસ્તકાલયની સેવાઓ મળી રહે તે માટે સને ૧૯૭૯ થી ફરતું બાળ પુસ્તકાલય શરૂ કરવામાં આવેલ છે. જે કુલ ૧૦ વિસ્તારનાં ૨૮ સેવા કેન્દ્રો ઉપર સેવા આપે છે. અહેવાલી વર્ષમાં ૬૦ બાળકો સભાસદ બન્યા હતા અને વર્ષ દરમ્યાન કુલ ૩,૭૯૩ ગ્રંથપરિક્રમણ થયેલ છે.

મહિલાઓ માટે ફરતું પુસ્તકાલય :-

ગૃહકાર્યમાં વ્યસ્ત મહિલાઓ નવરાશના સમયનો સર્જનાત્મક ઉપયોગ કરે અને અદ્યતન માહિતી મેળવે તે હેતુને લક્ષમાં રાખી શહેરના દૂર અને પરા વિસ્તારની મહિલાઓને ઘરઆંગણે સુવિધા પુરી પાડવા સને ૧૯૮૯માં મહિલાઓ માટેના ફરતા પુસ્તકાલયનો પ્રારંભ કરવામાં આવ્યો છે. જે કુલ ૧૦ વિસ્તારના ૩૨ સેવા કેન્દ્રો ઉપર સેવા આપે છે. અહેવાલી વર્ષમાં ૫ નવા સભાસદ બન્યા હતા તેમજ આજીવન કુલ ૨૫૦ સભાસદો છે અને વર્ષ દરમ્યાન ૩,૧૩૮ ગ્રંથપરિક્રમણ થયેલ છે.

નવા પશ્ચિમ ઝોન - બાળકો માટેનું ફરતું પુસ્તકાલય :-

માન. સાંસદ સભ્યશ્રી એલ.કે. અડવાણીજીના બજેટમાંથી નવા પશ્ચિમ ઝોન માટે ફરતું બાળ પુસ્તકાલયનું માન. મહેસુલ મંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલ અને માન. મેયરશ્રી કાનાજી ઠાકોરના શુભ હસ્તે તા. ૮-૧૧-૦૯ ના રોજ લોકાર્પણ કરવામાં આવ્યું. જે કુલ ૭ વિસ્તારના ૨૨ સેવાકેન્દ્રો પર સેવા આપે છે. અહેવાલી વર્ષમાં ૧૯ નવા સભાસદ બન્યા હતાં અને વર્ષ દરમ્યાન ૨,૩૦૯ ગ્રંથપરિક્રમણ થયેલ છે.

બાળકોએ સભ્યપદ જે તે સેવાકેન્દ્રો પર મોબાઈલ વાનમાં જ મેળવવાનું રહે છે.

પ્રજ્ઞાચક્ષુ વિભાગ :-

અમદાવાદ શહેરની સાહિત્યિક ઓળખસમી એમ.જે. લાયબ્રેરીના ૭૫મા વર્ષની ઉજવણીના ભાગરૂપે તા. ૨૩-૩-૨૦૧૩, શનિવારના રોજ મા.જે. પુસ્તકાલય ખાતે પ્રજ્ઞાચક્ષુ નાગરિકો માટે ઓડિયો વિભાગનો શુભારંભ તત્કાલિન માન. મેયરશ્રી અસિતભાઈ વોરાના વરદ્‌હસ્તે કરવામાં આવેલ અને તે વિભાગનું નામ ''પંડિત સુખલાલજી પ્રજ્ઞાચક્ષુ શ્રાવ્ય વિભાગ'' આપવામાં આવેલ છે. વર્ષ દરમ્યાન કુલ ૧,૯૨૧ પ્રજ્ઞાચક્ષુએ લાભ લીધેલ છે.

શાખા પુસ્તકાલયો :-

ચંદ્રકાન્ત કેશવલાલ કસ્ટીયા મ્યુ. પુસ્તકાલય - વિજયનગર

મા.જે.પુસ્તકાલય સંચાલિત શાખા પુસ્તકાલય વિજયનગર, નારણપુરા વિસ્તારમાં તા.૧/૫/૯૭ થી હાઉસીગ બોર્ડના મકાનમાં શરૂ કરવામાં આવ્યું. અહીં વાચનકક્ષની સુવિધા આપવામાં આવે છે. જેમાં ૬૫

વિદ્યાર્થીઓ એક સાથે બેસી વાંચી શકે છે. સામાન્ય રીતે વાચનકક્ષનો સમય સવારે ૭.૩૦ થી રાત્રિના ૮.૦૦ સુધી ખુલ્લો રહે છે. વાચનાલય વિભાગમાં કુલ ૭૪ વર્તમાનપત્રો-સામાયિકો આવે છે. જેના અહેવાલી વર્ષમાં લવાજમનું ખર્ચ રૂા.૬૩,૪૬૫/- ભરવામાં આવ્યુ હતુ. જયારે ૧૧ સામયિકો-વર્તમાનપત્રો ભેટ સ્વરૂપે આવે છે. વર્ષ દરમ્યાન કુલ ૨૬,૮૭૫ વાચકોએ લાભ લીધો હતો. સને ૨૦૧૭-૧૮ દરમ્યાન શાખા પુસ્તકાલય વિજયનગર ખાતે વાર્ષિક વયસ્ક-૩૩૭, આજીવન વયસ્ક-૩૫ અને બાળકિશોર આજીવન-૨ સભાસદ થયા હતા. વયસ્ક વિભાગમાં કુલ ૨૮,૫૫૫ ગ્રંથપરિક્રમણ થયેલ છે. બાળ કિશોર વિભાગમાં કુલ ૧,૬૦૮ ગ્રંથપરિક્રમણ થયેલ છે.

કવિશ્રી રામનારાયણ પાઠક 'દ્વિરેફ' મ્યુ.વાચનાલય - કાલુપુર

અજીત ભગત શાખા પુસ્તકાલય (કાલુપુર)માં મહિલાઓમાં લોકપ્રિય તેવા વિવિધ ભાષાના ૧૬ જેટલા સામાયિકો તેમજ ૮ વર્તમાનપત્રો મંગાવવામાં આવે છે. જેનો ખર્ચ રૂા. ૨૦,૪૪૨/- થયેલ. વર્ષ દરમ્યાન મહિલા વિભાગ તેમજ બાળકિશોર વિભાગમાં ૧,૫૯૭ વાચકોએ લાભ લીધેલ. જેમાં કુલ ગ્રંથપરિક્રમણ ૩૧૨ થયેલ છે.

માણભટ્ટ પ્રેમાનંદ મ્યુ. પુસ્તકાલય - નરોડા

સને ૧૯૯૮થી શરૂ કરવામાં આવેલ શાખા પુસ્તકાલય નરોડામાં વયસ્ક, બાળકો તેમજ મહિલાઓને ઉપયોગી થાય તેવા પુસ્તકો, વર્તમાનપત્રો તથા સામયિકો મંગાવવામાં આવે છે. અહેવાલી વર્ષમાં અહી મંગાવાયેલ ૨૩ સામયિક-વર્તમાનપત્રો લવાજમથી મંગાવવામાં આવેલ છે. અહેવાલી વર્ષ દરમ્યાન લવાજમનો ખર્ચ રૂા.૨૧,૧૯૧/- થયેલ. કુલ આજીવન ૬૯ સભાસદ થયેલ. વર્ષ દરમ્યાન ૨,૭૦૩ વાચક સંખ્યા તેમજ ૭૪૯ ગ્રંથપરિક્રમણ થયેલ છે.

શામળ ભટ્ટ મ્યુ. વાચનાલય - અમરાઈવાડી

અમદાવાદના પૂર્વ ઝોનના પરા વિસ્તારોના નગરજનોના લાભાર્થે ન્યુ કોટન સર્કલ પાસે અમરાઇવાડી વિસ્તારમાં તા. ૭/૩/૦૫ના રોજ આ વાચનાલયનો લોકાર્પણ કરવામાં આવ્યો હતો. આ વાચનાલયમાં ૯ વર્તમાનપત્રો મંગાવવામાં આવે છે. ૧૦ સામયિકો અહેવાલી વર્ષ દરમ્યાન લવાજમનો ખર્ચ રૂા.૧૭,૯૦૧/- થયેલ.

શ્રી સુરેશભાઈ રામકુમાર જોષી (સુરેશ જોષી) મ્યુ. વાચનાલય - સરસપુર

ઉત્તર ઝોન વિસ્તારના નગરજનોના લાભાર્થે મ્યુ.શાળા નં. ૯-૧૦, સરસપુર માં તા. ૭/૩/૦૫ના રોજ આ વાચનાલયનો લોકાર્પણ કરવામાં આવ્યો હતો. આ પુસ્તકાલયમાં ૨૧ સામાયિકો તેમજ ૧૫ વર્તમાનપત્રો મંગાવવામાં આવે છે. અહેવાલી વર્ષ દરમ્યાન લવાજમનો ખર્ચ રૂા.૩૨,૩૨૧/- થયેલ છે. હાલ આ વાચનાલય રતનલાલ ગુપ્તા જીમ્નેશિયમ, ગ્રાઉન્ડ ફ્લોર ખાતે કાર્યરત છે.

કવિ રાજેન્દ્ર કેશવલાલ શાહ મ્યુ. પુસ્તકાલય - હિંમતલાલપાર્ક

શહેરથી દૂર વસતા નાગરિકોને પુસ્તકાલય સેવા પુરી પાડવા માટે આઝાદ સોસા. પાસે હિંમતલાલ પાર્ક ખાતે તા. ૧૦/૦૭/૦૬ ના રોજ લોકાર્પણ કરવામાં આવ્યુ આ પુસ્તકાલયમાં વાચનાલય વિભાગ, પુસ્તક આપ-લે વિભાગ અને વિદ્યાર્થીઓને અભ્યાસલક્ષી વાચન કરવાની સુવિધા આપવામાં આવે છે. જેમાં ૫૦ વિદ્યાર્થીઓ એકસાથે બેસી શકે તેવી ક્ષમતા છે. વર્ષ દરમ્યાન દૈનિક સરેરાશ પ્રમાણે ૫૦ જેટલા વિદ્યાર્થીઓ એ આ વાચનકક્ષનો ઉપયોગ કરેલ છે. અહેવાલી વર્ષ દરમ્યાન આજીવન સભાસદો-૩૫ બન્યા જયારે વાર્ષિક સભાસદો-૨૦૯ બન્યા. આ સાથે ગ્રંથ પરિક્રમણ ૨૧,૫૧૩ થયેલ છે.

સામયિક :- આંબાવાડી વિસ્તારના હાર્દ સમા હિંમતલાલ પાર્ક શાખા પુસ્તકાલયમાં વાચકોનો પ્રિય વિભાગ વાચનાલય છે.આ વિભાગમાં ૨૦ બેઠકોની વ્યવસ્થા છે. આ વિભાગ જાહેર તહેવારની રજા સિવાય

દૈનિક ૧૨ કલાક સેવાઓ આપે છે. આ પુસ્તકાલયમાં ૪૧ સામયિકો અને ૧૯ વર્તમાનપત્રો મંગાવવામાં આવે છે. અહેવાલી વર્ષ દરમ્યાન લવાજમનો ખર્ચ રૂા.૫૨,૯૪૬/- થયેલ.

આત્મા સાયન્સ એન્ડ ટેકનોલોજી લાયબ્રેરી - મણિનગર

મણિનગર વોર્ડમાં ઉત્તમનગર વિસ્તારમાં આવેલ કમલા નહેરૂ ઉદ્યાનની બાજુમાં આત્માના સહયોગથી બનાવવામાં આવેલ આત્મા સાયન્સ એન્ડ ટેકનોલોજી લાયબ્રેરી મણિનગરનું લોકાર્પણ તા. ૧૧/૦૮/૨૦૦૭ ને શનિવારના રોજ માન. મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીના શુભ હસ્તે કરવામાં આવ્યુ. આત્મા સાયન્સ તેમજ મા.જે. પુસ્તકાલયના સંયુક્ત અનુદાનથી આ પુસ્તકાલયનું સંચાલન થાય છે. સામાન્ય રીતે વાચનકક્ષનો સમય સવારે ૭.૩૦ થી રાત્રિના ૧૦.૦૦ સુધી ખુલ્લો રહે છે.

આ લાયબ્રેરીમાં ૨૮ સામયિકો તેમજ ૭ વર્તમાનપત્રો મંગાવવામાં આવે છે. અહેવાલી વર્ષ દરમ્યાન લવાજમનો ખર્ચ રૂા.૨૮,૦૮૯/- થયેલ છે.

અહેવાલના વર્ષ દરમ્યાન શાખા પુસ્તકાલય મણિનગરમાં આજીવન સભાસદની સંખ્યા ૫ હતી. જયારે વાર્ષિક સભાસદની સંખ્યા-૩૭૩ હતી અને વાચકોની સંખ્યા ૧૮,૮૭૯ હતી.

ગચ્છાધિપતિ આચાર્યશ્રી સુબોધસાગર સૂરિશ્વરજી મહારાજશ્રી પુસ્તકાલય - વાસણા

વાસણા વોર્ડમાં ચંદ્રનગર પાસે આવેલ ગચ્છાધિપતિ આચાર્યશ્રી સુબોધસાગર સૂરિશ્વરજી મહારાજશ્રી પુસ્તકાલયનું લોકાર્પણ તા. ૦૨/૧૦/૦૭ ના રોજ તત્કાલીન માન. સંસદ સભ્યશ્રી સુરેન્દ્રભાઇ પટેલ અને માન. મેયરશ્રી અમિતભાઇ શાહના શુભ હસ્તે કરવામાં આવેલ.

આ લાયબ્રેરીમાં ૩૬ સામયિકો તેમજ ૧૬ વર્તમાનપત્રો મંગાવવામાં આવે છે. અહેવાલી વર્ષ દરમ્યાન લવાજમનો ખર્ચ રૂા.૪૬,૦૮૯/- થયેલ.

અહેવાલના વર્ષ દરમ્યાન શાખા પુસ્તકાલય વાસણામાં આજીવન સભાસદની સંખ્યા ૧ હતી. જયારે વયસ્ક સભાસદની સંખ્યા ૩૦૧ હતી અને વાચકોની સંખ્યા ૨૮,૦૫૭ હતી. તથા ગ્રંથપરિક્રમણ ૭,૧૭૯ થયેલ.

ડૉ. શ્યામાપ્રસાદ મુર્ખજી પુસ્તકાલય - વેજલપુર

ડૉ. શ્યામાપ્રસાદ મુર્ખજી ઓવરબ્રીજ નીચે વેજલપુર વિસ્તારમાં માન. સંસદ સભ્યશ્રી અને લોકસભાના વિપક્ષના નેતાશ્રી લાલકૃષ્ણ અડવાણીજીના બજેટમાંથી નવનિર્મિત ડૉ. શ્યામાપ્રસાદ મુર્ખજી લાયબ્રેરીની લોકાર્પણ વિધી તા. ૨૨/૦૧/૦૮ ના રોજ માન. મંત્રીશ્રી અમિતભાઇ શાહના વરદ્‌હસ્તે કરવામાં આવેલ.

આ લાયબ્રેરીમાં ૨૨ સામયિકો તેમજ ૧૪ વર્તમાનપત્રો મંગાવવામાં આવે છે. અહેવાલી વર્ષ દરમ્યાન લવાજમનો ખર્ચ રૂા.૩૬,૯૮૯/- થયેલ છે.

શાખા પુસ્તકાલય વેજલપુરમાં વાચકોની સંખ્યા ૯,૦૩૩ હતી.

વિશિષ્ટ સેવાઓ :-

વધુમાં વધુ લોકો ગ્રંથાલયનો ઉપયોગ કરે તે માટે વિશિષ્ટ વાચનેત્તર અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ યોજવામાં આવે છે. વર્ષાતે પુસ્તક પ્રદર્શનોનું આયોજન કરી વાચકોને ગ્રંથાલય પ્રતિ આકર્ષવામાં આવે છે. બાળકોની વક્તૃત્વ કલાના વિકાસાર્થે સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન પણ કરવામાં આવે છે.

સાહિત્ય વર્તુળ :-

૧૮ જુલાઇ ૧૯૮૫થી સાહિત્ય વર્તુળની રચના કરવામાં આવી છે. આ વર્તુળ દ્વારા આજ સુધીમાં લગભગ ૪૪૮ વાર્તાલાપ અને પ્રશ્નોત્તરી યોજાયલ છે. જેમાં કવિ, વાર્તાકાર, નવલકથાકાર, નાટયકાર, નિબંધકાર, પત્રકાર, વિવેચક, હાસ્ય લેખક વગેરેનો સમાવેશ થાય છે. પ્રતિષ્ઠિત સર્જકો ઉપરાંત નવોદિત લેખકો, કવિઓ અને તેમની કૃતિઓની નવોદિત લેખક સમારોહમાં અભિવ્યક્તિ કરવામાં આવે છે. તેમજ સાહિત્ય

વર્તુળની મારી અનુપમ ક્ષણ ગુજરાતી સાહિત્ય કવીઝ, મારૂ પ્રિય પુસ્તક અને પાદપુર્તિ જેવા વાંચનના ભાવ જગતને સાહિત્યસુઝને મુખરીત કરતા વિશેષ કાર્યક્રમો પણ યોજવામાં આવે છે. આ સાહિત્ય વર્તુળના ઉપક્રમે જુદા જુદા લેખકો સાથેનો વાર્તાલાપ અને પ્રશ્નોત્તરીનું આયોજન કરવામાં આવે છે.

ભવિષ્યમા આ પુસ્તકાલય દ્વારા સિનિયર સીટીઝન કોર્નર, પુસ્તકાલયમાં ઓડિયો-વિડીયો, સી.ડી તથા વી.સી.ડી. વસાવવા. મ્યુ.કોર્પો. સંચાલિત શાળાઓ અને બાલભવનમાં જગાની અનૂકુળતા મુજબ વિદ્યાર્થીઓ માટે વાંચનાલયની રચના, સંપુર્ણ વાચન સામગ્રીનું કોમ્પ્યુટરાઇઝેશન, પુસ્તકાલયમાં લેન સીસ્ટમ અને ઇન્ટરનેટ સીસ્ટમનું આયોજન, ગાંધી સાહિત્યના પુસ્તકોનું માઇક્રો ફિલ્મીકરણ, ઇનામી કૃતિઓનો સંગ્રહ, સીનીયર સીટીઝન અને અશકત વાચકોને ઘેર બેઠા વાંચન સેવાઓ પુરી પાડવી, બાળ કિશોર વિભાગનો વિકાસ, કોર્પો.ના દરેક ઝોનમાં સમૃધ્ધ અને અઘતન પુસ્તકાલયો શરૂ કરવાની વિચારણા ચાલુ છે., બાળ કિશોર વિભાગ અને મહિલા વિભાગનું નવીનીકરણ કરવામાં આવેલ છે તેમજ સિનિ. સીટીઝન અને અશકત વાચકો માટે પુસ્તકાલયોમાં લીફટની સુવિધા ચાલુ કરવામાં આવેલ છે.

પત્રક ૯.૭.૧
સંક્ષિપ્ત માહિતી

સ્થાપના વર્ષ	૧૯૩૮
પુરસ્કર્તા/અનુદાન	અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન
વ્યવસ્થા	મા.જે.પુસ્તકાલય વ્યવસ્થાપક મંડળ
કુલ ખર્ચ	રૂા. ૭,૦૮,૬૨,૫૯૫=૫૦ પૂરા
કર્મચારીગણ	૧૧૮ પૈકી હાલમાં ૭૨ જગ્યાઓ ભરેલી.
વ્યાવસાયિક	૩૦
અર્ધ વ્યાવસાયિક	૧૬
બિન વ્યાવસાયિક	૨૬
વાચક સેવાઓ :-	
સામાન્ય	વર્તમાનપત્રો- સામયિકો
	અધ્યયન(સંદર્ભ)
	અધ્યયન(વિદ્યાર્થી)
ગ્રંથ પરિક્રમણ	વયસ્ક
	બાળકિશોર
	મહિલા
	ફ.બા.પુ.
	ફ.મ.પુ.
	નવા પશ્ચિમ ઝોન ફ.બા.પુ.
	શાખા પુસ્તકાલય (વિજયનગર, નરોડા, હિંમતલાલપાર્ક, મણીનગર, વાસણા, વેજલપુર તથા કાલુપુર, સરસપુર, અમરાઈવાડી - વાચનાલય)
	આંતર ગ્રંથાલય
પ્રલેખન માહિતી સેવા	અનુલય (સંદર્ભ)
	માહિતી
	વાડમય સૂચિ
	પ્રતિલિપિ
વિભાગીય	બાળકિશોર વિભાગ
	મહિલા વિભાગ
વિસ્તરણ	શાખા પુસ્તકાલય
	ફરતું બાળ પુસ્તકાલય
	આર્ટ અને પિક્ચર ગેલેરી
	મહિલાઓ માટેનું ફરતું પુસ્તકાલય
	નવા પશ્ચિમ ઝોન ફ.બા.પુ.
	પંડિત સુખલાલજી પ્રજ્ઞાચક્ષુ શ્રાવ્ય વિભાગ

	ડિજિટલ લાયબ્રેરી
	કાવ્યધારા
	ગ્રંથ પ્રદર્શન
	સીડી- ડી.વી.ડી. – વી.સી.ડી.
	ઇ.બુક્સ , ઇ.જર્નલ્સ, ડિજિટાઇઝેશન
	સાંસ્કૃતિક પ્રવૃતિઓ
	કોમ્પ્યુટર સેવા
	શાખા પુસ્તકાલયો : વિજયનગર, મણિનગર, હિંમતલાલપાર્ક, વાસણા, વેજલપુર, નરોડા
	વાચનાલયો : સરસપુર, અમરાઇવાડી, કાલુપુર
અધ્યયન વિભાગ	વાચનાલય
	અધ્યયન (વિદ્યાર્થી)
	અધ્યયન (વિદ્યાર્થીની)
ગ્રંથ ભંડાર (સામાન્ય)	દેય
	અદેય
ગ્રંથભંડાર (વિશિષ્ટ)	અમદાવાદનો વારસો-અમદાવાદનો અક્ષરદેહ-અમદાવાદની અસ્મિતા
વિશિષ્ટ સાહિત્ય	સત્યાગ્રહ આશ્રમ
	ગાંધી સાહિત્ય
	રીસર્ચ એન્ડ રેડી રેફરન્સ વિભાગ
	કોમ્પ્યુટર એન્ડ ઇન્ફર્મેશન ટેકનોલોજી વિભાગ
વિશિષ્ટ	પેપર ક્લીપીગ ફાઇલ - ૮૨
નવા ઉમેરાયેલા ગ્રંથો	૯,૧૬૨
કુલ ગ્રંથસંગ્રહ	૭,૭૩,૮૬૪
સામયિકો	૧૮૫+૫૦ (ભેટ)
કુલ સભ્ય સંખ્યા	૨૫,૩૦૮
	મા.જે. પુસ્તકાલય વયસ્ક – ૧૭,૪૭૫ બા.કિ.વિ. – ૧,૨૧૧
	શા.પુ. વિજયનગર વયસ્ક – ૨,૨૨૧ બા.કિ.વિ. – ૧૫૦
	શા.પુ. કાલુપુર – ૧૯
	શા.પુ. હિંમતલાલપાર્ક વયસ્ક – ૨,૪૧૪
	શા.પુ. વાસણા – ૮૬૮
	શા.પુ. નરોડા વયસ્ક – ૬૯
	શા.પુ. મણીનગર – ૪૯૦
	શા.પુ. સરસપુર વયસ્ક – ૩૯

	ફ.મ.પુ. – ૨૫૫
	ફ.બા.પુ. – ૬૦
	નવા પશ્ચિમ ઝોન ફ.બા.પુ. – ૩૭
કુલ ગંથ્ર પરિક્રમણ	**૧,૯૬,૮૨૨**
વયસ્ક	૧,૭૭,૨૯૫
બાળ કિશોર	૧૯,૫૨૭
ફરતું બાળ પુસ્તકાલય	
વિસ્તાર	૧૦
સેવા કેન્દ્ર	૨૮
ફરતું મહિલા પુસ્તકાલય	
વિસ્તાર	૧૦
સેવા કેન્દ્ર	૩૨
નવા પશ્ચિમ ઝોન-ફ.બા.પુ.	
વિસ્તાર	૭
સેવા કેન્દ્ર	૨૨

પત્રક ૯.૭.૨

પુસ્તકાલયના તમામ પુસ્તકોની ભાષાવાર અને વિષયવાર માહિતી : ૨૦૧૭-૧૮

વિષય	અંગ્રેજી	ગુજરાતી	હિન્દી	ઉર્દૂ	મરાઠી	સંસ્કૃત	બંગાળી	સિંધી	ફ્રેંચ	કુલ
સર્વસાધારણ	૮૨૦૧	૪૧૯૭	૧૨૬૯	૧૧૯	૧૫૦	૫૬	૧૨	૦	૦	૧૪૦૦૪
તત્વજ્ઞાન	૭૨૪૦	૧૨૭૦૩	૨૫૬૨	૩૪૭	૩૭૩	૭૬૮	૧૨૧	૨૭	૦	૨૪૧૪૧
ધર્મ	૫૪૬૭	૧૧૪૪૧	૩૧૪૬	૧૬૯૭	૫૧૨	૧૪૪૯	૧૫૫	૧૨૪	૧	૨૩૯૯૨
સમાજશાસ્ત્ર	૩૦૧૮૮	૧૦૬૬૭	૩૮૭૩	૫૪૬	૩૪૧	૧૩૧	૧૨૬	૪૨	૨૨	૪૫૯૩૬
ભાષા અલંકાર	૨૨૫૪	૧૯૩૬	૯૬૬	૨૬૨	૯૫	૨૯૪	૨૯	૨૦	૨૮	૫૮૮૪
વિજ્ઞાન	૫૫૪૯	૨૭૭૦	૯૩૦	૧૨૨	૧૧૪	૧૮	૧૨	૨	૦	૯૫૧૭
ઉપયોગી કળાઓ	૧૨૫૧૮	૯૪૦૫	૧૫૨૯	૨૭૯	૩૩૯	૫૩	૩૯	૨૨	૦	૨૪૧૮૪
લલિતકળાઓ	૮૩૯૮	૪૪૫૩	૯૯૨	૧૪૫	૧૮૫	૫૧	૧૦૬	૯	૧૮	૧૪૩૫૭
સાહિત્ય(નવલકથા સિવાય)	૧૨૪૦૪	૩૬૭૨૧	૧૧૩૬૩	૪૫૪૨	૧૫૩૫	૧૧૪૮	૬૭૬	૨૬૫	૦	૬૮૬૫૪
જીવનચરિત્ર	૭૩૨૪	૬૧૫૭	૨૦૦૭	૪૨૯	૫૦૮	૫૯	૧૧૪	૫૮	૧	૧૬૬૫૭
ભૂગોળ પ્રવાસ	૪૧૭૯	૧૭૯૭	૫૮૫	૧૨૪	૧૧૪	૧૯	૧૪૮	૧૦	૧	૬૯૭૭
ઈતિહાસ	૬૯૩૦	૨૫૫૧	૧૨૦૩	૫૨૦	૩૫૬	૩૩	૫૮	૧૫	૩૫	૧૧૭૦૧
નવલકથા	૧૩૫૧૨	૧૩૫૭૦૬	૧૩૩૭૧	૭૪૨૬	૪૧૮૨	૩૧	૯૬૮	૫૧૧	૦	૧૭૫૭૦૭
બાળ સાહિત્ય	૨૨૬૭૬	૮૨૧૪૪	૯૧૮૮	૯૦૩	૮૦૬	૧૧	૧૮	૨૮	૦	૧૧૫૭૭૪
ફરતું બાળ પુસ્તકાલય	૭૬૬૧	૬૨૫૬૯	૪૯૫૭	૭૮૧	૬૮૭	૦	૦	૦	૦	૭૬૬૫૫
મહિલા વિભાગ	૧૮૧૩	૮૫૯૪	૧૦૭૨	૦	૧૬૩	૦	૦	૦	૦	૧૧૬૪૨
સર્જનશીલા	૨	૯૦૮	૩૨૧	૦	૮	૦	૦	૦	૦	૧૨૩૯
ફરતું મહિલા વિભાગ	૧૪૯૦	૧૧૮૪૮	૧૧૯૧	૦	૧૧૧	૦	૦	૦	૦	૧૪૬૪૦
અમદાવાદનો અક્ષરદેહ	૭	૪૪	૦	૦	૦	૦	૦	૦	૦	૫૧
પુસ્તક સન્માન યોજના	૦	૧૮	૦	૦	૦	૦	૦	૦	૦	૧૮

મ્યુ.કોર્પો.રેફ.લાય.	૧૩૦	૪૫૨	૧૦	૦	૦	૦	૦	૦	૦	૫૯૨
શાખા પુસ્તકાલય – વિજયનગર	૫૫૭૧	૩૪૩૪૩	૪૧૭૧	૦	૨૦૬	૦	૦	૦	૦	૪૪૨૯૧
શાખા પુસ્તકાલય – કાલુપુર	૪૬૮	૮૭૩૬	૬૯૦	૦	૧૪	૦	૦	૦	૦	૯૯૦૮
શાખા પુસ્તકાલય – નરોડા	૩૪૪	૯૧૬૨	૧૨૦૬	૦	૨૪૮	૦	૦	૦	૦	૧૦૯૬૦
શાખા પુસ્તકાલય- સરસપુર	૩૬૧	૪૨૮૯	૫૦૦	૦	૦	૦	૦	૦	૦	૫૧૫૦
શાખા પુસ્તકાલય હિંમતલાલપાર્ક	૧૫૧૩	૯૩૩૭	૯૯૫	૦	૦	૦	૦	૦	૦	૧૧૮૪૫
શા.પુ.મણીનગર	૫૨૪૮	૬૮૬	૬૦૭	૦	૦	૦	૦	૦	૦	૬૫૪૧
શા.પુ.વાસણા	૩૫૨૪	૭૦૩૯	૬૦૨	૦	૦	૦	૦	૦	૦	૧૧૧૬૫
શા.પુ.વેજલપુર	૪૪	૫૬૭૮	૪	૦	૦	૦	૦	૦	૦	૫૭૨૬
ન.પ.ઝોન.ફ.બા.પુ.	૧૬૭૧	૩૯૬૧	૩૨૦	૦	૪	૦	૦	૦	૦	૫૯૫૬
કુલ	**૧૭૬૬૮૭**	**૪૯૦૩૧૨**	**૬૯૬૩૦**	**૧૮૨૪૨**	**૧૧૦૫૧**	**૪૧૨૧**	**૨૫૮૨**	**૧૧૩૩**	**૧૦૬**	**૭૭૩૮૬૪**

૧૦ - અમદાવાદ મ્યુનિસિપલ ટ્રાન્સપોર્ટ સર્વિસ
વાર્ષિક વહીવટી અહેવાલ
સને : ૨૦૧૭-૨૦૧૮

અ.મ્યુ.ટ્રા.સર્વિસનો વહીવટ મ્યુ.કોર્પો. એક્ટની જોગવાઇઓ અનુસાર નીમાયેલ ટ્રાન્સપોર્ટ મેનેજરની દેખરેખ નીચે ચાલે છે.મ્યુનિસિપલ કોર્પોરેશન અને ટ્રાન્સપોર્ટ કમિટી મારફતે વખતો વખત નક્કી થતી નીતિ અનુસાર વહીવટી તંત્રનું સંચાલન કરવાનું કામ ખાતાના વડા અધિકારી તરીકે ટ્રાન્સપોર્ટ મેનેજરશ્રી બજાવે છે.

અમદાવાદ શહેરના બસ વ્યવહારનું રાષ્ટ્રીયકરણ સને.૧૯૪૭માં કરવામાં આવ્યુ અને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશને શહેરમાં બસ પરિવહનનું કાર્ય શરૂ કર્યું . અ.મ્યુ.ટ્રા.સર્વિસે સને ૨૦૧૭-૧૮માં ૭૧માં વર્ષમાં પ્રવેશ કરેલ છે..

અમદાવાદ શહેરની વસ્તીમાં તથા વિસ્તારમાં પ્રતિવર્ષ વધારો થતો જાય છે. આ વધારા પ્રમાણે પ્રવાસી જનતાને પરિવહનની સગવડતા મળી રહે તે માટે સંસ્થાના પોતાના મર્યાદિત સાધનોથી શક્ય તેટલા પ્રયત્નો કરે છે. ફક્ત ૩૮ રૂટો પર ૧૧૨ બસોના કાફલાથી આ સંસ્થાનો પ્રારંભ થયો. સને.૨૦૧૭-૧૮ ના વર્ષમાં સરેરાશ રોડ પર ફરતી બસોની સંખ્યા ૧૨૩ +૧૫૮+૪૦૫ =૬૮૬ અને વર્ષ આખરે રૂટની સંખ્યા ૨૦૧ ની થઇ છે.વર્ષ આખરે ફ્લીટની સંખ્યા જે હતી તે નીચે જણાવ્યા અનુસારની છે.

અ.નં	વિગત	સંસ્થાની બસોની સંખ્યા	પ્રાઇવેટ ઓપરેટરના બસોની સંખ્યા
૨	સી.એન.જી. રેગ્યુલર	૦	-
૩	મીડી (ડીઝલ)	-	૧૫૨
૪	ટા ટા ફીડર બસ (સી.એન.જી.)	૧૩૨	-
૫	લેલેન્ડ ફીડર બસ (સી.એન.જી.)	૯૧	-
૬	રેગ્યુલર લેલેન્ડ (ડીઝલ)		૧૪૮
૭	જી.ઓ.જી. મીડી (ટા ટા)	૭૫	-
૮	મીની	૮	-
૯	સી.એન.જી. મીડી (ટા ટા)	-	૨૨૫
	કુલ :-	૩૦૬	૫૨૫

સને ૨૦૧૭ -૧૮ નાં વર્ષ દરમ્યાન પરિવહન સેવાનો શહેરીજનો દ્વારા મહતમ લાભ લેવાય અને પ્રવાસીઓ બસ સેવા તરફ આકર્ષાય તે માટે નીચે મુજબના પગલાંઓ લેવામાં આવેલ છે.

૧ પ્રવાસીઓ માટે સહેલાઈથી પ્રવાસ કરવા માટે મનપસંદ પ્રવાસ યોજના અઠવાડીયાના તમામ દિવસો માટે દૈનિક –રૂ. ૩૫ /- તમામ પ્રવાસી માટે અને દૈનિક રૂ. ૧૦ /- સોમવારથી શનીવાર તથા રવિવારે રૂ.૫ /- બાળકો માટે પ્રથમ પાળીથી રાત્રીના ૧૧:૦૦ સુધી આ ઉપરાંત સ્ત્રીઓ માટે દૈનિક રૂ. ૨૦ /- સોમવારથી શનીવાર તથા રવિવારે રૂ.૧૫ /- સવારના ૧૧:૦૦ થી રાત્રિના ૧૧:૦૦ સુધી અમલી બનાવી છે.

૨ નિયમિત પ્રવાસ કરતાં પ્રવાસીઓ માટે ૫૦ ટકાના ભાડા મુજબની ત્રિમાસિક પાસ યોજના ચાલુ રાખેલ છે.

૩ નિયમિત પ્રવાસ કરતાં પ્રવાસીઓ માટે બી.આર.ટી.એસ. ની માફક જનમિત્ર કાર્ડ બનાવવાની શરૂઆત કરેલ છે.

૪ . શહેરીજનોના સ્વાસ્થ્ય અને સુખાકારી માટે તેમજ પર્યાવરણની સાચવણીના ભાગરૂપે સંસ્થાની ડીઝલ બસો સાથે સી.એન.જી. ગેસ આધારિત બસોનો પ્રારંભ કરી ઉતરોતર વધારો કરવામાં આવેલ છે.

અમદાવાદ મ્યુનિસિપલ ટ્રાન્સપોર્ટ સર્વિસ

પત્રક નં :-૨

ક્રમ	વિગત	૨૦૦૭-૦૮	૨૦૦૮-૦૯	૨૦૦૯-૧૦	૨૦૧૦-૧૧	૨૦૧૧-૧૨	૨૦૧૨-૧૩	૨૦૧૩-૧૪	૨૦૧૪-૧૫	૨૦૧૫-૧૬	૨૦૧૬-૧૭	૨૦૧૭-૧૮
૧	૩૧ માર્ચના રોજ બસોનું ફ્લીટ	૯૮૬	૧૦૦૧	૯૫૨	૯૦૦	૧૧૫૩	૧૦૮૧	૧૦૨૦	૯૩૭	૯૯૭	૮૯૭	૮૩૨
૨	સરેરાશ દૈનિક રોડ પર ફરતી બસોની સંખ્યા	૮૮૪	૮૧૬	૭૫૧	૬૭૪	૬૭૧	૭૫૦	૭૨૮	૭૧૯	૮૦૫	૮૭૫	૬૮૫
૩	રોડ પર ફરતી બસોની કેરીંગ કેપેસિટી	૫૧૩૯૩	૪૮૫૦૦	૪૫૩૦૬	૪૦૫૮૦	૩૯૫૮૨	૪૦૩૩૯	૩૯૭૭૧	૩૯૮૦૭	૪૦૨૦૮	૩૫૪૧૫	૨૫૮૩૨
૪	વર્ષ દરમ્યાન કુલ ગ્રોસ કી.મી.(કરોડમાં)	૭.૬૯	૭.૦૧	૬.૪૬	૫.૭૦	૫.૨૮	૫.૭૬	૫.૭૧	૫.૫૫	૫.૩૨	૫.૪૦	૪.૭૯
૫	દરરોજની સરેરાશ સીંગલ ટ્રીપ્સ	૧૧૬૮૪	૧૦૪૫૨	૯૫૯૨	૮૪૨૭	૮૧૦૬	૮૮૪૦	૮૮૬૦	૯૦૪૦	૯૩૦૩	૮૫૬૦	૯૩૫૨
૬	વર્ષ દરમ્યાન કુલ પ્રવાસીઓની સંખ્યા (કરોડમાં)	૩૦.૮૮	૨૯.૯૫	૨૯.૮૬	૨૯.૦૪	૨૯.૩૪	૨૩.૯૬	૨૦.૨૩	૨૦.૨૪	૨૭.૬૦	૨૦.૯૪	૧૮.૦૬
૭	દરરોજના સરેરાશ પ્રવાસીઓની સંખ્યા (લાખમાં)	૮.૪૪	૮.૨૦	૮.૧૮	૭.૯૬	૮.૦૨	૬.૫૬	૫.૫૪	૫.૫૫	૬.૨૧	૫.૭૪	૪.૯૫
૮	વર્ષ દરમ્યાન કુલ આવક (રૂ. કરોડમાં)	૧૦૯.૮૧	૧૧૨.૯૬	૧૧૮.૩૩	૧૦૯.૭૧	૧૧૮.૭૧	૧૪૩.૮૮	૧૫૩.૬૯	૧૩૦.૨૯	૧૩૦.૩૫	૧૧૩.૯૯	૧૧૨.૮૧
૯	વર્ષ દરમ્યાન કુલ ખર્ચ (રૂ. કરોડમાં)	૧૯૫.૦૩	૨૧૩.૭૩	૨૩૯.૬૧	૨૫૦.૧૯	૨૭૯.૯૮	૩૩૦.૧૦	૩૭૩.૯૧	૩૭૬.૮૫	૪૦૬.૯૨	૪૧૯.૩૮	૪૨૧.૩૫
૧૦	એસ્ટાબ્લીસ્મેન્ટનું ખર્ચ (એરિયર્સ સાથે)	૭૬.૮૬	૯૪.૫૫	૧૧૯.૭૨	૧૪૦.૧૬	૧૬૦.૧૪	૧૭૫.૯૭	૧૮૬.૧૬	૨૦૮.૯૮	૨૦૨.૫૯	૧૯૫.૫૬	૧૪૮.૦૮
૧૧	પોલીસમાં નોંધાયેલ અકસ્માતની સંખ્યા	૮૫	૧૯૪	૧૮૯	૧૭૯	૧૩૩	૧૩૫	૯૯	૮૬	૧૩૫	૧૨૫	૭૭
૧૨	વર્ષ દરમ્યાન પ્રાણઘાતક અકસ્માતોની સંખ્યા	૩૩	૧૯	૧૭	૧૭	૨૦	૧૫	૧૭	૧૪	૧૯	૧૩	૧૦
૧૩	લોડ ફેક્ટર (%)	૫૪.૭૭	૫૪.૩૩	૫૮.૧૮	૬૭.૧૧	૭૪.૦૨	૬૩.૮૭	૫૧.૮૫	૫૬.૫૪	૬૨.૦૧	૬૫.૯૨	૭૭.૨૧
૧૪	દરરોજના સરેરાશ કે.એમ.પી.એલ (એ.એમ.ટી.એસ.)	૩.૪૭	૩.૪૯	૩.૪૭	૩.૪૭	૩.૨૬	૩.૧૭	૩.૦૭	૩.૨૧	૩.૨૨	૨.૩૭	૨.૩૦
૧૫	વર્ષના આખરે ચાલુ રૂટની સંખ્યા	૧૫૨	૧૫૬	૧૫૮	૧૬૬	૧૭૧	૧૭૪	૧૮૭	૧૮૬	૧૯૪	૧૬૭	૧૬૫

અમદાવાદ મ્યુનિસિપલ ટ્રાન્સપોર્ટ સર્વિસ

પત્રક નં :- ૧૦.૧

* બસોની ફ્લીટ, દૈનિક સરાસરી બસો, મુસાફરો અને ગ્રોસ કી.મી.દર્શાવતું પત્રક *

અ.નં	વર્ષ	બસોની સંખ્યા (ફ્લીટ)	બસ રૂટની સંખ્યા (ઓપરેટીંગ +નોન ઓપરેટીંગ)	રસ્તા પર ફરતી બસોની સંખ્યા	દૈનિક સરાસરી ગ્રોસ કી.મી.	દરરોજના સરાસરી મુસાફરોની સંખ્યા
૧	૧૯૮૧-૮૨	૬૫૦	૨૦૮	૫૫૧	૧૦૫૩૯૭	૮૩૯૧૭૮
૨	૧૯૯૧-૯૨	૭૩૨	૨૩૨	૬૧૩	૧૧૯૫૦૮	૭૧૯૩૯૯
૩	૨૦૦૧-૦૨	૮૦૧	૧૩૬	૬૩૦	૧૨૯૯૦૦	૫૭૪૨૫૭
૪	૨૦૦૩-૦૪	૬૦૧	૧૧૦	૩૮૨	૭૯૫૬૨	૩૨૫૨૭૮
૫	૨૦૦૪-૦૫	૫૪૦	૧૧૭	૫૪૦	૮૦૫૬૧	૩૪૯૬૫૩
૬	૨૦૦૭-૦૮AMTS PVT	૪૮૪ ૫૦૨	૯૫ ૫૭	૪૧૯ ૪૬૫	૮૮૨૮૧ ૧૨૧૯૨૮	૪૦૧૫૦૮ ૪૪૨૨૬૫
૭	૨૦૦૮ -૦૯AMTS PVT	૪૭૫ ૫૨૬	૯૨ ૬૪	૩૯૩ ૪૨૩	૮૪૦૯૪ ૧૦૭૯૫૨	૩૮૭૩૯૦ ૪૩૩૦૭૪
૮	૨૦૦૯-૧૦ AMTS PVT	૪૨૬ ૫૨૬	૯૬ ૬૨	૩૫૦ ૪૦૧	૭૫૦૨૦ ૧૦૨૦૭૮	૩૬૨૦૫૯ ૪૫૬૦૯૫
૯	૨૦૧૦ -૧૧ AMTS PVT	૫૨૦ ૩૮૦	૧૨૪ ૪૨	૩૫૬ ૩૧૮	૭૪૧૬૪ ૮૧૮૮૪	૩૯૫૯૦૩ ૩૯૯૮૨૩
૧૦	૨૦૧૧-૧૨ AMTS PVT	૮૩૬ ૩૧૭	૧૪૦ ૩૧	૪૧૮ ૨૫૩	૮૦૫૩૯ ૬૩૫૯૬	૪૬૦૫૫૭ ૩૪૧૦૭૯
૧૧	૨૦૧૨-૧૩ AMTS+O&M PVT	૮૦૪ ૨૭૭	૧૪૫ ૨૯	૫૧૮ ૨૩૨	૧૦૦૯૮૨ ૫૬૭૩૨	૪૫૦૭૯૭ ૨૦૫૬૩૩
૧૨	૨૦૧૩-૧૪ AMTS O & M PVT	૫૮૦ ૧૭૨ ૨૬૮	૧૪૫ ૧૨ ૩૦	૩૪૩ ૧૭૧ ૨૧૪	૬૯૩૪૯ ૩૬૧૧૬ ૫૧૧૦૦	૨૫૬૬૩૩ ૧૩૮૯૨૩ ૧૫૮૬૧૯
૧૩	૨૦૧૪-૧૫ AMTS/BRTS O & M PVT	૪૯૪ ૧૭૨ ૨૭૧	૧૪૨ ૧૩ ૩૧	૩૨૦ ૧૭૦ ૨૨૯	૬૭૨૨૨ ૩૬૨૧૯ ૫૦૧૪૫	૨૪૨૭૪૨ ૧૫૪૬૩૬ ૧૫૭૨૪૪

১৪	২০১৫-১৬	AMTS	৪৫০	১৩০	২৫৫	৫৫৩৪৪	২০৫৫৪০
		O & M	১৩২	১৩	১৬১	২৩০৫৪	১৫৩৩৩৬
		PVT	৩৩৩	৫১	৩৫৪	৩৫৩০০	২৬২২৫৫
১৪	২০১৬-১৩	AMTS	৩৩২	৫১	১৫১	৩৫১১৪	১২২৫৫৫
		O & M	২১৩	১৬	১৫৫	৩৩৪৫২	১৪১৩৬৫
		PVT	৪০২	৬০	৩৫৫	৩৪৫৪৬	৩০৫৪৫৬
১৫	২০১৩-১৫	AMTS	২৬৪	৫৫	১২৩	২৪৩৫৩	৩৩৫৩৬
		O & M	১৫০	১২	১৫৫	২৫১৫৩	১০৩২৪৫
		PVT	৪১৩	৫০	৪০৫	৩৫৩০৩	৩১০২৫১

અમદાવાદ મ્યુનિસિપલ ટ્રાન્સપોર્ટ સર્વિસ

પત્રક નં :- ૧૦.૨

: અ.મ્યુ.ટ્રા.સ.ના ભાડાના દરોનું પત્રક :

અંતર કી.મી.માં	અમલ તા.૦૧-૦૪-૧૭		અંતર કી.મી.માં	અમલ તા.૦૧-૦૪-૧૭
૦-૧	૩૦૦		૨૨-૨૩	૧૮૦૦
૧-૨	૩૦૦		૨૩-૨૪	૧૮૦૦
૨-૩	૭૦૦		૨૪-૨૫	૧૮૦૦
૩-૪	૭૦૦		૨૫-૨૬	૧૮૦૦
૪-૫	૯૦૦		૨૬-૨૭	૨૦૦૦
૫-૬	૯૦૦		૨૭-૨૮	૨૦૦૦
૬-૭	૧૧૦૦		૨૮-૨૯	૨૦૦૦
૭-૮	૧૧૦૦		૨૯-૩૦	૨૦૦૦
૮-૯	૧૨૦૦		૩૦-૩૧	૨૦૦૦
૯-૧૦	૧૨૦૦		૩૧-૩૨	૨૦૦૦
૧૦-૧૧	૧૩૦૦		૩૨-૩૩	૨૨૦૦
૧૧-૧૨	૧૩૦૦		૩૩-૩૪	૨૨૦૦
૧૨-૧૩	૧૩૦૦		૩૪-૩૫	૨૨૦૦
૧૩-૧૪	૧૩૦૦		૩૫-૩૬	૨૨૦૦
૧૪-૧૫	૧૫૦૦		૩૬-૩૭	૨૨૦૦
૧૫-૧૬	૧૫૦૦		૩૭-૩૮	૨૨૦૦
૧૬-૧૭	૧૫૦૦		૩૮-૩૯	૨૩૦૦
૧૭-૧૮	૧૫૦૦		૩૯-૪૦	૨૩૦૦
૧૮-૧૯	૧૭૦૦			
૧૯-૨૦	૧૭૦૦			
૨૦-૨૧	૧૭૦૦			
૨૧-૨૨	૧૭૦૦			

અમદાવાદ મ્યુનિસિપલ ટ્રાન્સપોર્ટ સર્વિસ

પત્રક નં :- ૧૦.૩

* અ.મ્યુ.ટ્રા.સ.ની બસોનું ઉમર પ્રમાણે વર્ગીકરણ દર્શાવતું પત્રક *

અ.નં .	વર્ષ	બસોની ઉમર (વર્ષમાં)				બસોની કુલ સંખ્યા	સરેરાશ ઉમર
		૧ થી ૪	૫ થી ૮	૯ થી ૧૦	૧૧ અને વધુ		
૧	૨૦૧૬-૧૭	૧૭૪	૧૩૨	૦	૦૧	૩૦૭	૪.૫૯
	ટકાવારી (%)	૫૬.૬૮	૪૩.૦૦	૦	૦.૩૨	૧૦૦%	

અમદાવાદ મ્યુનિસિપલ ટ્રાન્સપોર્ટ સર્વિસ

પત્રક નં :- ૧૦.૪

* અ.મ્યુ.ટ્રા.સ.ની રોડ પર ફરતી બસોની છેલ્લા ત્રણ વર્ષની કેરીંગ કેપેસીટી અને તેનો ટકાવારી ઉપયોગ દર્શાવતું પત્રક

અ.નં	વિગત	૨૦૧૫-૧૬			૨૦૧૬-૧૭			૨૦૧૭ -૧૮		
		AMTS	**O&M**	**PVT**	**AMTS**	**O&M**	**PVT**	**AMTS**	**O&M**	**PVT**
૧	રોડ પર ફરતી બસોની સરેરાશ સંખ્યા	290	161	354	191	198	389	123	158	405
૨	રોડ પર ફરતી બસોની સરેરાશ કેરીંગ કેપેસીટી	15706	8070	16433	9860	8529	16899	6382	6494	15527
૩	રોડ પર ફરતી બસોની પ્રતિ બસ સરેરાશ કેરીંગ કેપેસીટી	54.16	50.12	46.42	51.70	48.43	44.86	52.00	41.21	38.34
૪	દરરોજની સરેરાશ સીંગલ ટ્રીપો	3358	1849	4302	2108	2628	6518	1632	1683	6037
૫	રોડ પર ફરતી બસોની દૈનિક સરેરાશ કેપેસીટી	181865	92680	199703	157772	85293	304189	84864	69357	231459
૬	ખરેખર દૈનિક સરેરાશ મુસાફરોની સંખ્યા	205940	153336	262295	122895	141368	309496	77536	107245	310281
૭	કેરીંગ કેપેસીટીનો ટકાવારી ઉપયોગ	113.24	165.45	131.34	77.89	165.74	101.75	91.36	154.62	134.05

AGE OF AMTS BUSES

Fleet as on 31st March-2018

SR. NO.	VEHICLE NOS.	MAKE	AGE IN YEAR	NO. OF BUSES	TOTAL AGE OF BUSES
1	1 TO 4 Years				
	G.O.G. SMART MIDI S.A.M-1 TO 75	TATA	2	75	150
	MINI RTM-1 TO 8	MHINDRA	2	8	16
May	CNG FEEDER JA-975 TO 994,996TO 998	Leyland	4	23	92
May	CNG FEEDER JA-1000 to 1016,1018 to 1030	Leyland	4	30	120
May	CNG FEEDER JA-1032 to 1037,1039 to 1042	Leyland	4	10	40
June	CNG FEEDER JA-1043 TO 1049	Leyland	4	7	28
Oct	CNG FEEDER JA-1050 TO 1069, 1071	Leyland	4	21	84
	TOTAL			**174**	**530**
2	5 TO 8 Years				
	CNG FEEDER JM-263 TO 275 (Apr-12 to Dec-12)	TATA (MARCO POLO)	5	13	65
	CNG FEEDER JM-212 TO 216, 218 TO 234,236,238 TO 262 (Jan-12 to Mar-12)	TATA (MARCO POLO)	6	48	288
	CNG FEEDER JM-146 TO 159 ,161 TO 165, 167 TO170,172,173,175,177 TO 190,192 TO 207,209 TO211 (upto Dec-11)	TATA (MARCO POLO)	7	59	413
	CNG FEEDER JT-95,96,98,101,106 ,107,110,111,119,131,133,138, (upto Dec-11)	TATA	7	12	84
	TOTAL			**132**	**850**
3	9 TO 10 Years				
	TOTAL			**0**	**0**
4	11 TO 15 Years				
	TOTAL			**0**	**0**
5	16 TO 20 Years				
	TOTAL			**0**	**0**
TOTAL BUSES				**306**	**1380**

Total Age of Buses /	Nos.of Buses =	Average Age Of Buses
1380	306	4.51

AGEWISE BUSES			
YEAR	Nos. of Buses	Percentage (%)	
1 TO 4 Years	174	56.86	
5 TO 8 Years	132	43.14	
9 TO 10 Years	0	0	
11 to 15	0	0.00	Over Age (Above 8 Yrs.)
16 to 20	0	0.00	0.00
TOTAL	**306**	**100**	

AGE OF BUSES (1978-79 Onwards)							
YEAR		AGE OF BUSES (YEARS BLOCKWISE)					AVERAGE
		1 TO 4	5 TO 8	9 TO 10	11 & above	TOTAL	YEARS
1978-79	Buses	186	164	70	177	597	8.19
	(%)	31.16	27.47	11.73	29.65	100.00	
1979-80	Buses	167	149	55	222	593	9.11
	(%)	28.16	25.13	9.27	37.44	100.00	
1980-81	Buses	120	160	90	240	610	9.80
	(%)	19.67	26.23	14.75	39.34	100.00	
1981-82	Buses	175	130	89	268	662	9.81
	(%)	26.44	19.64	13.44	40.48	100.00	
1982-83	Buses	87	185	74	318	664	10.67
	(%)	13.10	27.86	11.14	47.89	100.00	
1983-84	Buses	98	166	60	332	656	11.27
	(%)	14.94	25.30	9.15	50.61	100.00	
1984-85	Buses	172	120	56	335	683	10.40
	(%)	25.18	17.57	8.20	49.05	100.00	
1985-86	Buses	112	175	41	343	671	11.28
	(%)	16.69	26.08	6.11	51.12	100.00	
1986-87	Buses	105	87	100	377	669	12.26
	(%)	15.70	13.00	14.95	56.35	100.00	
1987-88	Buses	151	98	96	336	681	11.50
	(%)	22.17	14.39	14.10	49.34	100.00	
1988-89	Buses	96	172	20	420	708	11.77
	(%)	13.56	24.29	2.82	59.32	100.00	
1989-90	Buses	167	112	79	388	746	11.28
	(%)	22.39	15.01	10.59	52.01	100.00	
1990-91	Buses	207	105	67	377	756	11.21
	(%)	27.38	13.89	8.86	49.87	100.00	
1991-92	Buses	140	151	19	422	732	12.06
	(%)	19.13	20.63	2.60	57.65	100.00	
1992-93	Buses	157	85	105	412	759	12.01
	(%)	20.69	11.20	13.83	54.28	100.00	
1993-94	Buses	95	116	93	420	724	13.26
	(%)	13.12	16.02	12.85	58.01	100.00	
1994-95	Buses	55	138	0	512	705	14.44
	(%)	7.80	19.57	0.00	72.62	100.00	
1995-96	Buses	100	80	58	486	724	14.10
	(%)	13.81	11.05	8.01	67.13	100.00	
1996-97	Buses	203	133	58	426	820	11.56
	(%)	24.76	16.22	7.07	51.95	100.00	
1997-98	Buses	311	95	40	436	882	10.48
	(%)	35.26	10.77	4.54	49.43	100.00	
1998-99	Buses	311	55	80	436	882	11.48
	(%)	35.26	6.24	9.07	49.43	100.00	

1999-00	Buses	326	100	40	476	942	11.75
	(%)	34.61	10.62	4.25	50.53	100.00	
YEAR		AGE OF BUSES (YEARS BLOCKWISE)					AVERAGE
		1 TO 4	5 TO 8	9 TO 10	11 & above	TOTAL	YEARS
2000-01	Buses	170	202	53	461	886	11.82
	(%)	19.19	22.80	5.98	52.03	100.00	
2001-02	Buses	61	310	55	375	801	11.54
	(%)	7.62	38.70	6.87	46.82	100.00	
2002-03	Buses	61	310	2	314	687	10.94
	(%)	8.88	45.12	0.29	45.71	100.00	
2003-04	Buses	1	325	45	230	601	10.47
	(%)	0.17	54.08	7.49	38.27	100.00	
2004-05	Buses	3	169	200	168	540	10.54
	(%)	0.56	31.30	37.04	31.11	100.00	
2005-06	Buses	57	61	264	173	555	9.92
	(%)	10.27	10.99	47.57	31.17	100.00	
2006-07	Buses	102	61	109	289	561	9.61
	(%)	18.18	10.87	19.43	51.52	100.00	
2007-08	Buses	102	1	60	321	484	9.63
	(%)	21.07	0.21	12.40	66.32	100.00	
2008-09	Buses	100	3	60	312	475	10.47
	(%)	21.05	0.63	12.63	65.68	100.00	
2009-10	Buses	45	57	1	323	426	11.07
	(%)	10.56	13.38	0.23	75.82	100.00	
2010-11	Buses	94	102	1	323	520	10.07
	(%)	18.08	19.62	0.19	62.11	100.00	
2011-12	Buses	425	102	0	309	836	6.90
	(%)	50.84	12.20	0	36.96	100.00	
2012-13	Buses	449	100	2	253	804	6.95
	(%)	55.85	12.44	0.25	31.47	100.00	
2013-14	Buses	546	45	57	104	752	5.02
	(%)	72.61	5.98	7.58	13.83	100.00	
2014-15	Buses	546	0	78	7	631	4.06
	(%)	86.53	0	12.36	1.11	100.00	
2015-16	Buses	262	272	0	55	589	4.66
	(%)	44.48	46.18	0	9.34	100	
2016-17	Buses	198	348	0	1	547	3.15
	(%)	36.20	63.62	0	0.18	100	
2017-18	Buses	174	132	0	0	307	4.51
	(%)	56.86	43.14	0	0	100	

૧૧. કાંકરિયા લેક ફ્રન્ટ
વાર્ષિક વહીવટી અહેવાલ
સને ૨૦૧૭-૧૮

વર્ષ-૨૦૦૬માં કાંકરિયા લેકનાં નવનિર્માણની કાર્યવાહી શરૂ કરવામાં આવી. અંદાજે ૩૬ કરોડનાં ખર્ચે કાંકરિયા લેક ફ્રન્ટનું નવનિર્માણ કાર્ય કરવામાં આવ્યું. નવનિર્માણ પામેલ કાંકરિયા લેક ફ્રન્ટ પર તા. ૨૫ થી ૩૧ ડિસેમ્બર-૨૦૦૮ દરમ્યાન ભવ્ય અને અવિસ્મરણિય કાંકરિયા કાર્નિવલ-૨૦૦૮ ના આયોજન બાદ જાન્યુઆરી ૨૦૦૯માં કાંકરિયા લેક ફ્રન્ટને જાહેર જનતા માટે ખુલ્લું મુકવામાં આવ્યું.

કાંકરિયા લેક ફ્રન્ટ વિભાગ હસ્તકનાં વિવિધ આકર્ષણો નીચે મુજબ છે.

- દેશભરમાં વિશિષ્ટ એવી અટલ એક્સપ્રેસ ટ્રેન અને સ્વર્ણિમ જયંતી એક્સપ્રેસ ટ્રેન
- દેશભરમાં સર્વપ્રથમ બલુન સફારી રાઈડ
- દેશભરમાં સર્વપ્રથમ કિડ્સ સિટી
- ગુજરાત અને અમદાવાદનાં ઈતિહાસ અને મહત્વનાં પ્રસંગોને સાંકળતું સેન્ડ સ્ટોન મ્યુરલ પાર્ક
- એડવેન્ચર ટ્રી વોક
- મિનીએચર ગોલ્ફ કોર્સ
- સેગ-વે સફારી
- મીરર મેઝ
- આર્ચરી રેન્જ
- એકવા કાર્ટ
- વોટર બબલ
- બંજી ઈજેકશન-ટ્રેમ્પોલિન
- ઝોર્બિંગ
- એમ્યુઝમેન્ટ પાર્ક - ૧ તથા ૨

તદ્ઉપરાંત મુલાકાતીઓની સુવિધા માટે,

- વિવિધ જાણીતી કંપનીના ફુડ સ્ટોલ્સ
- આકર્ષક લેન્ડ સ્કેપ્સ
- સુમધુર ડિજીટલ મ્યુઝિક
- આકર્ષક રોશની
- પબ્લિક એડ્રેસ અને પબ્લિક ઈન્ફોર્મેશન સિસ્ટમ
- પીવા માટે ફિલ્ટર્ડ વોટરની સુવિધા
- વોશરૂમ
- બાળકો માટે જલપરી બસ
- ફિઝીકલી ચેલેન્જડ મુલાકાતીઓ માટે દરેક પ્રવેશદ્વાર પર વ્હીલ ચેરની વ્યવસ્થા

કાંકરિયા લેક ફ્રન્ટના સરળ અને પ્રોફેશનલ ઓપરેશન્સ અને મેઈન્ટેનન્સ માટે વિવિધ સુવિધાઓ જેવીકે, મિકેનાઈઝ્ડ અને મેન્યુઅલ હાઉસકિપીંગ, ઈલેક્ટ્રોમિકેનિકલ સર્વિસીસ, સિક્યોરિટી આઉટસોર્સ કરવામાં આવેલ છે.

કાંકરિયા લેક ફ્રન્ટ ખાતે મુલાકાત લેતાં નાના ભુલકાઓ, નાના મોટા વિદ્યાર્થીઓ, યુવાન અને વૃધ્ધો એમ તમામને આકર્ષે એવા ઉપરોક્ત દર્શાવેલ અનેક આકર્ષણોનો ઉમેરો ફેઈઝ્ડ વાઈઝ મેનરમાં કાંકરિયા લેક ફ્રન્ટ ખાતે કરવામાં આવેલ છે.

કાંકરિયા લેક ફ્રન્ટ ખાતે નીચે દર્શાવ્યા મુજબ તબક્કાવાર વિવિધ આકર્ષણો ઉમેરવામાં આવ્યા.

અટલ એક્સપ્રેસ ટ્રેન

- લોકાર્પણ ડિસેમ્બર-૨૦૦૮માં કરવામાં આવ્યું.
- મૂડીરોકાણ અમદાવાદ મ્યુનિસિપલ દ્વારા
- કોમ્પ્રિહેન્સિવ ઓપરેશન અને મેઈન્ટેનન્સ આવા કામની જાણકાર અને પ્રતિષ્ઠિત એજન્સી દ્વારા પીપીપી - ઓઉટસોર્સિંગ મોડ

હિલીયમ તિથર્ડ બલુન - બલુન સફારી

- લોકાર્પણ સપ્ટેમ્બર-૨૦૧૦માં કરવામાં આવ્યું.
- પબ્લિક પ્રાઈવેટ પાર્ટનરશીપ મોડ પર પ્રાઈવેટ એજન્સી દ્વારા સંપૂર્ણ મુડીરોકાણ, ઓપરેશન મેઈન્ટેનન્સ અને મેનેજમેન્ટ એજન્સી દ્વારા

સ્વર્ણિમ જયંતી એક્સપ્રેસ ટ્રેન

- લોકાર્પણ નવેમ્બર-૨૦૧૦માં કરવામાં આવ્યું.
- મૂડીરોકાણ અમદાવાદ મ્યુનિસિપલ દ્વારા
- કોમ્પ્રિહેન્સિવ ઓપરેશન અને મેઈન્ટેનન્સ આવા કામની જાણકાર અને પ્રતિષ્ઠિત એજન્સી દ્વારા પીપીપી - ઓઉટસોર્સિંગ મોડ

કિડ્સ સિટી

- લોકાર્પણ ડિસેમ્બર-૨૦૧૦માં કરવામાં આવ્યું.
- કાંકરિયા લેક ફ્રન્ટ ખાતે "લર્નિંગ બાય ડુઈંગ"ની થીમ પર આધારિત ભારતભરમાં સર્વપ્રથમ પ્રોજેક્ટ
- એજ્યુટેઈન્મેન્ટ (એન્ટરટેઈન્મેન્ટ + એજ્યુકેશન) બેઈઝ્ડ ૧૭ એક્ટિવિટી
- પીપીપી - ઓઉટસોર્સિંગ મોડ પર અ.મ્યુ.કો. સહિત વિવિધ એક્ટિવીટી પાર્ટનર્સ દ્વારા સંચાલન-કોઓર્ડિનેશન

વર્ષ - ૨૦૧૧માં કાંકરિયા કાર્નિવલ-૨૦૧૧ દરમ્યાન કાંકરિયા લેક ફ્રન્ટ ખાતે નીચે દર્શાવેલ નવા આકર્ષણોનો ઉમેરો કરવામાં આવેલ છે.

સેન્ડ સ્ટોન હિસ્ટ્રી મ્યુરલ, ફેઝ-૧

- ગુજરાત અને અમદાવાદની અસ્મિતા, ઈતિહાસ, સાંસ્કૃતિક અને આર્થિક વિકાસના વિવિધ પાસાઓ, ઐતિહાસિક પ્રસંગો અને વિશેષ વ્યક્તિઓની ગાથા દર્શાવતું કાંકરિયા તળાવની અંદરની પાળે
- લોકાર્પણ ડિસેમ્બર-૨૦૧૧માં કરવામાં આવ્યું.
- મૂડીરોકાણ અમદાવાદ મ્યુનિસિપલ દ્વારા

રિક્રિએશન રાઈડ્સ

- લોકાર્પણ ડિસેમ્બર-૨૦૧૧માં કાંકરિયા કાર્નિવલ દરમ્યાન કરવામાં આવ્યું.
- પબ્લિક પ્રાઈવેટ પાર્ટનરશીપ મોડ પર પ્રાઈવેટ એજન્સી દ્વારા સંપૂર્ણ મુડીરોકાણ, ઓપરેશન મેઈન્ટેનન્સ અને મેનેજમેન્ટ
- રાઈડ્સ : વોટર બબલ રાઈડ- ઝોર્બ બોલ, બંજી ઈજેક્શન, બંજી ટ્રેમ્પોલીન, ડેઝર્ટ સફારી કાર, બેબીકાર, મુન વોકર, ઓબ્સ્ટેકલ કોર્સિસ, આર્ટિફિસિયલ રોક ક્લાઈમ્બીંગ

વર્ષ - ૨૦૧૨માં કાંકરિયા કાર્નિવલ-૨૦૧૨ દરમ્યાન કાંકરિયા લેક ફ્રન્ટ ખાતે નીચે દર્શાવેલ નવા આકર્ષણોનો ઉમેરો કરવામાં આવેલ છે.

રિક્રિએશન રાઈડ્સ

- લોકાર્પણ ડિસેમ્બર-૨૦૧૨માં કાંકરિયા કાર્નિવલ દરમ્યાન કરવામાં આવ્યું.
- પબ્લિક પ્રાઈવેટ પાર્ટનરશીપ મોડ પર પ્રાઈવેટ એજન્સી દ્વારા સંપૂર્ણ મુડીરોકાણ, ઓપરેશન મેઈન્ટેનન્સ અને મેનેજમેન્ટ
- રાઈડ્સ : સેગ-વે સફારી, આર્ચરી એડવેન્ચર, એક્વા કાર્ટીંગ, ટ્રી વોક એન્ડ ઓબ્સ્ટેકલ કોર્ષિસ, મીરર મેઝ

વર્ષ - ૨૦૧૩માં કાંકરિયા કાર્નિવલ-૨૦૧૩ દરમ્યાન કાંકરિયા લેક ફ્રન્ટ ખાતે નીચે દર્શાવેલ નવા આકર્ષણોનો ઉમેરો કરવામાં આવેલ છે.

રિક્રિએશન રાઈડ્સ

- લોકાર્પણ ડિસેમ્બર-૨૦૧૩માં કાંકરિયા કાર્નિવલ દરમ્યાન કરવામાં આવ્યું.
- પબ્લિક પ્રાઈવેટ પાર્ટનરશીપ મોડ પર પ્રાઈવેટ એજન્સી દ્વારા સંપૂર્ણ મુડીરોકાણ, ઓપરેશન મેઈન્ટેનન્સ અને મેનેજમેન્ટ
- રાઈડ્સ : બુલ રાઈડ, બોલ પીટ, બોલીંગ એલી, ઝોર્બિંગ, અલ્પાઈન ટાવર, કિડ્સ ઝોન

કાંકરિયા લેક ફ્રન્ટ ખાતે પબ્લિક પ્રાઈવેટ પાર્ટનરશીપના ધોરણે આંતરરાષ્ટ્રીય કક્ષાનું એમ્યુઝમેન્ટ પાર્ક

- ✓ કાંકરિયા લેક ફ્રન્ટ ખાતે મુલાકાત લેતાં નાના ભુલકાઓ, નાના મોટા વિદ્યાર્થીઓ, યુવાન અને વૃધ્ધો એમ તમામને આકર્ષે એવા અનેક આકર્ષણોનો દર વર્ષે ઉમેરો ફેઈઝ્ડ વાઈઝ મેનરમાં કાંકરિયા લેક ફ્રન્ટ ખાતે કરવામાં આવે છે.
- ✓ તે મુજબ, કાંકરિયા લેક ફ્રન્ટ ખાતે પબ્લિક પ્રાઈવેટ પાર્ટનરશીપના ધોરણે આંતરરાષ્ટ્રીય કક્ષાનું એમ્યુઝમેન્ટ પાર્ક તૈયાર કરવામાં આવેલ છે.
- ✓ કાંકરિયા લેક ફ્રન્ટ ખાતે વર્ષ - ૨૦૧૪માં નવેમ્બર-૨૦૧૪માં શરૂ કરવામાં આવેલ એમ્યુઝમેન્ટ પાર્ક-૧ તથા કાંકરિયા કાર્નિવલ-૨૦૧૪ દરમ્યાન શરૂ કરવામાં આવેલ એમ્યુઝમેન્ટ પાર્ક-૨માં નીચે મુજબની રિક્રીએશન એક્ટિવીટીઝ - રાઈડ્ઝનો સમાવેશ કરવામાં આવેલ છે.
- ✓ એમ્યુઝમેન્ટ પાર્ક - ૧
    - બુમરેંગ ફેમિલી રોલર કોસ્ટર
    - મેગા ડિસ્કો
    - ટાવર રાઈડ
    - ફ્લિપીંગ એક્શન આર્મ
    - કેરોઝલ
    - કિડ્ઝ ઝોન અને પેઈન્ટ બોલ
- ✓ એમ્યુઝમેન્ટ પાર્ક - ૨
    - ડિસ્કવરી / ફ્રીઝબી
    - બ્લેકફ્લેશ / મેવરીક
    - રીંગ ઓફ ફાયર
    - ફ્લાઈંગ ચર્સ
    - કિડ્સ ઝોન

    વર્ષ - ૨૦૧૬માં કાંકરિયા લેક ફ્રન્ટ ખાતે નીચે દર્શાવેલ રિક્રિએશન રાઈડ્સનો ઉમેરો કરવામાં આવેલ છે.

    - વોટર બબલ રાઈડ, હયુમન ગાયરોસ્કોપ, મેલ્ટ ડાઉન, ઈન્ફ્લેટેડ ક્લાઈમ્બીંગ વોલ
    - વેલ ક્રો સ્પાઈડર વોલ ,સોફ્ટ બોલપીટ, ઈન્ફ્લેટેડ ઓબસ્ટેકલ કોર્સ, બંજી રન, ટ્રીપલ સર્ફ બોર્ડ, હોંટડ સીઝન
    - કિડ્ઝ ઝોન, ગેમીંગ ઝોન,ફન ઝોન
    - બંજી ટ્રેમ્પોલીન

અ.મ્યુ.કો. દ્વારા વાર્ષિક મહોત્સવ તરીકે દર વર્ષે તા.૨૫ થી ૩૧ ડિસેમ્બર દરમ્યાન કાંકરિયા કાર્નિવલ ઉજવવામાં આવે છે. જેમાં, મુખ્ય આકર્ષણોમાં વિવિધ સાંસ્કૃતિક અને સંગીત કાર્યક્રમો, લોક નૃત્ય, હોર્સ અને ડોગ શો, યોગ નિદર્શન, વોટર અને એડવેન્ચર સ્પોર્ટસ, શસ્ત્રપ્રદર્શન, બાયોસ્કોપ, ભારત ભક્તિ, રોક બેન્ડ્સ, એક્ટિવીટી બેઈઝ્ડ લર્નિંગ, સ્કુબા ડાઈવિંગ, કાંકરિયા તળાવની પાળે રંગોળી નિદર્શન, ભવ્ય આતશબાજી, થીમ લાઈટીંગ, મલ્ટી કલર લેઝર શો અને આવા અનેક સુંદર કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે.

કાર્નિવલ દરમ્યાન સરેરાશ ૨૫ લાખથી પણ વધુ લોકોએ કાર્નિવલ દરમ્યાન કાંકરિયા લેક ફ્રન્ટની મુલાકાત લઈ કાર્નિવલના વિવિધ આકર્ષણોની મજા માણેલ છે. કાંકરિયા કાર્નિવલ દરમ્યાન મુલાકાતીઓને કાંકરિયા લેક પરિસરમાં વિનામુલ્યે પ્રવેશ આપવામાં આવે છે.

કાંકરિયા લેક ફ્રન્ટએ ખૂબજ ઝડપથી રાષ્ટ્રીય કક્ષાએ ઉભરી રહેલ સંપૂર્ણ રિક્રીએશન તેમજ એજ્યુટેઈન્મેન્ટ સેન્ટર છે. જેની આંતરરાષ્ટ્રીય કક્ષાએ પણ નોંધ લેવામાં આવી રહેલ છે. દર વર્ષે રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય કક્ષાના ડેલિગેશન્સ કે જેઓ ગુજરાત અને અમદાવાદની વિઝીટ કરે છે તેઓ કાંકરિયા લેક ફ્રન્ટની મુલાકાત લેતાં હોય છે.

કાંકરિયા લેક ફ્રન્ટમાં વર્ષવાર છેલ્લા ત્રણ વર્ષમાં મુલાકાતીઓની સંખ્યા તથા આવક

વર્ષ	કાંકરિયા લેક ફ્રન્ટ મુલાકાતીઓની સંખ્યા	પ્રવેશ ફી ની આવક	ટોય ટ્રેન પેસેન્જરની સંખ્યા	ટોય ટ્રેનની આવક	વિવિધ રિક્રિએશન રાઈડ્સની આવક તથા અન્ય આવક
૨૦૧૫-૧૬	૪૯,૦૩,૧૦૬	૪,૪૯,૪૪,૦૦૦/-	૯,૬૧,૭૩૩	૧,૮૪,૪૭,૯૦૦/-	૧,૩૫,૨૨,૫૧૭/-
૨૦૧૬-૧૭	૪૭,૭૮,૦૦૮	૪,૪૦,૫૩,૫૦૯/-	૧૦,૦૯,૧૮૧	૧,૩૩,૪૫,૫૪૧/-	૧,૪૦,૮૮,૩૨૦/-
૨૦૧૭-૧૮	૪૬,૩૯,૨૨૪	૪,૨૮,૧૮,૩૪૯/-	૯,૯૯,૬૦૪	૧,૦૧,૪૦,૦૦૦/-	૧,૧૯,૯૨,૩૯૭/-

કિડ્સ સિટી

બાળકો દ્વારા, બાળકો માટે અને બાળકોની દુનિયા

- બાળકોને હેરત પમાડે તેવી પારદર્શક પોલીકાર્બોનેટની બે ટનલોવાળી આ સુંદર નગરીમાં બાળકો જુદી-જુદી ૧૭ પ્રવૃત્તિઓમાં સ્વયં ભગ લઇ ગમ્મત સાથે જ્ઞાન મેળવશે.
- કિડ્સ સિટીના ઓપરેશન અને મેનેજમેન્ટ માટે ખાસ પ્રકારનું ઈન્ફર્મેશન ટેકનોલોજી મોડયુલ - એન્ટરપ્રાઇઝ એજ્યુટેઇનમેન્ટ ડિલીવરી મેનેજમેન્ટ સિસ્ટમ (ઈઈડીએમએસ)
- કિડ્સ સિટીમાં ૩૦ થી પણ વધારે આઇ.પી. / સી.સી.ટી.વી.કેમેરાથી સર્વેલન્સ અને બાળકોની એક્ટિવીટીનું મોનિટરીંગ
- પ્રજ્ઞાચક્ષુ બાળકો / મુલાકાતીઓ માટે ખાસ પ્રકારના દિશા દર્શક ટાઇલ્સ
- વેઇટીંગ લોન્જ - મેઇન સ્કવેર એરીયા - પબ્લિક પ્લાઝામાં એલસીડી દ્વારા વિવિધ એક્ટિવીટીઝનું વિહ્યુઅલ ડીસપ્લે.

કિડ્સ સિટીમાં સમાવિષ્ટ એક્ટિવીટીઓ

અ. નં.	એક્ટિવીટી	Activity
૧.	રેડીયો સ્ટેશન	Radio Station
૨.	ટેલિકોમ સેન્ટર	Kids Telecom
૩.	કિડ્સ બેંક	Kids Bank
૪.	સાયન્સ સેન્ટર	Science Centre
૫.	પોલીસ સ્ટેશન ,જેલ, કોર્ટ રૂમ	Police Station, Jail, Court Room
૬.	ડેન્ટલ અને મેડીકલ હોસ્પિટલ	Dental & medical Hospital
૭.	૧૦૮ સેવા	108 Service
૮.	ફાયર સ્ટેશન	Fire Station
૯.	હેરીટેજ ગેલેરી	Heritage Galary
૧૦.	થિયેટર	Theatre
૧૧.	જનમાર્ગ - બીઆરટીએસ	Janmarg-BRTS
૧૨.	પ્રિન્ટ મિડીયા	Print Media
૧૩.	આઈસ્ક્રીમ ફેક્ટરી	Ice-Cream Factory
૧૪.	એનસીસી કેમ્પ	NCC Camp
૧૫.	સિટી ગવર્નન્સ	City Governance
૧૬.	ટી.વી. મિડીયા - મીટ ધ સીએમ	T.V.Studio(Meet the CM)
૧૭.	આઈ.ટી. સેન્ટર	IT Centre

કિડ્સ સિટીના કમિર્શિયલ ઓપરેશનની વિગત નીચે મુજબ છે.

- કિડ્સ સિટી મંગળવાર થી રવિવાર દરમ્યાન સવારે ૧૦ થી રાત્રીના ૧૦ કલાક સુધી (ટિકીટ બારી રાત્રે ૯ કલાક સુધી) મુલાકાતીઓ માટે ખુલ્લુ રાખવામાં આવે છે. કાંકરિયા લેક પરિસરની જેમ દર સોમવારે કિડ્સ સિટીમાં અઠવાડિક રજા રાખવામાં આવે છે.
- પ્રવેશ ફી નું ધોરણ :

વિગત	ફી નું ધોરણ (જીએસટી સહિત)
બાળક (૫ થી ૧૪ વર્ષ)	રૂા.૧૦૦/-
વાલી	રૂા. ૫૦/-
ડીજીટલ કેમેરો	રૂા.૨૦/-
હેન્ડીકેમ	રૂા.૩૦/-
શાળાકીય પ્રવાસ	✓ બાળકની પ્રવેશ ફી રૂા.૮૦/- ✓ પ્રતિ ૧૦ બાળકોએ એક શિક્ષકને વિનામુલ્યે પ્રવેશ

- કિડ્સ સિટીની પ્રથમ મુલાકાત વખતે બાળકનાં વાલી અથવા શિક્ષકે બાળકનું રજીસ્ટ્રેશન કરાવવાનું રહે છે. પ્રવેશ સમયે દરેક બાળકને સ્માર્ટ કાર્ડ - ટિકીટ આપવામાં આવે છે.
- બાળકને આપવામાં આવેલ સ્માર્ટ કાર્ડ - ટિકીટનો ઉપયોગ કિડ્સ સિટીમાં વિવિધ એકિટવીટીમાં ભાગ લેવા માટે કરવાનો રહે છે.
- બાળક દ્વારા એકિટવીટીઓ પૂર્ણ કર્યા બાદ કિડ્સ સિટી છોડતાં પહેલા તેને આપવામાં આવેલ સ્માર્ટ કાર્ડ નિકાસ દ્વાર પરત કરવાનું રહે છે.
- પ્રથમ વિઝીટ બાદની તમામ વિઝીટ વખતે આ જ કાર્ડ રીચાર્જ (પ્રથમ વિઝીટનો રીચાર્જ કોડ આપી) કરાવી કિડ્સ સિટી ખાતે એન્ટ્રી મેળવી શકાશે.

પત્રક - ૧

કિડ્સ સિટીમાં વર્ષવાર છેલ્લા ત્રણ વર્ષમાં મુલાકાતીઓની સંખ્યા

વર્ષ	મુલાકાતીઓની સંખ્યા		
	બાળકો	વયસ્કો	કુલ મુલાકાતીઓ
૨૦૧૫-૧૬	૩૬૬૬૦	૨૩૮૭૦	૬૦૫૩૦
૨૦૧૬-૧૭	૩૬૮૦૨	૨૪૫૫૫	૬૧૩૫૭
૨૦૧૭-૧૮	૩૪૮૧૪	૨૬૭૪૫	૬૧૫૫૯

પત્રક - ૨

કિડ્સ સિટીમાં વર્ષવાર છેલ્લા ત્રણ વર્ષમાં થયેલ કુલ આવક

વર્ષ	પ્રવેશ ફીની કુલ આવક	ટી.વી.મીડીયા (મીટ ધ સીએમ)		અન્ય આવક રૂા.				કુલ આવક
		ડીવીડીની સંખ્યા	થયેલ આવક	ડીજીટલ કેમેરા	હેન્ડીકેમ	પેનલ્ટી	ફુડ કોર્ટ	
૨૦૧૫-૧૬	૪૮,૫૯,૫૦૦/-	૦	૦	૫,૪૦૦/-	૨૧૦/-	૨,૩૦૦/-	૩,૦૬,૪૭૩/-	૫૧,૭૩,૮૮૩/-
૨૦૧૬-૧૭	૪૯,૦૭,૯૫૦/-	૨૨૭૪	૬૮,૨૨૦/-	૩,૫૮૦/-	૩૩૦/-	૨,૬૦૦/-	૩,૦૨,૪૨૫/-	૫૨,૮૫,૧૦૫/-
૨૦૧૭-૧૮	૪૦,૧૦,૯૬૮/-	૧૦૯૨	૩૦,૭૦૧/-	૧૮૮૧/-	૧૮૫/-	૨,૮૮૯/-	૩,૦૭,૨૮૮/-	૪૩,૫૩,૯૧૨/-